શ્રી મોતીચંદ કાપડિયા ગ્રંથમાળા ગ્રંથાંક-૮

# જૈન દૃષ્ટિએ કર્મ

લેખક

શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા

બી.એ., એલએલ.બી., સૉલિસિટર અને નોટરી પબ્લિક

શ્રી મહાવીર જૈન વિદ્યાલય

ઑગસ્ટ ક્રાંતિ માર્ગ

મુંબઈ-૪૦૦૦૩૬



શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
(જન્મ: તા ૭-૧૨-૧૮૭૯, ભાવનગર • અવસાન તા. ૨૭-૩-૧૯૫૧ મુંબઈ)

શ્રી મોતીચંદ કાપડિયા ગ્રંથમાળા ગ્રંથાંક-૮

# જૈન દૃષ્ટિએ કર્મ

લેખક

શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા

બી.એ., એલએલ.બી., સૉલિસિટર અને નોટરી પબ્લિક

શ્રી મહાવીર જૈન વિદ્યાલય

ઑગસ્ટ ક્રાંતિ માર્ગ

મુંબઈ-૪૦૦ ૦૩૬

પ્રકાશક :
સોહનલાલ મ. કોઠારી
જયંતીલાલ રતનચંદ શાહ
સેવંતીલાલ કેશવલાલ શાહ
માનાર્હ મંત્રીઓ
**શ્રી મહાવીર જૈન વિદ્યાલય**
ઑગસ્ટ ક્રાંતિ માર્ગ
મુંબઈ-૩૬

પહેલી આવૃત્તિ: નકલ ૨૦૦૦
વીર નિ. સં. ૨૫૧૩
વિ. સં. ૨૦૪૩
સપ્ટેમ્બર, ૧૯૮૭

કિંમત : [redacted] રૂપિયા 30/-

મુદ્રક :
ભીખાભાઈ એસ. પટેલ
ભગવતી મુદ્રણાલય
૧૯, અજય ઇન્ડ. એસ્ટેટ,
દૂધેશ્વર રોડ, અમદાવાદ-૧

## પ્રકાશકીય નિવેદન

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ભૂતપૂર્વ માનાર્હ મંત્રી શ્રી મોતીચંદભાઈ ગિરધરલાલ કાપડિયાએ સને ૧૯૪૭માં લખેલી 'જૈન દૃષ્ટિએ કર્મ' નામની કૃતિ સૌપ્રથમ વાર પ્રકાશિત કરતાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયને અત્યંત આનંદ થાય છે. આ કૃતિમાં જૈન કર્મસિદ્ધાંતને સરળ રીતે દાખલા-દલીલોથી સમજાવવામાં આવેલ છે. તેમની બીજી કૃતિઓની જેમ આ કૃતિ પણ તેમના અખંડ સ્વાધ્યાયનું ફળ છે.

શ્રી મોતીચંદભાઈના વિસ્તૃત વિવેચનવાળો ધર્મગ્રંથ 'પ્રશમરતિ' ગઈ સાલ જ અમે પ્રકાશિત કર્યો છે. એનું સંપાદન કરી આપનાર ડૉ. નગીનદાસ જીવણલાલ શાહે આ કૃતિનું સંપાદનકાર્ય સહર્ષ સ્વીકારી બહુ સારી રીતે પરિપૂર્ણ કરી આપ્યું છે, એટલું જ નહિ પણ વિસ્તૃત પ્રસ્તાવના લખી આ ગ્રંથની ઉપયોગિતા વધારી દીધી છે, જે બદલ અમે તેમના ખૂબ આભારી છીએ.

આ પુસ્તકનું સ્વચ્છ અને સુઘડ મુદ્રણ અમદાવાદના ભગવતી મુદ્રણાલયે કરી આપ્યું છે અને એનું બાઇન્ડીંગ મહાવીર બુકબાઇન્ડીંગ વર્કસે કરી આપ્યું છે. એમના પ્રત્યે અમે કૃતજ્ઞતા દર્શાવીએ છીએ.

શ્રી મોતીચંદભાઈની આ પૂર્વે અમે પ્રકાશિત કરેલી કૃતિઓની જેમ આ કૃતિ પણ અભ્યાસીઓનો આદરસત્કાર પામશે જ એવી અમને આશા છે.

ઑગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ-૩૬
શ્રી સંવત્સરી મહાપર્વ
વિ. સં. ૨૦૪૩, તા. ૨૮-૮-૮૭

**સોહનલાલ મ. કોઠારી**
**જયંતીલાલ રતનચંદ શાહ**
**સેવંતીલાલ કેશવલાલ શાહ**
માનાર્હ મંત્રીઓ
**શ્રી મહાવીર જૈન વિદ્યાલય**

# પ્રસ્તાવના

જેમ ભૌતિક જગતમાં કાર્યકારણનો નિયમ કાર્ય કરે છે તેમ નૈતિક જગતમાં પણ કાર્યકારણનો નિયમ કાર્ય કરે છે. તેને આપણે કર્મનો નિયમ—કર્મસિદ્ધાન્ત કહીએ છીએ. દરેક ક્રિયાને તેનું ફળ હોય છે. 'જેવું કરશો તેવું પામશો' આ ભાવના ભારતીય સંસ્કૃતિમાં વ્યાપ્ત છે. કર્મસિદ્ધાન્તની પાયાની વાત આ જ છે. પરંતુ આ સિદ્ધાન્ત કેવી રીતે કામ કરે છે તે સમજવું કઠણ છે. કર્મની ગતિ વિચિત્ર છે અને ન કળી શકાય એવી છે.

આપણે ઘણી વાર જોઈએ છીએ કે સજ્જન માણસ સુકાર્યો કરવા છતાં આ જન્મમાં તેના ફળરૂપ સુખ પામતો નથી અને દુર્જન માણસ કુકર્મ કરવા છતાં આ જન્મમાં ભરપૂર સુખ ભોગવે છે. આવી પરિસ્થિતિને લઈ આપણી શ્રદ્ધા કર્મસિદ્ધાન્તમાંથી ન ડગે? આનો ઉત્તર એ છે કે સુકાર્યોનાં કે કુકર્મોનાં ફળ મળે જ છે—આ જન્મમાં નહિ તો પછીના જન્મમાં. કેટલાંક કર્મો આ જન્મમાં ફળે છે, કેટલાંક પછીના જન્મમાં.

પરંતુ આ માટે તો પુનર્જન્મ સાબિત કરવો જોઈએ. પુનર્જન્મ નીચે પ્રમાણે સાબિત થાય છે. તાજા જન્મેલા બાળકને ભયંકર પદાર્થના દર્શનથી ભય અને ત્રાસ થાય છે. આ ભય અને ત્રાસ દુઃખની સ્મૃતિ થવાને પરિણામે થાય છે. તે સ્મૃતિ સંસ્કાર વિના તો સંભવે નહિ અને સંસ્કાર પૂર્વાનુભવ વિના બને નહિ. અને તાજા જન્મેલામાં પૂર્વે દુઃખાનુભવ થયો હોવાનો સંભવ નથી. તેથી તે પૂર્વજન્મમાં થયેલો હોવો જોઈએ. આમ તાજા જન્મેલા બાળકને ભયંકર પદાર્થ જોઈ થતો ભય અને ત્રાસ પૂર્વજન્મને સાબિત કરે છે. વળી, કેટલાકને પૂર્વજન્મનું સ્મરણ પણ આ જન્મમાં થાય છે. આ સ્મરણને જાતિસ્મરણ કહેવામાં આવે

છે. જાતિસ્મરણ પણ પૂર્વજન્મને સિદ્ધ કરે છે. પૂર્વજન્મ સિદ્ધ થતાં પુનર્જન્મ પણ આપોઆપ સિદ્ધ થઈ જાય છે.

કરેલું કોઈ પણ કર્મ ફળ આપ્યા વિના રહેતું નથી. કર્મનો આ અટલ નિયમ જન્મજન્માન્તર સુધી વિસ્તરે છે. એ જ નિયમ આપણા ભૂત, ભાવિ અને વર્તમાનને સમજાવે છે.

આમ કર્મ અને પુનર્જન્મ એ બેને એકબીજાથી છૂટા પાડી શકાય એમ નથી.

## ઋગ્વેદમાં કર્મ અને પુનર્જન્મનો અણસાર

ઋગ્વેદમાં આવતી ૧૦. ૧૬. ૩ ઋચા નોંધપાત્ર છે. તેમાં મૃત મનુષ્યની ચક્ષુને સૂર્ય પાસે અને આત્માને વાયુ પાસે જવાનું કહ્યું છે. વળી, તેમાં એ આત્માને પોતાના ધર્મ (અર્થાત્ કર્મ) અનુસાર પૃથ્વીમાં, સ્વર્ગમાં, પાણીમાં કે વનસ્પતિમાં જવાનું કહેવામાં આવેલ છે. આમ અહીં કર્મ અને પુનર્જન્મનો સૌથી પ્રાચીન અણસાર પ્રાપ્ત થાય છે. આત્મા પાણીમાં કે વનસ્પતિમાં પણ અવતરે છે એ હકીકતમાં જૈનોના અપૂકાય અને વનસ્પતિકાય જીવના સ્વીકારનું સૂચન છે.

## ઉપનિષદોમાં કર્મ અને પુનર્જન્મ

કઠોપનિષદમાં (૧. ૧. ૫–૬) નચિકેતા જણાવે છે કે જેમ અનાજના દાણા પાકે છે અને નાશ પામે છે અને પુનઃ ઉત્પન્ન થાય છે તેમ મનુષ્ય પણ જીવે છે, મરે છે અને પુનઃ જન્મે છે. બૃહદારણ્યક ૪. ૪. ૧–૨માં સ્પષ્ટપણે કહ્યું છે કે મૃત્યુકાળે આત્મા ચક્ષુ, મુર્ધા કે અન્ય શરીરદેશમાંથી ઉત્ક્રમણ કરે છે; તે આત્માને તેનાં વિદ્યા, કર્મ અને પૂર્વપ્રજ્ઞા અનુસરે છે. તે જ ઉપનિષદમાં ૪. ૪. ૩–૫માં કહ્યું છે કે જેમ તૃણજલાયુકા મૂળ તૃણના અંતે જઈ અન્ય તૃણને પકડી લીધા પછી મૂળ તૃણને છોડી દે છે તેમ આત્મા વર્તમાન શરીરના અંતે પહોંચ્યા પછી અન્ય આધારને (શરીરને) પકડી તેમાં જાય છે. કઠોપનિષદ ૨. ૫. ૭ કહે છે કે

આત્માઓ પોતાનાં કર્મ અને શ્રુત અનુસાર ભિન્ન ભિન્ન યોનિઓમાં જન્મે છે. બૃહદારણ્યક ૪. ૪. ૩–૫ કર્મનો સરલતમ છતાં સારભૂત ઉપદેશ આપે છે કે આત્મા જેવું કર્મ કરે છે, જેવું આચરણ કરે છે તેવો તે બને છે. સત્કર્મ કરે છે તો સારો બને છે, પાપકર્મ કરે છે તો પાપી બને છે, પુણ્ય કર્મ કરે છે તો પુણ્યશાળી બને છે. મનુષ્ય જેવી ઇચ્છા કરે છે તે અનુસાર તેનો સંકલ્પ થાય છે, જેવો સંકલ્પ કરે છે તે અનુસાર તેનું કર્મ થાય છે અને જેવું કર્મ કરે છે તે અનુસાર તે બને છે. છાંદોગ્ય ૫.૧૦.૭ કહે છે કે જેનું આચરણ રમણીય છે તે શુભ યોનિમાં જન્મે છે અને જેનું આચરણ દુષ્ટ છે તે કૂતરો, સૂકર, ચાંડાલ જેવી અશુભ યોનિમાં જન્મે છે. કૌષીતકી ઉપનિષદ ૧–૨ જણાવે છે કે પોતાનાં કર્મ અને વિદ્યા પ્રમાણે આત્મા કીટ, પતંગ, મત્સ્ય, પક્ષી, વાઘ, સિંહ, સર્પ, માનવ કે અન્ય કોઈ પ્રાણી તરીકે જન્મે છે.

### ગીતામાં કર્મ અને પુનર્જન્મ

પૂર્વજન્મ અને પુનર્જન્મ છે જ એ હકીકત ગીતા ભારપૂર્વક જણાવે છે. જન્મેલાનું મૃત્યુ થાય છે જ અને મરેલાનો જન્મ પણ થાય છે જ (૨.૨૭). આત્મા નિત્ય છે પણ એનાં શરીરો નાશવંત છે (૨.૧૮). જેમ મનુષ્ય જૂનાં વસ્ત્રો ત્યજી નવાં વસ્ત્રો ધારણ કરે છે તેમ આત્મા જૂનાં શરીરો ત્યજી નવાં શરીરો ધારણ કરે છે (૨.૨૨). કૃષ્ણ કહે છે, ‘હે અર્જુન ! મારા અને તારા ઘણા જન્મો વીતી ગયા છે.’ (૪.૫)

કોઇ પણ મનુષ્ય કર્મ કર્યા વિના ક્ષણમાત્ર પણ રહી શકતો નથી (૩.૫). કર્મ ન કરવાથી તો શરીરનિર્વાહ પણ નહિ થાય (૩.૮). કર્મ બંધનકારક નથી ? ના, કર્મ સ્વયં બંધનકારક નથી પણ કર્મફલની આસક્તિ જ બંધનકારક છે. કર્મફળની ઇચ્છા ન રાખનારા જ્ઞાનીઓ જન્મરૂપ બંધનથી મુક્ત થાય છે (૨.૫૧). તેથી ગીતા ફળની આસક્તિ છોડી, સિદ્ધિ–અસિદ્ધિમાં સમભાવ ધરી

કર્મ કરવાનો આદેશ આપે છે (૨.૪૮). કર્મનો આરંભ ન કરવાથી મનુષ્ય નિષ્કર્મતા પામતો નથી અને કર્મનો ત્યાગમાત્ર કરવાથી તે સિદ્ધિ પામતો નથી (૩.૪). કર્મનો અનારંભ કે ત્યાગ નથી કરવાનો પણ આસક્તિનો ત્યાગ કરવાનો છે. તે આસક્તિનો ત્યાગ જે કરે છે તે નિષ્કર્મતા અને સિદ્ધિ પામે છે. કર્મફળની આસક્તિ ત્યજી મનુષ્ય કર્મમાં પ્રવૃત્ત રહે તો પણ તે કંઈ કર્મ કરતો નથી (૪.૨૦). જે દ્વેષ કરતો નથી કે કંઈ ઇચ્છતો નથી તેને સદા કર્મસંન્યાસી (કર્મત્યાગી) જાણવો (૫.૩). કૃષ્ણ પોતાને વિશે કહે છે કે, 'મને કર્મો લેપતાં નથી કારણ કે મને કર્મફળમાં સ્પૃહા નથી' (૪.૧૪). વિવેકજ્ઞાનરૂપ અગ્નિ કર્મફળની સ્પૃહાને–આસક્તિને બાળી નાખે છે એટલે તેને કર્મને બાળીને ભસ્મ કરનાર ગણ્યો છે (૪.૩૭). કર્મ કરવામાં જ મનુષ્યનો અધિકાર છે. અર્થાત્, કર્મ કરવામાં મનુષ્ય સ્વતંત્ર છે. કેવું કર્મ કરવું અને તે કેવી રીતે કરવું તેમાં તે સ્વતંત્ર છે (૨.૪૭). પરંતુ ફળની બાબતમાં તેનો અધિકાર નથી અર્થાત્ તે પરતંત્ર છે. કર્મ કર્યું એટલે તેનું મુકરર ફળ મળવાનું જ, એ ભોગવ્યે જ છૂટકો, એમાં તમારું કંઈ ન ચાલે (૨.૪૭). કર્મ કરતી વખતે કર્મના ફળને જ નજરમાં રાખી કર્મ ન કરવું જોઈએ પણ ફળની કામના—તેની સફળતા–નિષ્ફળતાનો વિચાર—કર્યા વિના કર્મને જ કુશળતાથી કરવું જોઈએ (૨.૪૭). તદ્દન કર્મ ન કરવામાં—આળસમાં સંગ ન રાખવો જોઈએ. કર્મ પણ નથી કરવું અને ફળ પણ નથી જોઈતું એમ વિચારી આળસમાં અકર્મણ્ય થઈ રહેવું તેના જેવું ભૂંડું બીજું કંઈ નથી (૨.૪૭). તારે ફળ ન જોઈતું હોય તો પણ કર્મ કર. પરાર્થે કર્મ કર, લોકસંગ્રહ માટે કર્મ કર (૩.૧૩, ૩.૨૦). ત્યાં પણ ફળની આસક્તિ ન રાખવી જોઈએ.

ગીતાએ કર્મોના ત્રણ વિભાગ પાડ્યા છે—કર્મ, અકર્મ અને વિકર્મ (૪.૧૭). કર્મ એટલે ફળની ઇચ્છાથી કરવામાં આવતું સત્કર્મ. અકર્મ એટલે ફળની ઇચ્છા વિના કરવામાં આવતું સત્કર્મ.

ફળની ઇચ્છાથી રાગદ્વેષપૂર્વક કરવામાં આવતું દુષ્ટ કર્મ વિકર્મ છે. કર્મ એ પુણ્યકર્મ છે, વિકર્મ એ પાપકર્મ છે અને અકર્મ એ પુણ્યકર્મ પણ નથી કે પાપકર્મ પણ નથી. અકર્મમાં ક્રિયા(કર્મ) કરવામાં આવતી હોવા છતાં કર્તાપણાનું અભિમાન, રાગદ્વેષ, ફલાસક્તિ ન હોવાથી તે અકર્મ બની જાય છે. તેથી અકર્મ બંધનકારક નથી. કર્મ અને વિકર્મ બન્ને અનુક્રમે સોનાની બેડી અને લોખંડની બેડી સમ છે, બન્ને બંધનકારક છે.

કર્મનો નિયમ બીજા કોઈના હસ્તક્ષેપ વિના સ્વાભાવિકપણે જ કાર્ય કરે છે. ઈશ્વર પણ તેમાં કોઈ હસ્તક્ષેપ કરતો નથી. ઈશ્વર કોઈની પાસે બળજબરીથી કર્મ કરાવતો નથી, તે કર્મોને ઉત્પન્ન કરતો નથી, તે કર્મને ફળ સાથે જોડતો નથી કે તે કર્મફળને કર્મ કરનાર સાથે જોડતો નથી. વળી, ઈશ્વર કોઈનું પાપ કે પુણ્ય લેતો નથી. અજ્ઞાનપ્રસૂત મોહને કારણે લોકો તેને તેવો માને છે. (પ. ૧૪–૧૫).

## બૌદ્ધ ધર્મદર્શનમાં કર્મ અને પુનર્જન્મ

કર્મસિદ્ધાન્ત ભગવાન બુદ્ધના નૈતિક આદર્શવાદની આધારશિલા છે. પ્રતીત્યસમુત્પાદનું ચક્ર કર્મના નિયમને આધારે જ ચાલે છે. દ્વાદશાંગ ભવચક્રની ધરી કર્મસિદ્ધાન્ત છે. કર્મ અને ફળના પારસ્પરિક સંબંધને લીધે ભવચક્ર ફર્યા કરે છે.

પુનર્જન્મને સ્વીકાર્યા વિના ચાલે નહિ. જે કર્મોનું ફળ આ જન્મમાં નથી મળતું તેમનું ફળ પછીના જન્મોમાં મળે છે. બોધિ પ્રાપ્ત કર્યા પછી બુદ્ધને પોતાના પૂર્વ જન્મોનું સ્મરણ થયું હતું. વળી, પોતપોતાનાં કર્મથી પ્રેરિત પ્રાણીઓને વિવિધ યોનિઓમાં જતાં–આવતાં તેમણે પ્રત્યક્ષ જોયાં હતાં. અમુક પ્રાણી તેના કર્મ અનુસાર કઈ યોનિમાં જન્મશે એનું જ્ઞાન તેમને હતું. આમ કર્માનુસાર કોને કયો પુનર્જન્મ પ્રાપ્ત થશે એનું જ્ઞાન એમને માટે સ્વસંવેદ્ય અનુભવ હતો. (જુઓ મજ્ઝિમનિકાયનાં તેવિજ્જવચ્છગોત્તસુત્ત તથા બોધિરાજકુમારસુત્ત, અને અંગુત્તરનિકાયનું વેરંજક-

બ્રાહ્મણસુત્ત). ભગવાન બુદ્ધનાં શિષ્ય-શિષ્યાઓને પણ પોતાના પૂર્વજન્મોનું જ્ઞાન હતું. ભિક્ષુણી ઋષિદાસીએ થેરીગાથામાં (ગાથા ૪૦૦-૪૪૭) પોતાના પૂર્વજન્મોનું માર્મિક વર્ણન કર્યું છે.

જગતમાં મનુષ્યો બુદ્ધિમાન-મંદબુદ્ધિ, ગરીબ-તવંગર, અલ્પાયુ-દીર્ઘાયુ જણાય છે. કર્મને સ્વીકાર્યા વિના આ વિષમતાનો ખુલાસો થઈ શકતો નથી. કર્મ જ પ્રાણીઓને હીન યા ઉત્તમ બનાવે છે. જેવું કર્મ તેવું ફળ. જે મનુષ્ય હિંસા કરે છે, ક્રોધ કરે છે, ઇર્ષ્યા કરે છે, લોભ કરે છે, અભિમાન કરે છે તે વર્તમાન શરીર છોડી મર્યા પછી દુર્ગતિમાં પડે છે અને જો મનુષ્યયોનિમાં જન્મે છે તો હીન, દરિદ્ર અને બુદ્ધિહીન બને છે. જે મનુષ્ય શુભ કર્મ કરે છે તેની સુગતિ થાય છે અને જો મનુષ્યયોનિમાં જન્મે છે તો ઉત્તમ, સમૃદ્ધ અને પ્રજ્ઞાવાન થાય છે. (જુઓ મજ્ઝિમનિકાયનાં ચૂલકમ્મવિભંગસુત્ત, મહાકમ્મવિભંગસુત્ત, સાલેયસુત્ત તથા વેરંજકસુત્ત). સારાંશ એ કે વિશ્વની વ્યવસ્થામાં કર્મ જ પ્રધાન છે.

સત્કર્મોને કુશલ કર્મો કહે છે, કારણ કે એમનું ફળ કુશલ (સારું) છે. કુશલ કર્મો કાં તો થોડા વખત માટે દુઃખથી બચાવે છે કાં તો હંમેશ માટે. પ્રથમ પ્રકારનાં કુશલ કર્મોને સાસ્રવ કુશલ કર્મો કહેવામાં આવે છે અને બીજા પ્રકારનાં કુશલ કર્મોને નિરાસ્રવ કુશલ કર્મો કહેવામાં આવે છે. પાપકર્મો અકુશલ છે, કારણ કે તેમનું ફળ અનિષ્ટ યા દુઃખ છે. સાસ્રવ કુશલ કર્મનું ફળ સુખ, અભ્યુદય અને સુગતિ છે. નિરાસ્રવ કુશલ કર્મનું ફળ જ નથી, તે વિપાકરહિત છે, દુઃખની આત્યંતિક નિવૃત્તિને ઉત્પન્ન કરે છે, આ દુઃખનિવૃત્તિને જ નિર્વાણ કહે છે, રોગના અભાવની જેમ નિર્વાણ શાન્ત અવસ્થા છે. (જુઓ બૌદ્ધધર્મદર્શન, આચાર્ય નરેન્દ્રદેવ, પૃ. ૨૫૭-૨૫૮). ગીતાની પરિભાષામાં કહેવું હોય તો કહી શકીએ કે સાસ્રવ કુશલ કર્મો કર્મ છે, નિરાસ્રવ કુશલ કર્મો અકર્મ છે અને અકુશલ કર્મો વિકર્મ છે.

અભિધર્મકોશ ૪.૫૯માં કર્મના ચાર પ્રકારો ગણાવ્યા છે—

કૃષ્ણ, શુક્લ, શુક્લકૃષ્ણ અને અશુક્લઅકૃષ્ણ. કૃષ્ણ કર્મો અકુશલ કર્મો છે, શુક્લ કર્મો સાસ્રવ કુશલ કર્મો છે અને અશુક્લાકૃષ્ણ કર્મો નિરાસ્રવ કુશલ કર્મો છે.

બીજી રીતે કર્મના ત્રણ પ્રકાર છે—માનસ, વાચિક અને કાયિક. આ ત્રણમાં માનસ કર્મ પ્રધાન છે કારણ કે બાકીનાં બધાં કર્મોનું કારણ માનસ કર્મ છે. તેથી ભગવાને કર્મને વસ્તુતઃ ચેતનામય કહ્યાં છે. કાયિક કે વાચિક કર્મ કુશલ છે કે અકુશલ એ નક્કી કરવાની કસોટી માનસ કર્મ (આશય) છે. દાક્તર તીક્ષ્ણ ધારવાળા સાધનથી દરદીનું પેટ ચીરી નાખે છે અને એક માણસ પોતાના દુશ્મનના પેટમાં છરો હુલાવી દે છે. બાહ્ય દૃષ્ટિએ બન્ને કાયિક કર્મ એકસરખાં છે. પરંતુ કાયિક કર્મોનાં કારણરૂપ આશયો (માનસ કર્મો) જુદાં છે. એકનું માનસ કર્મ દરદીને રોગમુક્ત કરવાની ભાવનારૂપ છે અને બીજાનું માનસ કર્મ વૈરભાવના રૂપ છે. તેથી દાક્તરનું કાયિક કર્મ કુશલ છે, જ્યારે પેલા માણસનું કાયિક કર્મ અકુશલ છે. (જુઓ બૌદ્ધધર્મદર્શન, આચાર્ય નરેન્દ્રદેવ, પૃ. ૨૨૪–૨૨૫, ૨૫૬–૨૫૭; ધમ્મપદ ૧.૧)

આપણે જે પ્રવૃત્તિ કરીએ છીએ તે કર્મ કહેવાય છે અને તેને પરિણામે જે સંસ્કાર (વાસના) ચિત્તમાં પડે છે તે પણ કર્મ કહેવાય છે. આ વાસનારૂપ કર્મ પુનર્જન્મનું કારણ છે.

કર્મના બીજી એક દૃષ્ટિએ બે વર્ગ પાડવામાં આવ્યા છે—કૃત અને ઉપચિત. જે કર્મ કરાઈ ગયું હોય તે કર્મ કૃત કહેવાય છે. જે કૃત કર્મ ફળ આપવા લાગે તે ઉપચિત કર્મ કહેવાય છે. બધાં જ કૃત કર્મો ફળ આપતાં નથી. જે કર્મો ઇરાદા વઁક સ્વેચ્છાએ કર્યાં હોય છે તે જ ફળ આપે છે. ઇરાદાપૂર્વક પાપકર્મ કર્યા પછી જો અનુતાપ થાય તો કૃત કર્મ પોતાનું ફળ આપતાં નથી. પાપની કબૂલાત કરવાથી પાપની માત્રા ઘટે છે યા પાપનો ક્ષય થાય છે. પાપવિરતિનું વ્રત લેવાથી, શુભનો અભ્યાસ કરવાથી, બુદ્ધ વગેરે સંતોને શરણે જવાથી કૃત પાપકર્મ ઉપચિત થતાં નથી.

અર્થાત્ પોતાનાં ફળ આપતાં નથી. કેટલાંક કૃત કર્મો પોતાનાં ફળ અવશ્ય આપે છે. આ કૃત કર્મો નિયતવિપાકી કહેવાય છે. કેટલાંક કૃત કર્મો પોતાનાં ફળ આપશે જ એવું નક્કી નથી અર્થાત્ અનિયત-વિપાકી છે. આ અનિયતવિપાકી કૃત કર્મોને મનુષ્ય સ્વપ્રયત્નથી ફળ આપતાં રોકી શકે છે. (જુઓ અભિધર્મકોશ ૪.૧૨૦ તથા બૌદ્ધધર્મદર્શન, પૃ. ૨૫૦)

વળી, કર્મના બે વિભાગ પાડવામાં આવે છે—નિયત કર્મ અને અનિયત કર્મ. નિયત કર્મના ત્રણ ભેદ છે (૧) દૃષ્ટધર્મવેદનીય અર્થાત્ વર્તમાન જન્મમાં જ જે ફળ આપે છે તે કર્મ. આ કર્મ દુર્બળ છે. આ કર્મ પુનર્જન્મમાં કારણભૂત નથી. (૨) ઉપપદ્ય-વેદનીય અર્થાત્ તરત પછીના જન્મમાં જે ફળ આપે છે તે કર્મ. આને આનન્તર્ય કર્મ પણ કહેવામાં આવે છે. (૩) અપરપર્યાય-વેદનીય અર્થાત્ જે બીજા જન્મ પછી ગમે ત્યારે ફળ આપે છે તે કર્મ. અનિયત કર્મના પણ બે ભેદ છે—(૧) નિયતવિપાક અર્થાત્ જે કર્મનો વિપાકકાળ અનિયત છે પરંતુ વિપાક નિયત છે તે કર્મ. જે કર્મ પોતાનું ચોક્કસ ફળ આપવાનું જ છે પરંતુ ક્યારે તે પોતાનું ફળ આપશે એ નિયતનથી તે કર્મ. (૨) અનિયતવિપાક અર્થાત્ જે કર્મ પોતાનું ફળ આપશે જ એવું નિયત નથી તે કર્મ. આ કર્મના ફળનું ઉલ્લંઘન થઈ શકે છે. (જુઓ બૌદ્ધધર્મદર્શન, નરેન્દ્રદેવ, પૃ. ૨૬૭ તથા અભિધર્મકોશભાષ્ય ૪.૫૦).

બીજની જેમ કર્મ પોતાના સામર્થ્યથી જ પોતાનું ફળ ઉત્પન્ન કરે છે. પરંતુ બૌદ્ધ ધર્મ અમુક કર્મોનાં ફળનું ઉલ્લંઘન શક્ય છે એમ સ્વીકારે છે. બૌદ્ધ ધર્મ અનુસાર કર્મની પુણ્યતા-અપુણ્યતાનો આધાર આશય ઉપર છે. કર્મના ફળની કટુતા-માધુરતાની માત્રાનો આધાર અનેક બાબતો પર આધાર રાખે છે. કર્મ પોતાનું ફળ કેવી રીતે આપે છે અને તે ફળનાં નિર્ણાયક બળો કયાં છે તે જાણવું મુશ્કેલ છે. કર્મવિપાક દુર્વિજ્ઞેય છે. જ્યારે કાળ પાકે છે અને કારણસામગ્રી ઉપસ્થિત હોય છે ત્યારે કર્મનો વિપાક

થાય છે. કર્મ બીજતુલ્ય છે. તે પોતાની જાતિ પ્રમાણે, વહેલા કે મોડા, અલ્પ યા મહાન ફળ આપે છે. ઈશ્વરવાદી કહે છે કે બીજને ફળદ્રુપ જમીનમાં વાવ્યું હોય પરંતુ વર્ષા વિના તેમાંથી અંકુર ફુટતું નથી; જેમ વર્ષાના સામર્થ્યથી બીજમાંથી અંકુર ફુટે છે તેમ ઈશ્વરના સામર્થ્યથી કર્મમાંથી તેનું ફળ જન્મે છે, કર્મને વિપાકપ્રદાનનું સામર્થ્ય ઈશ્વર આપે છે. બૌદ્ધો આનો પ્રતિષેધ કરે છે. તેઓ કહે છે કે તૃષ્ણાથી પ્રેરાઈને કરેલાં કર્મમાં વિપાકપ્રદાનનું સામર્થ્ય હોય છે, તૃષ્ણા જ કર્મને વિપાકપ્રદાનનું સામર્થ્ય આપે છે. જે તૃષ્ણારહિત બની કર્મ કરે છે તે કર્મથી લિપ્ત થતો નથી, તેને કર્મોનાં ફળ ભોગવવા પડતાં નથી. (જુઓ બૌદ્ધ-ધર્મદર્શન, નરેન્દ્રદેવ, પૃ. ૨૭૨–૨૭૩)

બૌદ્ધ ધર્મ અપરિવર્તિષ્ણુ નિત્ય આત્માને ન માનતો હોવા છતાં કર્મ અને પુનર્જન્મને માને છે. તેના અનુસાર જે ચિત્ત-સંતાન કર્મ કરે છે તે ચિત્તસંતાન જ તેનું ફળ ભોગવે છે અને તેનો જ પુનર્જન્મ થાય છે. (જુઓ તત્ત્વસંગ્રહગત કર્મફલ-સંબંધપરીક્ષા).

ઈશ્વરવાદી દર્શનોમાં જે સ્થાન ઈશ્વરનું છે તે સ્થાન બૌદ્ધ ધર્મમાં કર્મનું છે. પોતાનાં કર્મને અનુરૂપ સુખ-દુઃખ પ્રાણી ભોગવે છે. જે જેવું કરે છે તે તેવું પામે છે. કોઈ કોઈને સુખ કે દુઃખ દેતું નથી. આમ કર્મસિદ્ધાન્ત દ્વેષનો નાશક છે અને પુરુષાર્થ તેમ જ સ્વતંત્ર સંકલ્પશક્તિનો પોષક છે. કર્મનું ફળ ભોગવતી વખતે સમતા ધારણ કરવી કે વિક્ષિપ્ત થવું એ બાબતે પણ મનુષ્ય સ્વતંત્ર છે. શુભ સંકલ્પ કરવા કે અશુભ એ બાબતે પણ મનુષ્ય સ્વતંત્ર છે. મનુષ્ય અત્યારે જેવો છે તેની સંપૂર્ણ જવાબદારી તેની પોતાની છે અને ભવિષ્યમાં તે જેવો થવા ઇચ્છે તે થવાનો સંપૂર્ણ આધાર પણ તેના ઉપર છે.

પ્રાણીઓનાં કર્મોથી જગતની જડ વસ્તુઓમાં પણ અનુરૂપ પરિવર્તન થાય છે, કારણ કે તે જડ જગત પ્રાણીઓના ભોગનો

વિષય છે. પ્રાણીઓનાં કર્મોનો પ્રભાવ પ્રાણીઓના ભોગ્ય જડ જગત પર પણ અવશ્ય પડે છે. પ્રાણીઓનાં પાપકર્મોથી ઔષધિ, ભૂમિ, વગેરે અલ્પવીર્ય બની જાય છે, ઋતુઓ વિષમ બને છે, ઇત્યાદિ. (જુઓ બૌદ્ધધર્મદર્શન, નરેન્દ્રદેવ, પૃ. ૨૬૪)

## પાતંજલ યોગદર્શનમાં કર્મ અને પુનર્જન્મ

યોગદર્શન પુનર્જન્મ સ્વીકારે છે. નવજાત શિશુને ભયંકર પદાર્થને જોઈ થતા ભય અને ત્રાસ ઉપરથી અનુમાન દ્વારા યોગભાષ્યકાર વ્યાસ (૪.૧૦ અને ૨.૯) પૂર્વજન્મને સિદ્ધ કરે છે. વળી, સંસ્કારોમાં સંયમ (=ધારણા, ધ્યાન અને સમાધિ) કરવાથી પૂર્વજન્મનું જ્ઞાન થાય છે એમ સૂત્રકાર પતંજલિએ સૂત્ર ૩.૧૮માં જણાવ્યું છે. આમ પૂર્વજન્મ સિદ્ધ થતાં પુનર્જન્મ પણ સિદ્ધ થાય છે.

જીવ જે પ્રવૃત્તિ કરે છે તેના સંસ્કાર ચિત્તમાં પડે છે. આને કર્મસંસ્કાર, કર્માશય કે માત્ર કર્મ કહેવામાં આવે છે. આ કર્મો પ્રાકૃતિક છે. તે ચાર પ્રકારનાં છે–કૃષ્ણ, શુક્લકૃષ્ણ, શુક્લ અને અશુક્લાકૃષ્ણ. દુર્જનોનાં કર્મો કૃષ્ણ હોય છે કારણ કે તેઓ કાળાં કામોના કરનારા છે. સામાન્ય જનોનાં કર્મો શુક્લકૃષ્ણ હોય છે, કારણ કે તેઓ પરપીડારૂપ કાળાં અને પરોપકારરૂપ ધોળાં કામોના કરનારા હોય છે. યજ્ઞયાગરૂપ બાહ્ય સાધનોના અનુષ્ઠાનથી ઉપજતાં કર્મોય શુક્લકૃષ્ણ હોય છે કારણ કે આ બાહ્ય સાધનોના અનુષ્ઠાનમાં પરપીડા અનિવાર્યપણે રહેલી હોય છે. તપ, સ્વાધ્યાય અને ધ્યાનરૂપ આંતર સાધનોના અનુષ્ઠાનથી ઉપજતાં કર્મો શુક્લ હોય છે, કારણ કે આ આંતર સાધનોના અનુષ્ઠાનમાં પરપીડા હોતી નથી. જેમના રાગ આદિ ક્લેશો ક્ષીણ થઈ ગયા હોય છે તે ચરમદેહ વિવેકી પુરુષનાં કર્મો અશુક્લ-અકૃષ્ણ હોય છે. આ વિવેકી પુરુષ પરોપકારરૂપ શુભ પ્રવૃત્તિ કરતા હોવા છતાં તેમનાં કર્મો શુક્લ નથી હોતા કારણ કે તેમની પ્રવૃત્તિ નિષ્કામ હોય છે. તેમનાં

કર્મોને તેથી અશુક્લ ગણ્યાં છે. વળી, તેઓ પરપીડારૂપ કાળી પ્રવૃત્તિ પણ કરતા નથી. બાહ્ય દૃષ્ટિએ તેમની પ્રવૃત્તિ પરપીડાજનક જણાય તો પણ તેમનો તેની પાછળનો આશય તો પરોપકારનો અને પરકલ્યાણનો જ હોય છે એટલે તેમનાં તે કર્મો કૃષ્ણ નહિ પણ અકૃષ્ણ ગણાય. આમ તેમનાં કર્મો અશુક્લાકૃષ્ણ જ હોય છે. વિવેકી પુરુષ સિવાયના પુરુષમાં પ્રથમ ત્રણેય પ્રકારનાં કર્મો સંભવે છે. આ બધું વિવેચન યોગભાષ્ય ૪.૭માં છે. વળી યોગભાષ્યકાર જણાવે છે કે કેટલીક વાર કૃષ્ણ કર્મોનો નાશ શુક્લ કર્મોથી થઈ શકે છે (૨.૧૩).

ક્લેશપૂર્વક પ્રવૃત્તિ કરીએ તો જ કર્મસંસ્કારો ચિત્તમાં પડે છે. જો પ્રવૃત્તિ ક્લેશરહિત હોય તો કર્મસંસ્કારો ચિત્તમાં પડતા નથી. આમ ક્લેશ જ કર્મબંધનું કારણ છે. કર્મસંસ્કારો ક્લેશમૂલક છે (૨.૧૨).

કર્મસંસ્કારો અર્થાત્ કર્મો પુણ્યરૂપ અને પાપરૂપ એમ બે પ્રકારના હોય છે. પુણ્યરૂપ કર્મો અને પાપરૂપ કર્મો બંનેય ક્લેશ-મૂલક છે. દાખલા તરીકે, રાગ ક્લેશને લઈએ. સ્વર્ગ, વગેરે પ્રત્યેના રાગથી પ્રેરાઈ આપણે ધર્મરૂપ પ્રવૃત્તિ કરીએ છીએ અને પરિણામે પુણ્યરૂપ કર્મ બાંધીએ છીએ. ધન, વગેરે પ્રત્યેના રાગથી પ્રેરાઈ આપણે ચોરી વગેરે દુષ્કૃત્યો આચરીએ છીએ અને પરિણામે પાપરૂપ કર્મો બાંધીએ છીએ (યોગભાષ્ય ૨.૧૨).

કર્મોનો બીજી રીતે પણ વિભાગ થાય છે. આ રીતે વિભાગ કરતાં કર્મો બે વર્ગોમાં વહેંચાઈ જાય છે—દૃષ્ટજન્મવેદનીય કર્મો અને અદૃષ્ટજન્મવેદનીય કર્મો. જે કર્મો પોતાનું ફળ વર્તમાન જન્મમાં જ આપી દે તે કર્મો દૃષ્ટજન્મવેદનીય કહેવાય. જે કર્મો પોતાનું ફળ ભાવિ જન્મોમાં આપે તે કર્મો અદૃષ્ટજન્મવેદનીય કહેવાય. નારકોને દૃષ્ટજન્મવેદનીય કર્મો હોતાં નથી. ક્ષીણક્લેશ-વાળાને અદૃષ્ટજન્મવેદનીય કર્મો હોતાં નથી, કારણ કે તેને પુનર્ભવ સંભવતો નથી (યોગભાષ્ય ૨.૧૨).

યોગસૂત્ર ૨.૧૩ અનુસાર કર્મો ત્રણ જાતનાં ફળો આપે છે—જાતિ(જન્મ), આયુ અને ભોગ (સુખ-દુઃખવેદન). આને બીજી રીતે કહેવું હોય તો એમ કહી શકાય કે કેટલાંક કર્મો જાતિરૂપ ફળ આપે છે, કેટલાંક કર્મો આયુરૂપ ફળ આપે છે અને કેટલાંક કર્મો ભોગરૂપ ફળ આપે છે. આમ કર્મોના ત્રણ પ્રકાર થયા—જાતિવિપાકી કર્મ, આયુવિપાકી કર્મ અને ભોગવિપાકી કર્મ. ૨.૧૩ સૂત્ર ઉપરના ભાષ્યમાં વધુમાં જણાવ્યું છે કે નવો જન્મ, તેને અનુરૂપ આયુ અને તેને અનુરૂપ ભોગ આ ત્રણે વિપાકો આપનાર તે તે કર્મો મૃત્યુથી અભિવ્યક્ત થાય છે. અર્થાત્ જે પ્રકારનું આયુ અને જે પ્રકારનો ભોગ અમુક જ જાતિમાં સંભવે બીજીમાં નહિ તેવા આયુ અને તેવા ભોગને નિયત કરનાર કર્મો જ મૃત્યુથી અભિવ્યક્ત થાય છે, બીજાં નહિ. જાતિવિપાકી કર્મ અદૃષ્ટજન્મવેદનીય જ હોય, જ્યારે આયુવિપાકી અને ભોગવિપાકી કર્મો દૃષ્ટજન્મવેદનીય અને અદૃષ્ટજન્મવેદનીય એમ બંને પ્રકારનાં સંભવે. આમ અદૃષ્ટજન્મવેદનીય કર્મો ત્રિવિપાકી હોય છે જ્યારે દૃષ્ટજન્મવેદનીય કર્મો એકવિપાકી કે બેવિપાકી હોય છે, એકવિપાકી હોય ત્યારે માત્ર ભોગરૂપ વિપાકને જ આપે છે અને દ્વિવિપાકી હોય ત્યારે ભોગરૂપ અને આયુરૂપ એ બે જ વિપાકોને આપે છે.

દૃષ્ટજન્મવેદનીય કર્મોને એકભવિક હોવાનો અર્થાત્ મૃત્યુથી અભિવ્યક્ત થઈ સાથે મળી એક ભવનો (જન્મનો) આરંભ કરનાર હોવાનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો, કારણ કે તે દૃષ્ટજન્મવેદનીય હોઈ વર્તમાન જન્મમાં જ પોતાનું ફળ આપી નિવૃત્ત થાય છે. પરંતુ અદૃષ્ટજન્મવેદનીય કર્મો બધાં જ એકભવિક હોય છે કે નહિ તે પ્રશ્ન ઊભો થાય છે. આ પ્રશ્નને જરા વિસ્તારથી સમજીએ. જે અદૃષ્ટજન્મવેદનીય કર્મો છે તેમાં ઘણાં જાતિવિપાકી, ઘણાં આયુવિપાકી અને ઘણાં ભોગવિપાકી હોવાનાં જ. આમાંથી કેટલાંક જાતિવિપાકી, કેટલાંક આયુવિપાકી અને કેટલાંક ભોગવિપાકીએ પૂર્વજન્મમાં મૃત્યુથી અભિવ્યક્ત થઈ ભેગાં મળી, વર્તમાન જન્મનો આરંભ

કર્યો છે. હવે વર્તમાન જન્મમાં મૃત્યુ વખતે અભિવ્યક્ત થઇ ભેગાં મળી બીજાં કેટલાંક જાતિવિપાકી, આયુવિપાકી અને ભોગવિપાકી કર્મો પછીના જન્મને આરંભશે અને આમ આ જ ક્રમે શું બધાં જ અદૃષ્ટજન્મવેદનીય કર્મો એકભવિક જ બનશે? આ પ્રશ્નનો ઉત્તર યોગભાષ્ય ૨.૧૩માં છે. તે આ પ્રમાણે છે. અદૃષ્ટજન્મવેદનીય કર્મો બે પ્રકારનાં હોય છે—નિયતવિપાકી અને અનિયતવિપાકી. આમાંથી જે નિયતવિપાકી છે તે જ એકભવિક છે, જ્યારે જે અનિયતવિપાકી છે તે એકભવિક નથી જ. અદૃષ્ટજન્મવેદનીય અનિયતવિપાકી કર્મોની બાબતમાં ત્રણ વિકલ્પો સંભવે છે—(૧) અપકવ દશામાં જ તેમનાં વિરોધીથી નાશ, (૨) પ્રધાન કર્મમાં આવાપગમન અને (૩) નિયતવિપાકવાળા પ્રધાન કર્મથી અભિભવ પામી ચિત્તમાં લાંબા સમય સુધી પડી રહેવું. હવે આ ત્રણ વિકલ્પોને જરા વિસ્તારથી સમજીએ. કેટલાંક અદૃષ્ટજન્મવેદનીય અનિયતવિપાકી કર્મોનો તેમનાં વિરોધી કર્મોથી નાશ થાય છે. દાખલા તરીકે, કૃષ્ણ કર્મોનો નાશ શુક્લ કર્મોથી થાય છે. કેટલાંક અદૃષ્ટજન્મવેદનીય અનિયતવિપાકી કર્મોનું પ્રધાન કર્મોમાં આવાપગમન થાય છે. આનો અર્થ એ કે જયારે પ્રધાન કર્મ પોતાનું ફળ આપે છે ત્યારે જ તે પ્રધાન કર્મનાં અંગભૂત કર્મો ફળ આપે છે, તે પહેલાં કે તે પછી નહિ. કેટલાંક અદૃષ્ટજન્મવેદનીય અનિયતવિપાકી કર્મો અસમાન યા વિરોધી કર્મો વડે અભિભૂત થઈને માત્ર બીજભાવે સ્વતંત્રપણે લાંબા વખત સુધી ચિત્તમાં પડી રહે છે અને જ્યારે તેમનાં સમાન યા અવિરોધી કર્મો બળવાન બને છે ત્યારે તેમનાથી તેઓ અભિવ્યક્ત થઈ પોતપોતાનું ફળ આપવા લાગે છે. આ અભિભવને પામેલાં કર્મોને અભિવ્યક્ત કરી વિપાકોન્મુખ બનાવનાર નિમિત્તરૂપ અવિરોધી કર્મો કયાં છે એનો નિશ્ચય કરવો કઠિન છે.

સૂત્રકાર સૂત્ર ૩.૨૨માં જણાવે છે કે કર્મો બે પ્રકારનાં છે—સોપક્રમ અને નિરુપક્રમ. ભાષ્યકાર સ્પષ્ટતા કરે છે કે સૂત્ર-

કાર અહીં માત્ર આયુકર્મની વાત કરે છે. એટલે આયુકર્મ બે પ્રકારનાં છે—સોપક્રમ અને નિરુપક્રમ. વળી ભાષ્યકાર સ્પષ્ટતા કરે છે કે બધાં આયુકર્મ નહિ પરંતુ અદૃષ્ટજન્મવેદનીય નિયતવિપાકી એકભવિક આયુકર્મો જ બે પ્રકારનાં હોય છે. સોપક્રમ એટલે એક વાર ફળ આપવાનું શરૂ કર્યું એટલે ઝડપથી ફળ આપી નિવૃત્ત થનાર. નિરુપક્રમ એટલે ફળ આપવાનું શરૂ કર્યા પછી ધીમે ધીમે પોતાનું ફળ આપી નિવૃત્ત થનાર.

અનુભવજન્ય સંસ્કાર વાસના છે અને પ્રવૃત્તિજન્ય કર્મસંસ્કાર કર્મ છે. વાસના સ્મૃતિ જન્માવે છે. કર્મ (ક્લેશયુક્ત હોય તો) જાતિ, આયુ અને ભોગરૂપ વિપાક જન્માવે છે. યોગસૂત્ર ૪.૮ કહે છે કે વાસના વિપાકને અનુરૂપ જ જાગે છે. આ વસ્તુને વિસ્તારથી સમજીએ. જીવ અમુક જાતિવિપાકી કર્મને પરિણામે અમુક જાતિમાં જન્મે છે. ઉદાહરણાર્થ, એક એવું જાતિવિપાકી કર્મ છે જેને પરિણામે જીવ વર્તમાન જન્મમાં કૂતરો બને છે. જ્યારે જીવ કૂતરો બને છે ત્યારે કૂતરાજાતિને અનુરૂપ ભોગવિપાકી કર્મો વિપાકોન્મુખ બન્યાં હોઈ તે કૂતરારૂપે જન્મેલો જીવ કૂતરાજાતિને અનુરૂપ ભોગ ભોગવે છે. તે હાડકાં ચાટે છે ને કરડે છે, તે વિષ્ટા ખાય છે, વગેરે. આ બધું તે કરવા માંડે છે કારણ કે તે જાતિમાં જન્મેલા જીવને તેમ કરવામાં સુખ થાય છે. પરંતુ તે કૂતરારૂપે જન્મેલો જીવ પ્રથમ વાર હાડકું ચાટવા–કરડવા જાય ત્યારે તેને તે જ્ઞાન હોવું જોઈએ કે તેમ કરવાથી તેને સુખ થશે. આવું જ્ઞાન તેને તો જ સંભવે જો તેણે પહેલાં હાડકું ચાટ્યું–કરડ્યું હોય અને તેથી તેને સુખાનુભવ થયો હોય. હકીકતમાં, આ પહેલાં તે અનંત વાર કૂતરારૂપે જન્મી ચૂકેલો છે અને તેને એવો અનુભવ થઈ ચૂકેલો છે. એ અનુભવના સંસ્કારો ચિત્તમાં પડેલા હતા. એ સંસ્કારો કૂતરાજાતિમાં જન્મ કરાવનાર જાતિવિપાકી કર્મોએ જેવું પોતાનું ફળ આપવા માંડ્યું તેવા જ તે જાગૃત થઈ ગયા. તે સંસ્કારો જાગૃત થવાથી તેને સ્મૃતિ થઈ કે હાડકું ચાટવા–કરડવાથી સુખ થાય છે

અને તે હાડકું ચાટવા–કરડવા લાગી સુખ ભોગવવા લાગ્યો. જ્યારે આપણે પ્રવૃત્તિ કરીએ છીએ ત્યારે કર્મસંસ્કારો ચિત્તમાં પડે છે અને પ્રવૃત્તિકાળે થયેલ અનુભવના સંસ્કારો પણ તે જ વખતે પડે છે. આમ अ–પ્રવૃત્તિ अ–કર્મસંસ્કારોને અને अ–અનુભવસંસ્કારોને એક સાથે ચિત્તમાં પાડે છે. એટલે अ–કર્મસંસ્કારો જ્યારે વિપાકોન્મુખ બને છે ત્યારે પોતાની સાથે अ–અનુભવના સંસ્કારોને પણ જગાડે છે—બીજા અનુભવસંસ્કારોને જગાડતા નથી

## ન્યાય-વૈશેષિક દર્શનમાં કર્મ અને પુનર્જન્મ

ન્યાય-વૈશેષિક દાર્શનિકો આત્માને નિત્ય ગણે છે. નિત્યનો અર્થ છે અનાદિ–અનંત. આનો અર્થ એ કે આત્મા વર્તમાન દેહની ઉત્પત્તિ પહેલાં અને તેના પાત પછી પણ અસ્તિત્વ ધરાવે છે. બીજા શબ્દોમાં, પૂર્વજન્મ અને પુનર્જન્મ બન્ને છે. પૂર્વજન્મ પુરવાર થતાં પુનર્જન્મ પુરવાર થઈ જ જાય છે, એટલે ન્યાય-વૈશેષિકો પૂર્વજન્મને ચીવટપૂર્વક પુરવાર કરે છે, તેમની મુખ્ય દલીલો નીચે પ્રમાણે છે.

નવજાત શિશુના મુખ પર હાસ્ય દેખી તેને થયેલ હર્ષનું અનુમાન થાય છે. ઇષ્ટ વિષયની પ્રાપ્તિ થતાં જે સુખ જન્મે છે તેને હર્ષ કહેવામાં આવે છે. વિષયને આપણે ઇષ્ટ ત્યારે જ ગણીએ છીએ જ્યારે આપણને સ્મરણ થાય કે તજ્જાતીય વિષયે પહેલાં આપણને સુખાનુભવ કરાવેલો. આમ વર્તમાન વિષય ઇષ્ટ છે એવું ભાન તો જ શક્ય બને જો તજ્જાતીય વિષયનો પૂર્વાનુભવ થયો હોય, તે અનુભવના સંસ્કારો પડ્યા હોય, તે સંસ્કારો વર્તમાન વિષય ઉપસ્થિત થતાં જાગૃત થયા હોય અને પરિણામે સ્મરણજ્ઞાન થયું હોય કે વર્તમાન વિષયની જાતિના વિષયે મને પહેલાં સુખકર અનુભવ કરાવેલો. નવજાત શિશુ અમુક વિષયને ઇષ્ટ કેવી રીતે ગણી શકે? આ જન્મમાં તજ્જાતીય વિષયનો પહેલાં એને કદી અનુભવ થયો ન હોઈ, તે અનુભવના તેવા સંસ્કારો પડ્યા નથી;

તેથી તેવા પ્રકારની સ્મૃતિ જન્મી શકે નહિ. એટલે તજ્જાતીય વિષયનો અનુભવ પૂર્વજન્મમાં તેને થયેલો અને તે અનુભવનાં જે સંસ્કાર પૂર્વજન્મમાં પડેલા તે આ જન્મમાં શિશુના આત્મામાં છે એમ સ્વીકારવું પડે છે. આ રીતે પૂર્વજન્મ સિદ્ધ થાય છે. (જુઓ ન્યાયસૂત્ર ૩.૧.૧૯).

જો જન્મપ્રવાહ અનાદિ હોય તો જીવે અનંત વાર મનુષ્ય, બળદ, વાનર અને કૂતરારૂપે જન્મ ધારણ કર્યો હોવો જોઈએ અને તે બધા જન્મોના સંસ્કાર પણ તેનામાં હોવા જોઈએ. તો પછી તેને તે બધા સંસ્કારો વર્તમાન એક જન્મમાં જાગવા જોઈએ અને પરિણામે તેને એક જન્મમાં અન્ન તરફ, ઘાસ તરફ, લીમડા તરફ અને હાડકા તરફ પણ રાગ થવો જોઈએ. પરંતુ એવું તો છે નહિ. આના ઉત્તરમાં ન્યાય-વૈશેષિક જણાવે છે કે જીવ પોતાના પૂર્વ કર્મ અનુસાર જ્યારે નવો દેહ ધારણ કરે છે ત્યારે તે દેહને ઉત્પન્ન કરનાર કર્મોનો વિપાક થયો હોય છે અને આ દેહોત્પાદક કર્મોના વિપાકની સાથે તે દેહને અનુરૂપ કર્મો જ વિપાકોન્મુખ બને છે—અર્થાત્ તે દેહને અનુરૂપ સંસ્કારો જ જાગૃત થાય છે—જ્યારે બાકીનાં અભિભૂત જ રહે છે. કોઈ માનવનો આત્મા માનવજન્મ પછી નિજ કર્મ અનુસાર જો વાનર જન્મ પ્રાપ્ત કરે તો અનંત પૂર્વ-જન્મોમાંથી પૂર્વકાલીન વાનરજન્મોમાં પ્રાપ્ત કરેલા સંસ્કારો જ જાગ્રત થાય છે. તેથી તે વખતે તેને માનવોચિત રાગ જન્મતો નથી. આમ કેવળ જાતિ જ રાગનું કારણ નથી. રાગનું કારણ પૂર્વસંસ્કારો છે અને તે સંસ્કારોની જાગૃતિનું એક નિયામક કારણ જાતિ છે. એટલે જ કણાદે કહ્યું છે કે અમુક પ્રકારની જાતિ (જન્મ યા દેહ) અમુક પ્રકારના રાગ ઉત્પન્ન કરે છે. (વૈશેષિક સૂત્ર ૬.૨.૧૩).

જીવોમાં જુદી જુદી જાતનાં શરીરો, જુદી જુદી જાતની શક્તિઓ અને જુદી જુદી જાતના સ્વભાવો આપણને જણાય છે. આ વૈચિત્ર્યનું કારણ તેમણે પૂર્વજન્મોમાં કરેલાં જુદીં જુદી જાતનાં

કર્મો છે. આમ પૂર્વજન્મોનાં વિચિત્ર કર્મોને માન્યા વિના જીવો વચ્ચે જે ભેદ જણાય છે તેનો ખુલાસો થઈ શકતો નથી. એક જ માબાપના સમાન પરિસ્થિતિમાં ઉછરેલા જોડિયા બાળકોમાં જણાતા ભેદનો ખુલાસો પૂર્વજન્મમાં કરેલાં કર્મો અને તેની અસરો માન્યા વિના થઈ શકે નહિ. (ન્યાયસૂત્ર ૩.૨.૬૦).

જો પૂર્વજન્મ હોય તો પૂર્વજન્માનુભૂત કોઈ કોઈ વિષયનું જ સ્મરણ કેમ થાય છે? પૂર્વજન્માનુભૂત બધા વિષયોનું સ્મરણ કેમ થતું નથી? પૂર્વજન્મમાં હું કોણ હતો, ક્યાં હતો, કેવો હતો, વગેરેનું સ્મરણ કેમ થતું નથી? આના ઉત્તરમાં ન્યાયવૈશેષિક ચિંતકો જણાવે છે કે આત્મગત જે પૂર્વસંસ્કારો આ જન્મમાં ઉદ્‌બુદ્ધ થાય છે તે સંસ્કારો જ સ્મૃતિને ઉત્પન્ન કરે છે. ઉદ્‌બદ્ધ સંસ્કારો જ સ્મૃતિનું કારણ છે. જે સંસ્કારો અભિભૂત રહે છે તે સ્મૃતિ જન્માવતા નથી. સંસ્કાર હોય એટલે સ્મૃતિ થાય જ એવું નથી. સ્મૃતિ થવા માટે પૂર્વે સંસ્કારની જાગૃતિ થવી આવશ્યક છે. આ જન્મમાં જે વસ્તુઓ બાળપણમાં અનુભવી હોય છે તે બધીનું સ્મરણ શું આપણને વૃદ્ધાવસ્થામાં થાય છે? ના, બાળપણમાં અનુભવેલ વિષયોના સંસ્કારો વૃદ્ધાવસ્થામાં હોય છે પણ તે બધા જાગૃત થતા નથી. વળી, આપણે જાણીએ છીએ કે દુઃખને કારણે કેટલીક વ્યક્તિઓ પરિચિત વ્યક્તિને પણ ભૂલી જાય છે કારણ કે દુઃખે તે પરિચિત વ્યક્તિના પડેલ સંસ્કારોને અભિભૂત કરી દીધા છે. એવી જ રીતે, જીવનું મૃત્યુ થતાં તે મૃત્યુ તેના અનેક સુદૃઢ સંસ્કારોને અભિભૂત કરે છે. પરંતુ પુનર્જન્મ યા દેહાન્તરપ્રાપ્તિ થતાં તેના અનેક પૂર્વસંસ્કારો જાગ્રત થાય છે. જેઓ સંસ્કારોને ઉદ્‌બુદ્ધ કરે છે તેમને સંસ્કારના ઉદ્‌બોધક ગણવામાં આવે છે. આ ઉદ્‌બોધકો અનેક જાતના છે અને તેઓ ખાસ પ્રકારના સંસ્કારોને જ જાગૃત કરે છે. આ ઉદ્‌બોધકોમાં એક ઉદ્‌બોધક જાતિ (જન્મ) છે. જે પ્રકારનો જન્મ જીવ

પ્રાપ્ત કરે છે તેને અનુરૂપ સંસ્કારોનો ઉદ્બોધક તે જન્મ (જાતિ) છે. આ વસ્તુ આપણે જોઈ ગયા છીએ. જાતિ ઉપરાંત ધર્મ પણ અમુક પ્રકારના સંસ્કારોનો ઉદ્બોધક છે. પૂર્વજન્મના જાતિવિષયક સંસ્કારોનો ઉદ્બોધક ધર્મ છે. અહીં એ નોંધવું રસપ્રદ થશે કે મનુસ્મૃતિમાં મનુ પૂર્વજન્મના જાતિવિષયક સંસ્કારોના ઉદ્બોધક તરીકે વેદાભ્યાસ, શૌચ, તપ અને અહિંસાને ગણાવે છે. તેથી પૂર્વજન્મના જાતિવિષયક સંસ્કારોનું ઉદ્બોધક કારણ જે પ્રાપ્ત કરે છે તેને જ પૂર્વજન્મમાં પોતે કોણ હતો, કેવો હતો, ક્યાં હતો, વગેરેનું સ્મરણ થાય છે. પૂર્વજન્મમાં પોતે કોણ હતો, ક્યાં હતો, કેવો હતો, વગેરેના સ્મરણને જાતિસ્મરણ કહેવામાં આવે છે. આવું જાતિસ્મરણજ્ઞાન છે જ, પરંતુ તે કોઈકને જ થાય છે કારણ કે તેના સંસ્કારનો ઉદ્બોધક ધર્મ કોઈક જ પામે છે. (ન્યાયભાષ્ય ૩.૨.૪૧).

આત્માનો પૂર્વજન્મ સિદ્ધ થતાં તેનો પુનર્જન્મ આપોઆપ સિદ્ધ થઈ જાય છે. શરીરની ઉત્પત્તિ સાથે આત્મા ઉત્પન્ન થતો નથી તેમ જ શરીરના નાશ સાથે આત્મા નાશ પામતો નથી. આત્મા તો એક શરીરને છોડી નવું શરીર ધારણ કરે છે. પૂર્વશરીરનો ત્યાગ મૃત્યુ છે અને નૂતન શરીરનું ધારણ કરવું એ જન્મ છે. જો શરીરના નાશ સાથે આત્માનો નાશ અને નૂતન શરીરની ઉત્પત્તિ સાથે નૂતન આત્માની ઉત્પત્તિ સ્વીકારવામાં આવે તો કૃતહાન અને અકૃતાભ્યાગમ દોષો આવે. શરીરના નાશ સાથે આત્માનો નાશ થઈ જતો હોય તો તેણે કરેલાં કર્મોનું ફળ તેને ભોગવવા નહિ મળે. શરીરની ઉત્પત્તિ સાથે આત્મા પણ ઉત્પન્ન થતો હોય તો તે જે ભોગવશે તે તેનાં પોતાનાં કર્મનું ફળ નહિ ગણાય. આમ શરીરના નાશ સાથે આત્માનો ઉચ્છેદ અને શરીરની ઉત્પત્તિ સાથે આત્માની ઉત્પત્તિ માનતાં કર્મસિદ્ધાંત ઠાલો ઠરે અને સાધના ફોગટ ઠરે. આ દર્શાવે છે કે પૂર્વજન્મો અને પુનર્જન્મો છે જ. (ન્યાયભાષ્ય ૪.૧.૧૦)

જન્મ કેમ થાય છે? અર્થાત્ દેહોત્પત્તિનું કારણ શું છે? આ પ્રશ્નના ઉત્તરમાં ન્યાય-વૈશેષિક દાર્શનિકો જણાવે છે કે પૂર્વ શરીરમાં કરેલાં કર્મોનું ફળ ધર્માધર્મ—જે આત્મામાં સમવાય-સંબંધથી રહેલું હોય છે તે—જન્મનું કારણ છે, દેહોત્પત્તિનું કારણ છે. ધર્માધર્મરૂપ અદૃષ્ટથી પ્રેરિત પંચભૂતોમાંથી દેહ ઉત્પન્ન થાય છે, પંચભૂતો સ્વતઃ દેહને ઉત્પન્ન કરતા નથી. (ન્યાયસૂત્ર ૩.૨.૬૦).

અહીં ભૌતિકવાદી કહી શકે કે કેવળ પૃથ્વી, જળ વગેરે પાંચ ભૂતોના સંયોગથી જ શરીર બની જાય છે, તો પછી શરીરોત્પત્તિના નિમિત્તકારણ તરીકે પૂર્વકર્મ માનવાની શી જરૂર છે? જેમ પુરુષાર્થ કરી વ્યક્તિ ભૂતોમાંથી ઘટ વગેરે બનાવે છે તેમ પુરુષાર્થ કરી સ્ત્રી-પુરુષનું જોડું ભૂતોમાંથી દેહને પેદા કરે છે. સ્ત્રી-પુરુષના યુગલના પુરુષાર્થથી શુક્ર અને શોણિતનો સંયોગ થાય છે અને પરિણામે તેમાંથી દેહ ઉત્પન્ન થાય છે. એટલે દેહોત્પત્તિમાં પૂર્વ-કર્મને નિમિત્તકારણ માનવાની આવશ્યકતા જ ક્યાં રહે છે? કર્મનિરપેક્ષ ભૂતોમાંથી જેમ ઘટ વગેરે ઉત્પન્ન થાય છે તેમ કર્મ-નિરપેક્ષ ભૂતોમાંથી દેહ ઉત્પન્ન થાય છે. (ન્યાયસૂત્ર ૩.૨.૬૧ ભાષ્યસહિત).

ન્યાય-વૈશેષિક ઉત્તર આપે છે કે 'ઘટ વગેરે કર્મનિરપેક્ષ ઉત્પન્ન થાય છે' એમ જે ભૌતિકવાદીએ દૃષ્ટાન્તરૂપે કહ્યું તે સાબિત થયેલી વસ્તુ નથી, અને અમને સ્વીકાર્ય પણ નથી. વળી, ઘટ વગેરેની ઉત્પત્તિમાં બીજ અને આહાર નિમિત્ત નથી જ્યારે દેહની ઉત્પત્તિમાં તે બંને નિમિત્ત છે; એટલે ભૌતિકવાદીએ આપેલું દૃષ્ટાંત વિષમ હોઈ અમને સ્વીકાર્ય નથી. ઉપરાંત, શુક્ર અને શોણિતના સંયોગથી હમેશાં શરીરોત્પત્તિ (=ગર્ભાધાન) થતી નથી. આ ઉપરથી સિદ્ધ થાય છે કે શુક્રશોણિતસંયોગ શરીરોત્પત્તિનું એકમાત્ર નિરપેક્ષ કારણ નથી. કોઈ બીજી વસ્તુની પણ એમાં અપેક્ષા રહે છે. તે છે પૂર્વકર્મ. પૂર્વકર્મ વિના શુક્રશોણિતસંયોગ શરીરોત્પત્તિમાં

સમર્થ બનતો નથી. તેથી, ભૌતિક તત્ત્વોને શરીરોત્પત્તિનું નિરપેક્ષ કારણ ન માનતાં કર્મસાપેક્ષ કારણ માનવું જોઈએ. પૂર્વકર્મ અનુસાર જ શરીરની ઉત્પત્તિ થાય છે અને પૂર્વકર્મને અનુરૂપ શરીર સાથે જ આત્મવિશેષનો સંયોગ થાય છે. જીવોનાં શરીર એકસરખાં નથી પણ અનેક જાતનાં હોય છે. શરીરભેદનો ખુલાસો કરવા જીવનાં પૂર્વકર્મો માનવાં જ જોઈએ. પૂર્વકર્મ ન માનવાથી અમુક આત્માને અમુક જ જાતનું શરીર એવી જે વ્યવસ્થા છે તેનું સમાધાન નહિ થાય. પૂર્વકર્મને માનીએ તો જ આ વ્યવસ્થાનું સમાધાન થાય. એટલે શરીરોત્પત્તિમાં કર્મને નિમિત્તકારણ માનવું જોઈએ. (ન્યાયસૂત્ર ૩.૨. ૬૨–૬૭)

આ બધી ચર્ચા ઉપરથી ફલિત થાય છે કે શરીરની ઉત્પત્તિ અને નાશ કર્મ ઉપર નિર્ભર છે. વિપાકોન્મુખ કર્મોનાં ફળ ભોગવવા માટે અનુરૂપ શરીર ઉત્પન્ન થાય છે અને તે ફળ ભોગવાઈ જતાં તે શરીર પડે છે.

ઇચ્છા-દ્વેષપૂર્વક કરાતી ક્રિયા (=પ્રવૃત્તિ) પોતાનું ફળ આપે છે જ. ઇચ્છા-દ્વેષપૂર્વક કરાતી ભલી ક્રિયા ધર્મ કહેવાય છે અને બૂરી ક્રિયા અધર્મ કહેવાય છે. ભલી ક્રિયાનું ફળ સુખ છે અને બૂરી ક્રિયાનું ફળ દુઃખ છે. પરંતુ ક્રિયા તો ક્ષણિક છે અને તેનું ફળ તો ઘણી વાર જન્માન્તરમાં મળે છે. ક્રિયા ક્ષણિક હોઈ નાશ પામી જાય છે તો તે પોતાનું ફળ જન્માન્તરમાં કેવી રીતે આપી શકે? આનો ઉકેલ અદૃષ્ટની કલ્પનામાં છે. ક્રિયાને કારણે આત્મામાં અદૃષ્ટ જન્મે છે. તે ક્રિયા અને તેના ફળની વચ્ચે કડી સમાન છે. ક્રિયાને લઈ જન્મેલું અદૃષ્ટ આત્મામાં રહે છે અને પોતાનું ફળ સુખ યા દુઃખ આત્મામાં જન્માવીને તે પૂરેપૂરું ભોગવાઈ જાય પછી જ નિવૃત્ત થાય છે. ભલી પ્રવૃત્તિને ધર્મ કહેવામાં આવે છે અને તે પ્રવૃત્તિજન્ય અદૃષ્ટને પણ ધર્મ કહેવામાં આવે છે. તેવી જ રીતે, બૂરી પ્રવૃત્તિને અધર્મ કહેવામાં આવે છે અને તે પ્રવૃત્તિજન્ય અદૃષ્ટને પણ અધર્મ કહેવામાં આવે છે. ધર્મરૂપ અદૃષ્ટ

આત્મામાં સુખ પેદા કરે છે અને અધર્મરૂપ અદૃષ્ટ આત્મમાં દુઃખ પેદા કરે છે.

ખરેખર ક્રિયાને (પ્રવૃત્તિને) અદૃષ્ટનું કારણ ગણવામાં આવી નથી પરંતુ ઇચ્છા-દ્વેષને જ ધર્માધર્મરૂપ અદૃષ્ટનું કારણ ગણવામાં આવ્યાં છે. ક્રિયા તો શરીર કે મન કરે છે પણ અદૃષ્ટ અને તેનું ફળ આત્મામાં ઉત્પન્ન થાય છે, એમ કેમ? ન્યાય–વૈશેષિક ઉત્તર આપશે કે ધર્મ કે અધર્મરૂપ અદૃષ્ટની ઉત્પત્તિમાં અમે ક્રિયાને કારણ ગણતા નથી પણ ઇચ્છા દ્વેષને કારણ ગણીએ છીએ. ઇચ્છા-દ્વેષનિરપેક્ષ ક્રિયા અદૃષ્ટોત્પાદક નથી. અદૃષ્ટનાં ઉપત્પાદક ઇચ્છા-દ્વેષનો આશ્રય આત્મા છે, ઇચ્છાદ્વેષજન્ય ધર્માધર્મરૂપ અદૃષ્ટ પણ આત્મામાં ઉત્પન્ન થાય છે અને ધર્માધર્મરૂપ અદૃષ્ટનું ફળ સુખ-દુઃખ પણ આત્મામાં જ ઉત્પન્ન થાય છે. વળી, જે આત્મામાં ઇચ્છા-દ્વેષ ઉત્પન્ન થાય છે તે જ આત્મામાં તજ્જન્ય અદૃષ્ટ ઉત્પન્ન થાય છે અને તે જ આત્મામાં તે અદૃષ્ટજન્ય સુખ કે દુઃખ ઉત્પન્ન થાય છે. જુઓ પ્રશસ્તપાદભાષ્ય ગુણસાધર્મ્યપ્રકરણ.

રાગ આદિ દોષોથી રહિત પ્રવૃત્તિ પુનર્ભવનું કારણ નથી. દોષરહિત પ્રવૃત્તિ કરનારનો પુનર્ભવ અટકી જાય છે (ન્યાયસૂત્ર ૪.૧.૬૪). પ્રવૃત્તિ દોષરહિત હોવાથી નવાં કર્મો બંધાતાં નથી. તેથી જે રાગ વગેરે દોષોથી મુક્ત થઈ ગયો હોય છે તે વિહરતો હોવા છતાં મુક્ત છે–જીવન્મુક્ત છે (ન્યાયભાષ્ય ૪. ૨. ૨.).

જે રાગ વગેરે દોષોથી મુક્ત થયો હોય છે તેનો પુનર્ભવ અટકી ગયો હોવા છતાં અને તે નવાં કર્મો બાંધતો ન હોવા છતાં તેનાં પૂર્વકૃત કર્મોનાં બધાં ફળો ભોગવાઈ ન જાય ત્યાં સુધી તેને છેલ્લા જન્મમાં જીવવાનું હોય છે. અનન્ત જન્મોમાં કરેલાં કર્મો એક જન્મમાં કેવી રીતે ભોગવાઈ જાય એવી શંકા અહીં કોઈને થાય. આ શંકાનું સમાધાન ન્યાય–વૈશેષિક ચિંતકો નીચે પ્રમાણે કરે છે. એક, કર્મક્ષય માટે આટલો વખત જોઈએ જ એવો કોઈ નિયમ નથી. બીજું, પૂર્વના અનન્ત જન્મોમાં જેમ કર્મોનો સંચય

થતો રહ્યો હોય છે તેમ ભોગથી તેમનો ક્ષય પણ થતો રહ્યો હોય છે. ત્રીજું, પોતાના છેલ્લા જન્મમાં તે તે કર્મનો વિપાક ભોગવવા માટે જરૂરી જુદાં જુદાં અનેક શરીરો યોગઋદ્ધિના બળે નિર્માણ કરીને તેમ જ મુક્ત આત્માઓએ છોડી દીધેલાં મનોને ગ્રહણ કરીને જીવન્મુક્ત બધાં પૂર્વકૃત કર્મોના વિપાકને ભોગવી લે છે. (ન્યાયભાષ્ય ૪. ૧. ૬૪, કંદલી (ગંગાનાથ ઝા ગ્રંથમાળા ૧) પૃ. ૬૮૭ અને ન્યાયમંજરી (કાશી) ભા. ૨ પૃ. ૮૮.)

ગૌતમના ન્યાયસૂત્રમાં ઈશ્વર વિશે ત્રણ સૂત્રો છે. આ ત્રણ સૂત્રોમાં પુરુષકર્મ અને તેના ફળની બાબતમાં ઈશ્વરનું શું કાર્ય છે તે દર્શાવ્યું છે. પ્રથમ બે સૂત્રોમાં વિરોધીઓના બે મતો આપી ત્રીજા સૂત્રમાં ગૌતમે પોતાનો સિદ્ધાન્ત રજૂ કર્યો છે.

સૂત્ર ૪. ૧. ૧૯ જણાવે છે કે પુરુષનાં કર્મોનું વૈફલ્ય જણાતું હોઈ ફળનું કારણ ઈશ્વર છે. આ સૂત્ર અનુસાર કર્મફળનું કારણ કર્મ નથી પણ ઈશ્વર છે. કર્મ અને કર્મફળ વચ્ચે નિયત સંબંધ નથી. ફળ કર્મ ઉપર આધાર રાખતું નથી પણ ઈશ્વર ઉપર આધાર રાખે છે. આમ માનવું જોઈએ કારણ કે ઘણી વાર કર્મ કરવા છતાં પુરુષને તેનું ફળ મળતું દેખાતું નથી.

સૂત્ર ૪. ૧. ૨૦ જણાવે છે કે ના, ઈશ્વર ફળનું કારણ નથી કારણ કે પુરુષ કર્મ ન કરે તો ફળ મળતું નથી. આ સૂત્ર અનુસાર ઉપરના સૂત્રમાં નિરૂપવામાં આવેલો સિદ્ધાંત ખોટો છે, કારણ કે ખરેખર કર્મફળનું કારણ કર્મ નહિ પણ ઈશ્વર હોય તો કર્મ ન કરવા છતાં આપણને ઇચ્છિત ફળ મળવું જોઈએ, પરંતુ ક્યાંય કર્મ કર્યા વિના ફળ મળતું જણાતું નથી.

સૂત્ર ૪. ૧. ૨૧ જણાવે છે કે કર્મ (તેમ જ ફળ) ઈશ્વર-કારિત હોવાથી ઉપરના બેય સિદ્ધાંત તર્કહીન છે. આ સૂત્રમાં ગૌતમ પોતાનો સિદ્ધાંત રજૂ કરે છે. તે નીચે પ્રમાણે છે. ઉપરના બન્ને સિદ્ધાંત ખોટા છે. એક કર્મ–ફળના નિયત સંબંધને અવગણે છે, બીજો ઈશ્વરને અવગણે છે. ખરેખર તો કર્મ અને ફળ

વચ્ચે નિયત સંબંધ છે જ. અમુક કર્મ કરો એટલે તે પોતાનું ફળ આપે છે. કૃત કર્મને ફળવા માટે ઈશ્વરની જરૂર નથી એ વાત સાચી. પરંતુ ઇચ્છિત ફળ મેળવવા કયું કર્મ કરવું તે જાણવું જોઈએ. આ જ્ઞાન લૌકિક બાબતોમાં તો તે તે વિષયના જાણકાર આપે છે પરંતુ રાગ આદિ દોષોથી મુક્ત થવા કઈ કક્ષાએ કેવું કર્મ કરવું, શી સાધના કરવી તેનું જ્ઞાન તો રાગ આદિથી મુક્ત થયેલ ઈશ્વર જ કરાવી શકે. આમ કર્મ અને તેના ફળ વચ્ચે નિયત સંબંધ છે, પરંતુ તે નિયત સંબંધને જાણવા ઈશ્વરની આપણને જરૂર છે. ઈશ્વર કેવળ ઉપદેષ્ટા, માર્ગદર્શક, કર્મ–ફળના નિયત સંબંધનું જ્ઞાન કરાવનાર છે. આ અર્થમાં જ તે કર્મ કારયિતા છે. તે બળજબરીથી કોઈની પાસે કર્મ કરાવતો નથી. વૈદ્ય કેવળ દવા બતાવે છે તેમ છતાં આપણે કહીએ છીએ કે વૈદ્યે રોગ મટાડ્યો. તેવી જ રીતે, ઈશ્વર પણ રાગ આદિ રોગનો ઇલાજ બતાવે છે તેમ છતાં આપણે કહીએ છીએ કે ઈશ્વરે એ રોગ મટાડ્યો–ઈશ્વરે ફળ આપ્યું–ઈશ્વરે અનુગ્રહ કર્યો. આ અર્થમાં જ ઈશ્વર ફળકારયિતા યા ફળસંપાદયિતા છે. આમ સંભવ છે કે ગૌતમને મતે દોષમાંથી મુક્ત થયેલાને, જીવન્મુક્ત ઉપદેષ્ટાને ઈશ્વર ગણવામાં આવેલ છે અને તે જ કર્મફળના નિયત સંબંધનું જ્ઞાન જીવોને કરાવે છે.

ઉત્તરકાલીન ન્યાય–વૈશેષિકોએ સદામુક્ત સૃષ્ટિકર્તા ઈશ્વરને સ્વીકારેલ છે. આ ઈશ્વર જીવોને તેમનાં કર્મ અનુસાર ફળો આપે છે. એથી એના ઈશ્વરપણાને કે એની સ્વાધીનતાને કંઈ બાધ આવતો નથી. ઊલટું, તે તેનું ઈશ્વરપણું પુરવાર કરે છે. શેઠ તેના સેવકોની યોગ્યતાને લક્ષમાં લઈ અનુરૂપ ફળ આપે તો શેઠ શેઠ મટી જતો નથી. ઈશ્વર પ્રત્યેક જીવની સમક્ષ તેના કર્મને અનુરૂપ ભોગસામગ્રી ઉપસ્થિત કરે છે; તેના કર્મના વિપાકકાળે તે કર્મનું યોગ્ય ફળ ઉત્પન્ન કરી જીવ સમક્ષ ઉપસ્થિત કરે છે. (કન્દલી પૃ. ૧૩૩).

## મીમાંસાદર્શનમાં કર્મ અને પુનર્જન્મ

મીમાંસાદર્શન પણ આત્માને નિત્ય માને છે. એટલે તે પણ પૂર્વજન્મ અને પુનર્જન્મને સ્વીકારે છે.

વેદપ્રતિપાદ્ય કર્મ ચાર પ્રકારનાં છે–(૧) કામ્ય કર્મ તેને કહેવામાં આવે છે જે કોઈ કામનાવિશેષની સિદ્ધિને માટે કરવામાં આવે છે. (૨) પ્રતિષિદ્ધ કર્મ તે છે જે અનર્થોત્પાદક હોવાથી નિષિદ્ધ છે. (૩) નિત્ય કર્મ તે છે જે ફલાકાંક્ષા વિના કરવામાં આવતું કરણીય કર્મ છે, જેમ કે સંધ્યાવંદન આદિ. અને (૪) નૈમિત્તિક કર્મ તે છે જે અવસરવિશેષ પર કરવામાં આવે છે, જેમ કે શ્રાદ્ધ આદિ કર્મ. મીમાંસા કામ્ય કર્મોને જ દુઃખનું અને કર્મબંધનું કારણ ગણે છે. નિષ્કામભાવે કરવામાં આવતાં વેદવિહિત નિત્યનૈમિત્તિક કર્મો દુઃખનું કે કર્મબંધનું કારણ નથી. એટલે દુઃખમાંથી અને બંધનમાંથી મુક્ત થવા માટે કામ્ય કર્મોને તેમ જ નિષિદ્ધ કર્મોને છોડવાં જોઈએ.

યજ્ઞ આદિ અનુષ્ઠાન (કર્મ) કરતાં તરત જ ફળની નિષ્પત્તિ થતી નથી, પરંતુ કાલાન્તરમાં થાય છે. હવે પ્રશ્ન એ છે કે કર્મના અભાવમાં કર્મ ફલોત્પાદક કેવી રીતે બની શકે? મીમાંસકોનું કહેવું છે કે અપૂર્વ દ્વારા. પ્રત્યેક કર્મમાં અપૂર્વને (પુણ્યાપુણ્યને) ઉત્પન્ન કરવાની શક્તિ હોય છે (તન્ત્રવાર્તિક પૃ. ૩૯૫). કર્મથી ઉત્પન્ન થાય છે અપૂર્વ અને અપૂર્વથી ઉત્પન્ન થાય છે ફળ. આમ અપૂર્વ જ કર્મ અને કર્મફળને જોડનાર કડી છે, એટલે જ શંકરાચાર્ય અપૂર્વને કર્મની સૂક્ષ્મ ઉત્તરાવસ્થા કે ફળની પૂર્વાવસ્થા માને છે (શાંકરભાષ્ય ૩. ૨. ૪૦). અપૂર્વની કલ્પનાને મીમાંસકોની કર્મવિષયક એક મૌલિક કલ્પના માનવામાં આવે છે.

## જૈનદર્શનમાં કર્મ અને પુનર્જન્મ

આચારાંગ પ્રથમ શ્રુતસ્કંધના પ્રથમ ઉદ્દેશકના 'અપ્પણો અત્થિત્તપદ' નામના પ્રથમ પદમાં આત્માના પૂર્વજન્મનું જ્ઞાન જાતિ-

સ્મરણથી થાય છે એમ કહેવાયું છે. વધુમાં ત્યાં જણાવ્યું છે કે આત્મા બધી દિશાઓ અને અનુદિશાઓમાં ગતિ કરે છે. અહીં જન્માન્તર માટે જતા જીવની ગતિનો નિર્દેશ છે. સિદ્ધાન્ત ગ્રંથોમાં આને અંતરાલગતિ કહેવામાં આવેલ છે. આમ જૈનદર્શન પ્રાચીન કાળથી પૂર્વજન્મ અને પુનર્જન્મ માને છે.

જૈનદર્શન અનુસાર કર્મનો એક અર્થ છે ક્રિયા, પ્રવૃત્તિ; બીજો અર્થ છે જીવની પ્રવૃત્તિ દ્વારા જે સૂક્ષ્મ પુદ્ગલો (કર્મ-વર્ગણા) જીવ તરફ આકર્ષાઈને તેને ચોંટે છે તે પુદ્ગલોને કર્મ કહેવામાં આવે છે. આમ કર્મ પૌદ્ગલિક દ્રવ્યરૂપ છે. પુદ્ગલનો અર્થ મેટર (matter) છે.

કર્મો પૌદ્ગલિક યા ભૌતિક હોય તો તેને રંગો હોવા જોઈએ. જેમ જપાકુસુમનો લાલ રંગ દર્પણમાં પ્રતિફલિત થાય છે તેમ કર્મપુદ્ગલોના રંગો પોતાના સાન્નિધ્યમાં રહેલા આત્મામાં પ્રતિફલિત થાય છે. આમ કર્મની પૌદ્ગલિકતાને કારણે આત્માની લેશ્યાઓના રંગની જૈન માન્યતા ઘટે છે. આજીવિકનો અભિજાતિ-ઓનો સિદ્ધાંત પણ કર્મરજોનું રંગને આધારે વર્ગીકરણ જ છે. આ કારણે પ્રોફેસર ઝીમર તેમના 'ફિલોસોફિઝ ઓફ ઇન્ડિયા'(પૃ. ૨૫૧)માં જણાવે છે કે કર્મોના રંગોનો સિદ્ધાંત જૈન ધર્મની જ ખાસ વિશેષતા નથી, પરંતુ મગધમાં સચવાયેલ આર્યપૂર્વેના સામાન્ય વારસાનો એક ભાગ હોય એમ જણાય છે. કર્મના પૌદ્ગલિકત્વ અથવા મૂર્તત્વની સિદ્ધિ નીચે પ્રમાણે કરવામાં આવી છે–(૧) શરીર વગેરે મૂર્ત હોવાને કારણે તેમના નિમિત્તભૂત કર્મ પણ મૂર્ત હોવાં જોઈએ. આ તર્ક-નો સ્વીકાર કરી જૈનદર્શનમાં કર્મને મૂર્ત માનવામાં આવ્યાં છે. જેમ પરમાણુઓનાં ઘટ વગેરે કાર્ય મૂર્ત છે એટલે પરમાણુ મૂર્ત છે તેમ કર્મનાં શરીર આદિ કાર્ય મૂર્ત છે એટલે કર્મ પણ મૂર્ત છે. (૨) કર્મ મૂર્ત છે કારણ કે એની સાથે સંબંધ થતાં સુખાદિ-નો અનુભવ થાય છે, ઉદાહરણાર્થ ભોજન. જે અમૂર્ત હોય એની

સાથે સંબંધ થતાં સુખાદિનો અનુભવ થતો નથી, ઉદાહરણાર્થ આકાશ. (૩) કર્મ મૂર્ત છે કારણ કે એના સંબંધથી વેદનાનો અનુભવ થાય છે, ઉદાહરણાર્થ અગ્નિ. જે અમૂર્ત હોય એના સંબંધથી વેદનાનો અનુભવ થતો નથી, ઉદાહરણાર્થ આકાશ. (૪) કર્મ મૂર્ત છે કારણ કે એમાં બાહ્ય પદાર્થો વડે બલાધાન થાય છે, ઉદાહરણાર્થ ઘટ. જેવી રીતે ઘટ વગેરે મૂર્ત વસ્તુઓ ઉપર તેલ વગેરે બાહ્ય પદાર્થોનું વિલેપન કરવાથી બલાધાન થાય છે અર્થાત્ સ્નિગ્ધતા આદિની ઉત્પત્તિ થાય છે તેવી રીતે કર્મમાં પણ માલા, ચંદન, વનિતા આદિ બાહ્ય પદાર્થના સંસર્ગથી બલાધાન થાય છે, અર્થાત્ ઉદ્દીપન આદિની ઉત્પત્તિ થાય છે. આ બધાં કારણોને આધારે કર્મ મૂર્ત છે એ પુરવાર થાય છે. (જુઓ વિશેષાવશ્યકભાષ્ય, ગાથા ૧૬૨૫–૧૬૨૭).

કર્મ મૂર્ત છે અને આત્મા અમૂર્ત છે. આવી પરિસ્થિતિમાં કર્મ આત્માની સાથે સંબદ્ધ કેવી રીતે થઈ શકે? મૂર્ત દ્વારા અમૂર્તનો ઉપઘાત કે ઉપકાર કેવી રીતે થઈ શકે? જેમ જ્ઞાન વગેરે અમૂર્ત હોવા છતાં વિષ, મદિરા આદિ મૂર્ત વસ્તુઓ દ્વારા તેમનો ઉપઘાત થાય છે તથા ઘી, દૂધ આદિ પૌષ્ટિક પદાર્થો દ્વારા એમનો ઉપકાર થાય છે તેમ આત્મા અમૂર્ત હોવા છતાં મૂર્ત કર્મ દ્વારા તેનો ઉપઘાત કે ઉપકાર થાય છે. વળી, સંસારી આત્મા એકાંતપણે અમૂર્ત નથી. જીવ અને કર્મનો અનાદિકાલીન સંબંધ હોવાથી જીવ પણ કથંચિત્ કર્મપરિણામરૂપ છે. માટે એ એ રૂપમાં મૂર્ત છે. આ પ્રકારે કથંચિત્ મૂર્ત આત્મા સાથે મૂર્ત કર્મ સંબદ્ધ થઈ શકે છે તથા કર્મ આત્માનો ઉપઘાત કે ઉપકાર કરી શકે છે. (જુઓ વિશેષાવશ્યકભાષ્ય ગાથા ૧૬૩૭–૩૮).

જીવ અને કર્મનો સંબંધ અનાદિ છે. જે પુદ્ગલપરમાણુઓ કર્મરૂપે પરિણત થાય છે તેમને કર્મવર્ગણા કહે છે અને જે શરીર રૂપે પરિણત થાય છે તેમને નોકર્મવર્ગણા કહે છે. લોક આ બન્ને પ્રકારના પરમાણુથી પૂર્ણ છે. જીવ પોતાની મનવચનકાયાની પ્રવૃત્તિથી

આ પરમાણુઓને પોતાના ભણી આકર્ષતો રહે છે. મનવચનકાયાની પ્રવૃત્તિ ત્યારે જ થાય થાય છે જ્યારે જીવની સાથે કર્મ સંબદ્ધ હોય, અને જીવની સાથે કર્મ ત્યારે જ સંબદ્ધ થાય છે જ્યારે મનવચનકાયાની પ્રવૃત્તિ હોય. આ પ્રકારે કર્મથી પ્રવૃત્તિ અને પ્રવૃત્તિથી કર્મની પરંપરા અનાદિ કાળથી છે. કર્મ અને પ્રવૃત્તિના કાર્યકારણભાવને નજર સમક્ષ રાખી પુદ્ગલપરમાણુઓના પિંડરૂપ કર્મને દ્રવ્યકર્મ અને રાગદ્વેષ આદિરૂપ કર્મને ભાવકર્મ કહેવામાં આવે છે. દ્રવ્યકર્મ અને ભાવકર્મનો કાર્યકારણભાવ મરઘી અને ઇંડાની માફક અનાદિ છે. જ્યારે રાગદિ ભાવોનો ક્ષય થાય છે ત્યારે આત્માનો કર્મપુદ્ગલો સાથેનો સંબંધ છૂટી જાય છે. આમ, આત્માનો કર્મપુદ્ગલો સાથેનો સંબંધ અનાદિ હોવા છતાં સાંત છે. (વિશેષાવશ્યકભાષ્ય ગાથા ૧૬૩૯)

આત્મા સ્વાભાવથી અમૂર્ત છે પરંતુ પૌદ્ગલિકકર્મ સાથે તેનો નીરક્ષીર જેવો સંબંધ અનાદિ હોઈને સંસારી અવસ્થામાં તેને કથંચિત્ મૂર્ત માનવામાં આવેલ છે. આત્માના કર્મ સાથેના સંબંધને લઈને આત્માની ચાર પ્રકારની મુખ્ય અવસ્થા થાય છે—ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔદયિક. કર્મના ઉપશમથી ઉત્પન્ન થનાર ઔપશમિક, કર્મના ક્ષયથી ઉત્પન્ન થનાર ક્ષાયિક, કર્મના ક્ષય અને ઉપશમથી ઉત્પન્ન થનાર ક્ષાયોપશમિક અને કર્મના ઉદયથી પેદા થનાર ઔદયિક. આ ઉપરાંત પાંચમો ભાવ પારિણામિક છે જે આત્માનું સ્વાભાવિક પરિણમન જ છે. (તત્ત્વાર્થસૂત્ર ૨.૧).

કર્મનું જીવ ભણી આવવાનું (= આસ્રવનું) કારણ છે મન વચનકાયાની પ્રવૃત્તિ. આમ મનવચનકાયાના વ્યાપારો, જેમને જૈનો યોગ કહે છે તે, કર્મોનો આત્માની સાથે સંબંધ કરાવનાર છે. આત્મા ભણી આકર્ષાયેલાં કર્મોનો આત્માના પ્રદેશો સાથે નીરક્ષીર સંબંધ થવો તે બંધ છે. ઉમાસ્વાતિ મહારાજ બંધનાં કારણોમાં મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચને ગણાવે

છે. પરંતુ ખાસ તો આ પાંચમાંથી કષાય જ બંધનું મુખ્ય કારણ છે. (તત્ત્વાર્થસૂત્ર ૬. ૧–૨ અને ૮.૧)

આત્માને લાગેલાં કર્મો આત્માની અમુક શક્તિને ઢાંકે છે, તે શક્તિને તે અમુક વખત સુધી ઢાંકે છે, જુદી જુદી તીવ્રતાવાળાં ફળો આપે છે અને અમુક જથ્થામાં આત્માને લાગે છે. પરંતુ અહીં પ્રશ્ન થાય છે કે તે આત્માની કઈ શક્તિને ઢાંકશે, કેટલા વખત સુધી ઢાંકશે, કેટલી તીવ્રતાવાળાં ફળો આપશે અને કેટલા જથ્થામાં લાગશે તેનાં નિયામક કારણો શાં છે? જૈન મતે તે કર્મોને આત્મા ભણી લાવવામાં કારણભૂત આત્માની પ્રવૃત્તિ છે અને તે પ્રવૃત્તિના પ્રકાર આત્માની કઈ શક્તિને તે કર્મો ઢાંકશે તે નક્કી કરે છે. જો તેની પ્રવૃત્તિ જ્ઞાનનાં સાધનોનો નાશ કરનારી, જ્ઞાનીનો અનાદર કરનારી હશે તો તેવી પ્રવૃત્તિથી આત્માને લાગનારાં કર્મો આત્માની જ્ઞાનશક્તિને ઢાંકશે. તે પ્રવૃત્તિનું પ્રમાણ તે કર્મોના જથ્થાનું પ્રમાણ નક્કી કરે છે. કર્મો કેટલા વખત સુધી આત્માની શક્તિને ઢાંકશે એનો આધાર તથા ફળની તીવ્રતા–મંદતાનો આધાર પ્રવૃત્તિ કરતી વખતની કષાયની તીવ્રતા–મંદતા ઉપર છે. કષાય ચાર છે — ક્રોધ, માન, માયા અને લોભ. તે રાગ-દ્વેષનો જ વિસ્તાર છે. જેમ વધારે તીવ્ર કષાયપૂર્વકની પ્રવૃત્તિ તેમ તે પ્રવૃત્તિથી લાગતાં કર્મો વધારે વખત સુધી આત્માની શક્તિને ઢાંકશે અને વધારે તીવ્ર ફળ આપશે. આમ, જૈનો કષાયોને છોડવા ઉપર વિશેષ ભાર મૂકે છે, પ્રવૃત્તિને છોડવા પર તેટલો નહિ. જૈનોએ સાંપરાયિક અને ઈર્યાપથિક કર્મબંધ સ્વીકાર્યા છે અને જણાવ્યું છે કે કષાયસહિત પ્રવૃત્તિ કરનારને સાંપરાયિક કર્મબંધ થાય છે અને કષાયરહિત પ્રવૃત્તિ કરનારને ઈર્યાપથિક કર્મબંધ થાય છે. સાંપરાયિક કર્મબંધને સમજાવવા માટે તેઓ ભીના ચામડા પર પડેલી રજના ચોંટવાનું દૃષ્ટાંત આપે છે અને ઈર્યાપથિક કર્મબંધને સમજાવવા માટે સૂકી ભીંત પર ફેંકવામાં આવેલા લાકડાના ગોળાનું ઉદાહરણ આપે છે. અર્થાત્ જૈનો કહેવા માંગે છે કે મન-વચન-કાયાની પ્રવૃત્તિ

હોવા છતાં પણ જો કષાય ન હોય તો ઉપાર્જિત કર્મોમાં સ્થિતિ તેમ જ રસનો બંધ થતો નથી. સ્થિતિ અને રસ બન્નેના બંધનું કારણ કષાય છે. આથી કષાય જ સંસારની ખરી જડ છે. આમ, ખરેખર તો ફળની આકાંક્ષાવાળી પ્રવૃત્તિ જ બંધનું કારણ છે, ફળની આકાંક્ષા વિનાની અનાસક્ત પ્રવૃત્તિ બંધનું કારણ નથી એવું ફલિત થાય છે. (જુઓ તત્ત્વાર્થસૂત્ર ૮.૩, સર્વાર્થસિદ્ધિ ૮.૩, તત્ત્વાર્થસૂત્ર ૬.૪).

અહીં ન્યાયવિશારદ ન્યાયતીર્થ મુનિશ્રી ન્યાયવિજયજીના શબ્દો ટાંકવા યોગ્ય છે. તેઓ તેમના જૈનદર્શન પૃ. ૩૭૫ ઉપર કહે છે કે "કર્મદલના અનન્ત વિસ્તારમાં મોહનું–રાગદ્વેષમોહનું–કામ, ક્રોધ, મદ, માયા, લોભ એ ટોળકીનું—પ્રમુખ અને અગ્રિમ વર્ચસ્ છે. ભવચક્રનો મુખ્ય આધાર એમના ઉપર છે. એઓ સમગ્ર દોષોના ઉપરિ છે. સકલ કર્મતન્ત્ર પર એમનું અગ્રગામી પ્રભુત્વ અને નેતૃત્વ છે. એમનાથી મુક્તિ થઈ જાય તો સમગ્ર કર્મચક્રથી મુક્તિ થયેલી જ છે. એટલા માટે કહ્યું છે : कषायमुक्तिः किल मुक्तिरेव અર્થાત્ કષાયોથી મુક્ત થવામાં જ મુક્તિ છે."

પ્રવૃત્તિત્યાગ સંબંધમાં એ વિચારક મુનિવરે જે કહ્યું છે તે વિચારણીય છે. તેઓ કહે છે, "અશુભ પ્રવૃત્તિ છોડી જ દેવાની છે; પણ તે ક્યારે બને ? જ્યારે મનને શુભ પ્રવૃત્તિઓમાં રોકવામાં આવે ત્યારે. જેમ પગમાં વાગેલો કાંટો કાઢવામાં સોયનો ઉપયોગ કરીએ છીએ તેમ અશુભ પ્રવૃત્તિઓથી છૂટવા માટે શુભ પ્રવૃત્તિઓનો આશ્રય લેવાની જરૂર પડે છે. કાંટો કાઢ્યા પછી કાંટાને ફેંકી દઈએ છીએ, પણ સોયને ભવિષ્યના ઉપયોગ માટે સાચવી રાખીએ છીએ, તે પ્રમાણે જ્યાં સુધી અશુભ પ્રવૃત્તિઓ પ્રત્યેનું વલણ તદ્દન નાબૂદ ન થયું હોય ત્યાં સુધી શુભ પ્રવૃત્તિઓ ત્યાજ્ય બનતી નથી. શુભ પ્રવૃત્તિના બંધનથી છૂટવા માટે તે પ્રવૃત્તિનો ત્યાગ કરવાની જરૂર નથી, પણ તે પ્રવૃત્તિના કર્તાએ પ્રવૃત્તિ કરવાના

આશયને શુભમાંથી શુદ્ધ રૂપમાં ફેરવવાની જરૂર છે....પ્રસ્તુતમાં કહેવાની મતલબ એ છે કે પ્રવૃત્તિ છોડી છૂટતી નથી. જ્યારે તેની જરૂર નથી હોતી ત્યારે તે આપોઆપ સ્વાભાવિકપણે છૂટી જાય છે. પણ જ્યાં સુધી જીવનની દશા સ્વભાવતઃ પ્રવૃત્તિગામી છે ત્યાં સુધી માણસે અસત્ પ્રવૃત્તિને ત્યાગી સત્પ્રવૃત્તિશીલ બનવું જોઈએ. અકાળે કરેલા પ્રવૃત્તિત્યાગમાં કર્તવ્યપાલનના સ્વાભાવિક અને સુસંગત માર્ગથી ચ્યુત થવાપણું છે, એમાં વિકાસસાધાનાની અનુકૂળતા નથી, પણ જીવનની વિડંબના છે." (જૈનદર્શન, પૃ. ૩૬૩).

જૈનો સ્વીકારે છે કે પૂર્વજન્મમાં કરેલાં કર્મ આ જન્મમાં ફળે છે, તેમ આ જન્મમાં કરેલાં કર્મ પણ આ જન્મમાં ફળે છે. આના સમર્થનમાં ન્યાયવિજયજી ભગવતીસૂત્રને ટાંકે છે. (જૈનદર્શન પૃ. ૩૫૫). દસકાલિયસુત્તની અગસ્ત્યસિંહચુણ્ણિ (પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટી, પૃ. ૫૭) આ બે પ્રકારનાં કર્મો માટે અનુક્રમે પરલોકવેદનીય અને ઇહલોકવેદનીય એવાં નામો વાપરે છે.

કર્મના મૂળભૂત આઠ પ્રકાર છે. તેમને કર્મની આઠ મૂળપ્રકૃતિઓ કહેવામાં આવે છે. તે નીચે પ્રમાણે છે—

(૧) જ્ઞાનાવરણીય કર્મ – આત્માની જ્ઞાનશક્તિને ઢાંકનાર કર્મ જ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે.

(૨) દર્શનાવરણીય કર્મ – અહીં દર્શનનો અર્થ નિરાકાર ઉપયોગ—બોધ છે. આત્માની નિરાકાર ઉપયોગ રૂપ શક્તિને ઢાંકનાર કર્મો દર્શનાવરણીય કર્મ કહેવાય છે.

(૩) વેદનીય કર્મ – જે કર્મો સુખ-દુઃખનો અનુભવ કરાવે છે તે વેદનીય કર્મ કહેવાય છે.

(૪) મોહનીય કર્મ – મોહનીય કર્મના બે ભેદ છે: દર્શનમોહનીય કર્મ અને ચારિત્રમોહનીય કર્મ. તત્ત્વપક્ષપાતને રૂંધનાર કર્મ દર્શનમોહનીય કર્મ કહેવાય છે અને ચારિત્રને રુંધનાર કર્મો ચારિત્રમોહનીય કર્મ કહેવાય છે.

(૫) આયુષ્યકર્મ – જે કર્મ આયુષ્યની મર્યાદાનું નિયમન કરે છે તે આયુષ્યકર્મ કહેવાય છે.

(૬) નામકર્મ – જેનાથી એકેન્દ્રિય આદિ ભિન્ન જાતિઓ અને મનુષ્ય આદિ ભિન્ન ભિન્ન ગતિઓ તેમ જ શરીર, રૂપ, સ્વર આદિ વ્યક્તિત્વને ઘડતી બાબતો નક્કી થાય છે તે નામકર્મ છે.

(૭) ગોત્રકર્મ – જે કર્મ ઉચ્ચ-નીચ ગોત્ર અને સામાજિક મોભો, માનમરતબો નક્કી કરી આપે છે તે ગોત્રકર્મ કહેવાય છે.

(૮) અન્તરાયકર્મ – દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યમાં અન્તરાય ઊભો કરવાનું કાર્ય કરે છે તે કર્મ અન્તરાયકર્મ. (તત્ત્વાર્થસૂત્ર ૮.૪).

જૈનોએ કર્મની દશ અવસ્થાઓ માની છે. તે નીચે પ્રમાણે છે.

(૧) બંધ – કર્મની બંધાવસ્થામાં, કર્મપુદ્ગલોનો આત્માની સાથે નીરક્ષીરસંબંધ હોય છે.

(૨) સત્તા – કર્મની સત્તાવસ્થામાં, કર્મપુદ્ગલો પોતાનું ફળ ન આપતાં કેવળ સત્તારૂપે રહે છે.

(૩) ઉદય – કર્મની ઉદયાવસ્થામાં, કર્મપુદ્ગલો પોતાનું ફળ આપવા તત્પર થાય છે અને પોતાનું ફળ આપે છે.

(૪) ઉદીરણા – કર્મની ઉદીરણાવસ્થામાં, કર્મપુદ્ગલોને ખાસ પ્રયત્નવિશેષથી આત્મા તેમના નિયત સમય પહેલાં ફળ આપવા ઉન્મુખ બનાવે છે.

(૫) સંક્રમણ – કર્મની સંક્રમણાવસ્થામાં, આત્માના ખાસ પ્રયત્નવિશેષથી એક કર્મપ્રકૃતિનું અન્ય સજાતીય કર્મપ્રકૃતિમાં પરિવર્તન થાય છે.

(૬)–(૭) ઉદ્વર્તના–અપવર્તના – કર્મની તે અવસ્થા કે જેમાં તેની સ્થિતિ અને રસમાં વધારો થાય તે ઉદ્વર્તના અને જેમાં ઘટાડો થાય તે અપવર્તના. અહીં પણ આ વધારો કે ઘટાડો આત્માના પ્રયત્નવિશેષથી થાય છે.

(૮) ઉપશમના – કર્મની ઉપશમનાવસ્થામાં, ઉદિત કર્મને ભસ્મચ્છન્ન અગ્નિની જેમ દબાવી શાંત કરી દેવામાં આવે છે. આ ઉપશમન પણ આત્માના પ્રયત્નવિશેષથી થાય છે.

(૯) નિધત્તિ – કર્મની નિધત્તિ અવસ્થામાં, ઉદીરણા અને સંક્રમણની સંભાવનાનો અભાવ હોય છે.

(૧૦) નિકાચના – કર્મની નિકાચના અવસ્થામાં ઉદીરણા અને સંક્રમણ ઉપરાંત ઉદ્વર્તના અને અપવર્તનાની સંભાવનાનો પણ બિલકુલ અભાવ હોય છે.

ઉદીરણા, સંક્રમણ, ઉદ્વર્તના, અપવર્તના અને ઉપશમના કર્મ ઉપર પુરુષનું આધિપત્ય છે એમ સ્પષ્ટપણે દર્શાવે છે, પુરુષ કર્મનો ગુલામ નથી. જૈન કર્મસિદ્ધાન્તમાં પુરુષસ્વાતંત્ર્ય (freedom of will) અને ઉદ્યમને ઘણો અવકાશ છે. મુનિશ્રી ન્યાયવિજયજી તેમના જૈનદર્શનમાં (પૃ. ૩૫૩) લખે છે, "કર્મશાસ્ત્ર પણ કર્મનો ઉદય થવામાં સમુચિત ઉદ્યમનો અવકાશ માને છે, તેમ જ કર્મના ઉદયને દુર્બલ બનાવવામાં પણ યોગ્ય ઉદ્યમને આવકારે છે." ઉપાધ્યાય યશોવિજયજી ૨૬મી દ્વાત્રિંશિકામાં શ્લોક ૨૪માં પુરુષપ્રયત્નની અને પુરુષસ્વાતંત્ર્યની સર્વોપરિતા સ્વીકારે છે અને સ્પષ્ટપણે કહે છે કે નિકાચિત ગણાતા કર્મને પણ પુરુષ તપ અને સાધનાથી ક્ષીણ કરી શકે છે. કર્મ ઉદયમાં આવે ત્યારે તેના ફળને સમતાથી ભોગવવા કે આસક્તિ-વિહ્વળતાથી ભોગવવા પુરુષ સ્વતંત્ર છે. "કર્મ ઉદયમાં આવે ત્યારે તેને સમતાથી – સમભાવથી ભોગવી લેવામાં ડહાપણ છે. એમ ભોગવી લેવાથી એ કર્મ ખતમ થતાં નવાં દુઃખદ કર્મો મૂકી જતું નથી. પણ જ્યારે કર્મનાં સુખભોગરૂપ ફળ આસક્તિથી અને દુઃખભોગરૂપ ફળ દુર્ધ્યાનથી ભોગવવામાં આવે ત્યારે એ પ્રકારે ભોગવવાના પરિણામે બીજા નવા કર્મબન્ધો જડાઈ જાય છે. અતઃ સુખભોગના ઉદયકાળે સુખભોગમાં નહિ રંગાતાં એટલે કે અનાસક્તપણે સમભાવથી એ ઉદિત કર્મને

ભોગવી લેવાથી અને દુઃખની હાલતમાં હિંમતથી મનને શાન્તિમાં રાખી દુઃખને (એ ઉદિત અસાતાવેદનીય કર્મને) ભોગવી લેવાથી એ ઉદયાગત કર્મ એવી રીતે ક્ષીણ થઈ જાય છે કે જેના અનુસંધાનમાં નવાં અશુભ કર્મો બંધાવા પામતા નથી. કર્મયોગથી ભોગસામગ્રી ઉપસ્થિત થઈ, પણ એમાં મોહવિકારને વશ થવું કે ન થવું એ આત્માની પોતાની સત્તાની વાત છે." (ન્યાયવિજયજીકૃત જૈનદર્શન પૃ. ૩૪૮).

બધાં જ કર્મોનો ક્ષય તે મોક્ષ છે. આના માટે પ્રથમ તો આવતાં કર્મોને અટકાવી દેવાં જોઈએ (સંવર) અને લાગેલાં કર્મોને ખેરવી નાખવાં જોઈએ (નિર્જરા). સંવરના ઉપાય તરીકે જૈનો વ્રત, ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરીષહજય, ચારિત્ર અને તપ ગણાવે છે. હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહમાંથી વિરતિ એ વ્રત છે. મન–વચન–કાયાની પ્રવૃત્તિનો સમ્યક્ નિગ્રહ એ ગુપ્તિ છે. વિવેકશીલ પ્રવૃત્તિ એ સમિતિ છે. ક્ષમા, મૃદુતા, ઋજુતા, શૌચ, સંયમ, સત્ય, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્યરૂપ દશવિધ ધર્મ છે. શાંતભાવે પરીષહોને સહન કરવા એ પરીષહજય છે. સમભાવ આદિ ચારિત્ર છે. વસ્તુસ્થિતિનું કલ્યાણપ્રેરક ચિંતન એ અનુપ્રેક્ષા છે. નિર્જરાના ઉપાયોમાં ઉપર ગણાવેલા ઉપાયો ઉપરાંત તપનો સ્વીકાર છે. નિર્જરાનો ખાસ ઉપાય તપ છે. તપના બે પ્રકાર છે—બાહ્ય તપ અને આંતર તપ. બાહ્ય તપમાં અનશન આદિનો સમાવેશ થાય છે. આંતર તપમાં પ્રાયશ્ચિત્ત (દોષશોધનક્રિયા), વિનય, વૈયાવૃત્ય (સેવાભક્તિ), સ્વાધ્યાય, વ્યુત્સર્ગ (મમત્વનો—કાષાયિક વિકારોનો ત્યાગ) તથા કલ્યાણગામી એકાગ્રતારૂપ ધ્યાન આ છનો સમાવેશ થાય છે. તપથી સંવર પણ સધાય છે. પરંતુ નિર્જરા માટે તો મુખ્ય ખાસ ઉપાય તપ જ છે. આવતાં કર્મોને તદ્દન અટકાવી દેતાં અને લાગેલાં કર્મોને સંપૂર્ણપણે ખેરવી નાખતાં આત્મા સંપૂર્ણપણે કર્મરહિત બની જાય છે. સંપૂર્ણપણે કર્મથી મુક્તિ એ જ મોક્ષ છે.

## કર્મ અને પુનર્જન્મ — ભારતીય દર્શનોનો સર્વસાધારણ સિદ્ધાંત

ચાર્વાક દર્શનને છોડી બાકીનાં બધાં જ દર્શનો કર્મવાદને અને પુનર્જન્મને સ્વીકારે છે. બધાં ભારતીય દર્શનોમાં એ વાત ઉપર સર્વસંમતિ છે કે મનુષ્ય કે વ્યક્તિ જે કર્મ કરે છે એ કર્મનું ફળ તેને જ મળે છે. શુભ કર્મનું ફળ સુખ છે અને અશુભ કર્મનું ફળ દુઃખ છે. જે કર્મનું ફળ વર્તમાન જન્મમાં મળતું નથી તે કર્મનું ફળ પછીના જન્મમાં મળે છે. જીવ પોતાનાં કર્માનુસાર વિવિધ યોનિઓમાં જન્મે છે. જ્યારે જીવ તૃષ્ણારહિત બની જાય છે ત્યારે તે ફલાસક્તિરહિત કર્મ કરે છે. નિષ્કામભાવે કરાતાં કર્મો બન્ધન નથી બનતાં. એ સ્થિતિમાં જીવને કેવળ પૂર્વજન્મોનાં કર્મોનાં જ ફળ ભોગવવાં પડે છે. તેને પુનર્ભવ નથી. તે દેહપાત પછી મુક્ત બને છે. અંતિમ જન્મમાં બધાં કર્મોનાં ફળો ખાસ પ્રક્રિયાથી તે ભોગવી લે છે.

## કર્મસિદ્ધાન્ત પરનો આક્ષેપ અને તેનો પરિહાર

કર્મસિદ્ધાન્ત નિયતિવાદ (Predeterminism) અને નિરાશાવાદ ભણી લઈ જાય છે, તેમાં પુરુષસ્વાતંત્ર્યને (freedom of willને) અવકાશ જ નથી. પૂર્વ કર્મોને કારણે પ્રાણી અત્યારે જે કંઈ છે કે કરે છે તે છે અને કરે છે, અત્યારનાં કર્મો તેના ભાવિ વ્યક્તિત્વને નિયત કરશે અને આમ ચાલ્યા કરશે. પુરુષ સંપૂર્ણપણે પૂર્વકર્મોથી બદ્ધ છે, એટલું જ નહિ તેમનાથી તેનો ચેતસિક અને શારીરિક વ્યવહાર – તેનું સંપૂર્ણ વ્યક્તિત્વ–નિયત છે. આમાં પુરુષસ્વાતંત્ર્યને અવકાશ ક્યાં રહ્યો? વળી, આમાં મુક્તિનો સંભવ પણ ક્યાં રહ્યો? આ શંકા બરાબર નથી. તે કર્મસિદ્ધાંતની અધૂરી સમજમાંથી ઊભી થયેલી છે. કર્મ અનુસાર પુરુષને ભિન્ન ભિન્ન શક્તિવાળાં મન, શરીર અને બાહ્ય સાધનો પ્રાપ્ત થાય છે તેમ જ તે ભિન્ન ભિન્ન વાતાવરણ અને પરિસ્થિતિમાં મૂકાય છે એટલું જ, પરંતુ પ્રાપ્ત સાધનોનો ઉપયોગ કેમ કરવો અને અમુક વાતાવરણ અને પરિ-

સ્થિતિમાં કેવો પ્રત્યાઘાત આપવો તે તેના હાથની વાત છે એવું કર્મ-સિદ્ધાન્ત માને છે. વળી, પુરુષ પોતાના પ્રયત્નથી પૂર્વકર્મોની અસરોને હળવી કે નષ્ટ કરી શકે છે એવું પણ કર્મસિદ્ધાન્તમાં સ્વીકારાયું છે. પુરુષ ઉપર કર્મનું નહિ પણ કર્મ ઉપર પુરુષનું આધિપત્ય છે—અલબત્ત પુરુષને તેનું ભ્રાન થવું જોઈએ, તેનું ચિત્ત ચમકવું જોઈએ.

કર્મસિદ્ધાન્ત નિરાશાવાદ કે અકર્મણ્યતા ભણી લઈ જતો નથી પરંતુ આશાવાદ અને પુરુષાર્થનો પોષક છે. કર્મ કરનારને, સાધના કરનારને તેનું યોગ્ય ફળ મળે જ છે એવો વિશ્વાસ આપનાર કર્મસિદ્ધાન્ત છે. એક જન્મમાં પ્રયત્ન કરવા છતાં પણ પરમપદ(વીતરાગતા)ની પ્રાપ્તિ ન થઈ અને અધવચ્ચે જ મરી ગયા તથા જે કંઈ પ્રાપ્ત કર્યું હતું એ પણ ચાલ્યું ગયું, આગલા જન્મમાં ફરી આ જન્મની જેમ દુઃખી થવું પડશે, વગેરે વિચારોને કર્મ-સિદ્ધાન્તમાં સ્થાન નથી. પોતાના અધિકાર પ્રમાણે સાધના દ્વારા જે કંઈ જ્ઞાન જીવ એક જન્મમાં પ્રાપ્ત કરે છે, તે જ્ઞાનનો નાશ મરણથી થતો નથી. એ જ્ઞાન તો જીવાત્માની સાથે એક જર્જર શરીર છોડી બીજા નવા શરીરમાં જાય છે અને બીજા જન્મમાં એ જીવ પૂર્વજન્મના સંચિત જ્ઞાનથી આગળ વધે છે. આમ કર્મ-વાદ આશા અને પુરુષાર્થનો પ્રેરક છે.

### કર્મસિદ્ધાન્તની મહત્તા—ડૉ. મેક્સમૂલરનું મન્તવ્ય

કર્મસિદ્ધાન્તનું મહત્ત્વ દર્શાવતાં ડૉ. મેકસમૂલર કહે છે, "એ તો નિશ્ચિત છે કે કર્મના સિદ્ધાંતનો પ્રભાવ માનવજીવન ઉપર બેહદ પડ્યો છે. જો માનવી એ જાણે કે વર્તમાન જીવનમાં કોઈ જાતનો અપરાધ કર્યા વગર મારે જે કંઈ દુઃખ વેઠવું પડે છે એ મારા પૂર્વજન્મના કર્મનું જ ફળ છે, તો એ, જૂનું દેવું ચૂકવનાર માનવીની જેમ, શાંતપણે એ સંકટને સહન કરી લેશે; અને સાથે સાથે જો એ માનવી એટલું પણ જાણતો હોય કે સહન-

શીલતાથી જૂનું દેવું ચૂકતે કરી શકાય છે, તથા એથી જ ભવિષ્યને માટે ધર્મની મૂડી ભેગી કરી શકાય છે, તો એને ભલાઈને માર્ગે ચાલવાની પ્રેરણા આપોઆપ જ મળી જવાની. સારું કે ખરાબ, કોઈ પણ જાતનું કર્મ નાશ નથી પામતું : ધર્મશાસ્ત્રનો આ સિદ્ધાંત અને ભૌતિકશાસ્ત્રનો બલસંરક્ષણસંબંધી સિદ્ધાંત, એ બંને એક-સરખા છે. બંને સિદ્ધાંતોનો સાર એટલો જ કે કોઈનો પણ નાશ નથી થતો. કોઈ પણ ધર્મશિક્ષણના અસ્તિત્વ વિશે ગમે તેટલી શંકા કેમ ન હોય, પણ એટલું તો સુનિશ્ચિત છે કે કર્મનો સિદ્ધાંત સૌથી વધારે સ્થાનોમાં સ્વીકારવામાં આવ્યો છે. એનાથી લાખો માનવીઓનાં કષ્ટો ઓછાં થયાં છે. અને એ જ સિદ્ધાંતને લીધે માનવીને વર્તમાન સંકટ સહન કરવાની શક્તિ પેદા કરવાનું અને ભવિષ્યનું જીવન સુધારવાનું ઉત્તેજન મળતું રહ્યું છે."

**શ્રી મોતીચંદભાઈની પ્રસ્તુત કૃતિ 'જૈન દૃષ્ટિએ કર્મ'**

'જૈન દૃષ્ટિએ કર્મ" નામનું પ્રસ્તુત પુસ્તક શ્રી મોતીચંદ-ભાઈએ સને ૧૯૪૭માં લખેલું પણ અત્યાર સુધી તે અપ્રકાશિત હતું. એમની અન્ય કૃતિઓની જેમ આ કૃતિ પણ એમના અખંડ સ્વાધ્યાયનું ફળ છે. તત્ત્વાર્થસૂત્ર, કર્મગ્રંથ આદિ શાસ્ત્રોને આધારે તે લખાયેલું છે. તેમાં તેમણે જૈન કર્મસિદ્ધાંતનું વિશદ નિરૂપણ કર્યું છે. શ્રી મોતીચંદભાઈની દૃષ્ટિ આધ્યાત્મિક હોવા સાથે તર્ક-પૂત હતી. તેમની પાસે અનુભવ અને વ્યવહારનો ખજાનો હતો. શાસ્ત્રીય અધ્યયનના પરિણામે તેમનામાં બહુશ્રુતતા પણ હતી. તેમની સજ્જતા ઘણી હતી. આ બધાંનો લાભ તેમની અન્ય કૃતિઓની જેમ આ કૃતિને પણ મળ્યો છે. કર્મસિદ્ધાંત એ ઘણો ગહન વિષય છે, કર્મની ગતિ ન્યારી છે, કર્મના ભેદ-પ્રભેદોનું અડાબીડ જંગલ છે—તેમાં પ્રવેશ-પ્રસાર અતિ મુશ્કેલ છે, છતાં શ્રી મોતી-ચંદભાઈ પોતાની સરળ રજૂઆતથી આપણને તેમાં પ્રવેશ કરાવે છે. પુષ્કળ દાખલા-દલીલો આપીને ગહન વિષયને પણ સરળ અને સુગ્રાહ્ય બનાવી દે છે. કર્મના ભેદ-પ્રભેદોને સમજાવવા તેમણે

ખૂબ શ્રમ લીધો છે. 'પાંચ કારણો' નામનું પ્રકરણ તત્ત્વજ્ઞાનની એક મહત્ત્વની સમસ્યાનું રોચક નિરૂપણ કરે છે. તેમની વિષય-વ્યવસ્થા સુશૃંખલ છે, નિરૂપણપદ્ધતિ રસ પડે એવી છે અને શૈલી આડંબરરહિત સીધી સાદી છે. કર્મસિદ્ધાંતમાં પ્રયુક્ત પારિભાષિક શબ્દોની સમજૂતી આપી મૂળ ગ્રંથો વાંચવા ઇચ્છનારને શ્રી મોતી-ચંદભાઈ સહાયરૂપ બન્યા છે. આ બધું જોતાં એ કહેવાની ભાગ્યે જ જરૂર રહે છે કે આ ગ્રંથના પ્રકાશનથી ગુજરાતી ભાષામાં લખાયેલાં કર્મસિદ્ધાંત પરનાં પ્રશિષ્ટ પુસ્તકોમાં એક મૂલ્યવાન ઉમેરો થાય છે.

આ ગ્રંથનું સંપાદન કરવાની તક આપી તે બદલ શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો હું અન્તઃકરણપૂર્વક આભાર માનું છું. ઉપરાંત, આ કાર્ય કરવામાં પ્રોત્સાહન આપી સતત મારો ઉત્સાહ વધારતા રહેલા, વિદ્યાલયના ડાયરેક્ટર શ્રી કોરાસાહેબનો હું અત્યંત ઋણી છું.

૨૩ વાલકેશ્વર સોસાયટી
અમદાવાદ–૩૮૦૦૧૫ — નગીનદાસ જીવણલાલ શાહ
૨–૭–૮૭

# આમુખ

સને ૧૯૪૫ના પ્રથમ સત્રમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વિદ્યાર્થીઓ સમક્ષ પાંચ ભાષણ કર્મના વિષય પર કર્યાં. તે વખતે ભાષણના મુદ્દા પર એક નોંધ કરી હતી. તેના પરથી આ લેખ તૈયાર કરવામાં આવ્યો છે.

કર્મનો વિષય ઘણો વિશાળ છે અને જૈન લેખકોએ એને વૈજ્ઞાનિક પદ્ધતિએ ચર્ચ્યો છે. એમાં ખૂબી એ જોવામાં આવે છે કે જૈનોએ કર્મ પર આટઆટલું લખ્યું છે, છતાં જૈનો વાસ્તવિક રીતે કર્મવાદી નથી, પણ એ પાંચે કારણોના સમવાયમાં માનનાર છે અને બરાબર ભૂમિકા વિચારતાં છેવટે તો જૈનો પુરુષાર્થવાદી છે. કર્મને સમજવા માટે આત્માની ઓળખાણ, આત્માનો અને કર્મનો સંબંધ, કર્મની શક્તિ અને તેને અંગે આત્મવીર્ય–પુરુષાર્થને શું સ્થાન છે એ બરાબર સમજવું પડે, સૃષ્ટિકર્તૃત્વનો આખો સવાલ વિચારવો પડે, ચેતનનો વિકાસમાર્ગ જાણવો જોઈએ, માત્ર આગળ આગળ વિકાસ થાય કે પાછા પણ પડાય, એ પડવાનાં કારણો, દ્રવ્ય–ગુણ–પર્યાયનું સ્વરૂપ, પુણ્ય–પાપની પિછાણ, માનસશાસ્ત્રનો અભ્યાસ, નવતત્ત્વનો બોધ, જીવ–અજીવનું સ્વરૂપ, કર્મવર્ગણાની શક્તિ વગેરે અનેક બાબત જાણવી જોઈએ.

એક પુસ્તકમાં કે એક લેખમાં આ સર્વ વાત બને નહિ, પણ જિજ્ઞાસા ઉત્પન્ન કરી શકાય. જૈન દર્શને આ વિષયો પર ખૂબ વિચાર કર્યા છે, તાત્ત્વિક દૃષ્ટિએ, વૈજ્ઞાનિક પદ્ધતિએ અને તર્કના જોરે વિચારણા કરી છે અને એણે આખા જીવનક્રમને અને સંસારચક્રને ખૂબ ઉકેલેલ છે. આનું પરિશીલન તો જીવનભરનો અભ્યાસ માગે, એની પાછળ ખૂબ મૌલિક વિચારણા માગે અને તે માટેનાં સાધનો માગે. સર્વમાં આ અને આવા વિષયોની

જિજ્ઞાસા જગાડવાનો ઉદ્દેશ હતો. તે કિંચિત્ પાર પડયો હોય તો આનંદ છે. આ લેખમાં કર્મ શું છે, એનું વિકાસક્રમમાં શું સ્થાન છે, એના વિભાગો અને પેટાવિભાગો કેટલા છે, તેનું સ્વરૂપ કેવું છે, એ બતાવ્યું છે અને તે પણ તદ્દન પ્રાથમિક દૃષ્ટિએ બતાવવા પ્રયત્ન કર્યો છે. બાકી કર્મના વિષયમાં તો એટલું લખાયું છે કે એનો સંક્ષિપ્ત સાર આપતાં પણ પુસ્તકો ભરાય.

ભારતવર્ષના દરેક દર્શનકારે એક અથવા બીજા આકારે કર્મના વિષય પર વિચાર કર્યો છે; ક્રિયમાણ, સંચિત અને પ્રારબ્ધ એવા વિભાગો પાડયા છે. પણ જૈન દર્શનકારે એ વિષયને વિશેષ ઝીણવટથી ચર્ચ્યો છે. એને સમજવામાં આવે તો આખા વિશ્વનુ બાહ્ય અને આંતરજ્ઞાન થઈ જાય તેવું છે. અને એટલી વિગતો છતાં આત્માને બરાબર ઓળખવામાં આવે અને એની શક્તિનો સાચો ઉપયોગ થાય તો આટલાં સૂક્ષ્મ અને આટલી મોટી સંખ્યા-નાં, ઝીણાં પણ અણુબોંબ જેટલી શક્તિવાળાં કર્મો પર સામ્રાજ્ય મેળવી શકાય તેમ છે.

આ નાના લેખમાં તો કર્મની પ્રકૃતિ પર મુખ્યત્વે કરીને પરિચય પૂરતો પ્રાથમિક ઉલ્લેખ છે, પ્રસંગે એને સ્પષ્ટ કરવા દાખલા-દલીલો મૂક્યાં છે અને વ્યાખ્યા કરવામાં ચીવટ રાખી છે. જ્ઞાનના વિષયની જરા વધારે વિગત આપી છે. પુણ્ય–પાપની પ્રકૃતિ-નો ઉત્તર પ્રકૃતિ સાથે મેળ મેળવ્યો છે અને કર્મ એ શી ચીજ છે એનો ખ્યાલ આપવા પ્રયત્ન કરવા સાથે એના બંધના હેતુઓ પર અવલોકન કર્યું છે.

બાકી એનાં બંધ, ઉદય, ઉદીરણા, સત્તા, ૧૪ ગુણસ્થાનો, એ ગુણસ્થાનક્રમારોહમાં પ્રકૃતિની ગણના, માર્ગણા, લેશ્યા અને અધ્યવસાયનો સંબંધ વગેરે કર્મને લગતી અનેક બાબતોનો અહીં સમાવેશ કર્યો નથી. તે માટે જિજ્ઞાસા થાય તો તેના ગહન ગ્રંથો છે, તે જોવાની ભલામણ છે. આ સાદા લેખમાં તો માત્ર કર્મ શું છે તેનો ખ્યાલ સાદી સરળ ગુજરાતીમાં આપ્યો છે. કર્મશાસ્ત્રના

અધ્યયનને પરિણામે પ્રાણી અધ્યાત્મજ્ઞાની થઈ શકે, ચેતનને ઓળખી શકે અને ધારે તો સંસારની આધિ-વ્યાધિ ઉપાધિથી મુક્ત થઈ હંમેશને માટે સંસારથી અળગો થઈ શકે. એ રીતે કર્મનો વિષય ચેતન-સમુત્થાનમાં અતિ મહત્ત્વનું સ્થાન ભોગવે છે. કર્મ છે, કર્મને છોડવાના માર્ગો છે, આત્મા અનંત શક્તિનો ધણી છે, એની શક્તિ કર્મે આવરી છે, છતાં એ કર્મની ઉપરવટ જઈ શકે છે. આ સર્વ બાબતો વિચારણા માગી લે છે અને તે જાગ્રત કરવાનો અત્ર પ્રાથમિક પ્રયાસમાત્ર કર્યો છે. બંધાતાં કર્મોને અન્યત્ર 'ક્રિયમાણ' કર્મ ગણ્યાં છે. ઉદયમાં આવતા કર્મોને અન્યત્ર 'પ્રારબ્ધ' તરીકે વર્ણવ્યાં છે અને સત્તામાં રહેલાં કર્મોને અન્યત્ર 'સંચિત' ગણ્યાં છે, પણ જૈન ગ્રંથોમાં એની ભારે અદ્ભુત વિગતો ચોખવટ સાથે આપી છે, તેનો અભ્યાસ કરવા જિજ્ઞાસા જાગ્રત કરે એવાં સાધનો અહીં રજૂ કર્યાં છે. બાકી કર્મની ચોખવટથી સમજણ એટલે જૈન દર્શનના કુલ વિષયોની સમજણ એમ સમજવું. પરભવ, સમ્યક્ત્વ, ત્રણ કરણ, ધ્યાનયોગ, ગુણસ્થાનક્રમારોહ, ભાવો, શ્રેણીઓ, પ્રમાદ, અપ્રમાદ અને પ્રગતિનો ખૂબ અભ્યાસ થાય, એને ચોખવટથી સમજાય, માર્ગાનુસારીપણાથી માંડીને દ્રવ્યશ્રાવક, ભાવશ્રાવક, દ્રવ્ય-સાધુ, ભાવસાધુના ગુણો જણાય, સમકિતના લક્ષણોની વિગતવાર ચર્ચાચર્વણા થાય, એના ૬૭ બોલ સમજાય અને ગ્રંથિભેદનો ગહન પણ આકર્ષક વિષય સમજાય ત્યારે કર્મનો પૂરો ખ્યાલ આવે. આ પ્રયત્ન કરવા યોગ્ય છે. અહીં તો ચંચુપ્રવેશ માટે પણ તદ્દન પ્રાથમિક વાતો કરી છે. ઉપરના અન્ય વિષયો પર પ્રયાસ કરવા યોગ્ય છે, પ્રકાશ પાડવા યોગ્ય છે અને જીવનના લ્હવા એ રીતે લેવા યોગ્ય છે.

જિજ્ઞાસા થશે તો પુસ્તકોનો પાર નથી, સાધનો તૈયાર છે, લભ્ય છે અને સુકર છે. અને જિજ્ઞાસા ન થાય તો આખી ગૂંચ-વણ ઊભી છે. જીવનનો ઉદ્દેશ જાણવો હોય, જાણીને રસ્તો કરવો હોય, અંતે આ પ્રપંચમાંથી નીકળવાની જરૂર જ છે એમ નિર્ણય

થયો હોય તો તો આ વિષયને સમજવાની ખાસ જરૂર છે, બાકી અનેક ખેપ કરી આવ્યા તે પ્રમાણે આ ભવ એક વધારે ખેપ થઈ, એમ ચાલવા દેવું હોય તો ઇચ્છાની વાત છે. બાકી નાનામોટા પ્રત્યેક કાર્યનો જવાબ દેવો પડશે. જવાબ દેનાર અને લેનાર અંદર બેઠો છે, એમાં કોઈની દખલગીરી હોતી નથી, જરૂર નથી, છે નહિ. માટે એને ઓળખો, એને સમજો અને કર્મ ઉપર વિજય મેળવો.

એ જાતની જિજ્ઞાસા જાગ્રત કરવામાં ફતેહ થઈ હોય તો તેટલે અંશે આ લેખનો પ્રયાસ સફળ છે. બાકી તો જીવન એક મોટો કોયડો છે. એના ઉકેલમાં કાંઈ સહાય આ વિષયવિચારણા આપે તેવું લાગવાથી એને જનતા સમક્ષ ધરેલ છે. એમાં પરિપૂર્ણતાનો દાવો નથી, શકયતા પણ નથી; પણ જાગૃતિ અને જિજ્ઞાસા એ જગાવી શકે તો આનંદ છે.

ચોપાટી સી ફેસ-મલબાર વ્યૂ
મુંબઈ તા. ૯-૭-૧૯૪૭

**મોતીચંદ ગિ. કાપડિયા.**

## શુદ્ધિપત્રક

| પૃ. | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪ | ૫ | नीरोगार्त्तयोः | नीरोगरोगार्त्तयोः |
| ૬૬ | ૫ | અનંતાનુબંધી અનંતાનુબંધી માન, ક્રોધ | અનંતાનુબંધી ક્રોધ, અનંતાનુબંધી માન, |

# વિષયનિર્દેશ


**પ્રકાશકીય નિવેદન** 3

**પ્રસ્તાવના** ૫–૪૧

ઋગ્વેદમાં કર્મ અને પુનર્જન્મનો અણુસાર – ૬, ઉપનિષદોમાં કર્મ અને પુનર્જન્મ – ૬, ગીતામાં કર્મ અને પુનર્જન્મ – ૭, બૌદ્ધધર્મદર્શનમાં કર્મ અને પુનર્જન્મ – ૯, પાંતજલ યોગદર્શનમાં કર્મ અને પુનર્જન્મ – ૧૪, ન્યાય–વૈશેષિક દર્શનમાં કર્મ અને પુનર્જન્મ – ૧૯, મીમાંસાદર્શનમાં કર્મ અને પુનર્જન્મ – ૨૮, જૈનદર્શનમાં કર્મ અને પુનર્જન્મ – ૨૮, કર્મ અને પુનર્જન્મ – ભારતીય દર્શનોનો સર્વસાધારણ સિદ્ધાંત – ૩૮, કર્મસિદ્ધાંત પરનો આક્ષેપ અને પરિહાર – ૩૮, કર્મસિદ્ધાંતની મહત્તા – ડૉ. મૅક્સમૂલરનું મંતવ્ય – ૩૯, શ્રી મોતીચંદભાઈની પ્રસ્તુત કૃતિ 'જૈન દષ્ટિએ કર્મ' – ૪૦

**આમુખ** ૪૨–૪૫

પ્રકરણ

**૧ કર્મની પૂર્વભૂમિકા** ૩–૧૧

તફાવતોનો ખુલાસો – ૩, પુનર્ભવ – ૫, કર્માનુસાર ફળ દેનારો ઈશ્વર નથી – ૬, આત્માનો સ્વીકાર – ૮, અંશસત્ય – પ્રમાણ-સત્ય – ૯, નયવાદ – અનેકાંતવાદ – ૧૦

**૨ પાંચ કારણો** ૧૨–૨૭

પ્રાસ્તાવિક – ૧૨, કાળ – ૧૩, સ્વભાવ – ૧૫, ભવિતવ્યતા – ૧૮, કર્મ – ૨૦, ઉદ્યમ – ૨૩, સમાધાન – સમન્વય – ૨૫

**૩ આત્મા અને કર્મવર્ગણા** ૨૮–૩૨

આત્મસ્વરૂપ – ૨૮, કર્મવર્ગણા – ૨૯, ચેતન આત્માને જડ કર્મ-વર્ગણા અસર કેમ કરે? – ૩૦, આત્મા અને કર્મવર્ગણાનો સંબંધ – ૩૦

**૪ બંધહેતુ** ૩૩–૪૪

પ્રાસ્તાવિક – ૩૩, પાંચ બંધહેતુઓ – ૩૩, મિથ્યાત્વ – ૩૪, અવિરતિ – ૩૫, કષાય – ૩૫, યોગ – ૩૬, કર્મબંધના પ્રકાર — પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ – ૩૮

**૫ કર્મની આઠ મૂળપ્રકૃતિ** ૪૫–૭૩

પ્રાસ્તાવિક–૪૫, જ્ઞાનાવરણ-દર્શનાવરણ – ૪૬, જ્ઞાન-દર્શનનો તફાવત – ૪૬, પ્રત્યક્ષ–પરોક્ષજ્ઞાનનો તફાવત – ૪૭, મતિજ્ઞાન

– ૪૮, શ્રુતજ્ઞાન – ૪૯, મતિજ્ઞાન–શ્રુતજ્ઞાનની તુલના – ૫૦, ત્રણ પ્રત્યક્ષજ્ઞાનો – ૫૨, અવધિજ્ઞાન – ૫૨, મનઃપર્યવજ્ઞાન – ૫૩, કેવળજ્ઞાન – ૫૪, જ્ઞાનાવરણ-દર્શનાવરણનો ઉપસંહાર – ૫૪ વેદનીય – ૫૬, મોહનીય – ૫૭, દર્શનમોહનીય – ૫૮, નવતત્ત્વ – ૫૯, દર્શનમોહનીયના ત્રણ પ્રકાર – ૬૩, ચારિત્રમોહનીય – ૬૪, કષાયો – ૬૪, નવ નોકષાયો – ૬૬, આયુકર્મ – ૬૭, નામકર્મ – ૬૮, નામકર્મની ચૌદ પિંડપ્રકૃતિ અને આઠ પ્રત્યેકપ્રકૃતિ – ૬૮, નામકર્મની ત્રસદશક અને સ્થાવરદશક પ્રકૃતિઓ – ૬૯, નામકર્મ વિશે વિશેષ – ૬૯, ગોત્રકર્મ – ૭૦, અંતરાયકર્મ – ૭૦, પ્રકીર્ણ – ૭૨

**૬ કર્મની ઉત્તરપ્રકૃતિઓ** ૭૪-૧૭૬

કર્મના ભેદ-પ્રભેદોની તાર્કિકતા – ૭૪, જ્ઞાનાવરણીયની ઉત્તર-પ્રકૃતિઓ – ૭૫, પ્રાસ્તાવિક – ૭૫, જ્ઞાનના પ્રત્યક્ષ – પરોક્ષ બે ભેદ – ૭૫, મતિજ્ઞાન એટલે ? – ૭૬, મતિજ્ઞાનવરણીયકર્મ – ૭૬, શ્રુતજ્ઞાન એટલે ? – ૭૬, શ્રુતજ્ઞાનાવરણીય કર્મ – ૭૬, મતિજ્ઞાનની ઉત્પત્તિનો ક્રમ – અવગ્રહ આદિ – ૭૮, મતિજ્ઞાનના ૨૮ પ્રકારો – ૮૧, શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ૩૩૬ પ્રકારો – ૮૪, અશ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ચાર પ્રકારો – ૮૮, ઔત્પાતિકી બુદ્ધિ – ૮૯, વૈનયિકી બુદ્ધિ – ૮૯, કાર્મિકી બુદ્ધિ – ૮૯, પારિણામિકી બુદ્ધિ – ૯૦, મતિજ્ઞાનનો શ્રુતજ્ઞાન સાથેનો સંબંધ – ૯૦, શ્રુતજ્ઞાન – ૯૧, શ્રુત-જ્ઞાનના બે ભેદ – અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય – ૯૧, શ્રુતજ્ઞાનના ચૌદ પ્રકાર – ૯૨, શ્રુતજ્ઞાનના વીસ પ્રકાર – ૯૭, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી શ્રુતજ્ઞાનનો વિચાર – ૧૦૩, અવધિજ્ઞાન – ૧૦૩, મનઃ-પર્યવજ્ઞાન – ૧૦૭, કેવળજ્ઞાન – ૧૦૮, જ્ઞાનાવરણીય કર્મ અને તેના ભેદો – ૧૦૯, દર્શનાવરણીય કર્મની ઉત્તર પ્રકૃતિઓ – ૧૧૧, દર્શન એટલે ? – ૧૧૧, દર્શનાવરણના ચાર પ્રકાર – ૧૧૪, મનઃપર્યાયદર્શનાવરણ કેમ નહિ ? – ૧૧૫, દર્શનના આવરણરૂપ નિદ્રાના પાંચ પ્રકાર – ૧૧૫, વેદનીય કર્મની ઉત્તર પ્રકૃતિઓ – ૧૧૮, મોહનીય કર્મની ઉત્તરપ્રકૃતિઓ – ૧૧૯, દર્શનમોહનીયના ત્રણ ભેદો ૧૧૯, ચારિત્રમોહનીયના ભેદો – ૧૨૧, કષાયના પ્રકારોને અંગેનું પત્રક – ૧૨૭, આયુકર્મની ઉત્તર પ્રકૃતિઓ – ૧૩૩, નામકર્મની ઉત્તર પ્રકૃતિઓ – ૧૩૪, નામકર્મની પ્રકૃતિના ચાર વિભાગો – ૧૩૪, નામકર્મની ચૌદ પિંડપ્રકૃતિઓ અને તેમના અવાંતર ભેદો – ૧૩૫, આઠ પ્રત્યેકપ્રકૃતિ – ૧૫૪, નામકર્મની

ત્રસદશક અને સ્થાવરદશક પ્રકૃતિઓ – ૧૫૮, નામકર્મની ૯૩ અથવા ૧૦૩ પ્રકૃતિઓ – ૧૬૩, ગોત્રકર્મની ઉત્તર પ્રકૃતિઓ – ૧૬૪, અંતરાયકર્મની ઉત્તર પ્રકૃતિઓ – ૧૬૬, કુલ પ્રકૃતિ સમુચ્ચયે – ૧૬૯, બંધ-ઉદય-ઉદીરણા-સત્તાએ પ્રકૃતિ – ૧૬૯, પુણ્ય-પાપ પ્રકૃતિનું વિશ્લેષણ – ૧૭૦, ઘાતી-અઘાતી કર્મો – ૧૭૫

૭ લાઘવકારી પરિભાષા ૧૭૭–૧૮૧

ત્રસચતુષ્ક – ૧૭૭, સ્થિરષટ્ક – ૧૭૭, અસ્થિરષટ્ક – ૧૭૭, સૂક્ષ્મત્રિક – ૧૭૮, સ્થાવરચતુષ્ક – ૧૭૮, સૌભાગ્યત્રિક – ૧૭૮, વર્ણચતુષ્ક – ૧૭૮, અગુરુલઘુચતુષ્ક – ૧૭૮, ત્રસદ્વિક – ૧૭૯, ત્રસત્રિક ૧૭૯, ત્રસષટ્ક – ૧૭૯, થીણદ્ધીત્રિક – ૧૭૯, આહારદ્વિક – ૧૮૦, નરકદ્વિક – ૧૮૦, સ્થાવરચતુષ્ક – ૧૮૦, જાતિચતુષ્ક – ૧૮૦, તિર્યંચત્રિક – ૧૮૦, દુર્ભાગ્યત્રિક-૧૮૦, અનન્તાનુબંધી-ચતુષ્ક – ૧૮૧, મધ્યસંસ્થાનચતુષ્ક – ૧૮૧, મધ્યસંઘયણચતુષ્ક – ૧૮૧, નિદ્રાદ્વિક – ૧૮૧

૮ ઉપસંહાર ૧૮૨–૧૯૩

ઘાતીકર્મો અને તેમનું ફળ – ૧૮૨, અઘાતીકર્મો અને તેમનું ફળ – ૧૮૨, ઘાતી-અઘાતી કર્મોના ક્ષયનું ફળ – ૧૮૨, કયા કર્મને શેની સાથે સરખાવાય – ૧૮૩, કર્મબંધના હેતુઓની વિગતો – ૧૮૩, બંધસ્થાનોનાં વિવિધતા – ૧૮૪, જ્ઞાનાવરણીય-દર્શનવરણીય કર્મનાં બંધસ્થાન – ૧૮૪, શાતાવેદનીયનાં બંધ-સ્થાન – ૧૮૪, અશાતાવેદનીયનાં બંધસ્થાન – ૧૮૪, ચારિત્ર-મોહનીયનાં બંધસ્થાન – ૧૮૬, દેવગતિઆયુનાં બંધસ્થાન –૧૮૮, મનુષ્યગતિનો આયુષ્યબંધ કોણ કરે – ૧૮૮, તિર્યંચનું આયુ કોણ બાંધે ?– ૧૮૮, નરકાયુ કોણ બાંધે ? – ૧૮૯, નામકર્મની શુભ અને અશુભ પિંડપ્રકૃતિઓ કોણ બાંધે ? – ૧૯૦, નામકર્મની સાત શુભ પ્રત્યેકપ્રકૃતિઓ કોણ બાંધે ? – ૧૯૦, ત્રસદશક-સ્થાવરદશકના અધિકારી – ૧૯૧, ઉચ્ચનીચ ગોત્રકર્મનાં બંધ-સ્થાન – ૧૯૨, અન્તરાયકર્મનાં બંધસ્થાન – ૧૯૨

૯ પ્રકીર્ણ ૧૯૪–૧૯૬

તિર્યંચગતિ અને તિર્યંચાયુ – ૧૯૪, મર્કટબંધ અને વજ્ર – ૧૯૪, નિર્માણ અને સંઘયણનો તફાવત – ૧૯૪, નિર્માણ અને સંસ્થાનનો ભેદ – ૧૯૪, નિબંધની મર્યાદા અને ઉદ્દેશ – ૧૯૫

પરિશિષ્ટ ૧ — પંદર યોગ ૧૯૭–૧૯૮

# જૈન દૃષ્ટિએ કર્મ

પ્રકરણ પહેલું

# કર્મની પૂર્વભૂમિકા

## તફાવતોનો ખુલાસો

આપણે દુનિયામાં ઘણા તફાવતો જોઈએ છીએ: કોઈને પાણી માગે અને દૂધ મળે છે, જ્યારે બીજાને સવારથી વલખાં મારે તો પણ મોડા વખત સુધી પૂરું ખાવાનું મળતું નથી. એક માણસ એક વાર પાઠ કે શ્લોક વાંચે અને તેને યાદ રહી જાય છે અને દિવસમાં સોબસો શ્લોક એવા યાદ કરી નવા તૈયાર કરી જાય છે કે ફોટોગ્રાફીની પ્લેટની પેઠે એ બરાબર ચોંટી જાય છે, જ્યારે બીજો આખા દિવસમાં બે શ્લોક ગોખી શકતો નથી અને સાત દિવસ પછી પાછો તદ્દન વીસરી જાય છે. એકની સલાહ લેતાં ગૂંચ વધી જાય છે, જ્યારે બીજો માણસ મોટા પ્રસંગોએ એવી સલાહ આપી શકે છે કે એનાથી દુનિયાની અગવડો દૂર થઈ જાય છે. કેટલાક માણસો સર્વાંગસુંદર હોય છે, જ્યારે બીજા કદરૂપા અને સામું જોવા પણ ન ગમે તેવા હોય છે. કેટલાક ગમે ત્યાં દા' નાખે તે પોબાર પડે છે, જ્યારે બીજાઓ જ્યાં ત્યાં પાછા પડે છે, હતાશ થાય છે અને એમને જીવન બોજારૂપ લાગે છે. કેટલાકનાં શરીર સેન્ડો જેવાં બળવાન હોય છે, એને ઠંડી ગરમી કે વરસાદની અસર પણ જણાતી નથી, જ્યારે કેટલાક માંદા, મરવાને વાંકે જીવતા અને દરરોજ કે વારંવાર વૈદ્યદાકતરનો આશ્રય લેનારા દેખાય છે. કેટલાક મોટરમાં ફરનારા અને તહેનાતમાં અનેક નોકરોવાળા જોવામાં આવે છે અને મહેલ કે બંગલામાં

મોજ માણે છે, જ્યારે બીજાને બસ કે ટ્રામ માટે એક આનો ખિસ્સામાં હોવો મુશ્કેલ જણાય છે.

નીચેના શ્લોકમાં આ જ વસ્તુ કહી છે.

क्ष्माभृद्रंकयोर्मनीषिजडयोः सद्रूपनीरूपयोः
श्रीमद्दुर्गतयोर्बलाबलवतोर्नीरोगार्त्तयोः ।
सौभाग्यासुभगत्वसंगमजुषोस्तुल्येऽपि नृत्वेऽन्तरं,
यत्तत्कर्मनिबन्धनं तदपि नो जीवं विना युक्तिमत् ॥

અને આપણે કીર્તિમાનો અને નીંદનીકો જોઈએ છીએ, આપણે મોટા અસાધારણ બુદ્ધિશાળી વકીલો અને સલાહ આપનારા જોઈએ છીએ અને જેની સાથે વાત કરતાં પણ કંટાળો આવે તેવા ધોરણ ઠેકાણા કે આવડત વગરનાને પણ જોઈએ છીએ. આપણે વાડીબગીચામાં વસનારા શેઠિયાને કે વ્યાપારનોકરી કરી સાદું જીવન વહન કરનાર મધ્યમજીવીને જોઈએ છીએ અને રસ્તાના ફૂટપાથ પણ સૂનારા અને વિખરાયલા વાળવાળા દરિદ્રીઓને પણ જોઈએ છીએ; આપણે રોગિયા, પતિયા, ખસિયા, ક્ષયવાળા, દમલેલ અને ખુજલીવાળાને જોઈએ છીએ અને તેની સાથે આખો દિવસ મજૂરી કરનારા, સારા શરીરવાળા, મજબૂત, સાદાસાજા માણસોને પણ જોઈએ છીએ; આપણે અનેકનું ધ્યાન ખેંચનાર સુંદરી, લલના અને સિનેમાસ્ટારોને જોઈએ છીએ અને સામું જોવું ન ગમે તેવી ચીંથરેહાલ રખડતી સ્ત્રીઓને પણ જોઈએ છીએ.

આવા તફાવતો તો આંખ ઉઘાડીને જોઈએ કે મન પર લઈએ તો દેખાય છે. આ તફાવતો માત્ર આકસ્મિક હોઈ શકે અથવા તેની પછવાડે અક્કલમાં ઊતરે તેવું કારણ હોવું ઘટે.

કેટલાક કહે છે કે મોટા રાજા કે શેઠને ત્યાં જન્મ થાય તો પહેલા દિવસથી સારે ઘેર આવનારના અછોઅછો વાનાં થાય, લાડ મળે અને સુખસગવડમાં તે ઉછરે અને જો તે ભિખારીને ત્યાં જન્મે તો ગળથૂથીની વસ્તુઓની જોગવાઈ પણ તેની પાસે

ન હોય. આ માત્ર અકસ્માત છે, પણ તેની સામે જોઈએ તો ગરીબને ઘેર જન્મેલો ગરીબીમાં ઊછરેલો મોટા રાજમહેલમાં જાય છે કે કરોડપતિ થતો જોવામાં આવે છે અને ધનપતિને ભિખારી બનતો જોવામાં આવે છે, એટલે આ તફાવતને અને તફાવતમાં થનારા ફેરફારોને જન્મનો અકસ્માત કે સ્થાનનો તફાવત ગણી કાઢી નાખીએ તે તો શકય ખુલાસાને ઉડાવવા જેવી વાત લાગે છે. સ્થાનનો તફાવત દેશને અંગે પ્રાપ્ત થાય. હું યુરોપમાં જન્મ્યો હોત તો મોટો વડો પ્રધાન થાત, પણ ગામડામાં જન્મ્યો એટલે મારે કામદારપણું આવ્યું. પણ આ સ્થાન, બુદ્ધિ, આવડત, અક્કલ, માનસિક બંધારણ અને વર્તનના ભેદની પાછળ જો કાંઈ અક્કલમાં ઊતરે તેવું કારણ હોય તો તે વિચારવા જેવું જરૂર ગણાય. એને માત્ર 'અકસ્માત' ગણવો એ સૂક્ષ્મ રીતે વિચારતાં ગળે ન ઊતરે તેવી વાત છે. આ વાતનો ખુલાસો કર્મના સિદ્ધાંતથી થશે.

### પુનર્ભવ

કર્મ શું છે તેના સ્પષ્ટીકરણને અંગે જરા ઊંડા ઊતરતા પહેલાં થોડી પૂર્વવાર્તા કરવી જરૂરી છે. એક વાત પુનર્ભવની છે. અહીં આખી જિંદગી સુધીમાં આપણે જે અનેક કાર્ય કરીએ, જે અનેક વિચારો કરીએ, જે બોલીએ, તેમના લાભનુકસાનનો હિસાબ અહીં જ પૂરો થાય છે કે એમનાં લાબાં લેખાં કરવાં પડે છે. અહીં કોઈ મોટાં દાન આપે છે, દુનિયાનાં દુઃખ-દારિદ્રય દૂર કરવા મોટો ભોગ આપી સેવા કરે છે, કોઈ કરોડોની રકમ સમાજ-સેવામાં આપે છે, કોઈ ખૂન કરે છે, કોઈ ખટપટો કરે છે, કોઈ લાકડાં લડાવે છે, કોઈ ચાણકયનીતિ આદરી ધર્મી હોવાનો દેખાવ કરે છે અને અંદરથી તદ્દન પોલો, લુખ્ખો કે સુક્કો હોય છે, કોઈ વેપારધંધા સાથે સારી રકમ કાઢી સેવાસંસ્થા કાઢે છે, કોઈ આખી જિંદગી સુધી ઘસડબોરો કરી માત્ર ધનસંગ્રહ જ કર્યા

કરે છે અને મોત આવે ત્યારે હાથ ઘસતો ચાલી જાય છે, કોઈ અભિમાનનાં અને ઉચ્ચ કુળનાં બણગાં ફૂંકયા કરે છે–આવી પ્રત્યેકની વિવિધતાથી ભરપૂર જિંદગી હોય છે, છેક સુધી કાંઈ કાંઈ કર્યું હોય છે, તેનાં ફળ મળે કે નહિ? કે પછી 'આપ મૂએ સારી ડૂબ ગઈ દુનિયા'—મોત આવે એટલે ખેલ ખલાસ થઈ જાય, કર્યાકારવ્યાના ચોપડા ધોવાઈ જાય?

એટલે અહીં મરણ પછી કાંઈ હશે કે નહિ અને જન્મ પહેલાં કાંઈ હતું કે નહિ, કે આપણે અહીં અકસ્માત આવી ચઢયા છીએ અને મરણ પામ્યા એટલે વાત પૂરી થઈ જાય છે? આ પુનર્ભવનો સવાલ રજૂ કરે છે. જો મરણ પછી અન્ય અવતાર થવાનો હોય, જો કરેલાં કાર્ય, વિચાર, વર્તન, ત્યાગ કે ઉચ્ચારનાં ફળ મળતાં હોય તો એક વાત થાય અને અહીંનો હિસાબ અહીં જ પૂરો કરવાનો હોય તો તો માત્ર સારા કે ધર્મી દેખાવાના ડોળમાં જ પૂરું કરવાનું રહે.

રંક–રાજાના તફાવત પાછળ ઇતિહાસ છે અને અહીં કરેલ વિચાર, વર્તન, ઉચ્ચાર કે ક્રિયાના હિસાબ આપવાના છે એ બે વાતનો સ્વીકાર કર્યા વગર ચાલે તેમ નથી. ક્રિયા ફળ વગરની હોય નહિ. પડેલા તફાવતોની પાછળ મુદ્દામ કારણ હોવાં જ જોઈએ અને એ વાતનો ખુલાસો કરવાની જરૂર છે, એટલું આપણે માનીને ચાલીએ તો કર્મના સિદ્ધાંતને એમાં શું સ્થાન છે એનો મુદ્દો આપણું ધ્યાન ખેંચ્યા વગર રહે તેમ નથી.

### કર્માનુસાર ફળ દેનારો ઈશ્વર નથી

એકાદ વધારે વાતની ચોખવટ કરવાની શરૂઆતમાં જરૂર છે. આ તફાવતોનો સ્વીકાર કર્યા પછી, અહીંના વર્તનનો ફેંસલો કરનાર કોઈ બાહ્ય સત્તા, વિધિ, ઈશ્વર કે ચિત્રગુપ્તની જરૂર છે કે ચોપડા રાખનાર, હિસાબ કરનાર અને ફળ ભોગવનાર એકનો એક જ છે, એ વાતની મગજમાં ચોખવટ કરી નાંખવી જોઈએ. કોઈ મહાન વ્યક્તિ આવી લીલા કરે નહિ, આનંદ ખાતર ન્યાય આપવા

બેસે નહિ અને તેનામાં પ્રેરક બળ હોય તો વિષયકષાયમાં પડવાની પ્રેરણા કરે નહિ. એટલે હિસાબ લેનાર, રાખનાર અને તે પ્રમાણે વ્યવહાર કરનાર પ્રાણી પોતે જ છે એ વાતનો ખુલાસો કર્મનો સિદ્ધાંત કરશે. ચોપડા રાખનાર પોતે જ છે, કર્મ કરનાર પોતે જ છે અને ફળ ભોગવનાર પણ પોતે જ છે એ વાતની ચોખવટ કર્મનો સિદ્ધાંત સમજતાં થઈ જશે. અનંત દયાનિધિ કહેવાતો ઈશ્વર આવી કચવાટકકળાટવાળી દુનિયા બનાવે નહિ, બનાવે તો નભાવે નહિ અને સર્વશક્તિમાન હોવા છતાં આવી મહાઆપત્તિ કલેશ અને તોફાનવાળી દુનિયા ચલાવે નહિ, આવી દુનિયા ચલાવે તો તેની પાછળ કાંઈ કારણ હોવું જોઈએ, તે કારણ તે પ્રાણીઓનાં કર્મ, પ્રાણીઓનાં પોતાનાં કર્મોને લક્ષમાં લઈને ઈશ્વર તેમને ભિન્ન ભિન્ન ફળો આપતો હોય તો ઈશ્વર સર્વશક્તિમાન રહેતો નથી, કર્મની જ સર્વોપરિતા પુરવાર થાય છે. પરિણામે સર્વશક્તિમાન ઈશ્વરનું અસ્તિત્વ છે જ નહિ. એટલે કર્મનો કરનાર, કર્મનાં ફળ ભોગવનાર અને યોગ્ય સાધનો મળે તો કર્મનો સર્વથા નાશ કરી પોતાની મૂળ સ્થિતિએ આવી જનાર ચેતનરામ પોતે જ છે એ વાત શરૂઆતથી જાણી લેવામાં આવે તો ઘણી ગૂંચવણોનો નિકાલ થઈ જાય તેમ છે. સૃષ્ટિકર્તૃત્વનો સવાલ અહીં ઉપસ્થિત થાય છે અને એ વિશાળ પ્રશ્ન છે. અહીં તો માત્ર તે સવાલના નામનિર્દેશ પૂરતી હકીકત કહી શકાય. બાકી અન્ય પ્રસંગે તર્કની દલીલોથી બતાવી શકાય તેવું છે કે અનાદિકાળથી આ દુનિયા ચાલી આવે છે, પ્રાણી પોતાનાં કર્મોનાં ફળ પ્રમાણે આવે જાય છે અને તેમાં કોઈની દરમ્યાનગીરીની શકયતા પણ નથી અને જરૂરિયાત પણ નથી.

એટલે કરેલ કાર્યના ફળનો નાશ ન થઈ જાય એ માટે અને વર્તમાન દેખાતા તફાવતોનો ખુલાસો થાય એ માટે કર્મનો સિદ્ધાંત સ્વીકારવો અનિવાર્ય હોઈ એને સમજી લેવાની ખાસ જરૂર છે અને સાથે યાદ રાખવાની જરૂર છે કે પોતે જે કાંઈ વિચાર,

ઉચ્ચાર કે વર્તન કરે તેનાં પરિણામો પોતાને જ ભોગવવાનાં છે. આ પૂર્વભૂમિકામાં પુનર્ભવની સમજણ આપી અને કર્મનાં ફળ ભોગવવાની અને તેનો હિસાબ રાખવાની ચેતનની પોતાની શક્તિ અને જવાબદારીની ચોખવટ કરી.

## આત્માનો સ્વીકાર

કર્મનો આખો સિદ્ધાંત મહાન છે, એનાથી ઘણી મૂંઝવણ કે ગૂંચવણનો ખુલાસો થઈ જાય તેમ છે. જૈન તત્ત્વજ્ઞોએ તેને અંગે ખૂબ લખાણ, વિવેચન અને ઉલ્લેખો ઠામ ઠામ કર્યાં છે, તે વિચારવા યોગ્ય છે. એમાં પ્રવેશ કરતાં પહેલાં અંશજ્ઞાન અને પ્રમાણજ્ઞાનની હકીકત ખાસ પ્રાસંગિક હોઈ તે પર લક્ષ દઈએ. દરરોજ પલટાતી અવનવી થતી જતી દુનિયામાં આપણે નવનવાં રૂપ ધારણ કરીએ છીએ, નવાં નામો, ઉપાધિઓ અને સ્થાનો મેળવતા જઈએ છીએ અને એકના એક ભવમાં રંકના શેઠ થઈ જઈએ છીએ, આસામીના સામી (પૈસાદારના ભિખારી) થઈ જઈએ છીએ. તેવી પલટો પામતી સૃષ્ટિમાં આપણો એક ભાગ કાયમ રહે છે. આપણામાં જેમ પલટો પામતા ધર્મો ક્ષણે ક્ષણે ફરતા રહે છે (એમને પર્યાય કહેવામાં આવે છે) તેમ જ અમુક ધર્મો સ્થાયી રહે છે (એમને ગુણ કહેવામાં આવે છે). આ ગુણ અને પર્યાય જેને હોય તેને આત્મા કહેવામાં આવે છે. આત્મા છે, આત્મા સ્થાયી છે. આત્મા કર્મનો કર્તા છે, આત્મા કર્મનો ભોક્તા છે, યોગ્ય પ્રયત્ન કરતાં એ કર્મનો સર્વથા ત્યાગ કરી મુક્ત થનાર છે અને એનું વ્યક્તિત્વ કાયમ છે, છતાં પર્યાયના ફેરફારે એનાં વિશેષણોમાં ફેરફાર થતા રહે છે. કોઈવાર એ રંક કહેવાય છે, કોઈવાર મોટો માંધાતા બની જાય છે, કોઈવાર જનાવર બને છે, કોઈવાર દેવ બને છે, કોઈવાર ઈયળ, માંકડ, જૂ કે મંકોડો બને છે. આમ અનેક આકાર થવા છતાં એ છે એ વાત સમજીને આગળ ધપવાનું છે. આ આત્મા છે એમ માનીને ચાલીએ કારણ કે

આત્મા જ ન હોય, કોઈને લક્ષીને આ ફેરફારો ન હોય, કોઈ સ્થાયી તત્ત્વ ન હોય, તો આખા ફેરફારો અર્થ વગરના થઈ જાય છે. એટલે કર્મનો સિદ્ધાંત સમજતી વખતે આત્મા છે એમ સ્વીકારીને આગળ ચાલવું ઘટે.

આંખ, કાન, નાક, જીભ, સ્પર્શન એ ઇંદ્રિયો દ્વારા જોનાર અંદર કોઈ બેઠેલ છે, કોઈ પ્રેરક બળ છે, કોઈ સંગ્રાહક શક્તિ છે જે એ ઇન્દ્રિયોને સમતુલાએ રાખી શકે છે. જો એવી શક્તિ અંદર ન હોય તો મૃતદેહમાં સર્વ ઇંદ્રિયો હયાત હોવા છતાં જે સર્વ કામ અટકી જાય છે તે અટકી જવા ન જોઈએ. આ આત્મા ચેતનને ઉદ્દેશીને સર્વ વાત છે. એ સ્થાયી છે, પ્રત્યેક ક્રિયા, આચાર, ઉચ્ચારની અસર તેના પર પહોંચી જાય છે અને છેવટની જવાબદારી તેની જ રહે છે. આવો આત્મા વ્યક્તિશઃ જુદો છે, સ્થાયી છે અને રખડનાર પણ એ જ છે અને મુક્ત બનનાર પણ એ જ છે અને આ સર્વ પ્રયાસ તેની પ્રગતિને ઉદ્દેશીને છે, એ વાત સમજીને ચાલીએ તો કર્મની વાત સમજાશે.

### અંશસત્ય–પ્રમાણસત્ય

કોઈ પણ સિદ્ધાંત કે તત્ત્વજ્ઞાન સમજવાના પ્રયત્ન સાથે એક વાત લક્ષમાં લઈ લેવા જેવી છે. જ્યારે એક મુદ્દા પર ધ્યાન આપીએ ત્યારે આપણને અંશજ્ઞાન થાય છે. આત્માના પલટાતા મુદ્દા પર ધ્યાન આપીએ ત્યારે આપણને અંશજ્ઞાન થાય છે. આત્માના પલટાતા અંશ પર નજર રાખીએ ત્યારે આપણને પર્યાયાર્થિક જ્ઞાન થાય છે. આત્માના સ્થાયી ગુણ પર નજર રાખીએ ત્યારે આપણને દ્રવ્યાર્થિક જ્ઞાન થાય છે. આ અંશજ્ઞાનને સર્વમાન્ય સત્ય (પ્રમાણજ્ઞાન) ગણી લેવાનો આગ્રહ થાય ત્યાં ભારે ખેંચતાણ થઈ જાય છે. ઢાલની એક બાજુ જોનાર એને સોનાની કહેવાનો આગ્રહ જ રાખ્યા કરે અને બીજી બાજુ જોવાની તસ્દી લે નહિ, એટલું જ નહિ પણ બીજી બાજુ હશે એટલી શક્યતાની વાત પણ સ્વીકારે નહિ, ત્યાં મતફેર, ઝઘડા, વાદવિવાદ થાય છે.

એક આંધળાને હાથીનો પગ હાથમાં આવે એટલે હાથી થાંભલા જેવો છે એમ કહે છે, બીજો અંધ હાથીનો કાન પકડી તેને સર્વાંગ સૂપડા જેવો માને છે, ત્રીજો એનું પૂંછડું પકડીને વાંસડા જેવો માને છે, એમાં અંશસત્ય મળે છે. આ વાત દેખીતી વિચિત્ર લાગે છે, પણ સૈદ્ધાંતિક કે તાત્ત્વિક વિચારણામાં પ્રાણી અંશ-સત્યથી દોરવાઈ જાય છે, બીજી આંખ ઉઘાડતો નથી; સર્વાંગ સત્ય શોધવાનો પ્રયત્ન કરતો નથી, અને પરિણામે અથડાયા-પછડાયા કરી પોતાને પંડિત માને છે છતાં ઘોર અજ્ઞાનમાં સબડચા કરે છે.

### નયવાદ–અનેકાંતવાદ

અંશસત્યજ્ઞાનને નયવાદ કહેવામાં આવે છે. એ ખૂબ વિશાળ વાદ છે. એના ઘણા ભેદો–ઉપભેદો છે. એમાં મુદ્દાની વાત એ છે કે અમુક દૃષ્ટિથી તમે કહો છો તે સત્ય છે, પણ સર્વાંગી સત્ય શોધવાની બુદ્ધિ હોય તો હજુ વધારે ઊંડા ઊતરો; બરાબર તપાસ કરશો તો અને સર્વ દૃષ્ટિકોણો ધ્યાનમાં લેશો તો તમને સત્યજ્ઞાન પ્રાપ્ત થશે. આ અનેક દૃષ્ટિબિન્દુના સહકારી જ્ઞાનને પ્રમાણજ્ઞાન કહેવામાં આવે છે. નયજ્ઞાનના પૃથક્કરણપૂર્વક અનેક દૃષ્ટિબિંદુને ધ્યાનમાં લઈ સમજણ કરવામાં આવે ત્યારે સાચું જ્ઞાન થાય છે. દ્વૈતવાદમાં સત્યના અંશો જરૂર છે, અદ્વૈતમાં પણ છે, વિશિષ્ટા-દ્વૈતમાં પણ છે, અને ચાર્વાકમાં પણ છે. અંશસત્ય પૂરતા સર્વ સાચા છે, પણ સર્વમાન્ય પ્રમાણજ્ઞાનની વાત આવતાં બીજી આંખ ઊઘડી શકી નથી અને તેથી ત્યાં વાદવિવાદ અને વિતંડા છે. આ પ્રમાણજ્ઞાન શીખવાની વૃત્તિ રાખવી, સત્યના અંશો મળે ત્યાંથી સમજવા, અને તેટલા પૂરતો ન્યાય આપવો. આનું નામ અનેકાંત-વાદ છે. અનેક મુદ્દાઓને સમજવાનો પ્રયત્ન, એને જચાવવાની આવડત, એના પૃથક્કરણ અને સમુચ્ચયીકરણની શક્તિ પ્રાપ્ત થાય છે ત્યારે પ્રમાણજ્ઞાન થાય છે, અને ઝઘડા મતફેર કે વિવાદ દૂર થાય છે. આ નય–પ્રમાણજ્ઞાનની દૃષ્ટિ બરાબર રહે તો જિંદગીની

વિષમતા સમજાઈ જાય તેમ છે. દેખાતી તકરારો અને વિસંવાદો પાછળની એકતા દૃષ્ટિગોચર થાય છે અને સ્વીકારનો માર્ગ નજરે દેખાય છે.

એટલે, આત્મા છે, આત્માનો પરભવ છે, એમાં પલટભાવ થયા કરે છે, છતાં એમાં અનેક અંશો સ્થાયી છે. એના તફાવતોના ખુલાસા સમજી સમજાવી શકાય તેવા છે અને એમાં ઘણું સમજવા યોગ્ય છે. એટલી પૂર્વભૂમિકા બાંધીને આપણે કર્મનો સિદ્ધાંત સમજવા યત્ન કરીએ. આત્મસિદ્ધિ કે પરભવની વાત પર અન્ય પ્રસંગે ચર્ચા કરીશું. નય–પ્રમાણવાદ સમજવા અન્યત્ર પ્રયત્ન થશે, પણ એ છે એટલો નિર્દેશ કરી આગળ વધીએ. એ પ્રત્યેક વિષય ઘણો રસપ્રદ છે, તે તે વિષયને યોગ્ય સ્થાને ચર્ચવામાં આવશે. અહીં કર્મનો સિદ્ધાંત સમજવાનો છે. પ્રસ્તુત બાબત ઉપર હવે આવી જઈએ.

## પ્રકરણ બીજું

# પાંચ કારણો

### પ્રાસ્તાવિક

પ્રત્યેક ક્રિયાની પાછળ કારણ હોય છે. એને સમજવા માટે અનેક પ્રકારની ચર્ચાઓ અને વાદો હોય છે. જેનું જે મુદ્દા ઉપર લક્ષ ગયું તેણે તે બાબતને પ્રાધાન્ય આપ્યું અને કોઈ પણ પરિણામનું તે એક જ કારણ છે એવી એણે આગ્રહપૂર્વક સ્થાપના કરી. એણે એક આંખ ઉઘાડી રાખી બીજી બાજુ જોવાની દરકાર ન કરી. આવા એકાંત આગ્રહને પરિણામે પ્રાણી કેટલો ઢળી જાય છે અને નિરર્થક ચર્ચામાં કેટલો ઊતરી જાય છે તેનો પણ અહીં ખ્યાલ આવે છે. એટલા માટે પાંચ કારણવાદીઓ કેવા આગ્રહથી પોતપોતાના અભિપ્રાયોની સ્થાપના કરે છે અને પોતે કારણ કોને માને છે તે તેમના દૃષ્ટિકોણથી બતાવીએ. પછી એનો ફેંસલો કરવામાં આવશે. પણ આ પ્રત્યેક કારણવાદી 'પોતે માને છે તે જ સાચું છે અને બાકીના સર્વ ખોટા છે' એવો આગ્રહ ધરનારો છે. નયદૃષ્ટિએ પ્રત્યેક સાચો છે, દરેક પાસે અંશસત્ય છે અને દરેકના મુદ્દા સમજવા યોગ્ય છે. એનો ખુલાસો થશે ત્યારે અંશસત્ય અને પ્રમાણસત્યમાં કેટલો તફાવત છે, એકાંતવાદ અને અનેકાંતવાદમાં શો તફાવત છે, આંખ અને સમજણ ઉઘાડી રાખવાથી સાચી સમજણ કોણ મેળવી શકે છે અને સ્યાદ્વાદમાર્ગમાં એ વિશિષ્ટ શક્તિ ન્યાય અને તર્કથી સુસંગત થઈ શકે છે એ વાત સ્પષ્ટ થશે. દેખાતા બનાવો અને થતાં કાર્યોને અંગે અંશસત્યના ઉપાસકો

પ્રત્યેક કારણને કેવી રીતે ઘટાવે છે તે તેમનાં એકાંત દૃષ્ટિબિંદુથી તેમની ભાષામાં સમજીએ અને તેમને અંદરઅંદર ચર્ચા કરાવીએ અને તેમની લડાઈમાં કોઈ વાર ગરમી થતી દેખાય તો તે પણ જરા દૂર બેઠા બેઠા મોજથી સાંભળીએ. નયવાદ–પ્રમાણવાદનો મહિમા આ પ્રાથમિક ભૂમિકામાં સમજાશે અને એ કારણોમાં કર્મનું સ્થાન ક્યાં આવે છે એ પણ સ્પષ્ટ થઈ જશે. આપણે હવે એક કારણવાદીને મેદાનમાં લઈ આવીએ અને તેમનું કહેવું શું છે તે તેમની ભાષામાં સમજીએ.

### ૧. કાળ

પ્રથમ કાળવાદી બહાર પડે છે. એ કહે છે કે આ સંસારમાં જે ક્રિયા થાય છે તેનો આધાર કાળ ઉપર છે. જે વસ્તુ, પ્રસંગ કે બાબતનો કાળ આવી પહોંચે – સમય પાકે, વખત થાય ત્યારે તે વસ્તુ પાકે કે બનાવ બને. તે પહેલાં તમે હજારો પ્રયત્ન કરો કે લાખો પ્રયોગો કરો, તેમાં કાંઈ વળે નહિ. એનો વખત થાય ત્યારે જ વસ્તુ ઉત્પન્ન થાય છે, એનો વખત પૂરો થાય ત્યારે વસ્તુ નાશ પામે છે. અમુક વર્ષે ઘર કે મકાન તૂટવા માંડે છે, અને પછી તૂટી જાય છે. સ્ત્રી યુવાવસ્થા પામે ત્યારે જ તેને ગર્ભ રહે છે, નાની પાંચ વર્ષની છોકરીને ગર્ભ રહેતો નથી. ગર્ભ રહ્યા પછી લગભગ નવ માસ થાય ત્યારે જ સંતતિ જન્મે છે. કોઈને મહિને બે મહિને ગર્ભ પાકતો નથી કે પ્રસવ થતો નથી. છોકરો કે છોકરી અમુક માસના થાય પછી જ બોલવા માંડે છે, જન્મતાવેંત તો માત્ર રડી શકે છે. અમુક વય થયા પછી જ માણસ હાલીચાલી શકે છે, મનુષ્ય જન્મને દિવસે કે બીજે દિવસે ચાલવા માંડતો નથી. મનુષ્ય અમુક વયનો થાય ત્યારે જ ઘરબારી થાય છે, એને સફેદ વાળ ઘડપણમાં જ આવે, અમુક વર્ષ થયા પછી જ એને દાઢી અને મૂછ ઊગે.

દૂધમાં છાશ નાખ્યા પછી અમુક કાળ જાય ત્યારે જ તેનું

દહીં થાય, મેળવણ નાંખતાવેંત જ દહીં નીપજે નહિ. ઝાડ પર ફળ અમુક વખત ગયા પછી જ પાકે. ઝાડ પરથી ઉતાર્યા પછી અમુક દિવસ જાય ત્યારે જ કેરી પાકે. અમુક સમય જાય ત્યાર પછી જ વસ્તુ સ્વતઃ ઢીલી પડવા માંડે, પછી અમુક વખત થાય ત્યારે એ છૂટી પડી જાય, પછી અમુક વખત જાય એટલે એ ખાખ થઈ જાય.

અમુક ઋતુમાં જ કેરી (આંબા) તૈયાર થાય. પરવર ચોમાસામાં જ થાય, બાજરો ચોમાસામાં જ થાય. ઘઉં, ચણા શિયાળામાં જ તૈયાર થાય. મોસંબી, અંજીર શિયાળામાં જ આવે. એટલે કાળ જ કારણ થઈ શકે છે. અને ઋતુ છ થાય છે તે શું બતાવે છે? વરસાદ ચોમાસામાં આવે, ગરમી-તડકો ઉનાળામાં આવે, શિયાળામાં ઠંડી પડે. દરેક દેશના હવામાન જુદા હોય, પણ ત્યાં કાળનો નિયમ તો હોય છે. વિલાયતમાં ચાર ઋતુ પોતપોતાના વખતે સિદ્ધ થાય છે. ઓકટોબર-નવેમ્બરમાં પાનખર, ડિસેમ્બરથી માર્ચ સુધી શિયાળો, એપ્રિલ-મેમાં વસંત અને ત્યારબાદ ઉનાળો. ભારતવર્ષમાં વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, શિશિર અને હેમંત એ પ્રમાણેની છ ઋતુઓ એના કાળક્રમે આવે છે.

અને દિવસ અને રાત શું બતાવે છે? દિવસ બાદ રાત થાય અને રાત પછી દિવસ આવે. અમુક વખત થાય ત્યારે જ સૂર્ય ઊગે છે અને સવાર, સાંજ, સંધ્યા એ સર્વ કાળને આધારે જ થાય છે. માણસ બાળક, યુવાન, વૃદ્ધ કાળ પ્રમાણે જ થાય છે. બાળપણમાં રખડે છે, યુવાવસ્થામાં વિલાસ કરે છે, ઘડપણમાં ખખડી જાય છે. એ જ પ્રમાણે વસ્તુઓ સડણ-પડણ-વિધ્વંસનને અથવા પૂરણગલનને અધીન રહે છે. તેમાં કાળ જ કારણ બનતો હોય છે.

સતયુગ, ત્રેતા, દ્વાપર, કળિયુગ અથવા ઉત્સર્પિણી, અવસર્પિણી કાળ અને તે તે વખતના ભાવો કાળને આધીન રહી

બન્યા કરે છે. અકાળે કોઈ ચીજ બનતી નથી. બનાવવાનો ગમે તેટલો પ્રયત્ન કરવામાં આવે તો નકામી મહેનત માથે પડે છે.

માટે કોઈ હકીકત બનવાનું કે કોઈ વાત ન બનવાનું કારણ કાળ છે. વસ્તુઓ સમય પાકે ત્યારે બને છે. તે પહેલાં તેમને બનાવવા અંગે ગમે તેટલા પ્રયત્ન કરવામાં આવે, તેમાં કાંઈ વળતું નથી, અને વખત પાકે ત્યારે બનતી વસ્તુને કોઈ રોકી શકતું નથી. અકાળે આંબા પાકતા નથી અને ઉનાળામાં બરફ કે વરસાદ વરસી શકતા નથી. દરેક ચોવીશીમાં ચોવીશ તીર્થંકર થાય કે બાર ચક્રવર્તી થાય, તે પણ તેમનો સમય આવે ત્યારે જ થાય છે. અવસર્પિણીના ચોથા આરામાં અને ઉત્સર્પિણીના ત્રીજા આરામાં જ એ પુરુષો થાય છે અને બાકીના કાળમાં એ થતા નથી, જન્મતા નથી, કાર્ય કરતા નથી. દરેક વાત કાળે થાય છે, કાળ પાકે છે અને દરેક બનાવ કાળે ગતિમાન થાય છે અને કાળ પૂરો થાય છે ત્યારે વિશરામ પામી જાય છે. સર્વ ક્રિયાનું, સર્વ બનાવોનું, સર્વ નાશનું, સર્વ અભાવનું અને સર્વ હકીકતનું કારણ માત્ર કાળ છે અને કાળ સિવાય અન્ય કારણ શોધવું એ માત્ર ફાંફાં છે.

## ૨. સ્વભાવ

આટલી કાળવાદીની વાત સાંભળી સ્વભાવવાદી બહાર નીકળી પડ્યો. એણે સ્થાપના કરી કે વસ્તુનો જે સ્વભાવ હોય તે થાય છે, એમાં કાળ બિચારો શું કરે? તમે વિચાર કરશો તો જણાશે કે લીંબડાના ઝાડ ઉપર લીંબોળી જ થશે, ત્યાં આંબા પાકશે નહિ. એનો સ્વભાવ જ લીંબોળી ઉત્પન્ન કરવાનો છે. સ્ત્રીઓના મુખ ઉપર મૂછ નહિ ઊગે. હાથની હથેળીમાં વાળ નહિ ઊગે. એ સ્વભાવને બતાવે છે. જેનો જે સ્વભાવ હોય તે તે પ્રમાણે વર્તે, ઉપજાવે અને સ્વભાવ પ્રમાણે વિશરામ થઈ જાય. એના અનેક દાખલાઓ છે, સાંભળો.

સૂર્ય સ્વભાવે ગરમ છે, ચંદ્ર શીતળ છે, એને શું કાળ ગરમ કે ઠંડા કરે છે? એનો સ્વભાવ જ તેવો છે. યુવાવસ્થા

હોય, શરીર સારું હોય, પતિનો યોગ હોય, છતાં વાંઝણી સ્ત્રીને કે દીકરા–દીકરી ન થાય કારણ કે વંધ્યાનો સ્વભાવ જ સંતતિહીન રહેવાનો છે. અને તમે વિચાર કરો કે બાવળને આવા અણીદાર કાંટા થાય છે, તેમને કોણે ઘડયા હશે? તેમને કઈ એરણ પર ચઢાવ્યા હશે? એમને કઈ કાનસથી ઘસ્યા હશે? અને તમે મોગરો જુઓ, ચમેલી, ગુલાબ, ચંપો, જાઈ, જૂઈનાં ફૂલો તપાસો. એમને બનાવવા કોણ ગયું? એમને આકાર કોણે આપ્યો? અને મોટા ગલગોટાને કોણે ગોઠવ્યો?

અને અગ્નિની શિખા ઊંચે જ શા માટે જાય? પાણીની ગતિ નીચી જ શા માટે રહે? ઓકિસજન અને હાઈડ્રોજન મળે ત્યારે પાણી કોણ નીપજાવે? વીજળીનો પ્રવાહ એક સેકન્ડમાં લાખો માઈલ કેમ ચાલે? એને કોણ ધક્કા મારે? અને તૂંબડું પાણીમાં શા માટે તરે? અને પથ્થર પાણીમાં શા માટે ડૂબે? આ સર્વનો ખુલાસો તે તે વસ્તુના સ્વભાવ ઉપર જ આધાર રાખે છે. જેનો જેવો સ્વભાવ હોય તે તે પ્રમાણે વર્તે. એના તો પાર વગરના દાખલા આપી શકાય તેમ છે, જેમ કે સૂંઠ ખાવાથી વાયુ હણાઈ જાય, હરડે ખાવાથી રેચ લાગે, કાંગડું મગને ગમે તેટલો પાણીમાં ઉકાળો અને ગમે તેટલી ગરમી આપો પણ એ કદી પાકે જ નહિ અને કોલસા ઉપર ગમે તેકલો સાબુ લગાડો, પણ એ સફેદ થાય જ નહિ. ટૂંકામાં કહીએ તો, કોઈ પણ દ્રવ્ય પોતપોતાનો સ્વભાવ મૂકે નહિ. એમાં કાળનું કાંઈ કામ નથી. જેવો જેનો સ્વભાવ હોય તેવો તેનો પરિપાક થાય છે. બાકી કોઈ તેને કરતું નથી કે કોઈ તેને ફેરવી શકતું નથી. તમે મોરનાં પીંછાં જુઓ. એના રંગ અને એની ગોઠવણ વિચારતાં અને કળા કરેલા મોરને જોતાં અક્કલ કામ નહિ કરે. એ મોરનાં પીંછાંનાં ચિતરામણ કોણે કર્યાં? અને તમે કોઈ સાંજની કે પ્રભાતની સંધ્યા વખતે આકાશના રંગ જોયા છે? એના રંગમાં રહેલી વિવિધતા અને નવીનતા તથા આકર્ષકતા તમને મુગ્ધ કરી દેશે અને ઘડી પછી

સર્વ ખલાસ! એને કયો ચિતારો ચિતરી ગયો? અને કયા કાળે એને આકાશમાં ઉતારી?

અને હમણાં અણુબોંબ નીકળ્યા છે. અણુમાં અનંત શક્તિ કયાંથી આવી? કોણે મૂકી? કયારે મૂકી? અને પ્રકાશની પ્રકાશક શક્તિ, તિમિરની અંધકારશક્તિ, વાયુની અદૃશ્ય ગતિવાહનશક્તિ કયાંથી આવી? એ તો એનો સ્વભાવ જ છે. જે વસ્તુનો જેવો સ્વભાવ હોય છે તે પ્રમાણે તે વર્તે છે. સ્વભાવ જેવો હોય તેવો પદાર્થ નીપજે, તે પ્રમાણે વર્તે અને તે પ્રમાણે વિલય પામે. પર્વત સ્થિર જ રહે, વાયરો ચાલ્યા જ કરે, લાકડું ગમે તેટલું મોટું કે ભારે હોય પણ જળમાં એ ઉપર તરી આવે અને લોઢાનો નાનો ટુકડો હોય તેને પાણીમાં નાંખો તો તુરત તળિયે બેસી જાય. સમુદ્રમાં મોજાં આવ્યા જ કરે અને સરોવરનાં પાણી સ્થિર રહે. એમાં કાળનું કાંઈ કામ નથી. જેનો જેવો સ્વભાવ છે તે પ્રમાણે તે વર્તે છે અને કોઈ વસ્તુનો સ્વભાવ ફેરવવા પ્રયત્ન કરવો એ નકામો શક્તિવ્યય કરવા જેવું છે. માણસ, પશુ, પક્ષી, પ્રાણી કે વસ્તુ પોતપોતાના સ્વભાવ પ્રમાણે વર્તે છે. અને પ્રત્યેક ક્રિયા, બનાવ કે વર્તવાનું એક જ કારણ 'સ્વભાવ' છે. એમાં બાપડા કાળને શું લેવા-દેવા છે? એ હજારો વરસ ટટળ્યા કરે તો પણ વડના ઝાડ ઉપર કેરી ઉગાડી શકવાનો નથી અને ગુલાબના છોડ ઉપર ચંપાનું ફૂલ પ્રકટ કરી શકે તેમ નથી. એ સૂર્યને ઠંડો પાડી શકે તેમ નથી અને બરફને ગરમ કરી શકે તેમ નથી. સર્વ વસ્તુઓ, સર્વ પ્રાણીઓ અને સર્વ હકીકતો પોતપોતાના સ્વભાવ પ્રમાણે થાય છે, બને છે અને જાય છે. આ સિવાય વિચારણા બતાવવી એ માત્ર વાણીવિલાસ છે. કાળવાદીએ રજૂ કરેલી આખી હકીકત આ દૃષ્ટિએ જોતાં ખોટી કે આડે રસ્તે દોરનારી માલૂમ પડશે. સ્વભાવ ન હોય તો કાળ નકામો થઈ જાય છે, એના પ્રયત્ન નિરર્થક બને છે અને એ સ્વયં અકિંચિત્કર બની જાય છે.

### ૩. ભવિતવ્યતા (નિયતિ)

સ્વભાવવાદીને સાંભળીને ભવિતવ્યતાવાદી ઊપડચો. એને નિયતિવાદી પણ કહેવામાં આવે છે. જે થવાનું હોય તે થાય છે. એમાં માણસની ધારણા કે ગણતરી કામ આવતાં નથી અને તેમાં પુરુષાર્થ કે ઉદ્યમ કે કાળ કે સ્વભાવને કાંઈ અવકાશ નથી. ભવિતવ્યતા ન હોય તો કાળ પાકી ગયો હોય અને સ્વભાવ પણ હોય તો પણ વાત બનતી નથી. દુનિયામાં વસ્તુ કે બનાવ બનવાનો આધાર હોણહાર પર જ છે, એ અકસ્માત જ છે, પણ નિયત છે અને તેમ જ થાય અને બીજી રીતે ન થાય, એમાં જરા પણ શક નથી. તમને થોડા દાખલાઓ આપું એટલે આ મારી વાત તમને બરાબર સમજાશે.

દરિયાપારની મુસાફરી કરે, મોટાં મોટાં ગાઢ જંગલો પસાર કરે અને શરીરનું કરોડો રીતે જતન કરે પણ થવાનું હોય તે જ થાય છે. અણભાવિ કદી થતું નથી. મોટા મોટા દાકતરો પા પા કલાકે ઇંજેકશન આપતા હોય, હજારો સેવકો હાજર હોય, પણ પ્રાણી મરવાનો હોય તો તે ચાલ્યો જાય છે. અને જંગલમાં હોય, પરદેશમાં હોય, આકરા વ્યાધિનો ભોગ બની ગયેલ હોય અને પાસે વૈદ્ય, દાક્તર કે સારવાર કરનાર કોઈ ન હોય, તો પણ બચવાનું નિર્મિત હોય તો પ્રાણી બચી જાય છે. બે માળથી પડે અને બચી જાય છે અને કેળાની છાલ પગ નીચે આવે ને ખલાસ થઈ જાય છે. એટલે, પ્રાણીને જીવવાનો સ્વભાવ હોવા છતાં અને કાળ તો સદાકાળ ચાલ્યા કરતો હોવા છતાં અને ઉદ્યમ કરવા છતાં પરિણામ તો જે થવાનું હોય તે જ થાય છે, હોણહારને કોઈ મટાડી શકતું નથી. એમાં કાળ, સ્વભાવ કે ઉદ્યમ કાંઈ કારગત થઈ શકતા નથી.

વસંતઋતુમાં આંબા પર હજારો લાખો મોર થાય, એમાંના કોઈ ખરી જાય, કોઈ પડી જાય, કોઈની ખાકટી થાય, કોઈની કેરી થાય. એનું જેવું થવાનું હોય તે પ્રમાણે થાય છે. 'આંબે

મોર કલાલે લેખાં' એટલે આંબા પર મોર ગણીને વાડીવાળો એટલી કેરી થશે એમ ગણતરી કરે તો એને દેવાળું જ નીકળે. પ્રત્યેક મોરને અંગે પણ જે થવાનું હોય તે થાય છે. એમાં સંખ્યા ઉપર રિઝાઈ જવાનું નથી કે એની વર્તમાન ચાલુ સંખ્યાની ગણતરી પર આધાર રાખવાનો નથી.

દુનિયામાં અણચિંતવ્યું આવી મળે છે, અણધાર્યું બની આવે છે; અને પહેલેથી ચિંતવેલું વિશરામ થઈ જાય છે, ઊથલપાથલ થઈ જાય છે અને ધાર્યું હોય એક અને બીજું જ બની જાય છે.

બ્રહ્મદત્ત જેવા મોટા ચક્રવર્તીની સેવામાં બે બે હજાર દેવો હતા. છતાં એમ બનવાનું હતું તો એક સાધારણ ગોવાળે એની બન્ને આંખો ફોડી નાંખી. એટલે, થવાનું હોય તે થયા વગર રહેતું નથી. એમાં આજુબાજુના સહાયકો, સંજોગો કે પ્રસંગો કારગત નીવડતા નથી.

એક સરસ દાખલો વિચારવા યોગ્ય છે. ઝાડ પર કોયલ કેકારવ કરતી હતી, ત્યાં સામેથી શિકારીએ એના પર બાણ તાક્યું અને માથે બાજ (સીંચાણો–શકરો) એને ઝડપવા આંટા મારે છે. કોયલ જો ઉપર ઉડે તો સીંચાણો એને ઝડપી લઈ ખલાસ કરે' સામે જાય તો શિકારીનો ભોગ બને. છતાં ભવિતવ્યતા એને અનુકૂળ છે અને એ બચી જાય છે. શિકારીની પાછળ નાગ (સર્પ) હતો. એણે શિકારીને ડંખ માર્યો. એની પીડાથી એના ધનુષમાંથી બાણ છટકી ગયું અને પેલા બાજને વાગ્યું. શિકારી જમીન પર પડી ખલાસ થયો અને સીંચાણો જમીન પર ઘાયલ થઈને પડ્યો અને કોયલ ઊડી ગઈ. બચવાનું હોય ત્યારે આમ ચોતરફના વિપરીત સંયોગો હોય તો પણ ભવિતવ્યતાના યોગે બચી જવાય છે. બાકી મોટા મોટા દાક્તરની માવજત અને નર્સોની ચીવટ છતાં ભવિતવ્યતા પ્રતિકૂળ થાય એટલે વાત વઠી જાય છે. ન ધારેલા વેપારમાં હજારો મળે છે અને ગણતરી કરેલા વેપારમાં ખોટ આવે છે.

વાત એમ છે કે તરખલું જેમ પવન પછવાડે જાય છે તેમ માણસનું મન ભવિતવ્યતા પ્રમાણે તે માર્ગે જાય છે અને પ્રયત્ન, કાળ કે સ્વભાવ એમાં કંઈ કામ આવતા નથી. હોણહારને કોઈ અટકાવનાર નથી, હોણહાર મિથ્યા થનાર નથી, અને હોણહારને કોઈ ફેરવનાર નથી.

લડાઈમાં મોટા ઘા પડ્યા હોય અને પાણી લગાડવાથી પ્રાણી જીવે છે. બે માણસને ઓપરેશન કર્યાં હોય તેમાંથી એક જીવે છે, બીજો સેપ્ટિક થઈ જવાથી મરણ પામે છે. એ સર્વમાં કારણ ભવિતવ્યતા જ છે. એને એમ થવાનું નિર્માયું છે અને તેમ બને જ છે. હજારો પ્રયત્નો કરવામાં આવે કે અનેકની સલાહ, સહાય કે સહાનુભૂતિ મળે, પણ અંતે તો જે હોણહાર હોય તે જ બને છે.

૪. કર્મ

હોણહારનો પક્ષકાર પોતાની સ્થાપના કરી રહ્યો ત્યાં કર્મવાદી ખડો થઈ ગયો. અણે સ્થાપના કરી કે જે કાંઈ બનાવ બને છે, જે કાંઈ મળે છે, જે કાંઈ મળેલ છૂટી જાય છે કે પ્રાણીનો અમુક જાતિમાં ભાતિમાં પાંતિમાં કે સ્થાનમાં જન્મ થાય છે તે તેના પોતાનાં કરેલાં કર્મનું ફળ જ હોય છે. પ્રત્યેક ક્રિયા, બનાવ, ઘર્ષણ, સંમીલન કે મિલનના અભાવની પાછળ વ્યક્તિગત કર્મ જ હોય છે. એમાં કાળ કે સ્વભાવનું કાંઈ ચાલતું નથી, અને ગમે તેટલો ઉદ્યમ કરવામાં આવે પણ કર્મમાં ન હોય તો પ્રાણીને તે મળતું નથી. મળવાનો વખત થાય કે તે માટે પ્રયાસ થાય ત્યારે ખરે વખતે આંખ બંધ થઈ જાય છે, અથવા કોઈ દુર્બુદ્ધિ જાગી જાય છે અને ખોટી લાઈને ચડી જવાય છે. એમાં વ્યક્તિગત આગળ કરેલ કર્મનાં ફળ જ મળે છે, અને તે સિવાય બીજી કોઈ વાત ટકે તેમ નથી.

સવારે રાજ્ય મળમાનું હતું, મુહૂર્ત જોવાઈ ગયું હતું, મહોત્સવ મંડાઈ ગયા હતા અને છતાં રામચંદ્ર જેવા યુગપુરુષને

એ જ મુહૂર્તે બાર વર્ષને દેશવટે જવું પડે કે મહાસતી સીતા જેવી પવિત્ર પત્નીનો ધોબીને કારણે ત્યાગ કરવાનું રામને સૂઝે અથવા આદીશ્વર ભગવાન જેવા મહાસત્ત્વશાળી, યુગપ્રવર્તકને એક વર્ષ સુધી અન્ન ન મળે એમાં કર્મ સિવાય બીજો ખુલાસો શક્ય જ નથી. એમાં કાળ અને સ્વભાવ અનુકૂળ હતા, ઉદ્યમને વાંધો ન હતો, પણ આગલાં કર્મો નડયાં અને બાર બાર વર્ષ સુધી ઘોર ઉપસર્ગો ખમવા પડયા. એ સર્વની પાછળ કર્મનો જ મહિમા છે. કર્મના દાખલાઓનો કાંઈ પાર નથી. બહુ જૂજ દાખલા આપીશું. બાકી માટે કોઈપણ ચરિત્ર જોઈ લેવા ભલામણ કરી શકાય તેવી આ ઉઘાડી વાત છે.

મોટા તીર્થંકરોને માટે જોઈએ તો ઉપર જણાવ્યું તેમ ઋષભદેવ ભગવાનને એક વર્ષ સુધી અન્ન ન મળે એ શું બતાવે છે? બ્રહ્મદત્ત ચક્રીનો દાખલો ભવિતવ્યતાવાદીએ આપ્યો તે પણ કર્મનું ફળ જ બતાવે છે. સુભૂમચક્રીને સાતમો ખંડ સાધવાનું મન થાય અને સીધા નરકમાં જવું પડે એ કર્મનો મહિમા અને કર્મનું સામ્રાજ્ય બતાવે છે. ભરત અને બાહુબળ જેવા સગા ભાઈઓ અને આદિનાથ ભગવાનના પુત્રો બાર બાર વર્ષ સુધી લોહીની નદીઓ વહેવરાવે તે કર્મનો મહિમા જ સૂચવે છે. સનત્કુમાર જેવા રૂપાળાને રોગ થાય કે નળદમયંતીને વિયોગ રહે, વાસુદેવને જરાકુમાર મારે અને બળદેવ એના મૃતદેહને છ માસ સુધી માથા પર વહન કરે એ કર્મની અજબ શક્તિ દાખવે છે: ભગવાન શ્રીવીરનો પરમ ભક્ત શ્રેણિક રાજા નરકે જાય, સત્યશીલ હરિશ્ચંદ્રને સ્મશાનમાં મૃતકનો કર લેવો પડે કે માથે જળવહન કરવું પડે, કુબેરદત્ત–કુબેરદત્તાના વિચિત્ર ભયંકર પ્રસંગો બને એ સર્વની પાછળ કર્મનો અચળ સિદ્ધાંત છે. ચંદનબાળાનો કેશ-કલાપ કપાય અને એ રાજકુમારી હોવા છતાં ગુલામડી તરીકે નોકરી કરે કે સુભદ્રા જેવી સતીને માથે આળ આવે કે મદનરેખા

કે મૃગાંકલેખાને અનેક દુઃખો સહન કરવાં પડે, એ સર્વ કર્મનો પ્રભાવ છે. કર્મ કોઈને છોડે તેમ નથી. અને કર્મનો પ્રભાવ સમસ્ત વિશ્વમાં વ્યાપક અને સાર્વત્રિક છે.

કર્મથી પ્રાણી કીડી થાય, કર્મથી મોટો કુંજર થાય, કર્મથી ગુણવંત થાય અને કર્મથી આખી જિંદગી શોકથી, રોગથી, દુઃખથી પીડાવાળો થાય. કર્મથી રાજા-મહંત થાય અને કર્મથી ભિખારી થાય, કર્મથી આખો જનમ રડતાં આખડતાં જાય અને કર્મથી પાણી માગે ત્યાં દૂધ મળે તેવો અવતાર પણ થાય. આ દુનિયામાં જે કાંઈ વિચિત્રતા, અભિનવતા કે વિવિધતા છે તેનું એક માત્ર કારણ કર્મની નવનવતા અને તેના પરિપાકની વિષમતા જ છે. ભગવાન શ્રી વીરના કાનમાં ખીલા ઠોકાય તે શું બતાવે છે? અને શાલિભદ્ર જેવાને વગર મહેનતે આકાશમાંથી પેટીઓ ઊતરે તે શું તત્ત્વ સમજાવે છે?

કરંડિયો પડેલો હતો, ઉંદરે અડધો કલાક મહેનત કરી તેમાં પોતે પેસી શકે તેવું કાણું પાડ્યું. અંદર ભુજંગ (સર્પ) ભૂખ્યો ડાંસ હતો. કાણા વાટે ઉંદર કરંડિયામાં દાખેલ થયો અને સીધો સર્પના મુખમાં જઈ પડ્યો. સર્પને વગર મહેનતે ભોજન મળ્યું. ખાઈ પરવારી ઉંદરે પાડેલા કાણા દ્વારા એ સર્પ બહાર નીકળી ગયો. મદારીથી એને છૂટકારો મળ્યો. 'ખોદે ઉંદર અને ભોગવે ભોરીંગ (સર્પ)' એ કહેવત કર્મનો મહિમા જ બતાવે છે. ઉદ્યમ કરનાર ઉંદરને મોત મળ્યું, અને કેદ પડેલા સર્પને ભોજન અને છૂટકારો મળ્યો. આવો કર્મનો પ્રભાવ છે. આવું તેનું સામ્રાજ્ય છે. અને તમે જોશો તો એક મોટરમાં બેસે, બીજો તેનો ચલાવનાર થાય, તે તફાવત શા કારણે થયો? કર્મથી જ આ તફાવતો પડે છે. અને સર્વ ક્રિયા, તફાવત, વૈરવિરોધ, અંતરાય, અજ્ઞાન, રાગદ્વેષ સર્વનું કારણ કર્મ જ છે. બીજા કારણવાદીઓ નકામી માથાકૂટ કરે છે. કાળ અને સ્વભાવ એ તો નિમિત્તમાત્ર છે અને ભવિતવ્યતા તો અકસ્માત માત્ર જ છે. એમને કારણ ન કહેવાય.

કાંઇ ખુલાસો ન હોય ત્યારે એમ બનનાર, થનાર, હોણહાર હતું એમ કહેવું એ તો મૂળ સવાલને ઉડાવવાની રીત છે. અને ઉદ્યમ કરવાની બુદ્ધિ પણ કર્મ હોય ત્યારે જ થાય છે, નહિ તો આળસ થાય, ઊંઘ આવે, બેદરકારી બતાવાય કે વાત વટકી જાય. ઉદ્યમ કરે પણ કર્મમાં ન હોય તો મળે નહિ, મળેલ હોય તો ખલાસ થઈ જાય અને હાથમાં આવેલ હોય તે ઝડપાઈ જાય કે ખસી જાય. અને કર્મના સિદ્ધાંતને સમજશો તો જણાશે કે કર્મ કોઈને મૂકે તેમ નથી. એની બહાર કોઇ ખુલાસા કારણને અંગે શોધવા જવાની જરૂર રહે તેમ નથી. અને એમાંથી સર્વ બનાવ, વિચાર, વર્તન, ઉચ્ચાર, આચાર અને વ્યવહારના ખુલાસા થઈ જાય છે. આટલું બોલી કર્મવાદી અટક્યો.

## ૫. ઉદ્યમ

ત્યાં ઉદ્યમવાદી ખડો થઇ ગયો. સર્વ પદાર્થ સાધવા એક માત્ર ઉદ્યમ–પુરુષાર્થ જ સમર્થ છે. ઉદ્યમ કરતાં માણસ જે ધારે તે મેળવી શકે છે. રામ જેવાએ ઉદ્યમ કર્યો તો મોટો રત્નાકર તરીને લંકા પણ લીધી અને રાવણ જેવા મહાયોદ્ધાને હરાવી સીતાને ઘેર લઈ આવ્યા. પ્રાણી ઉદ્યમ કરીને ગમે તે મુશ્કેલી પાર કરી શકે છે.

અને વિચાર કરો તો સમજાશે કે ઉદ્યમ કર્યા વગર વાડના વેલા ચઢે નહિ, ઉદ્યમ કર્યા વગર યંત્ર ચાલે નહિ, ઉદ્યમ કર્યા વગર કોઈ વસ્તુ તૈયાર થાય નહિ. તપેલીમાં પાણી ગરમ કરી તેમાં અન્ન ઓર્યા વગર દાળ પાકે નહિ કે ભાત તૈયાર થાય નહિ. કાંઈ સૂતેલ સિંહના મુખમાં મૃગલાં આવીને પડતાં નથી. હાથ જોડી બેસી રહેનારનાં આંગણાંમાં લક્ષ્મીના ઢગલા થતા નથી. અને કર્મવાદી હમણાં આટલું બધું બોલી ગયો પણ એણે જાણવું જોઈએ કે કર્મને કરનાર કોણ? કર્મ પણ ઉદ્યમ વગર બને નહિ, કર્મ મેળવવું પડે, એને કરવું પડે, ત્યારે એનો બંધ થાય અને

બંધ પછી એનું ફળ મળે. એટલે કર્મ તો દીકરો થયો અને ઉદ્યમ એનો બાપ થયો. એટલે કર્મનું મૂળ કારણ તો ઉદ્યોગ જ છે. એનો દાખલો જોવો હોય તો આ રહ્યો—પ્રાણી પુરુષાર્થ કરી, કર્મનાં જાળાં તોડી, મુક્ત થાય છે. કર્મ તે કોણ છે? પુરુષાર્થ પાસે એની શી મગદૂર છે? કાળકસૂરિયા જેવો દરરોજ પાંચસો પાડાનો વધ કરનાર જ્યારે પોતાના ઉદ્યમનો સાચે માર્ગે ઉપયોગ કરતો થયો ત્યારે છ માસમાં અરિહંત (કેવળી) થઈ ગયો. અને લોહીની નદી વહેવરાવનાર ભરત અને બાહુબળી જેવા ઉદ્યમથી કર્મને લાત મારી તે જ ભવમાં મોક્ષગામી થયા.

અને ઉદ્યમથી તો ટીપે ટીપે સરોવર ભરાય, કાંકરે કાંકરે મોટી પાળ બંધાય કે મોટા અભેદ્ય ગઢો બનાવી શકાય. ઉદ્યમથી અણુબોંબ નીપજાવી આખા વિશ્વને થથરાવી શકાય, ઉદ્યમથી મોટા સમુદ્ર પર વિજય મેળવી શકાય, ઉદ્યમથી આકાશમાં ઉડ્ડયન કરી શકાય અને ઉદ્યમથી વ્યવહારમાં આગળ આવી શકાય.

કર્મની વાત નકામી છે, કાળ અને સ્વભાવ તો પ્રાસંગિક છે અને ભવિતવ્યતા તો આકસ્મિક છે. ઉદ્યમ કર્યા વગર મુખમાં કોળિયા આવી પડતા નથી, અને આવે તો પણ ચાવવાનો ઉદ્યમ તો કરવો જ પડે છે. ઉદ્યમમાં બીજી સગવડ એ છે કે કોઈ એકવાર પ્રયાસ કરવાથી કામ ન થાય તો બીજી વાર ઉદ્યમ કરી શકાય છે અને દૃઢ પ્રયત્ન, ચીવટ અને આગ્રહથી ગમે તેવા મુશ્કેલ કામનો રસ્તો નીકળી આવે છે. દૃઢ સંકલ્પ અને પ્રબળ પુરુષાર્થ પાસે કુદરત પણ માર્ગ આપે છે અને પુરુષાર્થથી પ્રાણી કર્મના ઉપર સામ્રાજ્ય મેળવી તેનાથી સર્વથા મુક્ત થઈ અનંત સુખમાં વિલાસ કરે છે. પુરુષાર્થનો મહિમા જોવો હોય તો દુનિયામાં ચાલો, આંખ ઉઘાડી રાખો. જેટલું જોશો તેની પાછળ પુરુષાર્થ દેખાશે. ઉદ્યમથી નાનાં મોટાં કામો, રચનાઓ અને મહાલયો થાય છે અને ઉદ્યમથી અભ્યાસ થાયછે, અભ્યાસથી આવડત વધે છે, આવડતથી ટેવ પડે છે, ટેવથી કામમાં સુકરતા આવે છે અને સુકરતાથી કામ સહેલું,

સરળ અને કારગત નીવડે છે. માટે કર્મના પિતા અને કાળ તથા સ્વભાવ ઉપર પણ વિજય મેળવનાર ઉદ્યમ જ ખરું કારણ છે. ઉદ્યમથી વગર કાળે આંબા (કેરી) નીપજાવી શકાય છે. ઉદ્યમથી સ્વભાવ પલટાવી શકાય છે. ઉદ્યમથી કર્મને પણ ફેરવી શકાય છે. કર્મમાં સંવર્તન, અપવર્તન વગેરે ઉદ્યમથી બની શકે છે અને કર્મથી ન બને તે તેના ઉપર પગ દાબીને ઉદ્યમ નીપજાવી શકે છે. માટે ઉદ્યમ જ એકલું અને સાચું કારણ છે.

**સમાધાન–સમન્વય**

આ દરેક કારણવાદીએ પોતપોતાની હકીકત રજૂ કરી. પ્રત્યેકને સાંભળતાં તેની વાત અને દલીલ સાચી લાગે તેવું છે. પ્રાસંગિક હકીકત તરીકે અહીં નયવાદનું રહસ્ય પ્રાપ્ત થાય છે અને ખ્યાલમાં આવે છે. પોતપોતાના દૃષ્ટિબિંદુથી તેટલા પૂરતો દરેક કારણવાદી સાચો છે. પણ પ્રમાણસત્ય કે સંપૂર્ણ સત્ય તો અનેકાંતવાદમાં છે, સ્યાદ્વાદમાં છે, બન્ને આંખ ઊઘાડી રાખીને વિચાર કરવામાં છે. એનો મહિમા હવે બરાબર ખ્યાલમાં આવશે. જરા વિચાર કરવા યોગ્ય આ સમાધાન છે. અને જૈન તત્ત્વજ્ઞાનને સમજવાની ચાવી આ અનેકાંતવાદને સમજવામાં પ્રાપ્ત થાય છે.

પાંચે કારણો મળે ત્યારે જ કોઈ પણ કાર્ય નીપજે છે. પાંચમાંનું એક પણ ઓછું હોય તો કોઈ કાર્ય નીપજી શકતું નથી. પાંચ આંગળી એકઠી થાય ત્યારે હાથ થાય છે. કરતળને માટે પાંચે આંગળીઓ એકબીજાને લાગી રહે છે. અને એમાં કોઈ નાની-મોટી હોય અથવા કોઈને પ્રાધાન્ય આપવાનું મનમાં કોઈ કોઈ પ્રસંગે લાગે પણ ખરું, પણ પાંચ આંગળીએ જ પોંચો થાય છે. લશ્કરમાં લડનારા હોય, ગોલંદાજો હોય, ઘોડેસ્વારો હોય, પગપ્યાદા હોય, તીરંદાજો હોય, એ સર્વ મળીને લશ્કર થાય છે. અને વિજય સર્વના સમુચ્ચયને—સેનાને મળે છે. આમ એમાં લડાયક અસબાબ લઈ આવનાર કે ઘોડાના ખાસદારથી માંડી સેનાપતિ

સુધીના સર્વને સમુચ્ચય થાય ત્યારે કાર્યસિદ્ધિ થાય છે. સુભટના એકઠા મળ્યા વગર વિજય મળતો નથી. એ પ્રમાણે પાંચે કારણ મળે ત્યારે કાર્ય નીપજે છે.

રૂના સ્વભાવે રૂ કંતાય, કાંતેલ રૂ કાળક્રમે વણાય, તેની ભવિતવ્યતા હોય તો તેનું કાપડ થાય, નહિ તો અનેક વિઘ્નો આવે. સાળ તૂટી જાય, સાળવી માંદો પડી જાય વગેરે. તંતુવાય ઉદ્યમ કરે તો કપડું થાય અને પહેનારના ભાગ્યમાં હોય તો કાપડ બને. એટલે કાળ, સ્વભાવ, ભવિતવ્યતા, કર્મ અને ઉદ્યમ એ પાંચે હાજર હોય તો જ પટ–કાપડ બને. એમાં એક પણ ઓછું હોય કે બાકી હોય તો કપડું થાય નહિ.

વચ્ચે વચ્ચે કોઈવાર કાળની મુખ્યતા લાગે, કોઈવાર સ્વભાવની લાગે, કોઈવાર ઉદ્યમને પ્રાધાન્ય આપવા મન થઈ જાય, કોઈવાર ભોગવનારના ભાગ્યની વાત આગળ આવે અને કોઈવાર ન ધારેલ પ્રસંગે હોણહાર આગળ આવે, પણ પાંચેમાંથી એક પણ ગેરહાજર હોય તો કાર્ય બને નહિ. મુખ્યતા-અલ્પતા માત્ર બાહ્ય નજરે દેખાય છે, પણ અંદર ઊતરી ઝીણવટથી જોતાં પાંચે કારણમાંથી એક પણ બાકી હોય તો વાત બગડી જાય છે અને કામ માર્યું જાય છે.

પ્રાણી ભવિતવ્યતાને યોગે હળુકર્મી થઈ નિગોદમાંથી નીકળે છે. શુભ કર્મને યોગે મનુષ્યભવ પામી સદ્ધર્મ સ્વીકારી રસ્તે ચઢી જાય છે. એની ભવસ્થિતિ (કાળ) પાકે ત્યારે એનામાં વીર્યોલ્લાસ (ઉદ્યમ) જાગે છે. એનો ભવ્યત્વ સ્વભાવ બહાર આવતાં એ શિવગતિ પામે છે. એટલે પ્રાણીની પ્રગતિ માટે પણ પાંચે કારણનો સહકાર જોઈએ, પાંચેની હાજરી જોઈએ અને પાંચે મળે ત્યારે ઊર્ધ્વગતિ પણ થાય અને કર્મ મુક્તિ પણ તેના સહકારથી જ થાય.

અમુક પ્રસંગે કે અમુક બનાવ બને ત્યારે એક કારણની મુખ્યતા લાગે પણ વધારે પાકા વિચારે જણાશે કે પાંચે કારણો

મળ્યા વગર કોઈ કાર્ય બનતું નથી. આ વાત બરાબર વિચાર કરવાથી બેસે છે અને એવી રીતે આંખ ઉઘાડી રાખી એકની મુખ્યતા દેખાતી હોય ત્યારે પણ અન્યને યોગ્ય ન્યાય આપવો એનું નામ અનેકાંતવાદ છે, એનું નામ પ્રમાણવાદ છે, એનું નામ સ્યાદ્વાદરહસ્ય છે. સ્યાદ્વાદમાં અવ્યવસ્થા કે અચોક્કસતા નથી. એમાં વસ્તુસ્થિતિની સ્પષ્ટતા છે, છે તેનો સ્વીકાર છે અને સ્વીકારની પાછળ મહાન વિશાળતા છે.

જ્યાં એકાંતવાદ આવ્યો ત્યાં પોતાના મતસમર્થનનો આગ્રહ રહે છે. પોતાને ફાવે તેટલી દલીલો સ્વીકારાય છે, ન ફાવે તેવી વાત તરફ દુર્લક્ષ અપાય છે, અને વકીલ જેમ પોતાના અસીલના કેસને અનુકૂળ હોય તેટલી જ દલીલો રજૂ કરે તેવી વૃત્તિ થાય છે. પણ સ્યાદ્વાદ ન્યાયાસનનું કામ કરે છે. એને મન ફરિયાદી કે તહોમતદાર સરખા છે, એ સર્વ પક્ષકારોની દલીલ સાંભળે છે. આ ન્યાયતોલન, સમદૃષ્ટિ, વિવેચકની દૃષ્ટિ, સમાધાનની આવડત અને સાથે સર્વસંગ્રાહક મનોવૃત્તિ એ અનેકાંતવાદનું રહસ્ય છે.

એ દૃષ્ટિએ ફેંસલો આપતાં જણાય છે કે પાંચે કારણોના સમવાયની જરૂર છે અને પાંચે હાજર હોય ત્યારે કાર્ય બને છે. એ પાંચ કારણમાં ભાગ્ય-કર્મ-નસીબ શી ચીજ છે એનો અત્ર વિચાર કરીએ. આ ગ્રંથમાં કર્મસંબંધી વિચાર કરવાનો છે. એની ઓળખ વધારે વિગતે આપતાં પહેલાં એનું પાંચ કારણોના સમવાયમાં શું સ્થાન છે તે વાતની ચોખવટ કરી. એ પાંચ કારણો પૈકી કર્મને ઓળખવા હવે આગળ વધીએ.

## પ્રકરણ ત્રીજું

# આત્મા અને કર્મવર્ગણા

### આત્મસ્વરૂપ

પ્રથમ જીવનું અર્થાત્ ચેતન આત્માનું સ્વરૂપ જરા જોઈ જઈએ. વ્યવહારદૃષ્ટિથી શુભ–અશુભ કર્મોનો કરનાર, એને ભોગવનાર અને એનો ક્ષય કરનાર આત્મા છે, જ્યારે નિશ્ચયદૃષ્ટિથી એ જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે પોતાના અનંત ગુણોનો કર્તા અને ભોક્તા છે અથવા ટૂંકામાં કહીએ તો જે સુખસ્વરૂપ, જ્ઞાનોપયોગ લક્ષણવાળો અને ચેતના સહિત હોય તે અને જે પ્રાણ ધારણ કરે તે આત્મા કહેવાય.

જીવના અનંત મૂળગુણો છે. તેમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ એ મુખ્ય ગુણ છે. અને એ જીવનું લક્ષણ છે. વ્યવહાર નજરે જીવને ઓળખવા માટે તેને દશ પ્રાણ ધારણ કરનાર કહ્યો. એમાં પાંચ ઇંદ્રિય, ત્રણ બળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય મળીને દશ થાય છે. સ્પર્શેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય એ પાંચ ઇંદ્રિયો છે. મનબળ, વચનબળ અને કાયબળ એ ત્રણ બળ છે અને શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય સમજાય તેવા છે. આ પ્રાણો અથવા તેમાંના કેટલાકને જે ધારણ કરે તે આત્મા, પોતે પ્રાણ નથી પણ પ્રાણને ધારણ કરનાર છે. એના વિકાસ પ્રમાણે વધારે ઓછા અથવા કુલ દશે પ્રાણ સંસારમાં હોય ત્યારે ધારણ કરે છે અને તે નજરે એને 'જીવ' તરીકે ઓળખવામાં આવે છે.

કર્મવર્ગણા-

આત્મા પોતે શુદ્ધ છે, જ્ઞાન, દર્શન વગેરે ગુણનો સમુચ્ચય છે, અનંત ગુણોમાં રમણ કરનાર છે. એને જ્યારે કર્મો લાગે ત્યારે મૂળ ગુણ ઉપર આવરણ આવે છે. કર્મ પોતે પૌદ્ગલિક ચીજ છે. એ પુદ્ગળ પરમાણુના કરતાં પણ વધારે સૂક્ષ્મ વર્ગણા છે. અત્યારે અણુબોંબમાં જે સત્તા અણુની બતાવવામાં આવી છે તેનાથી પણ અત્યંત વધારે સત્તાવાળી અને વધારે સૂક્ષ્મ કર્મવર્ગણા આ દુનિયામાં ભરેલી છે. કોઈ પણ ક્રિયા કે વિચાર કરતાં કે વચન બોલતાં આ કર્મવર્ગણાનો આત્મા સાથે સંબંધ અને મિલન થઈ જાય છે અને એ વર્ગણામાં પુદ્ગળ પરમાણુઓ કરતાં પણ વધારે તાકાત અને શક્તિ હોવાને કારણે જ્યાં સુધી એ પોતાનાં પરિણામો આત્માને આપે નહિ ત્યાં સુધી એ ખરી જતી નથી, ખસી જતી નથી કે દૂર થઈ શકતી નથી. અંજનથી ભરેલા દાબડાની પેઠે એ લોકમાં સર્વત્ર વ્યાપી રહેલ છે અને હેતુ–કારણ પ્રાપ્ત થાય ત્યારે એ જીવ સાથે મળી એને ચોંટી–લાગી જાય છે અને પોતાનું ફળ આપે ત્યારે જ ખસે છે.

અજીવો પૈકી પુદ્ગળના પરમાણુ છૂટા હોય ત્યારે તેમને અણુ કહેવામાં આવે છે અને પરસ્પર મળેલા હોય ત્યારે તેમને પ્રદેશ કહેવામાં આવે છે. એ અણુ–પરમાણુમાં એટલી શક્તિ બતાવવામાં આવી છે કે એ અજીવ હોવા છતાં ચૌદ રાજલોકના છેડા સુધી જાય આવે છે. અણુબોંબની શોધ થયા પછી પરમાણુની શક્તિનો જે ખ્યાલ આપવામાં આવે છે તે વાત વિચારતાં અણુમાં બતાવેલી શક્તિ આપણને સમજાય છે. અણુને તોડતાં શક્તિ પ્રગટ થાય છે એમ જે વાત બતાવાય છે તે વાતમાં અણુને પણ સ્કંધ સમજવો. અવિભાજ્ય સૂક્ષ્મતમ પરમાણુ હજુ વિજ્ઞાને શોધવો રહ્યો. આ પરમાણુથી પણ અત્યંત સૂક્ષ્મ કર્મવર્ગણા ચેતન સાથે મળી તેને મૂળ ગુણથી ખોટે માર્ગે ઘસડી જાય છે અને તેના પર અસર કરે છે.

એટલે આત્મા–જીવ–સત્ત્વ–પ્રાણીનું આત્મત્વ સમાન હોવા

છતાં એમાં રાય-રંક, સાજા માંદા, ધનવાન-ગરીબ, બળવાન-નિર્બળ વગેરેનો ઉપર જણાવેલો તફાવત પડે છે તે આ કર્મવર્ગણા પોતાનાં ફળ દ્વારા પાડે છે, પણ તે વખતે પણ આત્માનું શુદ્ધ સ્વરૂપ નિરંતર ધ્યાનમાં રાખવાનું છે, અને આપણો પ્રયાસ એ સ્વરૂપ પ્રકટ કરવાનો છે અને એને માટે સાધનસામગ્રી યોજવાની છે. આ વાત ચોખવટથી ધ્યાનમાં રાખવા જેવી છે.

## ચેતન આત્માને જડ કર્મવર્ગણા અસર કેમ કરે?

અહીં સવાલ થાય છે કે આવા નિર્મળ આત્મા ઉપર કર્મ જેવી અજીવ ચીજ અસર કેમ કરી શકે? એનો ખુલાસો આપણને વ્યવહારમાં મળે છે. દારૂ તો પૌદ્ગલિક વસ્તુ છે. એને ડાહ્યો માણસ પીએ તો એ પોતાની જાત પરનો કાબૂ ગુમાવી બેસે છે, ગાંડા કાઢે છે અને ગટરમાં પડે છે. એ જ રીતે દાક્તર ક્લોરોફોર્મ આપી માણસને બેભાન બનાવી શકે છે કે પીઠ પરની મધ્ય નાડીમાં ઇંજેકશન દ્વારા દવા નાખી શરીરના ડૂંટીથી નીચેના ભાગને બહેરો બનાવી શકે છે. એટલે જીવ પર પૌદ્ગલિક પદાર્થની અસર તો જરૂર થાય છે એ આપણે જોઈ શકીએ છીએ. એ જ પ્રમાણે પૌદ્ગલિક કર્મવર્ગણા મૂર્ત છે પણ આપણી આંખે દેખી શકાતી નથી, ચેતન સાથે મળતાં તે તેની શક્તિ પ્રમાણે અસર કરે છે અને તેની અસર પૂરી થાય ત્યારે જ તેનો વિયોગ થાય છે અને તે વખતે તે છૂટી પડી જાય છે.

## આત્મા અને કર્મવર્ગણાનો સંબંધ

શરીર પર તેલ લગાડી જમીન પર આળોટવામાં આવે ત્યારે જેમ શરીરને રજ લાગી જાય અને પછી તેના પર સાબુ લગાડી તેને સાફ કરવા પ્રયત્ન કરવામાં આવે ત્યારે તે દૂર થાય તેમ કર્મરજ આત્મા સાથે ચોંટી જાય છે અને પ્રયત્ન કરતાં તે દૂર થાય છે, દરમ્યાન નવી રજો લાગે છે, એમ કરતાં કરતાં આવા પ્રકારની સારી અને ખરાબ રજો (વર્ગણાઓ) સર્વથા ક્ષય

પામે ત્યારે આત્મા મુક્ત બને છે, એના મૂળ ગુણને ધારણ કરનારો થાય છે, એમ બને એટલે આ કર્મરજથી થતાં એનાં પરિભ્રમણો અટકી જાય છે, અને એ અખંડ શાંતિમાં નિજગુણમાં રમણ કરે છે.

સ્વરૂપે શુદ્ધ આત્માનો કર્મ સાથેનો સંબંધ યુક્તિથી સમજાય તેમ છે. ખાણમાં પડેલ સોનાના પ્રત્યેક પરમાણુમાં સુવર્ણત્વ જરૂર છે. એનું શુદ્ધ કાંચનત્વ ત્યાં પ્રચ્છન્ન છે, પણ એ ચોક્કસ છે. પ્રયાસ કરીને એની આસપાસથી માટીને દૂર કરવામાં આવે ત્યારે એનું કાંચનત્વ વ્યક્ત થાય છે. પણ એ વ્યક્ત ન હોય ત્યારે ખાણમાં સુવર્ણનું સુવર્ણત્વ તો છે જ. એ જ પ્રમાણે અનંત ગુણવાળા ચેતન આત્માનું ચેતનત્વ તો એ સંસારમાં પરિભ્રમણ કરતો હોય ત્યારે પણ એ છૂપાયેલું, દબાયેલું, ગૂંચવાઈ ગયેલું હોય છે, છતાં વસ્તુતઃ એ છે. પૃથક્કરણની નજરે જોતાં આત્મા અને કર્મો જુદાં છે અને પ્રયાસથી જુદા પાડી શકાય છે, છતાં ક્ષીરનીર જેવો તેનો સંબંધ અત્યારે એવો થઈ ગયો છે કે જાણે આત્મા કર્મમય કે કર્મબદ્ધ જ હોય એમ લાગે. આટલી ચોખવટથી આત્મા અને કર્મના વર્તમાન સંબંધને અને પ્રયાસ દ્વારા તેની સર્વથા મુક્તિ અને સંબંધના અંતની શક્યતાને ધ્યાનમાં લઈએ એટલે આપણને કર્મ અને જીવનો બંધાઈ ગયેલો સંબંધ દેખીતી રીતે આકરો હોવા છતાં હંમેશ માટેનો નથી એ વાત સમજાશે. એક કર્મવર્ગણા પોતાનું ફળ આપી દૂર થઈ જાય એ દરમ્યાન બીજી લાગી જાય છે એટલે ચક્કરમાં પડેલો આત્મા અટવાતો જાય છે, આ વાત ધ્યાનમાં રાખવા યોગ્ય છે. છતાં એ પ્રયાસ કરે તો સર્વ કર્મવર્ગણાને દૂર કરી, નવીને ગ્રહણ કરવાનું બંધ કરી એ મુક્ત થઈ શકે એટલી તેનામાં શક્તિ છે. અને આપણો પ્રયાસ તેને અંગે છે એટલે તેને બરાબર સમજી લેવાની જરૂર છે. તીવ્ર અગ્નિના સંબંધે જેમ સોનાની શુદ્ધિ થાય છે, તેને સો ટચનું બનાવી શકાય છે, તેમ તપ, શુકલધ્યાન આદિ અગ્નિથી કર્મમલ દૂર કરી આત્માનું

શુદ્ધત્વ પ્રકટ કરી શકાય છે. આ કર્મ પ્રવાહથી અનાદિ છે. ખાણમાં પડેલ સુવર્ણ અને માટીનો સંબંધ ક્યારે થયો એ કહી શકાય નહિ, એના જેવી આ વાત છે. છતાં ખાણના સુવર્ણમાં સોનાપણું એ માટીથી વીંટળાયેલ હોય છે તે વખતે પણ હોય છે, એ વાત ધ્યાનમાં રહે. સુવર્ણ અને માટીનો સંબંધ ક્યારે શરૂ થયો તે કહી શકાય નહિ અને છતાં એ સુવર્ણમાં સુવર્ણત્વ તો છે. એ રીતે આત્મા અને કર્મનો સંબંધ અનાદિ હોવા છતાં એ સર્વ કાળમાં આત્માનું આત્મત્વ કાયમ છે, અચળ છે પણ પ્રચ્છન્ન છે, દબાઈ ગયેલ છે પણ એનું પ્રાકટ્ય પ્રયાસને આધીન છે, અને વીંટળાયેલ દશામાં પણ એ અંદરખાનેથી શુદ્ધ કંચન છે, નિર્મળ છે, સત્તાગતે પવિત્ર છે. કર્મ મૂર્ત અજીવ દ્રવ્ય છે. બન્નેનો સંબંધ અનાદિ છે. બન્નેના સ્વભાવ જુદા છે, પ્રત્યેકના પોતાના ધર્મ અલગ છે. વિયોગ શક્ય છે, છતાં તાદાત્મ્ય થઈ ગયેલું લાગે છે. આટલી ચોખવટ કરી. હવે ક્યા હેતુથી જીવ અને કર્મનો સંબંધ થાય છે તે વિચારીએ.

## પ્રકરણ ચોથું

# બંધહેતુ

### પ્રાસ્તાવિક

આત્માનો અને કર્મનો સંબંધ થવાને પરિણામે આખો સંસાર રચાય છે, એક ભવમાંથી બીજા ભવમાં ભ્રમણ થાય છે અને દરેક ભવમાં નાની મોટી સર્વ પ્રક્રિયા બની આવે છે. એ કર્મબંધ થવાના મોટા મોટા હેતુઓ કયા છે તે અત્ર વિચારી લઈએ. બાકી, કર્મની વિગત વિચાર્યા પછી એ પ્રત્યેક કર્મના હેતુઓ વિગતવાર આગળ ઉપર વિચારવાનું રાખીએ. હકીકત એ છે કે પ્રાણી નાનીમોટી હલનચલનની વિચારની કે ઉચ્ચારની જે કાંઈ ક્રિયા કરે, બેસી રહે, આળસમાં વખત ગુમાવે—એ સર્વ પોતાની અસર આત્મા પર પાડતી જાય છે, તે વખતે આત્મા કર્મવર્ગણા ગ્રહણ કરે છે. એ અતિ સૂક્ષ્મ વર્ગણા પોતાનો વિપાક આપીને જ ખસે છે. તેથી એ કર્મવર્ગણાનો આત્મા સાથે સંબંધ કરાવનાર પાંચ હેતુઓને પ્રથમ વિચારી લઈએ.

### પાંચ બંધહેતુઓ

આત્મા પોતે તો જ્ઞાન, દર્શન વગેરે અનંત ગુણનો સમુચ્ચય છે. તેનો કર્મ સાથે સંબંધ કરનાર શક્તિઓ મુખ્યત્વે કરીને ચાર છે: મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ. કવચિત્ આ ચારની સાથે પ્રમાદને ભેળવવામાં આવે તો પાંચ બંધહેતુ ગણાય છે. આ સામાન્ય બંધહેતુને વિગતવાર તપાસી જઈએ. વિગતવાર વિશેષ બંધહેતુઓની વિચારણા કર્મનો પરિચય કર્યા પછી કરીશું.

પણ તે વિશેષ બંધહેતુઓનો સમાવેશ આ ચાર અથવા પાંચ હેતુઓમાં થાય છે.

### ૧. મિથ્યાત્વ

મિથ્યાત્વના પાંચ પ્રકાર છે: અભિગૃહીત, અનભિગૃહીત, આભિનિવેશિક, અનાભોગિક અને સાંશયિક. આ પાંચે મિથ્યાત્વો બરાબર સમજવા યોગ્ય છે. સાચા દર્શનથી ઊલટું તે મિથ્યાત્વ, એટલે યથાર્થ શ્રદ્ધાનનો અભાવ અને અયથાર્થ વસ્તુનું શ્રદ્ધાન. પારકાના ઉપદેશથી કે પોતાના ખોટા વિચારને પરિણામે બંધાઈ જાય તે અભિગૃહીત અને વગર વિચારે ઊલટો મત બંધાઈ જાય તે અનભિગૃહીત. મતપંથના કદાગ્રહો, ઉપદેશના ઊલટા પ્રવાહો અને સમજણનો દુરુપયોગ અભિગૃહીતની કક્ષામાં જાય.

મરડી મચડી અર્થ કરવા, ફાવે તેટલી દલીલોને સ્વીકારવી, આગ્રહથી પોતાના મતને વળગી રહેવું, સાચું દર્શન થાય તો પણ કીર્તિને ભયે સત્યનો સ્વીકાર ન કરવો એ આભિનિવેશિક. સર્વ દર્શન સાચાં છે એવી વાત કહી સત્યને ગોપવવું એમાં પણ અભિનિવેશનો ભાવ આવે છે. કુશંકા શંકા કર્યા કરવી, આ સાચું હશે કે પેલું એનો મનમાં ઘાટ કર્યા કરવો એ સાંશયિક. એમાં તત્ત્વ જાણવા માટે પ્રશ્નો પૂછવાનો વાંધો નથી, પણ મનમાં સંશય રાખ્યા કરવો અને સત્યનો સાચો સ્વીકાર ન કરવો અથવા મનમાં દુર્વ્યવસ્થા રાખવી એ સાંશયિક મિથ્યાત્વ સમજવું. વિચારને અભાવે કોઈ દર્શનને ભલું ભુંડું ન જાણવું અને અનંત અજ્ઞાનમાં સબડ્યા કરવું, મૂઢ દશાને વશ થવું અને મૂર્છા પામેલા પ્રાણી સાકરના રસને કે કડવા રસને ન પિછાની શકે એમ વર્તવું એ અનાભોગિક મિથ્યાત્વ. એકેંદ્રિયાદિ જીવોને આ અનાભોગિક મિથ્યાત્વ હોય. આ રીતે સમજણનો દુરુપયોગ, વિચારણાનો અલ્પભાવ, સમજણનો અભાવ અને શંકા-કુશંકાનું જોર અથવા પોતે સાચો જ છે એવો દુરાગ્રહ એ સર્વનો સમાવેશ મિથ્યાત્વમાં થાય છે. અનાદિ અજ્ઞાનથી અલ્પ વિકાસવાળા કે લગભગ વિકાસ વગરના જીવોને પણ

મિથ્યાત્વ હોય છે. અને બુદ્ધિવિકાસ પામેલા, આગ્રહી, જ્ઞાનનો દુરુપયોગ કરનારને પણ મિથ્યાત્વ હોય છે. આ પાંચે પ્રકારના મિથ્યાત્વને ખૂબ સમજીને વિચારવા યોગ્ય છે, ઓળખવા યોગ્ય છે અને કર્મબંધના ઊંડા હેતુ તરીકે સમજવા યોગ્ય છે. એમાં અક્કલ વગરની મૂઢતાથી માંડીને વાદવિવાદના છળ, કુયુક્તિઓ અને શંકાઓ સર્વનો સમાવેશ થાય છે.

૨. અવિરતિ

દોષોથી પાછા ન હઠવું તે. વિરતિ એટલે ત્યાગભાવ. વિરતિનો અભાવ એટલે અવિરતિ. એના બાર પ્રકાર છે. મનમાં હિંસાદિનો સંકલ્પ કરવો તે માનસિક અવિરતિ પહેલો પ્રકાર. પાંચે ઇંદ્રિયોને દોષોથી પાછી ન હઠાવવી, તેમનો સંવર ન કરવો તે પાંચ પ્રકારની અવિરતિ. અને પૃથ્વી, અપ, તેજસ, વાયુ, વનસ્પતિ અને ત્રસ જીવો સંબંધી હિંસાદિ દોષોનો સંવર ન કરવો તે છ પ્રકારની અવિરતિ. આમ કુલ બાર પ્રકાર થયા. આ અવિરતિમાં માનસિક શારીરિક અને વાચિક સર્વ દોષોનો સમાવેશ થાય છે. એના બાર વિભાગ સમજણ માટે પાડ્યા છે. હિંસાથી વિરતિનો અભાવ એમાં મુખ્ય સ્થાન લે છે, અને મૃષાવાદ વગેરે દોષો વસ્તુતઃ હિંસા જ છે. એટલે કોઈ પણ પ્રકારના દોષોથી વિરમવાનો અભાવ થાય તે અવિરતિ બંધહેતુમાં આવી જાય છે. અવિરતિમાં મન અને ઇંદ્રિયના વિષયોને વિશે દોષોથી વિરામ પામવાની વાત મુખ્યપણે છે.

૩. કષાય

અવિરતિમાં ઇંદ્રિયના વિષયો કર્મબંધના હેતુ થાય છે, જ્યારે કષાયમાં મન સંબંધી દોષો આવે છે. મોહનીય કર્મની વિચારણા થશે ત્યારે આગળ તેના ઉપર વિસ્તાર આવશે. અહીં સંક્ષેપમાં જણાવતાં એના મુખ્ય ભાગ તરફ ધ્યાન આપીએ. કષાયમાં સોળ કષાય અને નવ નોકષાય મળી ૨૫નો સમાવેશ થાય છે. કષ એટલે સંસાર, તેનો આય એટલે લાભ જેમાં થાય એટલે જેનાથી

સંસાર ખૂબ વધી જાય અને રખડપાટો દીર્ઘ થઈ જાય તે કષાય.

ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયો છે. એ પ્રત્યેકની તીવ્રતા-મંદતા પ્રમાણે એના ચાર ચાર ભેદ પાડવામાં આવ્યા છે. એ અનેક આત્મિક ગુણના રોધક છે અને કર્મગ્રહણના રસમાં મુખ્ય ભાગ ભજવે છે. અહિતના આચરણના (પ્રવૃત્તિના) હેતુભૂત અને હિતાચરણના રોધક અને આ સંસારને લાંબો કરી નાખનાર કષાયોના એના કાળ, માન અને ગુણરોધકપણાને અંગે ચાર ચાર વિભાગ પાડવામાં આવે છે. તેની વિશેષ વિગત વિસ્તારથી ચોથા મોહનીય કર્મની વિચારણામાં આવશે. કર્મબંધના હેતુઓમાં એના સર્વ મળીને ચાર ને ચારે ગુણતાં સોળ વિભાગ કરવામાં આવ્યા છે.

આવા ક્રોધ, માન, માયા લોભરૂપ કષાયને ઉપજાવનાર નવ નોકષાય છે. ૧. હાંસી (મશ્કરી, મજાક, ઠેકડી). ૨. રતિ (ઇંદ્રિયોને અનુકૂળ એવા વિષયોની પ્રાપ્તિથી થતો ચિત્તનો પ્રીતિબંધ). ૩. અરતિ (ઇન્દ્રિયોને પ્રતિકૂળ એવા વિષયોની પ્રાપ્તિથી થતો ચિત્તનો ઉદ્વેગ). ૪. શોક (રૂદન, માથા કૂટવા, છાતી કૂટવી, મોં વાળવા, કકળાટ કરવો). ૫. ભય (બીક. માણસનો, સર્પ વગેરેનો, અકસ્માતનો, ચોરનો, આજીવિકાનો, મરણનો અને અપકીર્તિનો). ૬. દુગંછા (ન ગમે તેવા કે કુરૂપ પદાર્થ નજરમાં આવતાં સૂગ થવી, નાક મચકોડવું, તે પર કે તેના તરફ થૂંકવું). આ છ નોકષાય પર વિસ્તાર ચોથા મોહનીય કર્મની વિચારણામાં આવશે. ૭–૯ ત્રણવેદ : પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ. જેમાં સ્ત્રીના સ્પર્શની, આલિંગનની અભિલાષા થાય તે પુરુષવેદ. જેમાં પુરુષના સ્પર્શનાદિની ઇચ્છા થાય તે સ્ત્રીવેદ. અને જેમાં સ્ત્રીપુરુષ બન્નેના સ્પર્શન વગેરેની ઇચ્છા થાય તે નપુંસકવેદ.

આ સોળ કષાય અને નવ નોકષાય મળીને ૨૫ બંધહેતુ કષાયના નામ નીચે આવે છે. કર્મબંધના હેતુમાં બહુ અગત્યનો

ભાગ કષાય ભજવે છે. કષાય સમભાવની મર્યાદાને તોડી નાંખે છે.

૪. યોગ

મન, વચન, કાયાના યોગ એટલે મનની, વચનની અને કાયાની પ્રવૃત્તિ. એની વિગતમાં ઊતરીએ તો અનુક્રમે ચાર, ચાર અને સાત વિભાગ પડે છે. એટલે એના પંદર વિભાગ થાય. (જુઓ પરિશિષ્ટ ૧). એ સર્વમાં મન, વચન, કાયાની પ્રવૃત્તિની વિગતો છે. આ રીતે મિથ્યાત્વના પાંચ, અવિરતિના બાર, કષાયના પચીશ અને યોગના પંદર મળી સત્તાવન બંધહેતુ થાય. પ્રમાદનો અર્થ આત્મ-વિસ્મરણ અને આત્માને લાભ કરનાર કુશળ કાર્યમાં આદરનો અભાવ અને કર્તવ્ય–અકર્તવ્યના ભાનમાં અસાવધાની છે. એનો સમાવેશ અસંયમ, અવિરતિમાં આવી જાય છે. અને કવચિત્ એમાં કષાયનો અંશ આવી જાય છે. એટલે તેની જુદી ગણના કરવાની જરૂર નથી રહેતી. કોઈ સ્થાને મદ્ય, વિષય, કષાય, વિકથા અને નિદ્રાને પ્રમાદ ગણવામાં આવેલ છે. તે પ્રત્યેકનો સમાવેશ કષાય અથવા અવિરતિમાં થઈ જાય છે. એટલે પ્રમાદને અલગ ન ગણવામાં આવે તો તેમાં કાંઈ વાંધો દેખાતો નથી.

આવી રીતે મિથ્યાત્વ અને અવિરતિને ખાસ જુદા ગણવામાં આવ્યા છે. પણ બીજી રીતે જોતાં તેમનો સમાવેશ પણ કષાયમાં થઈ જાય, કારણ કે આખા માનસ અને સ્થૂળ ક્ષેત્રમાં કષાયો અને યોગો વ્યાપેલા છે. આના ક્રમમાં પણ ખૂબ વિચારવાલાયક સ્થિતિ છે. મિથ્યાત્વ હોય તો તેની પાછળના અવિરતિ, કષાય અને યોગ જરૂર હોય. અવિરતિ હોય તો તેની પાછળના કષાય અને યોગ જરૂર હોય. પૂર્વના હોય તો પાછળના જરૂર હોય. પરંતુ પછીનો હોય ત્યારે આગલો હેતુ હોય અથવા ન પણ હોય. નીચે બંધના પ્રકારો કહેવાના છે, તે પ્રસંગે આ બંધહેતુઓનો પરસ્પર સંબંધ વિસ્તારવામાં આવશે. બંધહેતુનો ક્ષય પણ એ જ અનુક્રમમાં થાય છે: પ્રથમ મિથ્યાત્વ જાય, પછી અવિરતિ, ત્યાર

બાદ કષાય અને છેવટે યોગ જાય. આ ચારે બંધહેતુ જાય એટલે નવીન કર્મબંધ થતો નથી એ ખાસ લક્ષમાં રાખવા જેવું છે અને જેટલા હેતુ ઓછા થાય તેટલો કર્મબંધ ઓછો થાય એ પણ લક્ષમાં રાખવા જેવું છે. આવા પ્રકારના હેતુને પ્રાપ્ત કરીને આત્મા (ચેતન, જીવ) પોતે કર્મ કરે છે, કર્મ ભોગવે છે અને એનામાં વીર્ય છે તે ફોરવે તો તેના પર સામ્રાજ્ય પણ એ પોતે જ પ્રાપ્ત કરે છે. એનાં ફળના પ્રકાર, સમય, પદ્ધતિનો નિર્ણય કરનાર કે ફેંસલો કરનાર કોઈ બહારની વ્યક્તિ છે નહિ અને હોઈ શકે પણ નહિ.

આ રીતે કર્મના બંધહેતુ સામાન્ય પ્રકારે વિચાર્યા. એ હેતુઓ સર્વ કર્મોને લાગુ પડે છે. એ હેતુમાંના એક કે વધારે હોય ત્યારે કર્મબંધ થાય છે. કર્મનો પરિચય કર્યા પછી વિશેષ બંધહેતુઓ પ્રત્યેક કર્મના કયા કયા છે તે આગળ ઉપર વિચારશું.

**કર્મબંધના પ્રકાર—પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ**

અતિસૂક્ષ્મ કર્મવર્ગણાનો ચેતન આત્મા સાથે સંબંધ તે બંધ. તેના ચાર પ્રકાર બને છે. તે વખતે તેની ચાર બાબતો ધ્યાન પર લેવા જેવી હોય છે: પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ. કર્મનો આત્મા સાથે સંબંધ થાય તે વખતે તેને અંગે ચાર બાબતો મુકરર થાય છે.

પ્રકૃતિ (Nature) એટલે સ્વભાવ. પ્રત્યેક ગ્રહણ કરેલા કર્મનો સ્વભાવ કેવા પ્રકારનો થવાનો તેનો નિર્ણય બંધ વખતે થાય છે. કોઈ કર્મનો જ્ઞાનને આવરણ કરવાનો સ્વભાવ હોય, કોઈ તંદુરસ્તી આપનાર હોય, કોઈ ખ્યાતિ અપાવનાર હોય, વગેરે. કર્મની અસર કેવી થશે તેની રીતભાતનું નામ પ્રકૃતિ કહેવાય.

સ્થિતિ (Duration) એટલે સદર કર્મ કેટલો કાળ રહેશે, ક્યારે ફળ આપવાનું શરૂ કરશે અને એનો ફળનો સમય કેટલો રહેશે તે.

રસ (Intensity). કર્મગ્રહણ થયું, તેના વિપાકની તરતમતા, ગાઢતા ઓછી વધારે થાય તે રસ. ફળ આપતી વખતે એ વધારે ઓછા પરિણામ આપે, આકરાં, સાદા કે મધ્યમ પરિણામ આપે તે રસબંધ. એને 'અનુભાગ' પણ કહેવામાં આવે છે.

પ્રદેશ (Quantity) એટલે કર્મવર્ગણાના દળિયાં. સ્થિતિ કે રસની અપેક્ષા વગર ગ્રહણ થાય તે કર્મવર્ગણાના દળિયાનો જથ્થો.

કર્મવર્ગણાના પ્રદેશો કેટલા છે તે ચોથા પ્રકારમાં આવે. એ કેવા પ્રકારનાં ફળો આપશે તે પ્રકૃતિબંધનો વિષય છે. એ કેટલે વખતે ફળ આપશે તે સ્થિતિબંધનો વિષય છે. અને એ ફળ આપતી વખતે એ વિપાકની તીવ્રતા, મંદતા કેવી અને કેટલી હશે તે રસબંધનો વિષય છે. એ કર્મ પોતે કેટલા પ્રદેશનું બનેલું છે તે પ્રદેશબંધનો વિષય છે. આ સંસારમાં પાંચ દ્રવ્યો પરસ્પર ભિન્ન પણ એકબીજાના સંબંધમાં લાગેલા પડેલા છે. તેમાં એક જીવદ્રવ્ય ચેતન છે અને બાકીના ચાર અચેતન છે. અચેતનમાં ધર્મ (ગતિઉપકારક), અધર્મ (સ્થિરતાઉપકારક), આકાશ (અવકાશ આપનારું) અને પુદ્ગળ (ભૂત–ભૌતિક વસ્તુઓ) છે. કર્મની વર્ગણા એ પુદ્ગળના પ્રદેશ અને પરમાણુ કરતાં પણ અતિ સૂક્ષ્મ હોય છે. એ નરી આંખે દેખાય તેવી ન હોવા છતાં પુદ્ગળ દ્રવ્ય છે, એ જીવ સાથે ચોંટી જાય છે અને પોતાનાં ફળ આપે ત્યારે જ છૂટે છે, એ કર્મવર્ગણાની સંખ્યા કેટલી થવી તે પ્રદેશબંધ સાથે સંબંધ ધરાવે છે. કર્મના દળનો સંચય તે પ્રદેશ-બંધ ચોથો સમજવો.

એ કર્મનો કાળ મુકરર થાય તે બીજો સ્થિતિબંધ છે. એટલે અમુક સુપાત્રદાન આજે કર્યું તેનો બદલો જીવને ક્યારે મળશે અથવા કેટલા સમય પછી મળવો શરૂ થશે અને શરૂ થયા પછી કેટલો વખત તેનો બદલો મળ્યા કરશે એ હકીકતનો નિર્ણય સ્થિતિ-બંધમાં થાય છે. અને એનો બદલો મળવો શરૂ થશે ત્યારે તેની

ગાઢતા, તીવ્રતા કેવી રહેશે અર્થાત્ એનો જોસ કેટલો થશે તે રસબંધ મુકરર કરે છે. અને એનો પ્રકાર પ્રકૃતિબંધમાં આવે છે, એટલે એના બદલામાં ધન મળશે કે જ્ઞાન મળશે કે રૂપ મળશે તે પ્રકૃતિબંધમાં આવે. આવી રીતે ચાર પ્રકારના બંધ કર્મગ્રહણ વખતે મુકરર થઈ જાય છે.

આ ચાર પ્રકારને પૃથક્કરણપૂર્વક સમજવા માટે મોદકનો દાખલો આપવામાં આવે છે, તે બરાબર બંધબેસતો હોઈ વિચારી જઈએ. લાડવો કફનો નાશ કરનાર છે, પિત્તનો નાશ કરનાર છે કે વાતને સુધારનાર છે એ એની અંદર આવેલા દ્રવ્ય ઉપર આધાર રાખે છે. પીપરીમૂળનો લાડવો અમુક અસર કરે, લવિંગની લાડુડી બીજી અસર કરે, ગુંદરવાળો લાડવો જુદી અસર કરે અને માત્ર ઘી, ગોળ, ઘઉંનો લાડુ જુદી અસર કરે. આવી રીતે કર્મના દળિયાં આત્મા પર (જીવ પર) જુદી જુદી અસર કરે તે પ્રકૃતિબંધનો વિષય થાય છે. અને કર્મબંધ થતી વખતે જ આ પ્રકૃતિબંધનો નિર્ણય થઈ જાય છે. જે કર્મ નામના કરાવનાર પ્રકૃતિવાળું હોય તે આબરૂ વધારે, જે મનુષ્યગતિમાં લઈ જનાર હોય તે માણસ તરીકે જન્મ આપે, જે રૂપકાંતિ આપનાર હોય તે સ્વરૂપ અને દેખાવડા બનાવે. આવી અનેક પ્રકારની ચિત્રવિચિત્ર સંસારની ગતિ કરાવનાર અને નવનવા પર્યાયોનો નિર્ણય એ પ્રકૃતિબંધ કહેવાય. એનો વિશેષ પરિચય આગળ ઉપર થશે ત્યારે તે બરાબર ધ્યાનમાં આવશે. કર્મનો અને આત્માનો સંબંધ લોહના ગોળા અને અગ્નિ જેવો છે, અને દૂધ અને પાણી જેવો છે. તે એક લાગે છતાં છૂટા છે, છૂટા પડે તેવા છે. તે કર્મપ્રકૃતિ સારું ફળ આપનાર હોય તો વ્યવહારમાં એને પુણ્ય કહેવામાં આવે છે. ન ગમે તેવું ખરાબ ફળ આપનાર હોય તો તેને વ્યવહારમાં પાપ કહેવામાં આવે છે. પાપ હો કે પુણ્ય હો, કર્મ જીવને સંસારમાં રખડાવનાર છે; પાપ લોઢાની બેડી છે તો પુણ્ય સોનાની બેડી છે. મુમુક્ષુ જીવનો પ્રયાસ આ સર્વ કર્મોનો ક્ષય કરી નવીન કર્મબંધન

કરવાનું બંધ કરી મુક્તિ મેળવવાનો છે. એ પ્રત્યેક કર્મવર્ગણા પોતાનું કેવા પ્રકારનું ફળ આપશે એનો આખો નિર્ણય પ્રકૃતિબંધમાં થાય છે. હવે પછી કર્મની પ્રકૃતિ પર વિવેચન થશે. તેનો આખો વિષય પ્રકૃતિબંધ કહેવાય. ગતિ, જાતિ, રૂપ, અવાજ, જ્ઞાનનાં આવરણ, સુખદુઃખ વગેરે અનેક પ્રકારનાં કર્મના સ્વભાવો આગળ બતાવવામાં આવશે. તે સર્વની વિગત આ પ્રકૃતિબંધમાં આવે. ચેતનના પોતાના અધ્યવસાયોની વિવિધતા પ્રમાણે એના અનેક પ્રકારો પડે છે, તે પૈકી તેના સ્વભાવ અનુસાર તેના આઠ વિભાગો બતાવવામાં આવશે. તેના ઉત્તર વિભાગમાં ૧૫૮ વિભાગો બતાવવામાં આવશે. તેની સ્વભાવ પ્રમાણે વિવિધતા એ પ્રકૃતિબંધ સમજવો.

એ આત્માએ ગ્રહણ કરેલ કર્મદળ કેટલા કાળે ઉદયમાં આવશે, એના બંધ અને ઉદય વચ્ચે કેટલો સમય જશે અને ઉદયમાં આવ્યા પછી કેટલો વખત એ ફળ આપવાનું ચાલુ રાખશે તે સર્વ બાબતનો નિર્ણય બીજા સ્થિતિબંધમાં થાય છે. ઉપર મોદકનો દાખલો લીધો, તેમાં એ લાડવો કેટલા દિવસ ચાલશે, ક્યારથી બગડવા માંડશે, ક્યારે તદ્દન ખલાસ થઈ જશે એ હકીકતના નિર્ણયને સ્થિતિબંધ કહેવામાં આવે છે. કર્મવર્ગણાનો આત્મા સાથે આકર્ષણ દ્વારા સંબંધ થાય તે વખતે તેનો અબાધાકાળ અને એ કર્મની મુક્તિનો કાળ મુકરર થઈ જાય છે. આ સ્થિતિબંધમાં કર્મદળની કાળમર્યાદાનું નિર્માણ થાય છે.

કર્મ પોતે શુભ હોય, અશુભ હોય, ઘાતી હોય, અઘાતી હોય, સારાં માઠાં ફળમાં પણ તરતમતા કરાવનાર હોય, મંદતા-તીવ્રતા કરનાર હોય, તે સર્વ રસબંધનો વિષય છે. એને અનુભાગ પણ કહેવામાં આવે છે. ઉપર આપણે લાડવાનો દાખલો લીધો. તેને અંગે વિચારીએ તો કોઈ લાડુ ખૂબ મીઠો હોય, કોઈ સાધારણ મીઠો હોય, કોઈ કડૂચો હોય, કોઈ કડવો હોય, કોઈ ખટમધુરો હોય અને કોઈ તદ્દન નામની મીઠાશવાળો હોય, તેવા

પ્રકારની તીવ્રતા–મંદતા–ગાઢતા કર્મની હોય તે રસબંધનો વિષય છે. દા.ત. ધન મેળવી આપવાનું કર્મ તે પ્રકૃતિબંધ, ધન અમુક સમયે મળવાનો નિર્ણય તે સ્થિતિબંધ, ધનમાં લખપતિ, કરોડપતિ કે શતપતિ થવાનો ફળની તીવ્રતા–મંદતાનો સંબંધ તે રસબંધનો વિષય થાય. કોઈ સાકરમાં ૧૦૦ ટકા મીઠાશ હોય છે, કોઈમાં પંચોતેર ટકા અને કોઈમાં ઓછીવધતી મીઠાશ હોય છે. *એવી રીતની કર્મનાં ફળની મીઠાશની* કે કડવાશની તરતમતા એ રસબંધનો વિષય છે. કર્મવર્ગણા પ્રાણી બહારથી આકર્ષે તે વખતે તેના વિપાકની તીવ્રતા, મંદતા, નરમાશ, આકરાશનો નિર્ણય સાથે જ થાય છે અને કર્મબંધનના આ પ્રકારને રસબંધ અથવા અનુભાગબંધ કહેવામાં આવે છે.

કર્મવર્ગણાના દળિયાનું સ્થિતિ કે રસની અપેક્ષા વગર ગ્રહણ તે ચોથો કર્મબંધનનો પ્રકાર પ્રદેશબંધ કહેવાય છે. પ્રદેશબંધમાં કર્મવર્ગણાનું ગ્રહણમાત્ર જ થાય છે. કર્મવર્ગણાની સંખ્યાનો નિર્ણય આ પ્રદેશબંધમાં થાય છે. એમાં માત્ર એકસરખી કર્મવર્ગણાની જ વાત હોય છે. જેમ ગાય ભેંસ આકર્ષણ કરી પાણી પીએ તેમ પ્રત્યેક કર્મ કરતી વખત ચેતન આ વિશ્વમાં રહેલી કર્મવર્ગણાને આકર્ષે છે. એ આકર્ષણના કાર્યને પ્રદેશબંધ કહેવાય. કર્મવર્ગણા તો એકસરખી જ હોય છે. તેના પ્રકૃતિ, સ્થિતિ અને રસ કર્મબંધન ગ્રહણ વખતે નિર્માણ થાય. પણ કર્મવર્ગણાની પરિણામ પામવાની હકીકતને પ્રદેશબંધ કહેવામાં આવે છે. માત્ર કર્મદળનું ગ્રહણ તે પ્રદેશબંધ છે. એટલે પ્રદેશબંધ દ્વારા એકસરખાં કર્મદળને આકર્ષી તે જ વખતે તેની પ્રકૃતિ, તેનો કાળ અને તેની તરતમતા મુકરર થાય છે. એમાં કર્મદળિયાના ગ્રહણનું કાર્ય તે પ્રદેશબંધ કહેવાય છે. કોઈ કર્મમાં અલ્પ કર્મદળ હોય, કોઈમાં વધારે હોય, કોઈમાં ખૂબ વધારે હોય, તે પ્રદેશબંધમાં આવે. આપણે મોદકનો દાખલો લીધો તેમાં કોઈ મોદક નવટાંકનો હોય, કોઈ પાશેરિયો, કોઈ શેરનો ત્રીજો ભાગ હોય એમ જ ચોખાનું કોઈ

પ્રમાણ ચપટી હોય, કોઇ આખો ખોબો ભરાય તેટલું હોય, કોઈ મુઠ્ઠીભર હોય–એ નિર્ણય પ્રદેશબંધમાં થાય છે. ટીપડી, પાલી, પવાલું એ માપ પ્રદેશબંધનો વિષય છે. લાડવામાં કણિકનું પ્રમાણ તેના તોલમાપનું નિર્માણ કરે છે, તેમ ચેતનમાં કર્મના દળની સંખ્યા એ પ્રદેશબંધ નિર્માણ કરે છે. કષાયો રસબંધ અને સ્થિતિબંધ ઉપર સીધી અસર કરે છે, જ્યારે પ્રકૃતિબંધ અને પ્રદેશબંધનો નિર્ણય યોગ પર આધાર રાખે છે. આત્મિક વિકાસની નજરે જોઈએ તો મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગો ઓછા વધતા પ્રમાણમાં પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધમાં ફાળો આપે છે. આત્મવિકાસ વધતો જાય તેમ પ્રથમ મિથ્યાત્વ જાય, પછી ત્યાગભાવ આવતાં અવિરતિભાવ ઘટતો જાય, છેવટે તદ્દન જાય. ત્યારપછી કષાયો ધીમે ધીમે ઓછા થતા જાય અને છેવટે મન વચન કાયાના યોગો જાય. આ ચાર પ્રકારના બંધના હેતુઓને સમજવામાં આવે અને બંધના પ્રકારોને સમજી લેવામાં આવે ત્યારે કર્મની સામાન્ય સમજણની શરૂઆત થાય છે.

એટલે, કર્મને બરાબર ઓળખવા માટે પ્રથમ કર્મની પ્રકૃતિ કેવી હોય છે, કર્મબંધ થાય ત્યારે એનામાં વિવિધતા કેવા કેવા પ્રકારની હોય છે તે પ્રથમ જોઈ લઈએ. ત્યારપછી સ્થિતિબંધની, પછી રસબંધની હકીકત જોઈશું. આપણે પ્રત્યેક કાર્ય કરીએ, કોઈ પણ હલનચલન ક્રિયા કરીએ, કાંઈપણ બોલીએ કે વિચારીએ તે વખતે આ બહારની કર્મવર્ગણા આત્મા સાથે મળે છે અને મળતી વખતે તેની તીવ્રતા–મંદતા પ્રમાણે ફળ આપવાનું નિમિત થાય છે, અને ફળ આપતી વખતે તે પોતાનું કાર્ય બજાવી દૂર થાય છે. આ સર્વ હકીકત ચેતનના સ્વભાવથી જ બને છે. એનો ચોપડો એ પોતે જ રાખે છે. એનો ભોગવટો એ પોતે જ કરે છે. અને એના પર સામ્રાજ્ય પણ પોતે જ મેળવી શકે છે. અને એનાથી સર્વથા મુક્તિ પણ એ જ મેળવી શકે છે. આ આખો વિકાસક્રમ કેવી રીતે થાય છે, એમાં કયાં કયાં તત્ત્વો કામ કરે છે, એમાં ચેતનની

સ્વાધીનતા ક્યાં છે અને પરાધીનતા કેટલી છે, એને ફળ આપનાર કે શિક્ષા આપનાર કોઈ બહારના તત્ત્વો છે કે નહિ એ સર્વની વિચારણા બહુ રસમય, ગળે ઊતરી જાય તેવી અને બોધક છે. તે પર યથાસ્થાને વિવેચન થશે. કર્મબંધનના હેતુમાં મિથ્યાત્વ વગેરે ચાર અથવા પ્રમાદ સાથે પાંચ બતાવ્યા. તે ઉપરાંત પ્રત્યેક કર્મના બંધના વિગતવાર હેતુ પર ધ્યાન ખેંચવામાં આવશે. પ્રથમ શરૂઆતમાં કર્મના પ્રકાર અને પેટાભાગ વિચારી જઈએ અર્થાત્ કર્મપ્રકૃતિને જરા વિગત સાથે ઓળખવા પ્રયત્ન કરીએ. ચેતન (જીવ) પોતે અમૂર્ત છે, કર્મવર્ગણા મૂર્ત છે. કર્મસંબંધથી જીવ મૂર્ત જેવો થઈ જાય છે પણ મૂળસ્વરૂપે એ અમૂર્ત છે. દીવો હોય તે વાટ દ્વારા તેલને ખેંચીને જેમ પોતાની ઉષ્ણતાથી તે તેલને જ્વાળા તરીકે પરિણમાવે છે તેમ જીવ કષાય કે યોગના વિકારથી કર્મપુદ્ગળોને ગ્રહણ કરી તેને કર્મભાવ તરીકે પરિણમાવે છે. આત્મપ્રદેશ સાથે એકમેક થતો જતો કર્મવર્ગણાનો સંબંધ તે બંધ કહેવાય છે. એવી રીતે કર્મબંધ થતાં કર્મનો આત્માને સબંધ થાય. હવે કર્મની પ્રકૃતિના વૈવિધ્યને આપણે જોઈ જઈએ.

## પ્રકરણ પાંચમું

# કર્મની આઠ મૂળપ્રકૃતિ

### પ્રાસ્તાવિક

મનના વિચારથી, વચનના ઉચ્ચારથી અને કાયાની પ્રવૃત્તિથી જે કાંઈ વિચારવામાં; બોલવામાં કે કરવામાં આવે તે પ્રત્યેક ક્રિયા પોતાની સાથે સૂક્ષ્મ વર્ગણાને ખેંચી લાવે છે, તે આત્મા સાથે જોડાય છે અને પોતાનાં ફળ આપે છે. આ કર્મવર્ગણાઓ સ્થૂળ છે, પૌદ્‌ગલિક છે, આકાશમાં પથરાયેલી છે અને ચેતન તેને આકર્ષીને પોતાની સાથે એકમેક કરી નાંખે છે. એનો ચેતન સાથે સંબંધ થાય ત્યારે તેની પ્રકૃતિ કેવી છે તેનો નિર્ણય થાય છે. એટલે એને બરાબર ઓળખવા માટે એની વિવિધ પ્રકારની અસરોને વિચારીએ. એની ગાઢતા (રસ), એનો સમય (કાળ) અને એની પોતાની સંખ્યા(પ્રદેશ)નો વિચાર અન્યત્ર થશે. પ્રથમ તેનો સ્વભાવ સમજીએ, કારણ કે કર્મના સ્વભાવને જાણ્યા વગર તેની વિવિધ સ્થાનકે થતી અસર અને તેની *ગાઢતા, પોચાશ કે ઢીલાશ* ખ્યાલમાં આવવી મુશ્કેલ છે. પ્રયોગશાળામાં આપણે ઓક્સિજન, હાઈડ્રોજન જોઈએ એટલે એનો સ્વભાવ શો છે તે જાણવાની પ્રથમ જિજ્ઞાસા જરૂર થાય. એટલે કર્મની પ્રકૃતિ(સ્વભાવ)નો પ્રથમ પરિચય કરીએ. કર્મની આઠ મૂળપ્રકૃતિ છે. કર્મની મૂળપ્રકૃતિ આઠ ભાગે પડે છે. એ આઠનો વિશેષ પરિચય કરવા, એના ઉત્તરભેદ ૧૪૮ અથવા ૧૫૮ કરીને એને વધારે સારી રીતે ઓળખવા પછી પ્રયાસ કરીશું. આઠ મૂળપ્રકૃતિ નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| ૧. જ્ઞાનાવરણ | ૫. આયુષ્ય |
| ૨. દર્શનાવરણ | ૬. નામ |
| ૩. વેદનીય | ૭. ગોત્ર |
| ૪. મોહનીય | ૮. અંતરાય |

## જ્ઞાનાવરણ-દર્શનાવરણ

પ્રથમ જ્ઞાન શું તે વિચારીએ. જેના દ્વારા વસ્તુને જાણીએ, જેના દ્વારા વસ્તુના વિશેષ ધર્મોનું જ્ઞાન થાય તે જ્ઞાન. દાખલા તરીકે, 'આ ગાય છે', 'આ ભેંસ છે', 'આ પુસ્તક છે,' 'આ ઘોડો છે,' એ જ્ઞાન છે. આત્માના જ્ઞાનસ્વભાવ ઉપર મિથ્યાત્વ વગેરેને લઈને કર્મપુદ્ગલોનું જે આવરણ આવે, એના ઉપર જે આચ્છાદન થાય તે જ્ઞાનાવરણ. સૂર્યના પ્રકાશ કે દીવાના પ્રકાશની આડો પડદો ધરવામાં કે કરવામાં આવે તો તે પ્રકાશનું આવરણ કરે. એવા એક, બે, ચાર કે વધારે આંતરા કરતા જઈએ તેમ તેમ સૂર્યનો પ્રકાશ કે દીવાનું તેજ મંદ મંદતર થતું જાય છે. ઘરમાં બેસી બારણાં બંધ કરીએ તો સૂર્યનો પ્રકાશ ઓછો થતો જાય છે. જ્ઞાનને આવરણ કરનાર કર્મોને જ્ઞાનાવરણીય કર્મ કહેવામાં આવે છે. ઉપર કર્મબંધનના હેતુઓમાં મિથ્યાત્વને જણાવ્યું, તેના મેળાપે જીવના વ્યાપારે આકર્ષણ કરેલી કર્મવર્ગણા માંહેનો વિશિષ્ટ પુદ્ગળસમૂહ તે આવરણ. જ્ઞાનનું અર્થાત્ વિશેષ બોધનું આચ્છાદન કરે તે જ્ઞાનાવરણ. જ્ઞાનાવરણ કર્મબંધન મિથ્યાત્વ, અવિરતિ, કષાય કે યોગના કારણે થાય. તે થાય એટલે જ્ઞાનના ઝગઝગતા પ્રકાશ આડે એક, બે, પાંચ, પચાસ, સેંકડો ઝીણા જાડા પડદા નખાતા જાય છે અને તે પડદાને કારણે જ્ઞાનનો પ્રકાશ અંદર હોવા છતાં બહાર પ્રગટ થતો નથી કે ઓછો પ્રગટ થાય છે.

## જ્ઞાન-દર્શનનો તફાવત

જે પૌદ્ગલિક કર્મવર્ગણા ચેતન સાથે લાગે છે તે પૈકી કેટલીક જ્ઞાનાવરણ તરીકે પરિણમે છે. એને પડદા કહેવાથી એનો

ચોક્કસ ખ્યાલ આવે છે. પ્રથમ આપણે જ્ઞાન અને દર્શન વચ્ચેનો તફાવત સમજી લેવા પ્રયત્ન કરીએ. સામાન્ય બોધને દર્શન કહેવામાં આવે છે, વિશેષ બોધને જ્ઞાન કહેવામાં આવે છે. સામે ગાય હોય તો તેના જનાવરપણાનું ગ્રહણ એ દર્શન કહેવાય, જ્યારે તે ગાય છે કે ભેંસ છે એવું તે વિશેષનું ગ્રહણ જ્ઞાન કહેવાય. 'સામે માણસ છે' એવો સામાન્ય બોધ તે દર્શન કહેવાય, 'તે હિંદી છે,' 'દેવચંદ છે' વગેરે વિશેષોનો બોધ તે જ્ઞાન. દર્શન એટલે જાતિની (genusની) સમજણ, જ્યારે જ્ઞાન એટલે એના વિશેષનો (specieનો) ફોડ. આ દર્શન અને જ્ઞાનનો તફાવત બરાબર ધ્યાનમાં રાખવો. પ્રથમ વસ્તુનો સામાન્ય બોધ થાય તે દર્શન. ત્યારબાદ તેના સંબંધમાં વિશેષ માહિતી મળે તે જ્ઞાન કહેવાય. અહીં 'દર્શન' શબ્દનો ઉપયોગ થયો છે તેમાં અને 'જૈન દર્શન' 'વૈશેષિક દર્શન' અથવા 'ન્યાયદર્શન'માં 'દર્શન' શબ્દનો ઉપયોગ થયો છે તેમાં અર્થભેદ છે. અહીં તો દર્શન એટલે સામાન્ય બોધ અને જ્ઞાન એટલે વિશેષ બોધ. વિગતવાર બોધ. સામાન્ય બોધને આવરે તે કર્મ દર્શનાવરણીય કર્મ કહેવાય છે, અને વિશેષ બોધની આડે આવે, તેનું આચ્છાદન કરે તે કર્મ જ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે.

આ જ્ઞાન અને દર્શન આત્માના મૂળ ગુણ હોવાથી તેમને ઓળખવાનો અને તેમનો પરિચય કરવાનો પ્રથમ પ્રયાસ કરીએ. પછી એમનાં આવરણોને ઓળખીશું.

### પ્રત્યક્ષ-પરોક્ષજ્ઞાનનો તફાવત

જ્ઞાન એટલે જાણવું, ઓળખાણ. તેના બે પ્રકાર પડે—એક અન્ય દ્વારા જાણવું તે અને બીજું સીધું આત્માને પોતાને જ્ઞાન થાય તે. આંખ વડે જોવાથી, કાન વડે સાંભળવાથી, નાક વડે સુંઘવાથી, શરીર વડે સ્પર્શ કરવાથી કે જીભ વડે ચાખવાથી જે જ્ઞાન થાય અથવા મન વડે વિચારવાથી જે જ્ઞાન થાય તેમાં ઇંદ્રિય અને મનની દરમિયાનગીરીની જરૂર પડે છે. એટલે એ જ્ઞાનને પરોક્ષ જ્ઞાન કહેવાય

છે. આત્મા પોતે સીધું જાણે, જે જાણવામાં મન કે ઇંદ્રિયોની મારફતની વાત ન હોય તેને પ્રત્યક્ષ જ્ઞાન કહેવાય. अक्ष्णः प्रति प्रत्यक्षम्. અક્ષન્ એટલે આત્મા. એ પોતે સીધું જુએ, દેખે, જાણે તે પ્રત્યક્ષ અને જેમાં આંખ, કાન, નાક, જીભ કે મનની દરમિયાનગીરી હોય તે પરોક્ષ.

આ હકીકત ખાસ ધ્યાનમાં રખવા જેવી છે. આંખે દેખાતી વસ્તુને આ વ્યાખ્યા પ્રમાણે પ્રત્યક્ષ જ્ઞાન ન કહેવાય, પણ પરોક્ષ કહેવાય. જ્ઞાનની વ્યાખ્યામાં અને જ્ઞાનને આત્માનો મૂળ-ગુણ બતાવવામાં જૈન તત્ત્વજ્ઞાનની આ અભિનવતા છે અને એના પર ભારે ચર્ચા ચાલે છે. અન્ય તાર્કિકો 'अक्षन्'નો અર્થ આંખ કરી, આંખે દેખાય તેને પ્રત્યક્ષ જ્ઞાન કહે છે. જૈન તાર્કિકો આત્મપ્રત્યક્ષને પ્રત્યક્ષ કહે છે. આ અર્થવિચારણામાં ઘણું ઊંડાણ અને રહસ્ય છે, તે જ્ઞાનને સમજતાં સ્પષ્ટ થઈ જશે. આપણો અત્ર ચર્ચા ઉપસ્થિત કરવાનો ઉદ્દેશ નથી, પણ વસ્તુ સમજવાનો અને શરૂઆતથી ચોખ-વટ કરવાનો ઉદ્દેશ છે. આ ચોખવટ મગજમાં હશે તો જ્ઞાન–દર્શનને સમજવામાં સરળતા થઈ જશે. આ પરોક્ષ જ્ઞાન જે ઇન્દ્રિય અને મન દ્વારા થાય છે તેને પ્રથમ સમજીએ. જ્ઞાનના પાંચ પ્રકાર નીચે મુજબ છે.

**મતિજ્ઞાન**

આ પરોક્ષજ્ઞાનના બે પ્રકાર છે. મનન કરી ઇન્દ્રિયો દ્વારા કે મન દ્વારા જાણવામાં આવે તેવા જ્ઞાનને મતિજ્ઞાન કહેવામાં આવે છે. એને આભિનિબોધિક જ્ઞાન પણ કહેવામાં આવે છે. આભિ એટલે સન્મુખ, નિ એટલે નિશ્ચિત, એવો બોધ તે આભિ-નિબોધિક જ્ઞાન. આ મતિજ્ઞાનમાં પાંચ ઇન્દ્રિય અને/અથવા મનની અપેક્ષા રહે છે. એ જ્ઞાન મેળવવા માટે પાંચમાંની કોઈ ઇન્દ્રિય અને/અથવા મનની જરૂર પડે છે. સામે પુસ્તક પડ્યું હોય તે કાં તો આંખથી દેખાય અથવા સ્પર્શથી જણાય, એટલે આંખ કે સ્પર્શ દ્વારા ચેતનને 'આ પુસ્તક છે' એવું જ્ઞાન થયું. એટલે આ

મતિજ્ઞાનમાં પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠું મન એ છ પૈકી એક અથવા વધારેની મારફત એ જ્ઞાન થાય છે. મતિજ્ઞાનનો વિષય જાણવાનો છે, દેખવાનો છે, માનવાનો છે. અંતે જ્ઞાન તો આત્માને જ થાય છે. પણ મતિજ્ઞાનમાં વચ્ચે દરમિયાનગીરી રહે છે. મતિજ્ઞાનનો વિષય વર્તમાન હોય છે. એમાં ઇન્દ્રિય અથવા મનની સહાયતા લેવામાં આવે છે. પૂર્વકાળની સ્મૃતિ, ભવિષ્યની ચિંતા અથવા જુદી જુદી નિશાનીઓ દ્વારા થતું જ્ઞાન એ સર્વ મતિજ્ઞાનમાં સમાવેશ પામે છે, અને એ સર્વને માટે 'અભિનિબોધ' શબ્દ યોજવામાં આવ્યો છે. આમાં બુદ્ધિનો, વિચારણાનો, પૂર્વકાળની યાદગીરી કરવાનો અને મન દ્વારા ભવિષ્યના વિચારો, યોજનાઓ, ગોઠવણોનો સમાવેશ થાય છે. મતિજ્ઞાનને આવરણ કરનાર કર્મનો નાશ થતાં મન અથવા ઇન્દ્રિયની સહાયતાથી જે જ્ઞાન થાય તે મતિજ્ઞાન કહેવાય. આત્માને સીધું જ્ઞાન થાય તે પ્રત્યક્ષ અને મન–ઇન્દ્રિયની સહાયતાથી જે જ્ઞાન થાય તે મતિજ્ઞાન કહેવાય. આત્માને સીધું જ્ઞાન થાય તે પ્રત્યક્ષ અને મન કે ઇન્દ્રિયની સહાયની અપેક્ષા રાખનાર જ્ઞાન તે પરોક્ષ. આ મતિજ્ઞાન કેવી રીતે થાય છે તેનો આખો ક્રમ આગળ ઉપર વિચારીશું. આ પ્રથમ પ્રકારનું પરોક્ષજ્ઞાન થયું. હવે પરોક્ષજ્ઞાનનો બીજો પ્રકાર વિચારીએ.

### શ્રુતજ્ઞાન

શબ્દમાં ઉતારી શકાય તેવો દીર્ઘ જ્ઞાનવ્યાપાર શ્રુતજ્ઞાન કહેવાય છે. મતિજ્ઞાનનો વિષય પોતાપૂરતી સમજણનો છે, જ્યારે બીજાને સમજાવી શકાય, જણાવી શકાય તે શ્રુતજ્ઞાન છે. શ્રુતજ્ઞાનમાં બોલવાનો, બીજાને પોતાનો ભાવાર્થ જણાવવાનો અને અક્ષર પર ચઢાવવાનો ભાવ આવે છે. આખું ભાષાશાસ્ત્ર શ્રુતજ્ઞાનનો વિષય બને છે. પુસ્તક દ્વારા લેખન થાય, ભાષણ દ્વારા અન્ય પાસે જે રજૂ કરવામાં આવે તે સર્વ શ્રુતજ્ઞાન છે. આપણે

સામે ઘટ પડચો હોય તેને જોઈએ તે મતિજ્ઞાનનો વિષય છે, પણ તેને 'ઘટ' નામ આપીએ, તેની ઘટ સંજ્ઞા ઠરાવીએ અને તેને ઓળખવા માટે ઘટ શબ્દ વાપરીએ તે શ્રુતજ્ઞાનનો વિષય છે લાંબા જ્ઞાનવ્યાપારમાં પ્રાથમિક અપરિપકવ અંશ હોય તે મતિજ્ઞાન કહેવાય. અને તેનો ઉત્તરવર્તી પરિપકવ અંશ જામે તે શ્રુતજ્ઞાન કહેવાય. ભાષા એ વિચારનું વાહન છે, ભાષા દ્વારા વિચારો બીજાને કહી જણાવી શકાય છે. એ આખું ભાષાશાસ્ત્ર શ્રુતજ્ઞાનનો વિષય છે. ભાષા વગર પણ અપરિપકવ વિચાર શકચ છે. જંગલમાં પશુ વચ્ચે ઉછરેલ તદ્દન જંગલી જેવું બાળક દેખી ખાઈ સુંઘી શકે છે. એનું અપરિપકવ જ્ઞાન તે મતિજ્ઞાન છે. જ્યારે ભાષા દ્વારા 'આ ગાય છે', 'આ ભેંસ છે', 'આ પક્ષી છે' એમ નામનિર્દેશ સાથે પરિપકવ વિચાર, દર્શન કે વાણીવ્યાપાર થાય તે શ્રુતજ્ઞાન છે. આ શ્રુતજ્ઞાન પણ મન કે ઇન્દ્રિયની સહાયતાની અપેક્ષા રાખે છે અને તેથી તેને પણ પરોક્ષજ્ઞાનની કક્ષામાં મૂકવામાં આવે છે. અત્યારના વિજ્ઞાન, અંકગણિત, અક્ષરગણિત, ઈજનેરી એ સર્વ શ્રુતજ્ઞાન છે. મોક્ષના માર્ગમાં એનો ઉપયોગ કેટલો છે એ વળી તદ્દન અલગ વિષય છે. પણ એ વાણીવ્યાપાર શ્રુતજ્ઞાનમાં આવે. પ્રસંગ મળતાં સમ્યગ્જ્ઞાન અને અસમ્યગ્જ્ઞાનની ચર્ચા કરતી વખતે તેના સ્વપરભાવના અને લાભાલાભના વિષય પર ચર્ચા થશે. તે જુદી વાત છે, પણ જ્ઞાન તરીકે એની ગણના પંચજ્ઞાનમાં શ્રુતજ્ઞાનની કક્ષામાં આવે. મતિજ્ઞાન વર્તમાનવિષયક છે, જો કે અનુસંધાનની નજરે તેમાં સ્મૃતિ, સંજ્ઞા, ચિંતા અને અભિનિબોધ પણ આવે છે.

### મતિજ્ઞાન-શ્રુતજ્ઞાનની તુલના

મતિજ્ઞાન પ્રથમ હોય છે અને શ્રુતજ્ઞાન પછી થાય છે; મતિજ્ઞાનને શ્રુતજ્ઞાન દ્વારા અન્યને જણાવી શકાય છે, એટલે એમ પણ લાગે કે મતિજ્ઞાન કારણ છે અને શ્રુતજ્ઞાન કાર્ય છે. વસ્તુતઃ હકીકત તો એ છે કે મતિજ્ઞાનાવરણ કર્મના નાશથી

મતિજ્ઞાન થાય છે અને શ્રુતજ્ઞાનાવરણના નાશથી શ્રુતજ્ઞાન થાય છે. બન્ને પ્રકારના જ્ઞાનમાં ઇન્દ્રિય અથવા મનની મદદની અપેક્ષા રહે છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં સામ્ય ઘણું છે. મતિજ્ઞાન હોય ત્યાં શ્રુતજ્ઞાન હોય પરંતુ મતિજ્ઞાન વગર શ્રુતજ્ઞાન સંભવે નહિ. મતિજ્ઞાનનો સ્વામી જે જીવ હોય તે જ શ્રુતજ્ઞાનનો સ્વામી હોય તેમ જ બન્નેનો સમય પણ સરખો છે, તેમ જ બન્નેનાં કારણ ઇન્દ્રિય કે મન છે, અને બન્નેનો વિષય સર્વ દ્રવ્ય છે, અને બંને જ્ઞાન પરોક્ષ છે. એટલું બધું સામ્ય હોવા છતાં ઉપર જણાવ્યું તેમ બન્નેના લક્ષણમાં ભેદ છે, અને હેતુફળનો પણ ભેદ છે. એટલે બન્ને જ્ઞાનમાં સમાનતા હોવા છતાં બન્ને અલગ છે. મતિજ્ઞાનમાં શબ્દોલ્લેખ હોતો નથી, શ્રુતજ્ઞાનમાં હોય છે. શ્રુતજ્ઞાનમાં 'ચાર પગ, ધાબળી અને શિંગડાવાળા પ્રાણીને 'ગાય' કહેવામાં આવે છે' એ સંકેતનું સ્મરણ થાય છે, જ્યારે મતિજ્ઞાનમાં એના નામઅભિધાનની વિચારણા, ચર્ચા કે નિર્ણય હોતો નથી. ઇન્દ્રિય અથવા મન દ્વારા થતો અપરિપક્વ જ્ઞાનવ્યાપાર મતિજ્ઞાન કહેવાય અને આગળ વધતાં તે સ્પષ્ટ થાય, શબ્દનો આકાર પામે, ચોખવટ ધારણ કરે ત્યારે તે શ્રુતજ્ઞાન થાય. કોઈ પણ જ્ઞાન જેને ભાષામાં ઊતારી શકાય તે શ્રુતજ્ઞાન કહેવાય. જ્યાં સુધી ભાષામાં ઊતારી શકાય તેટલી સ્પષ્ટતાને જ્ઞાન પામ્યું ન હોય ત્યાં સુધી તે મતિજ્ઞાન કહેવાય. મતિજ્ઞાનને છૂટા સૂતરના તાંતણા સાથે સરખાવીએ તો શ્રુતજ્ઞાનની સરખામણી વણેલા કપડા સાથે થાય. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો આ તફાવત બરાબર ધ્યાનમાં રાખવા યોગ્ય છે. આગળ ઉપર આ પરોક્ષ જ્ઞાનના ભેદોપભેદની ચર્ચા થશે ત્યારે આ જ્ઞાનનો પરિચય અને ભેદ તથા કાર્યકારણભાવ વધારે સ્પષ્ટ થશે. બન્ને પરોક્ષજ્ઞાન છે. છતાં અમુક અપેક્ષાએ મતિજ્ઞાનને સાંવ્યવહારિક પ્રત્યક્ષજ્ઞાન કહેવામાં આવે છે, તે બાબતે ન્યાય-તર્કની વિશિષ્ટ ચર્ચા છે. પ્રાથમિક નજરે ચેતનને (જીવને)એ જ્ઞાન તેમ જ શ્રુતજ્ઞાન અન્યની સહાયથી થતું હોવાથી અથવા તેમાં ઇન્દ્રિયો કે મનની દરમિયાનગીરી હોવાને કારણે અને

જૈન પરિભાષામાં અક્ષનનો અર્થ આત્મા થતો હોઈ એ બન્નેને પરોક્ષ જ્ઞાન કહેવામાં આવ્યા છે. ભાષા વગર જ્ઞાનની શકયતા છે કે નહિ એવો વિચાર અને તેના પર ચર્ચા વર્તમાન આંગ્લ નૈયાયિકોએ ઉપસ્થિત કરેલ છે. એનો જૈન પરિભાષામાં જવાબ છે કે મતિજ્ઞાનમાં વસ્તુ જ જણાય છે, પણ તેનો અમુક આકાર હોઈ તેમ જ તેનો અમુક રંગ હોઈ તે 'ઘટ' તરીકે ઓળખાય તે શ્રુતજ્ઞાનનો વિષય છે, વાચ્ય–વાચકસંબંધનું જ્ઞાન શ્રુતજ્ઞાનમાં જરૂરી છે. તેથી મતિજ્ઞાનને ભાષા કે નામ સાથે કે અન્યને જણાવવા સાથે સંબંધ ન હોવાને કારણે ભાષા વગર પણ તે જ્ઞાનની શકયતા જૈનોએ સ્વીકારેલ છે. આ હકીકતની મહત્તા મતિજ્ઞાનના અને શ્રુતજ્ઞાનના ભેદની સ્પષ્ટતા આગળ ઉપર થશે ત્યારે બરાબર ખ્યાલમાં આવશે. સંક્ષેપમાં, મતિજ્ઞાન મૂક છે, જ્યારે શ્રુતજ્ઞાન અન્યને જણાવી સમજાવી શકે છે. મતિજ્ઞાન અવગ્રહની કક્ષામાં હોય ત્યાં સુધી અનક્ષર છે પણ આગળ વધતાં સાક્ષર થાય છે, જ્યારે શ્રુતજ્ઞાન અક્ષરવાળું છે, સાક્ષર છે. આગળ જતાં જ્ઞાનાવરણના ભેદો વિચારતાં આ વાત પર વધારે ચોખવટ કરવામાં આવશે.

### ત્રણ પ્રત્યક્ષજ્ઞાનો

પ્રત્યક્ષજ્ઞાનો ત્રણ છે: અવધિ, મનઃપર્યવ અને કેવળ. હવે તેમનો વિચાર કરીએ.

### અવિધજ્ઞાન

રૂપી દ્રવ્યના વિષયનું આત્માને સાક્ષાત્ જ્ઞાન થાય તે અવધિજ્ઞાન કહેવાય છે. અવધિ એટલે હદ–મર્યાદા, અથવા 'અવ' એટલે નીચું, 'ધિ' એટલે જ્ઞાન, એવું જ્ઞાન તે અવધિજ્ઞાન. અવધિજ્ઞાનની મર્યાદા રૂપી દ્રવ્ય પૂરતી છે, એટલે એમાં સ્થૂળ પદાર્થોનું (વસ્તુઓનું) આત્માને સીધેસીધું જ્ઞાન થાય. એ ભવપ્રત્યય અને ગુણપ્રત્યય એમ બે પ્રકારે છે. સંસારી જીવોના આગળ જતાં ચાર પ્રકાર આવશે. તેમાં નારકો અને દેવોને આ અવધિજ્ઞાન ભવ-

પ્રત્યય છે, એટલે એ ગતિમાં જે કોઈ જીવ ઉપજે તેને આ રૂપી દ્રવ્યની મર્યાદાવાળું અવધિજ્ઞાન થાય છે, જ્યારે બાકીના મનુષ્ય અને તિર્યંચગતિના સંસારી જીવોને આ જ્ઞાન ગુણપ્રત્યય છે એટલે કે તપ કે ધ્યાનની ક્રિયાના સહયોગથી પ્રયત્ન દ્વારા એ જીવોને અવધિજ્ઞાન થાય છે. તીર્થંકરને અને કોઈ કોઈ અન્ય જીવોને અવધિજ્ઞાન જન્મથી હોય તોપણ તે ગુણપ્રત્યય સમજવું. અવધિજ્ઞાનમાં રૂપ ધારણ કરનાર સર્વ પદાર્થોનું ઇન્દ્રિય કે મનની દરમિયાનગીરી વગર જ્ઞાન થાય છે. એની તરતમતાની વિચારણા એના ભેદોપભેદની વિચારણા સાથે આગળ ઉપર થશે. આ મતિ, શ્રુત અને અવધિ જ્યારે મોક્ષનું કારણ બને ત્યારે સમ્યગ્જ્ઞાન કહેવાય છે અને સંસારવૃદ્ધિનું કારણ બને ત્યારે અસમ્યગ્જ્ઞાન કહેવાય છે અને તે વખતે તેને અજ્ઞાન કહેવામાં આવે છે. આવા પ્રકારનો વિપર્યય ત્રણે જ્ઞાનમાં શક્ય છે. અજ્ઞાનમાં જ્ઞાનનો અભાવ નથી, પણ જ્ઞાનનો વિપર્યય છે. મિથ્યાત્વ દશામાં આવા અજ્ઞાનનો સંભવ ઘણો છે. વિપરીત દશા પામે ત્યારે તેને અવધિઅજ્ઞાન કહેવાય છે અથવા વિભંગજ્ઞાન કહેવાય છે.

### મનઃપર્યવજ્ઞાન

પ્રત્યક્ષ જ્ઞાનમાં બીજું અને જ્ઞાનના પ્રકારમાં ચોથું મનઃપર્યવજ્ઞાન આવે. परि એટલે સર્વતઃ अव એટલે જાણવું. મન સંબંધી સર્વ પ્રકારે જ્ઞાન થાય તે મનઃપર્યવજ્ઞાન કહેવાય. મનના વિચારો પણ એક પ્રકારના દ્રવ્યો છે. એ વિચારને સંસ્પર્શ્યા વગર જાણી લેવા તેને મનઃપર્યવજ્ઞાન કહેવાય. મનના વિચારોની પણ આકૃતિ થાય છે. મનોવર્ગણાઓ વિચારનો આકાર ધારણ કરે છે. આ મનઃપર્યવજ્ઞાનથી ચિંતન કરતા મનની આકૃતિ જાણી શકાય છે, પણ ચિંતવન થતી વસ્તુનો આકાર જાણી શકાતો નથી. આ જ્ઞાનનું નામ 'મનઃપર્યાય' પણ કહેવાય છે. આમાં મન દ્વારા જાણવાની વાત નથી, પણ મનને પોતાને જાણવાની વાત છે. મનઃપર્યવજ્ઞાન આત્માને સીધું થાય છે. એ જ્ઞાન માત્ર સંયત મનુ-

વ્યને જ થાય છે. અવધિજ્ઞાન પણ રૂપી દ્રવ્યને જાણે છે અને મનઃપર્યવજ્ઞાન પણ રૂપી દ્રવ્યોને જ જાણે છે, પણ મનઃપર્યવજ્ઞાનની મર્યાદા મનોવર્ગણાના આકારને જાણવા પૂરતી જ હોય છે. કોઈ કોઈ બાબતમાં અવધિજ્ઞાનનું ક્ષેત્ર મનઃપર્યવજ્ઞાન કરતાં પણ વધારે મોટું થઈ જાય છે, પણ સાધારણ રીતે એ જ્ઞાન ઘણું મર્યાદિત પણ હોય છે અને કોઈ કોઈ વખત અજ્ઞાનનું (વિભંગજ્ઞાનનું) રૂપ પણ લે છે. મનઃપર્યાયજ્ઞાનની શુદ્ધિ વિશિષ્ટ અને સમ્યક્ પ્રકારની જ હોય છે. તે કદી વિકૃત કે વિપરીત હોતું નથી.

### કેવળજ્ઞાન

સર્વ દ્રવ્યોને અને સર્વ પર્યાયોને જાણે તેને કેવળજ્ઞાન કહેવામાં આવે છે. એની પ્રવૃત્તિ સર્વ દ્રવ્યોમાં અને સર્વ પર્યાયોમાં થાય, એને ક્ષેત્રની મર્યાદા નથી, એને કાળની મર્યાદા નથી. એ અતીત, અનાગત અને વર્તમાન સર્વ દ્રવ્યોને, સર્વ ગુણોને, સર્વ ભાવોને, સર્વ પર્યાયોને પોતાનો વિષય કરી શકે છે. યથાવસ્થિત ભૂત–ભાવિભાવસ્વભાવભાસિ જ્ઞાનને કેવળજ્ઞાન કહેવામાં આવે છે.

### જ્ઞાનાવરણ-દર્શનાવરણનો ઉપસંહાર

આવા પાંચ પ્રકારના જ્ઞાનનું આવરણ કરે; જ્ઞાનની આડે આવી જ્ઞાનને પ્રકટ થવા ન દે તે કર્મનું નામ જ્ઞાનાવરણીય કર્મ. આ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આત્માના ગુણને અસર કરનાર હોવાથી એને ઘાતીકર્મ કહેવામાં આવે છે. આત્મા પોતે તો સૂર્ય જેવો પ્રકાશવંત છે, ઝળહળતો તેજસ્વી ભાનુ છે, પણ સૂર્યની આડાં વાદળાં આવે અને વાદળાં જેમ તેનો પ્રકાશ ઓછો કરે, તેમ જ્ઞાનાવરણીય કર્મો આત્માના જ્ઞાનરૂપી પ્રકાશને ઓછો કરે છે. સૂર્યની આડે કપડું ધરવામાં આવે, દીવાની આડે કપડું કે કાગળ ધરવામાં આવે અને તે પ્રકાશને ઓછો કરે છે, અટકાવે છે, તેમ જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાન આડાં આવરણ કરે છે, એને આચ્છાદિત કરે છે, એને વધારે ઓછું ઢાંકે છે, છતાં અંદર સૂર્ય ઝગઝગતો છે

એ ધ્યાનમાં રાખવું.

આ જ્ઞાનાવરણીય કર્મનું કાર્ય જ્ઞાનની આડાં આચ્છાદનો ઊભાં કરવાનું છે. એનો સ્વભાવ પટ (આંખના પાટા) જેવો છે. જેના ઉદયથી ચાર પ્રકારની બુદ્ધિ ન ઉપજે તે મતિજ્ઞાનાવરણીય. જેના ઉદયથી ભણાવવું ન આવડે અથવા વાંચવા સાંભળવા ઉપર રુચિ ન થાય તે શ્રુતજ્ઞાનાવરણીય. અને જેના ઉદયથી અવધિ, મનઃપર્યાય કે સંપૂર્ણ જ્ઞાન ન થાય તે અનુક્રમે અવધિજ્ઞાનાવરણીય મનઃપર્યવજ્ઞાનાવરણીય અને કેવળજ્ઞાનાવરણીય. આ કર્મ જીવના અનંત જ્ઞાન ગુણની આડે આવે છે. આ પાંચે જ્ઞાનની વિગતવાર વિચારણા આગળ ઉપર કરીશું. હવે બાકીના કર્મોની પ્રકૃતિનો ખ્યાલ લક્ષમાં લઈએ.

સાકાર ઉપયોગને જ્ઞાન કહેવાય, નિરાકાર ઉપયોગને દર્શન કહેવાય. નામે દેવચંદ, જાતે વણિક, ગુણે કાળો, પરિણામે દીર્ઘ, સંખ્યાએ એક એમ પ્રત્યેક વ્યક્તિ માટે કે વસ્તુ માટે વિશેષ ઓળખાણ થાય તે જ્ઞાન અને માત્ર એક માણસ છે એટલો વિગત વગરનો સામાન્ય બોધ થાય તે દર્શન. આવા પ્રકારનું દર્શન કરવું તે પણ જીવનો મૂળગુણ છે. સાધારણ રીતે દર્શનનો સામાન્ય બોધ પ્રથમ થાય છે, વિશેષ વિગતવાર બોધ પછી થાય છે. સંપૂર્ણ જ્ઞાનીને જ્ઞાનાવબોધ તો હોય જ છે. બીજે સમયે દર્શનાવબોધ થાય છે. આ દર્શનને જે કર્મ આડશ કરે, એની આડો પડદો કરે, તે કર્મને દર્શનાવરણીય કર્મ કહેવામાં આવે છે. જ્ઞાનાવરણીય કર્મ વિશેષ બોધ અટકાવે છે અને આ દર્શનાવરણીય કર્મ સામાન્ય બોધ અટકાવે છે.

દર્શનાવરણીય કર્મની પ્રકૃતિ આત્માના મૂળગુણ દર્શનને રોકવાની છે, એની આડું આચ્છાદન કરવાની છે, એનો સ્વભાવ પ્રતિહાર–વેત્રી સમાન છે. કોઈ ઓફિસમાં સાહેબને મળવા જવું હોય તો બહાર ઊભેલ વેત્રી (ડોરકીપર) તમારો સંદેશો અંદર પહોંચાડે નહિ, તમારું કાર્ડ સાહેબને બતાવે નહિ કે રાજા પાસે કે

અમલદાર પાસે તમારા આગમનને રજૂ કરે નહિ, તમને મળવા દે નહિ તેમ પ્રતિહારસ્વભાવવાળું દર્શનાવરણીય કર્મ સામાન્ય દર્શનના જીવના સ્વભાવની આડે આવે. આ દર્શનાવરણીય કર્મ પણ ઘાતીકર્મ છે. દર્શનને અટકાવનાર નિદ્રાનો અને તેના પ્રકારનો પરિચય પણ હવે પછી કરીશું. હાલ કર્મપ્રકૃતિને ઓળખવાની વાત પ્રસ્તુત છે. જ્ઞાનની આડે આવનાર અને તેના પર આચ્છાદન કરનાર કર્મવર્ગણાને આપણે જ્ઞાનાવરણીય કર્મ તરીકે ઓળખી અને સામાન્ય પરિચયને અટકાવનાર કર્મવર્ગણાને આપણે દર્શનાવરણ કર્મ તરીકે વિચારી. બાકીના કર્મોની પ્રકૃતિનો હવે સામાન્ય ખ્યાલ કરીએ.

**વેદનીય**

જે કર્મના ઉદય વખતે સુખદુઃખનો અનુભવ થાય તે વેદનીય કર્મ. વ્યવહારદૃષ્ટિએ જેને સુખ કે દુઃખ માનવામાં આવે છે તેવાં સુખ કે દુઃખનો અનુભવ આ વેદનીય કર્મ કરાવે છે. એનો સ્વભાવ મધથી લેપેલ તરવારની ધાર જેવો છે (મધુલિપ્તખડ્ગધારાસમ). શાતાસુખની સરખામણી મધ સાથે કરાય. તરવારની ધાર પર લાગેલ મધ ચાટતાં ગળ્યું લાગે, પણ જીભ કપાઈ જાય. તેવી જ રીતે માનેલાં પૌદ્ગલિક સુખો ભોગવતાં મીઠાં લાગે પણ પરિણામે એ જીવને કપાવે તેવાં, રડાવે તેવાં અને ભારે ખેદ ઉપજાવે તેવાં હોય છે. અને એવું સુખ ન મળે ત્યારે મળ્યું નથી એનાં ખેદકકળાટ કે વિરહનાં દુઃખ થાય તે તો જીભ કપાવા જેવું જ છે. આ વેદનીય કર્મમાં સ્થૂળ સુખ કે દુઃખનો સમાવેશ થાય. આ વેદનીય કર્મ આત્માનો અવ્યાબાધ ગુણ અટકાવે છે. જીવ પોતે તો કોઈ પણ પ્રકારની બાધા પીડા વગરનો છે. એની મૂળ દશામાં એને સુખ કે દુઃખ કાંઈ થતું નથી, એ બાધા પીડા વગર નિત્ય નિજાનંદમાં વર્તતો હોય છે. એને સારોનરસો અનુભવ કરાવનાર આ વેદનીય કર્મ છે. એની આ અવ્યાબાધ સ્થિતિની આડે વેદનીય કર્મ આવે છે. વેદનીય કર્મ અઘાતી કર્મ છે.

*મોહનીય*

સંસારની રખડપટ્ટીમાં સર્વથી વધારે આકરું કામ કરનાર અને જીવને ચકડોળે ચડાવનાર આ ચોથું મોહનીય કર્મ છે. આ કર્મ સર્વ કર્મમાં રાજા ગણાય છે. એ અંદર રહીને કામ કરે છે, અને એના આવિર્ભાવો બહુ ચિત્રવિચિત્ર અને સમજવા યોગ્ય હોય છે. આ મોહનીય કર્મને મદિરા સાથે સરખાવવામાં આવ્યું છે. જેમ દારૂ પીધેલ માણસ પડે, આખડે, ન સમજાય તેવાં કામ કરે, પોતાની જાત પરનો કુલ કાબૂ ખોઈ બેસે અને ઢંગધડા વગરનું વર્તન કરે તેમ મોહનીય કર્મની અસર તળે પ્રાણી તદ્દન પરાધીન બની જાય, અનેક જાતનાં નાચો નાચે, ચેડાં કાઢે, ગાંડા જેવો જોઈ જાય અને રખડપાટી કરવામાં મોજ માણે. પ્રાણી આ કર્મની અસર તળે એટલો પરવશ બની જાય છે કે પછી એને પોતાનું હિત ક્યાં છે અને શું છે તેનો વિવેક પણ રહેતો નથી. એ કર્મની અસર તળે એ એવાં તુચ્છ, ઘેલાં અને અનુચિત કાર્યો કરે છે, એવું વર્તન ચલાવે છે અને એવાં સંભાષણો કરે છે કે એના પ્રત્યેક કાર્યની પાછળ વિવેકવિચાર, લાંબી નજર કે સાચા સુખનો ખ્યાલ જ દેખાતો નથી. ઇન્દ્રિયનાં સુખો અને ખોટાં ચેનચાળા, અભિમાન અને દંભ, સંગ્રહવૃત્તિ અને આક્રોશ, ભય અને શોક, હાસ્ય અને વિનોદ વગેરે અનેક પ્રકારના મનોવિકારો (passions) આ મોહનીય નામના કર્મનાં અનેકવિધ પરિણામો અને આવિષ્કારો છે. ત્રીજું વેદનીય કર્મ સ્થૂળ સુખદુઃખ પર અસર કરનાર નીવડે છે ત્યારે મોહનીય આખી આંતરસૃષ્ટિને રોકે છે. મનના અનેક વિધ તરંગો અને પલટાઓ, અસ્થિરતાઓ અને આવેશો એ સર્વ આ મોહનીય કર્મના વિપાકો છે. સ્ત્રીપુરુષનાં સંબંધ અને જાતીય આકર્ષણનું કારણ આ મોહનીય કર્મ છે. પરદારાગમન, વેશ્યાગમન, બળાત્કાર અને પ્રેમનાં કૌભાંડો વગેરે આ મોહનીય કર્મના જુદા જુદા ફાંટાઓ છે. જીવને આ સંસાર તરફ ખેંચી રાખનાર, જીવને પૌદ્ગલિક દશા સાથે એક-

મેક કરી દેનાર, જીવને પોતાની જાતને તદ્દન વીસરાવી દેનાર અને પરભાવને સ્વભાવ જેવો બનાવી દેનાર આ મોહનીય કર્મને બરાબર ઓળખવા જેવું છે.

**દર્શનમોહનીય**

એને બરાબર ઓળખવા માટે એના પ્રથમ બે વિભાગ પાડવામાં આવ્યા છે: દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય. સ્પષ્ટતા કરવાની અહીં જરૂર છે કે 'દર્શન' શબ્દ જે અર્થમાં ઉપર જ્ઞાન–દર્શનને આત્માના ગુણ તરીકે ઓળખાવ્યા તે પ્રસંગે વપરાયેલ હતો તેનાથી જુદા અર્થમાં આ દર્શનમોહનીય કર્મને અંગે વપરાયેલ છે. 'દર્શન' શબ્દના ઘણા અર્થો છે તે અહીં ધ્યાનમાં રાખવું. 'દર્શન' શબ્દ જ્ઞાન-દર્શન એમ જ્ઞાન સાથે વપરાય ત્યારે સામાન્યનું દેખવું એવો અર્થ થાય છે. 'દર્શન' શબ્દ 'નૈયાયિક' 'સાંખ્ય' 'જૈન' વગેરે શબ્દો સાથે વપરાય ત્યારે તેનો અર્થ માન્યતાની પદ્ધતિ, આચાર અને આત્માના વિશેની ચિંતનપ્રણાલી એવો થાય છે. દર્શનમોહનીયમાં 'દર્શન' શબ્દ 'સદ્દહણા (શ્રદ્ધાન) અર્થાત્ રુચિ'ના અર્થમાં વપરાયો છે. કઈ જગ્યાએ એ શબ્દ કયા અર્થમાં વપરાયો છે તે સંબંધ પરથી શોધવાનું રહે છે. એ સિવાય 'ભાઈ સાહેબ! આપના તો હાલમાં દર્શન જ થતાં નથી' એવા કથનમાં દર્શન એટલે 'મેળાપ'નો અર્થ સમજાય. આવા અનેક અર્થમાં દર્શન શબ્દ વપરાય છે.

અહીં દર્શનમોહનીયમાં સદ્દહણા–ધર્મરુચિ એવા અર્થમાં 'દર્શન' શબ્દ વપરાયો છે. જેમ માણસને તાવ આવ્યો હોય અને પથ્ય રુચે નહિ, ભાવે નહિ તેમ ઉપર જણાવેલા મિથ્યાત્વના જોરથી શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ કે શુદ્ધ ધર્મ તરફ રુચિ ન થાય અને સંસારી વિષયી વ્યવહારુ દેવ તરફ કે ખાવતપીવતમાં મોક્ષ માનનાર ગુરુ તરફ અથવા પુદ્ગળાનંદ ભોગ–ઉપભોગમાં રસ આપનાર ધર્મ તરફ રુચિ થાય—આવું જે કર્મને કારણે થાય તે કર્મને દર્શનમોહનીય કહેવામાં આવે છે.

વસ્તુ જેવા પ્રકારની હોય તેવી જ અભ્યાસ કે વિશ્વાસપૂર્વક જાણવી તેને દર્શન કહેવામાં આવે છે. આવું પરિપૂર્ણ શુદ્ધ દર્શન ન થવા દે તે દર્શનમોહ, તેનાં કારણોમાં સંદેહ, વિપર્યય (ઊલટો નિર્ણય), મૂઢતા વગેરે હોય છે. સાચું જાણવાનો પ્રસંગ હોય છતાં ઊલટું જાણવું તે વિપર્યય છે, જાણવાની દરકાર ન કરવી તે મૂઢતા છે, શોધક બુદ્ધિથી નહિ પણ ડહાપણ બતાવવા કે વાદવિવાદ–વિતંડા કરવા કુશંકા ઉપાડવી તે સંદેહ. દર્શનમોહ આવા આવા અનેક આકારો ધારણ કરે છે. આવા મિથ્યાત્વના દળ કેટલીક વાર વિશુદ્ધ હોય છે, કેટલીક વાર અર્ધવિશુદ્ધ હોય છે અને ઘણીખરીવાર અશુદ્ધ હોય છે. સર્વ અજ્ઞાન પર વિજય ન થયો હોય ત્યાં સુધી સંપૂર્ણ શુદ્ધ અંશ ગ્રહણ ન થઈ શકે. જ્યાં દર્શનમોહનીય કર્મવર્ગણાના શુદ્ધ દળિયાં જ હોય તે સમ્યક્ત્વ મોહનીય કર્મવર્ગણા સમજવી. અહીં દર્શનમોહના દળોનો રસ બહુ અલ્પ હોય છે. અર્ધવિશુદ્ધ મિશ્રમોહનીયમાં અરધો રસ્તો ઠીક, બાકી અવ્યવસ્થા હોય છે. મિથ્યાત્વમોહનીયના અશુદ્ધ દળમાં તો ઊલટી બુદ્ધિ હોય છે. મિશ્રમાં તત્ત્વરુચિ પણ નહિ અને અરુચિ પણ નહિ, જ્યારે મિથ્યાત્વમાં તો સાચું હોય તે ખોટું જણાય, સફેદ હોય તે લાલ જણાય.

આ તત્ત્વરુચિ અને દર્શનમોહનીયને જરા વિગતથી સમજી લઈએ. વિશુદ્ધ ધર્મને ઓળખવા માટે એનાં તત્ત્વો જાણવા જોઈએ અને જાણીને તે પર રુચિ થવી જોઈએ. જેટલે અંશે એ રુચિ થાય તેટલે અંશે દર્શનમોહ ઓછો થતો જાય છે. પ્રથમ તત્ત્વનો પરિચય કરીએ.

નવતત્ત્વો

પાંચ ઇન્દ્રિય, મન, વચન, કાયા એ ત્રણ તેમ જ શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય એ દશ પ્રાણ ધારણ કરે તે સંસારી જીવ અને કેવળ ઉપયોગરૂપ ભાવપ્રાણ ધારણ કરે તે મુક્ત જીવ. લોકાકાશના પ્રદેશ પ્રમાણવાળો, જ્ઞાન દર્શન સ્વભાવવાળો, દ્રવ્યાર્થિક

નયની દૃષ્ટિએ જોતાં નિત્ય, પર્યાયની નજરે જોતાં અનિત્ય, વ્યવહાર-નયે કર્મનો કર્તા-ભોક્તા અને નિશ્ચયનયે શુદ્ધ ચિત્પર્યાયનો કર્તા, નિજસ્વરૂપનો ભોક્તા, જાતે અરૂપી, છદ્મસ્થ જીવ તે ચેષ્ટાગમ્ય અને ચેતનાવંત આવા જીવને જીવ તરીકે ઓળખવો, એના શુદ્ધ સ્વરૂપને જાણવું, એની કર્માવૃત સ્થિતિને લઈને એ સંસારમાં રખડે છે એની પિછાન કરવી અને એનો કર્મથી સર્વથા વિયોગ કરાવી શકાય છે, કર્મ જાતે અજીવ છે અને આત્મા સંસારમાં હોય ત્યાં સુધી શરીરપ્રમાણ છે—આને જીવતત્ત્વ કહેવામાં આવે છે.

જીવ અને અજીવને ઉપભોગ્ય, ચેતનારહિત, ગતિ કરાવનાર, સ્થિતિ કરાવનાર, અને અવકાશ આપવા સમર્થને અજીવતત્ત્વ કહેવામાં આવે છે. ધર્માસ્તિકાયનો ગતિસહાયક સ્વભાવ છે, અધર્માસ્તિકાયનો સ્થિરતાસહાયક સ્વભાવ છે. આકાશનો અવકાશ આપવાનો સ્વભાવ છે. પુદ્ગળ એટલે Matter છે. અને કાળની અંદર જીવ-અજીવની વર્તના થાય છે. ચૈતન્યરહિત એ પદાર્થને અજીવતત્ત્વ કહેવામાં આવે છે. કર્મ પૌદ્ગલિક વર્ગણા છે, આત્મા સાથે લાગેલ છે, તેનો ઉદયકાળ પ્રાપ્ત થાય ત્યારે જે સુખનો-તંદુરસ્તીનો અનુભવ કરાવે તે પુણ્યતત્ત્વ. પુણ્ય અને પાપને અલગ તત્ત્વો ન ગણતાં બંધમાં જ તેમનો સમાવેશ માનીએ તો પણ વાંધો ન આવે. એટલે કોઈ સાત તત્ત્વ ગણે તો તે પણ સમીચીન છે. અને એ સર્વ કર્મનો સંબંધ જીવ સાથે થાય છે અને કર્મ પોતે અજીવ છે એટલે માત્ર જીવ અને અજીવ એ પ્રમાણે બે જ તત્ત્વ ગણવામાં આવે તો તે પણ અપેક્ષાએ યથાર્થ છે. બંધ-તત્ત્વમાં પુણ્ય અને પાપનો સમાવેશ કરી શકાય, કારણ કે જેનો બંધ થાય તેનો ઉદય થાય અને પુણ્ય-પાપ ઉદયને બતાવે છે. જેના ઉદયથી દુઃખનો અનુભવ થાય, જેમાં પીડા, ઉપાધિ, રખડ-પાટ, ત્રાસ, હેરાનગતિ થાય તે પાપતત્ત્વ, આ પાપતત્ત્વનો સમાવેશ ઉપર જણાવ્યું તેમ બંધતત્ત્વ(ચોથું)માં થઈ શકે છે. પુણ્ય-પાપનો દ્રવ્યની નજરે ઉપરનો અર્થ બરાબર છે; બાકી ભાવ-

પુણ્યમાં દાન–ત્યાગભાવ, દયાળુતા, સરાગ સંયમ આવે અને ભાવ-પાપમાં જીવના મલિન પરિણામ આવે. આ પુણ્ય અને પાપ તત્ત્વમાં બાંધેલાં કર્મોના વિપાક અથવા ભોગવટો આવે.

કર્મદળોને આવવાના માર્ગોને આસ્રવતત્ત્વ કહેવામાં આવે છે. તળાવમાં પાણી લાવવા માટે નળો મૂકયાં હોય છે અથવા ગરનાળું કે નીક કરેલ હોય છે, તે પ્રમાણે જે માર્ગે આત્મામાં કર્મો આવે તેને આસ્રવ કહેવામાં આવે છે. ઉપર મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ બતાવ્યા તે સર્વ આસ્રવ છે અને તે ઉપરાંત આરંભ–સમારંભને અંગે જે ક્રિયાઓ કરવામાં આવે તે પણ આસ્રવો છે.

નવીન કર્મ આવતાં જે માર્ગોથી રોકાય તેને સંવરતત્ત્વ કહે છે. ભાવના ભાવીને, યતિધર્મ પાળીને, પરિષહ સહન કરીને, ચારિત્ર પાળીને આવતાં કર્મોને અટકાવવા તે સંવરતત્ત્વ. તળાવ-માં ગરનાળાં હોય તેના દ્વાર બંધ કરી દેવા તે સંવર. જેટલે અંશે ચેતન પોતાના ઉપયોગમાં વર્તે તેટલે અંશે સંવર થાય, તેટલો વખત નવીન કર્મો લાગતાં બંધ થાય છે. નિરુપાધિકપણું તે ખરો સંવર. તેનાં સાધનોમાં સમિતિ, ગુપ્તિ, યતિધર્મ, વ્રતો અને ચારિત્ર-ભાવનાનો સમાવેશ થાય છે.

આત્મા સાથે લાગેલાં કર્મોને નીરસ કરવા તે નિર્જરાતત્ત્વ. સંવરતત્ત્વમાં આવતાં કર્મને અટકાવવાની વાત થઈ, પૂર્વકાળમાં લાગેલાં કર્મોને ખપાવી દેવાં અથવા ઓછા રસવાળાં કરવાં તે નિર્જરા. ઇચ્છાએ સહન કરવાથી કે ત્યાગ કરવાથી કર્મ ખપે, ખરે કે ખલાસ થઈ જાય તે ઐચ્છિક (સકામ) નિર્જરા કહેવાય. અને ઇચ્છા વગર જનાવર પેઠે કષ્ટ સહન કરી હળવા થવાનું બને તે અકામનિર્જરા. તપ, સંયમ, સંવરભાવના અને શુદ્ધ ઉપયોગ તે ખરી ભાવનિર્જરા.

કર્મનો આત્મા સાથે સંબંધ થાય તે બંધતત્ત્વ. કર્મના બંધ વખતે જણાવેલ પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ નક્કી થઈ જાય છે. એ ચારે બાબતોનો—કર્મબંધના પ્રકારનો—અત્ર બંધતત્ત્વમાં

સમાવેશ થાય છે. આમાં રસનું નિર્માણ કષાયો કરે છે. આ બંધના હેતુ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ છે; તેની વિગત ઉપર આવી ગઈ છે. (જુઓ પૃ. ૩૩–૩૮). સર્વ કર્મનું મૂકાવું તે મોક્ષ. સમર્થ શુદ્ધ આત્મભાવનો—પરમાત્મભાવનો અનુભવ તે ભાવમોક્ષ.

આ નવ તત્ત્વમાં જીવ અને અજીવતત્ત્વ જાણવા યોગ્ય (જ્ઞેય) છે. પુણ્ય, સંવર, નિર્જરા અને મોક્ષ એ ગ્રહણ કરવા યોગ્ય (ઉપાદેય) છે અને પાપ, આસ્રવ અને બંધ એ ત્રણ તત્ત્વો ત્યાગ કરવા યોગ્ય (હેય) છે. પુણ્યને ગ્રહણ કરવા યોગ્ય વ્યવહારની નજરે જાણવું, કારણ કે આખરે તો તે પણ સોનાની બેડી છે અને વિશિષ્ટ નજરે ત્યાગ કરવા યોગ્ય છે.

આ નવતત્ત્વનો બધો સામાન્ય ખ્યાલ આપ્યો, બાકી નવતત્ત્વમાં આખા જૈન શાસ્ત્રનો સમાવેશ થાય છે. એમાં આખો સૃષ્ટિકર્તૃત્વવાદ, જીવનો ઉત્ક્રાંતિ–અપક્રાંતિવાદ, પરભવનું સ્વરૂપ, કર્મનો સિદ્ધાંત, ચેતનના દ્રવ્ય–ગુણ–પર્યાય–વર્તના, પુદ્ગળના ધર્મો, એવા એવા અનેક પ્રશ્નોની વિચારણા આવે. નવતત્ત્વોમાં સદ્દહણા થાય, એમને જાણવાની રુચિ થાય, એમનો બોધ થાય, એ જાણવું ગમે, તેને સમ્યક્ત્વ કહેવામાં આવે છે. આ સમ્યક્ત્વનો આખો વિષય અલગ સમજવા યોગ્ય છે. આ તત્ત્વોનો બોધ થાય, એમના નયનિક્ષેપો જણાય, પરસ્પર સાપેક્ષભાવ સમજાય, અનંતધર્માત્મક વસ્તુની પિછાણ થાય અને એના તરફ સદ્દહણા થાય તે સમ્યક્ત્વ. આવા પ્રકારનું સમ્યક્ત્વ ન થાય ત્યાં સુધી પ્રાણી જે ઘોર અજ્ઞાનમાં વર્તતો હોય છે, સમજણ વગર ગતાનુગતિક ભાવે ચલાવ્યા કરતો હોય છે, તે મિથ્યાત્વ. આવી અજ્ઞાન દશામાં અથવા ઊંધે માર્ગે ઊતરી ગયેલ વિપરીત દશામાં જે વિરૂપ આત્મદર્શન થાય અથવા ઊલટું દર્શન થાય તે દર્શનમોહનીય.

### દર્શનમોહનીયના ત્રણ પ્રકાર

એના ત્રણ વિભાગ પાડવામાં આવ્યા છે : અશુદ્ધ, મિશ્ર અને શુદ્ધ. અશુદ્ધ દર્શનમોહનીયમાં સાચી સદ્દહણા થાય નહિ, શંકા-કુશંકા થાય, ખોટો અભિનિવેશ થઈ જાય, પોતાને સાચી વાત સૂઝે છતાં સાચે માર્ગે આવવાનું બને નહિ, ગતાનુગતિક રીતે, ખોટે માર્ગે ચાલ્યા કરવાનું થાય. આ સર્વને અશુદ્ધ દર્શનમોહનીય સમજવું. મિશ્ર મોહનીયમાં શુદ્ધ દર્શન તરફ રુચિ પણ ન થાય અને અરુચિ પણ ન થાય. એ મિશ્ર દશામાં અજ્ઞાનનો સમાવેશ થતો નથી, પણ શુદ્ધ દશામાંથી પાત થતાં થોડો વખત વચગાળેની જે દશા થાય છે તેને જ મિશ્ર મોહનીય ગણવામાં આવે છે. મિશ્ર દશાનો કાળ તો ઘણો અલ્પ હોય છે. મિશ્રમાંથી કાં તો શુદ્ધ દશામાં અવાય અથવા અશુદ્ધ દશામાં ચાલ્યા જવાય.

શુદ્ધ દર્શનમોહનીયમાં પ્રાણી સુરુચિ કરે તો પણ તેનામાં અનેક પ્રકારે મિથ્યાત્વના અંશ રહી જાય. પ્રાણી યથાપ્રવૃત્તિકરણ કરે ત્યારબાદ એ સાચે માર્ગે આવી જાય, પણ તો પણ એનામાં વિષયરુચિ, કષાયપ્રવૃત્તિ, અને યોગની અશુદ્ધિ ઓછીવધતી રહે છે અને જેમ જેમ એનામાં શુદ્ધિ થતી જાય તેમ તેમ એનો દર્શનમોહનીયનો શુદ્ધ પુંજ પણ ઓછો થતો જાય છે, પણ એનો સર્વથા નાશ તો બહુ આગળ વધ્યા પછી થાય છે. આગળ જતાં બીજાં બે કરણ અને ગુણસ્થાનકનાં પગથિયાં પ્રાપ્ત થશે ત્યારે આ શુદ્ધપુંજનું સ્થાન બરાબર સમજાશે. અહીં એટલું ધ્યાનમાં રાખવાની જરૂર છે કે જેમ જેમ તત્ત્વસદ્દહણા થાય તેમ તેમ દર્શન-મોહનીયનો છેડો આવતો જાય છે. એનો પાકો છેડો તો બહુ આગળ જતાં આવે છે અને એને માટે સમ્યક્ત્વની શુદ્ધિની જરૂર છે. આ બાબત પર આગળ ઘણી વિચારણા થશે. મિથ્યાત્વનો અર્થ જ એ છે કે જીવ પદાર્થને તેના ઊલટા આકારમાં સદ્દહે એ, અથવા તેને સાચા આકારમાં ઓળખે નહિ એ. માણસ દારૂ પીએ કે ધતુરો ખાય અને પછી સોનાને કથીર જાણે કે ગટરમાં

પડે એમ મિથ્યાત્વના જોરથી પ્રાણી સાધુને અસાધુ માને, અસાધુને સાધુ માને, આત્મધર્મને અધર્મ માને અને બાહ્ય ધર્મ સ્નાન વગેરેને ધર્મ માને, અજીવને જીવ માને અને જીવને અજીવ માને, ગતાનુગતિક ઉન્માર્ગને માર્ગ માને અને સાચા મોક્ષમાર્ગને ઉન્માર્ગ ગણે અને એ જ પ્રમાણે રાગદ્વેષથી મુક્તને ઓળખે નહિ અને સંસારમાં રખડનાર રાગદ્વેષથી ભરેલાને પોતાનો આદર્શ માને. આવા મિથ્યાત્વની અનેક પ્રકારની તરતમતા હોય છે. તેનું વિશેષ જ્ઞાન કરી, તેને ઓળખી, તે પ્રમાણે તેનો ત્યાગ કરવો, પોતાનું જીવન ક્રમસર પ્રાપ્ત કરવું. એની ઝીણવટ ખૂબ વિચારણા માગે છે. દર્શનમોહનીયને બરાબર ઓળખવું એ જૈન ધર્મના જ્ઞાનની ચાવી છે. અને એના ત્રણ પુંજોને જાણવા, એનાં ત્રણ કરણોના સ્થાનને ઓળખવાં અને સમ્યક્ત્વનો આખો વિષય જાણવો અને સદ્દહવો એમાં આખા પ્રગતિસ્વરૂપનો ખ્યાલ આવી જાય તેમ છે. યથાસ્થાને આ વિષય પર વિવેચન–વિચારણા થશે.

### ચારિત્રમોહનીય

દર્શનમોહનીયમાં સદ્દહણા–સ્વીકારના અંશો હોય છે, જ્યારે ચારિત્રમોહનીયમાં વર્તનની હકીકત હોય છે. અહિતકર આચરણની પ્રવૃત્તિના હેતુભૂત માનસિક વિકારો અને હિતાચરણના રોધક મનોવિકારો તથા સ્પર્શેન્દ્રિને માર્ગ આપનાર વેદોદયનો આ ચારિત્રમોહનીયમાં સમાવેશ થાય છે. તેમાં કષાયો, નોકષાયો અને વેદો ખાસ ભાગ ભજવે છે.

### કષાયો

'કષાય' શબ્દ પારિભાષિક છે પણ ખાસ સમજીને ધ્યાનમાં રાખવા જેવો છે. 'કષાય' શબ્દની વ્યાખ્યા કરતાં એક વિદ્વાને જણાવ્યું છે કે कष એટલે સંસાર, તેનો आय એટલે લાભ જેનાથી થાય તે કષાય. સંસાર સાથે ચોંટી જવામાં, સંસાર સાથે એકતા કરવામાં અને આત્મધર્મથી દૂર રહેવામાં કષાયો ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. ઉપર કર્મબંધનને અંગે રસબંધ (પૃ. ૩૯) કહે-

વામાં આવ્યો, તે રસબંધનો મોટો આધાર કષાયો પર રહે છે. કષાયોની તરતમતા પર કર્મની ચીકાશનો આધાર રહે છે. એટલે કષાયોને બરાબર જાણવા જોઈએ.

આ કષાયો ક્રોધ, માન, માયા અને લોભ એમ ચાર છે. ક્રોધ એટલે આક્રોશ, તર્જના, ઘાતના, ગુસ્સો, કોપ.

માન એટલે ગર્વ, અભિમાન, વડાઈ, ચિત્તની સમુન્નતિ, ભારેપણું, મગરૂબી (pride) અને ઠઠારો, ડેંડાર, પડારો (vanity).

માયા એટલે દંભ, ગોટાળા, બાહ્ય દેખાવ, કપટ, દગો, જાદુઈ રચના.

લોભ એટલે તૃષ્ણા, પરિગ્રહવૃત્તિ, માલિકી સ્થાપવાની ઈહા, પોતાપણાનો અધિકાર, સ્વામીત્વ સ્થાપન, પરવસ્તુમાં આસક્તિ, અપ્રાપ્ત વસ્તુ પ્રાપ્ત કરવાની ઉત્કટ ઈચ્છા.

આ ચારે કષાયો ભારે આકરા છે, સંસારમાં રખડાવનાર છે, સંસાર સાથે એકતા કરાવનાર છે અને સંસારમાં ચોંટાડી રાખનાર છે. એમની તરતમતા પ્રમાણે એ પ્રત્યેકના ચાર ચાર વિભાગ પાડવામાં આવ્યા છે. એટલે ચાર કષાયના સોળ વિભાગ થાય. જે કષાય મરતાં સુધી ચાલુ રહે તેને અનંતાનુબંધી કહેવામાં આવે છે. દા. ત. એકવાર કોઈ ઉપર ક્રોધ થયો, વૈર બંધાયું પછી જીવ જાય ત્યાં સુધી તેના તરફ દ્વેષ ચાલુ રહે અને તેમાં વૈર વધતું જ જાય તે અનંતાનુબંધી ક્રોધ. એ જ પ્રમાણે માન, માયા અને લોભનું સમજવું. જે કષાયની મુદ્દત એક વર્ષ રહે તેને અપ્રત્યાખ્યાનીય કહેવામાં આવે છે. જેની મુદ્દત ચાર માસ રહે તેને પ્રત્યાખ્યાનીય કહેવામાં આવે છે. અને જેનો સમયકાળ પંદર દિવસ સુધી રહે તેને સંજ્વલન કષાય કહેવામાં આવે છે. આ મુદ્દત તેની તરતમતા સમજવા માટે દર્શાવવામાં આવી છે, બાકી અંદરખાનેથી એના ધમધમાટ પર એનો વર્ગ મુકરર થઈ શકે. કોઈ વાર મુદ્દત લાંબી હોય છતાં વર્ગ નીચેનો પણ હોય,

જેમ કે બાહુબલિ(આદિનાથના પુત્ર)ને એક વર્ષ માન રહ્યું પણ તે અપ્રત્યાખ્યાનીય વર્ગનું ન હતું, પણ સંજ્વલન કોટિનું હતું, પણ એકંદરે સામાન્ય રીતે સમજવા માટે આ મુદત બહુ ઉપયોગી છે. આવી રીતે ચાર કષાયના સોળ વિભાગ થાય એટલે અનંતાનુબંધી અનંતાનુબંધી માન, ક્રોધ, અનંતાનુબંધી માયા અને અનંતાનુબંધી લોભ; એ પ્રમાણે ચાર અપ્રત્યાખ્યાનીય ક્રોધ, માન, માયા, લોભ, પ્રત્યાખ્યાનીય ક્રોધ, માન, માયા, લોભ અને સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ. એ સોળ કષાયો ચારિત્રમોહનીયનો વિભાગ છે, એ પૌદ્ગલિક પ્રવૃત્તિ કરાવે છે અને આત્મધર્મ અને હિતાચરણની આડે આવે છે.

**નવ નોકષાયો**

ચારિત્રમોહનીયમાં નવ નોકષાય આવે છે. કષાયને ઉત્પન્ન થવાનાં કારણો આપે તેને નોકષાય કહેવામાં આવે છે. એમાં પ્રથમ હાસ્યાદિ ષટ્ક (છનો સમુદાય) આવે છે અને ત્યારબાદ ત્રણ વેદ આવે છે. આ નવે મનોવિકારો છે. એની વિગત કર્મપ્રકૃતિની ગણનામાં આગળ ઉપર આપવામાં આવશે ત્યારે એનો વિશેષ પરિચય થશે. આખા માનસિક ક્ષેત્રમાં આ નોકષાયો ભારે મોટો વિપર્યાસ કરે છે અને એટલી મોટી ગડમથલ કરી નાંખે છે કે મોહનીય કર્મને કર્મોમાં સમ્રાટ તરીકે ગણવામાં આવે છે.

નોકષાય અને કષાયનાં વિગતવાર નામો અને સ્વરૂપને જાણ્યા પછી પૃથક્કરણ કરતાં જણાશે કે અન્ય શાસ્ત્રકારો જેને ષડ્રિપુ (કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર) કહે છે તે સર્વનો આ કષાય–નોકષાયમાં સમાવેશ થાય છે, પણ તે ઉપરાંત બીજા મનોવિકારો (જેવા કે ભય, વેદ, શોક, દુગંછા વગેરે) વધારામાં સમાય છે આખા માનસિક ક્ષેત્રને વ્યાપી જતાં આ ચારિત્રમોહનીય કર્મોને ખૂબ વિગતે સમજવા જેવા છે. આત્માનો મૂળ ગુણ સમ્યક્ દર્શન અને અનંત ચારિત્ર છે. તેમને આ મોહનીય કર્મ રોકે છે અને ચારિત્રમાં રમણતા કરાવવાને બદલે પૌદ્ગલિક ભાવ

(પરભાવ)માં રમણુતા કરાવે છે. તે પ્રાણીને એટલો પરાધીન બનાવી મૂકે છે કે એ પરભાવને સ્વભાવ માની બેસે છે અને ઘણી વાર એને જોતાં એમ જ લાગે કે જાણે એનો સ્વભાવ જ આવા મનોવિકારોમાં રમણ કરવાનો હશે. એટલું બધું ઊલટાપણું (વિપર્યય) એનામાં લઈ આવવાની આ કર્મમાં તાકાત છે. આ મોહનીય કર્મ ઉપર જણાવ્યું તેમ દારૂ–મદ્ય જેવું છે. એ આત્માના મૂળ ગુણ ઉપર ઘાત કરનાર હોવાથી એને ઘાતી કર્મ કહેવામાં આવે છે. આવી રીતે કર્મના રાજા અને બહુરૂપે કાર્ય કરનાર મહામોહરાજાનો થોડો પરિચય કર્યો. એનો વિશેષ પરિચય સાકાર રૂપે શ્રીસિદ્ધર્ષિ ગણિએ ઉપમિતિભવપ્રપંચાકથાના ચોથા પ્રસ્તાવમાં કરાવ્યો છે, તે ખાસ વિચારવા યોગ્ય છે, એના આખા લશ્કરનો બરાબર ખ્યાલ આપે તેવું એ વિશાળ ચિત્ર છે અને ઉપમા દ્વારા ચિત્તને સચોટ સમજાય તેવો આકાર તેમણે આપ્યો છે.

આયુકર્મ

ચાર ગતિ–દેવતા, મનુષ્ય, તિર્યંચ અને નારકી–એમાં કેટલો કાળ જીવનસમય ગાળવો એનું નિર્માણ આયુષ્ય કર્મ કરે છે. જે જે ગતિમાં જવાનું થાય તે તે ગતિમાં કેટલો કાળ રહેવું, પ્રત્યેક ભવમાં કેટલો સમય ગાળવો તેનો નિર્ણય આગળથી થઈ જાય છે, તે કરે છે આયુષ્યકર્મ. એનો સ્વભાવ હેડ (chain) સમાન છે. એટલે પ્રાણીને હેડમાં નાંખ્યો હોય ત્યારે તે ત્યાંથી અન્યત્ર જઈ શકતો નથી, તેમ મનુષ્ય થાય તો મનુષ્ય તરીકે, જનાવર, પંખી માછલા થાય તો તે તરીકે, પોતાનો આયુષ્યકાળ તે પૂરો કરે છે અને તે કરવો જ પડે છે અને ત્યાં સુધી એ અન્યત્ર જઈ શકતો નથી, તેમ આઉખામાં વધારો કરવાનું પણ તેના હાથમાં નથી. લાકડાની કે લોઢાની હેડ જોવાથી આ કર્મની પ્રકૃતિ જણાશે, એ જેલમાં હોય છે. એ અઘાતી કર્મ છે. જીવના અવિનાશી ગુણને રોકવાનો એનો સ્વભાવ છે.

### નામકર્મ

પ્રાણીને ચિતારાની જેમ ચીતરી નાખનાર નામકર્મ છઠ્ઠું આવે છે. એની પ્રકૃતિની વિગતોમાં જણાય છે કે એ ખરેખર ચિત્રામણ કરનાર ચિતારો છે, રંગબેરંગી આકાર આળેખનાર છે, અને પ્રાણીને ખરડી નાંખનાર છે. એને લઈને પ્રાણી નાના આકાર ધારણ કરે છે, જુદી જુદી ગતિમાં જાય છે, એના શરીરના આકાર-નો આધાર પણ આ કર્મ પર રહે છે. શરીરનાં અંગોપાંગો, એનો રંગ, એની ગંધ, એના રસો, સ્પર્શો અને એની ચાલવાની ગતિ એ સર્વ નાના પ્રકારના અને પ્રત્યેકના જુદા જુદા બને છે. તે ચિત્રા-મણ આ નામકર્મ કરે છે અને એની આબરૂ, નામના, જોસ, દેખાવ વગેરે વ્યક્તિત્વનો આધાર આ કર્મ પર રહે છે.

### નામકર્મની ચૌદ પિંડપ્રકૃતિ અને આઠ પ્રત્યેકપ્રકૃતિ

આ નામકર્મના સમૂહભૂત ચૌદ વિભાગ પાડવામાં આવ્યા છે. તે છે પ્રાણીની ૧. ગતિ. ૨. જાતિ. ૩. એના શરીરનો બાંધો. ૪. એનાં અંગો. ૫. એનાં અંગનાં બંધનો. ૬. એનાં પુદ્ગળોનું સમીકરણ (સંઘાતન). એના શરીરનાં હાડકાંના સાંધાઓનો મેળ (સંઘયણ). ૮. એના શરીરનો આકાર (સંસ્થાન). ૯. એના શરીર-નો રંગ (વર્ણ). ૧૦. એના શરીરની ગંધ. ૧૧. એના રસો. ૧૨. એના હળવા ભારે સ્પર્શો. ૧૩. એની પરભવમાં જવા માટે થતી ખેંચાણ સ્થિતિ (આનુપૂર્વી) અને ૧૪. એની ચાલવાની ગતિ. આ ૧૪ પિંડપ્રકૃતિના ઘણા વિભાગો છે, તે વિચારતાં જણાશે કે આ નામકર્મ ખરેખર ચિતારાનું કામ કરે છે.

ચૌદ પિંડપ્રકૃતિ ઉપરાંત આ નામકર્મની આઠ પ્રત્યેકપ્રકૃતિ હોય છે. એ દરેકનું એક એક જ કાર્ય હોય છે. એનો સામાન્ય ખ્યાલ એટલો છે કે એ 'પ્રત્યેક' પ્રકૃતિ પ્રાણીને એક પ્રકારની વૈયક્તિકતા આપે છે. એનો વિસ્તાર હવે પછી પ્રકૃતિગણનામાં થશે ત્યારે એનું ચિતારાપણું વિશેષ સ્પષ્ટ થઈ જશે.

## નામકર્મની ત્રસદશક અને સ્થાવરદશક પ્રકૃતિઓ

અને એનું વધારે વૈયક્તિકપણું ત્રસ અને સ્થાવર દશક નામની દશ દશ પ્રકૃતિઓ કરે છે. એ દશ દશના સમૂહનો વિચાર કરતાં અને એને ઓળખતાં જણાશે કે એનાથી પ્રાણીની આબરૂ, ગેરઆબરૂ, સારાં ભાષણ કરવાની શક્તિ અને અપ્રિય ઉચ્ચાર, લોકપ્રિયપણું અને અપ્રિયપણું વગેરે વિવિધતા આવે છે. બીજાઓ દેખે એવા શરીરથી માંડીને અનેક વિવિધતા પ્રાપ્ત થાય છે.

## નામકર્મ વિશે વિશેષ

આ પ્રકારે ચૌદ પિંડપ્રકૃતિ, આઠ પ્રત્યેક પ્રકૃતિ, ત્રસ દશક અને સ્થાવર દશક મળીને ૪૨ પ્રકૃતિનો વિસ્તાર કરવામાં આવશે ત્યારે એના પેટાવિભાગોમાં ૯૩ અથવા ૧૦૩ પ્રકૃતિ આવશે. આપણે એનો વિસ્તાર જોઈશું ત્યારે નામકર્મ ખરેખર ચિતારા જેવું છે એની બરાબર પ્રતીતિ થઈ જશે. આ નામકર્મ અઘાતી કર્મ છે. આત્માના અરૂપી ગુણને એ રોકે છે. દરેક પ્રાણી દેહધારી હોય ત્યારે બીજાથી જુદો પડે છે. એનું રૂપ જુદું, એનો અવાજ જુદો, એનો આકાર જુદો, એની ગતિ જુદા પ્રકારની, એની ભાષા જુદી, એના દર્શનની પદ્ધતિ જુદી—એ સર્વ તફાવત કરનાર આ ચિતારો છે, આ નામકર્મ છે. અંગૂઠાની છાપ દરેકની જુદી જ આવે તે જ પ્રમાણે કાનના આકારો તદ્દન જુદા, હડપચીના આકારો જુદા, પગનાં તળિયાની છાપ તદ્દન જુદી—આ સર્વ વિવિધતા કરનાર અને એક પ્રાણીને બીજાથી જુદું પાડનાર કર્મ તે નામકર્મ. ચિતારો સારાંનરસાં ચિત્રો ચીતરે, કાળા સફેદ કે રંગબેરંગી, બિહામણાં કે આકર્ષક ચિત્રો તૈયાર કરે તેમ દેવ મનુષ્ય જેવી સારી ગતિમાં અથવા તિર્યંચ નરક જેવી નઠારી ગતિમાં સારાં નરસાં રૂપ ધારણ કરાવનાર અને ત્યાં સારાં ખરાબ શરીર આદિ ધારણ કરાવનાર આ નામકર્મ બહુવિધ હોવા છતાં અઘાતી છે એ ધ્યાનમાં રાખવું.

### ગોત્રકર્મ

સાતમું કર્મ ગોત્ર નામથી ઓળખાય છે. જે જે ગતિમાં જવાનું થાય ત્યાં સારા ગોત્રમાં ઉત્પન્ન થવું કે ખરાબ ગોત્રમાં એનો આધાર આ ગોત્રકર્મ ઉપર છે. ગોત્રમાં સારા, આબરૂદાર કુટુંબમાં જન્મ અથવા નીચ, અધમ કુળમાં જવાની વાત ઘણી મહત્ત્વની છે. સારા કુટુંબમાં લોહીના બળથી ખાનદાની, ભવ્યતા, મહત્તા ઊતરી આવતી હોય છે અને એને પ્રસંગ અને પરિસ્થિતિની અનુકૂળતા મળે છે, જ્યારે નીચને ત્યાં ધમાલ, તોફાન, વાતાવરણની કલુષિતતા અને સ્વભાવની મલિનતા ચાલી આવે છે. મનુષ્યલોકમાં જ આ ગોત્રનો મહિમા છે એવું નથી પણ જનાવરોમાં પણ જાતવંત ઘોડો, સભ્યતાવાળા પોપટ મેના વગેરેમાં તફાવત દેખાય છે. અને વનસ્પતિમાં પણ જાતવંત આંબા, ભરાવદાર કેળાં, કૂણા-ઘરડા ભીંડા, કડવી–મીઠી કાકડી એ ગોત્ર પર ઊતરી આવે છે. ગોત્રનો આધાર સ્થાન પર અને બીજ પર રહે છે. અને સારું બીજ મળવું કે સારે ઘેર જવું કે એથી અન્યથા થવું એનો આધાર ગોત્રકર્મ પર રહે છે.

ગોત્રકર્મને કુલાલ–કુંભાર સાથે સરખાવવામાં આવે છે. કુંભાર જે ઘડો બનાવે, તેનો ઉપયોગ દારુ ભરવામાં થાય, તેવા જ બીજા ઘડાને રંગી કારવી તેના ઉપર નાળિયેર અને લીલું રેશમી વસ્ત્ર બાંધી એની પૂજા થાય, એની સ્થાપના થાય. એવી સમ વિષમતા આ ગોત્રકર્મ કરાવે છે. આ કર્મ અઘાતી છે. એ આત્માના અગુરુલઘુ ગુણને રોકે છે. આ અગુરુલઘુ ગુણ ખૂબ સૂક્ષ્મતાથી સમજવા યોગ્ય છે. ચેતન પોતે ગુરું નથી, હળવો નથી, પણ અગુરુલઘુ છે. ગોત્રકર્મના પ્રસંગથી એની આ અદ્‌ભુત શક્તિ રોકાઈ જાય છે.

### અંતરાયકર્મ

અને છેલ્લું આઠમું કર્મ અંતરાય નામનું છે. એ ઘાતીકર્મ છે. આત્માની અનંત શક્તિ છે. એ શક્તિની આડે આવી એ વીર્યને રોકી નાખે છે. અંતરાયકર્મને યોગે પ્રાણી પાસે સંપત્તિ હોય

છતાં દાન આપી શકે નહિ, વસ્તુ મળી શકે તેવી હોય અને મહેનત કરવામાં આવે છતાં મળી શકે નહિ, ખાવાપીવા પહેરવાની વસ્તુ સામે પડેલ હોવા છતાં અરુચિ અભાવને કારણે ઉપભોગમાં લઈ શકાય નહિ, પોતાની બહાદુરી કુંઠિત થઈ જાય એ સર્વ પ્રતાપ આ અંતરાય કર્મનો છે. એનો સ્વભાવ ચીસા ભંડારી જેવો છે. રાજા હુકમ કરે કે લાખ રૂપિયા દાન કરો પણ રાજાનો ખજાનચી આડો ચાલે તો દાન દે નહિ, વાયદા કરે, ફરિયાદ રાજા સુધી પહોંચવા ન દે અને આંટા ખવડાવી અડદાળો કાઢી નાંખે. એવો આ કર્મનો સ્વભાવ છે. ચેતનની અનંત શક્તિ છે, એના વીર્યની શક્તિનો પાર નથી, એની ગમનાગમન શક્તિ અસ્ખલિત છે, એ સર્વ શક્તિઓ પર ઓછો વધતો અંકુશ લાવનાર આ ઘાતીકર્મ પ્રાણીને તેની તાકાતના પ્રમાણમાં અપંગ, પરાધીન, મિસ્કીન, માંદો, રોગી, બીકણ, આળસુ બનાવે છે અને એની પાસે વસ્તુ હોય છતાં પણ એના ઉપભોગથી એને વંચિત રાખે છે. આત્માના અનંતવીર્યને રોકનાર આ કર્મ ઘાતી છે અને ચેતનની અનંત શક્તિને રૂંધનાર છે.

આ રીતે આઠે કર્મોનો સામાન્ય પરિચય આપણે કર્યો. હવે એ કર્મની પકૃતિનો સહજ ખ્યાલ કર્યા પછી એ આઠે કર્મના આવિર્ભાવોના ભેદને વિચારીએ. કર્મના પોતાના આવિર્ભાવોમાં તરતમતા ઘણી હોય છે, એનો આધાર ઉપર જણાવ્યું તેમ એના રસબંધ અને એની પ્રદેશસંખ્યા પર રહે છે. એટલે કર્મના ફળમાં અનેક ભેદો દેખાય છે. એ રસબંધ અને પ્રદેશબંધને આગળ વિચારવામાં આવશે. પ્રથમ કર્મના ભેદોને વિચારી જઈએ.

આ પણ કર્મની પ્રકૃતિની જ વિચારણાની અંતર્ગત છે એ ધ્યાનમાં રહે. કર્મને ઓળખવા માટે એના આઠ પ્રકારથી સામાન્ય ખ્યાલ થયો. હવે એના ઉત્તરભેદ વિચારતાં એની વિરૂપતા અને સંસારલીનતાનો ખ્યાલ આવશે, એના બાહ્ય અને આભ્યંતર સ્વરૂપ ઓળખાશે અને એ કેવાં વિરૂપ ફળો ઉદય વખતે આપે

છે તે ધ્યાન પર આવશે. આ કર્મોના ભેદોપભેદથી થતા આવિર્ભાવો વિચારી જઈએ.

**પ્રકીર્ણ**

આટલા ઉપરથી જોવામાં આવ્યું હશે કે કર્મશાસ્ત્રમાં શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મનની બાબતો આવે છે. શરીરની બનાવટ, શરીરના પ્રકાર, શરીરની મજબૂતાઈ, એનાં અંગો, ઉપાંગો, એનાં બંધનો, એનાં હાડ, ચામડાં, એનાં રૂપ, એની રેષા, એની આકૃતિ, એની સુંદરતા, સુઘડતા, એની આકર્ષકતા એ સર્વ કર્મનો વિષય બને છે. પાંચ ઇન્દ્રિય પૈકી કેટલી હોવી, ઇન્દ્રિયના પ્રકારો ભાવેન્દ્રિય તેમજ દ્રવ્યેન્દ્રિયની વિગતો પણ કર્મશાસ્ત્રમાં આવે છે. ભાષાને અંગે ભાષા હોવાથી માંડીને એની સુમધુરતા, કડવાશ, સત્યાસત્યતા વગેરે કર્મશાસ્ત્રનો વિષય બને છે. શ્વાસોચ્છ્વાસની સરળતા પણ કર્મશાસ્ત્રનો વિષય બને છે અને એથી પણ વધારે અગત્યની બાબત મનની છે. મન હોવું કે નહિ અને હોય તો તેની પૌદ્‌ગલિકતાથી માંડીને એના પરના અંકુશ વગેરે આખું માનસશાસ્ત્ર કર્મશાસ્ત્રનો વિષય બને છે.

અને શરીર બંધાવા માંડચા પહેલાં પ્રથમ આહાર લેવાનો વિષય ચર્ચીને આ બાબતને ઘણું વિશાળ સ્વરૂપ આપ્યું છે. ભવાંતરમાં પ્રાણી કેવી રીતે જાય, ત્યાં જતાં વેંત જ પ્રથમ આહાર કેવી રીતે લે, પછી એનું શરીર કેવી રીતે બંધાય અને શરીર બંધાયા પછી ઇન્દ્રિયોની રચના કેમ કોને ક્યારે મળે, એવી એવી અનેક બાબતોનો ગંભીર વિચાર કર્મશાસ્ત્રમાં કરવામાં આવ્યો છે.

અને વિશેષ ખૂબીની વાત એ છે કે આવા શરીર, ભાષા જેવા સાદા વિષયને અધ્યાત્મનું સ્વરૂપ આ કર્મશાસ્ત્રના વિષયે આપ્યું છે. આ શરીર પરનો મોહ, ધન વૈભવનો મોહ, વિષયોનું સ્થાન અને એ સર્વની અસ્થિરતા બતાવી છેવટે આત્મા શું છે, એનો બાહ્ય સંબંધ શા માટે થયો છે, એ કેટલા કાળ સુધી

ચાલવાનો છે, આત્માના આ વિભાવને સ્વભાવનું રૂપ કેમ મળી ગયું છે અને પ્રગતિ કરતો પ્રાણી આખરે ચેતનનું સ્વરૂપ કેમ પ્રાપ્ત કરે, પ્રાણી અંતે સાચા સ્વરૂપે કોણ છે, એના વર્તમાન સંબંધોથી એ ઉપરવટ કઈ રીતે જઈ શકે અને મૂળસ્વરૂપે આ સંબંધો કેવા છે તેની વિચારણા કરતા કર્મચિંતકો આખા કર્મ-શાસ્ત્રની વિચારણાને અધ્યાત્મમય બનાવી દે છે. આત્મા પોતે પરમાત્મા છે, ચેતન છે, ઈશ્વરસ્વરૂપ છે, પ્રાણી પ્રયત્નથી પરમાત્મા થઈ શકે છે એ બતાવી, અને બાહ્ય સંબંધની અસ્થિરતા, મૂળ સ્વભાવની મહત્તા અને પ્રયાસથી પ્રાપ્ત થઈ શકે તેવા ચેતનના ગુણોની મહત્તા બતાવી, આ આખું કર્મશાસ્ત્ર પોતે જ અધ્યા-ત્મશાસ્ત્ર બની જાય છે. એટલા માટે બહિરાત્મભાવ, અંતરાત્મ-ભાવ અને પરમાત્મભાવ વિચારતા પ્રાણીની વર્તમાન દશાનો છેડો લાવનાર હોઈ કર્મની આખી વિચારણા અધ્યાત્મમય છે. કર્મના વિષયનો આ દૃષ્ટિએ વિચાર કરતાં એની મહત્તા ખૂબ લાગે તેમ છે. એનો વિશેષ પરિચય થતાં જ્યારે ગુણસ્થાનનો ખ્યાલ આવશે, એ ગુણસ્થાનોમાં ચેતનનો વધતો જતો વિકાસ મગજમાં ઊતરશે અને બંધ, ઉદય અને સત્તાના સ્વરૂપો સમજમાં આવશે ત્યારે કર્મની વિચારણા અને અધ્યાત્મશાસ્ત્રનો સંબંધ ખુલ્લો થઈ જશે. અહીં તો કર્મનો ખ્યાલ આપી તે વિષયમાં રુચિ ઉત્પન્ન કરવાનો આશય છે, બાકી એની વિસ્તૃત વિચારણા તો જીવનભરનો અભ્યાસ અને ચર્ચા માગે છે. આ કર્મોની વિચારણામાં આપણે આગળ વધીએ. વાત એ છે કે જો આ વિષયમાં રસ જામે તો આખા જીવન-પર્યટનના કોયડાનો અહીં નિકાલ થઈ જાય તેમ છે અને એ વિચારણાને અનુરૂપ વર્તન થઈ જાય તો ભવની ભાવઠ ભાંગી જાય તેમ છે. રસ જમાવીને આ વિષયને વધારે બહલાવીએ.

પ્રકરણ છઠ્ઠું

# કર્મની ઉત્તર પ્રકૃતિઓ

આપણે કર્મની આઠ મૂળ પ્રકૃતિને ઓળખવા પ્રયત્ન કર્યો. હવે કર્મની ઉત્તર પ્રકૃતિ અને ભેદોપભેદ દ્વારા કર્મનો વિશેષ પરિચય કરીએ. કર્મનો બરાબર પરિચય કરવા માટે એના અનેક પ્રકારના આવિર્ભાવો સમજી લેવાની પ્રથમ જરૂર છે. પછી એમાં થતી તરતમતા અને એ કર્મબંધનના હેતુઓનો વિચાર કરીશું ત્યારે કર્મનો સામાન્ય જાડો ખ્યાલ આવશે. આપણે અનુક્રમે આઠે કર્મોના આવિર્ભાવોના પ્રકાર જરૂરી વિગત સાથે તપાસીએ અને તેમ કરતાં એમના ફળાદેશને અંગે એમને જરા વધારે બારીકીથી સમજવા ઉદ્યમ કરવામાં આવશે.

### કર્મના ભેદ-પ્રભેદોની તાર્કિકતા

અહીં એક પ્રાસંગિક હકીકતની ચોખવટ કરી નાંખીએ. જૈન દ્રવ્યાનુયોગમાં જ્યાં જ્યાં વિભાગો, ભેદો કે ઉપભેદો પાડવામાં આવ્યા છે ત્યાં ત્યાં તર્કના અર્થાત્ ન્યાયના નિયમોનું બરાબર પાલન કરવામાં આવ્યું છે. વિભાગ પાડવામાં અતિવ્યાપ્તિ કે અવ્યાપ્તિ ન થવી જોઈએ. એટલે એક વિભાગ બીજા વિભાગ પર આક્રમણ કરે તે ન પાલવે અથવા એક વિભાગની વ્યાખ્યા કરવામાં આવે તે તેના અમુક વિભાગને લાગુ ન પડે એમ ન બનવું જોઈએ. દાખલા તરીકે સંસારમાં ગતિ ચાર છે એમ બતાવે તો ચાર ગતિમાં સર્વ સંસારી પ્રાણીઓ આવી જવા જોઈએ. એમાં તિર્યંચ કે મનુષ્યની ભેળસેળ ન થવી જોઈએ, અને એમાં કોઈ આખો કે નાનો વિભાગ કે કોઈ પણ પ્રાણી બાકી રહી જવો ન જોઈએ. આને ન્યાયશાસ્ત્ર (Logic)માં division by dichotomy કહેવામાં

આવે છે. આખા જૈનશાસ્ત્રમાં અને દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ કે ગણિતાનુયોગમાં ભેદો, પેટાભેદ અને ઉપભેદનો પાર નથી, પણ એ સમસ્ત ગણનામાં ન્યાયના વિભાગનો મુદ્દો જરા પણ ઉલ્લંઘન પામ્યો નથી, એ વાત સ્પષ્ટ સમજી રાખવા જેવી છે. આટલી વાતની ચોખવટ માટે વિચારની ચોખવટ જોઈએ, વ્યાખ્યા બરાબર મુદ્દામ જોઈએ અને એનું દિગ્દર્શન ચોખ્ખું જોઈએ. આ સર્વ હકીકત બરાબર અમલમાં આવી છે એ વાત દ્રવ્યાનુયોગનો કોઈ પણ ગ્રંથ વિચારતી વખતે ધ્યાનમાં રાખવી, એટલે અભ્યાસીને પણ વિચારની ચોખવટ રહેશે.

## ૧. જ્ઞાનાવરણીયની ઉત્તર પ્રકૃતિઓ

### પ્રાસ્તાવિક

સાકાર ઉપયોગ તે જ્ઞાન, નિરાકાર ઉપયોગ તે દર્શન. દાખલા તરીકે દૂરથી 'સામે આવતો માણસ છે' એટલી જાણ થાય તે દર્શન. પછી નામે દેવચંદ, જાતે વાણિયો, રંગે ઘઉંવર્ણો, શરીરપરિમાણે દીર્ઘ, સંખ્યાએ એક—એવી જાણ થાય તે જ્ઞાન. જ્ઞાન જીવનો સ્વભાવ છે એટલી એની પ્રથમ ઓળખાણ કરવી આવશ્યક છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગના મેળાપથી જીવ (ચેતન) જે વ્યાપાર કરે તેને લઈને ઉપર વર્ણવેલી કર્મવર્ગણાને તે ગ્રહણ કરે, તે કર્મવર્ગણા એના જાણપણાના જ્ઞાનગુણને આવરણ કરે છે, આચ્છાદન કરે છે. એવા જ્ઞાનનાં આચ્છાદન કરનાર કર્મવર્ગણાના સમૂહને જ્ઞાનાવરણ કર્મ કહેવામાં આવે છે.

### જ્ઞાનના પ્રત્યક્ષ-પરોક્ષ બે ભેદ

અગાઉ જણાવ્યું તેમ જ્ઞાન પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે પ્રકારનું છે. ઇંદ્રિય કે મન દ્વારા જે જ્ઞાન થાય કે અન્યને જણાવાય તે પરોક્ષ કહેવાય છે. એ પરોક્ષ જ્ઞાનના બે પ્રકાર છે: એક મતિજ્ઞાન અને બીજું શ્રુતજ્ઞાન.

### મતિજ્ઞાન એટલે?

મનન થાય અથવા મનન કરે તે મતિજ્ઞાન. ઇંદ્રિય દ્વારા અથવા મન દ્વારા જેને લીધે નિશ્ચિત વસ્તુ જણાય અથવા મનાય તે મતિજ્ઞાન. એને આભિનિબોધિક જ્ઞાન પણ કહેવામાં આવે છે. 'આભિ' એટલે સન્મુખ, 'નિ' એટલે નિશ્ચિત, બોધ એટલે જ્ઞાન, એવું જ્ઞાન તે આભિનિબોધિક. આ જ્ઞાન થવામાં પાંચ ઇંદ્રિયની અને/અથવા મનની અપેક્ષા રહે છે. આ જ્ઞાન આત્માને સીધું થતું નથી, પણ પાંચમાંની એક કે વધારે ઇંદ્રિય દ્વારા અથવા મન દ્વારા અથવા ઇંદ્રિય–મનના સંબંધ મારફત થાય છે. ઇન્દ્રિયોની જ્ઞાનને ઉત્પન્ન કરવાની પદ્ધતિના ભેદને લઈને એના સાકાર ઉપયોગમાં ભેદ પડે છે તે આપણે આગળ વિચારીશું.

### મતિજ્ઞાનાવરણીય કર્મ

આ મતિજ્ઞાનને આવરણ કરનાર–આડો પડદો કરનાર કર્મવર્ગણા તે મતિજ્ઞાનાવરણીય કર્મ.

### શ્રુતજ્ઞાન એટલે?

પોતાનો અભિપ્રાય અન્યને જણાવવા માટે મનનો કે ઇન્દ્રિયનો ઉપયોગ કરવો તે શ્રુતજ્ઞાન. શ્રુતજ્ઞાન બોલકું છે, પરને જણાવી શકે તેવું છે. બીજાં જ્ઞાનો મૂક (મૂંગા) છે, ત્યારે શ્રુતજ્ઞાન બોલનારું છે. પોતાના અભિપ્રાયો બીજાને જણાવી શકાય તેવી શક્તિવાળું જ્ઞાન આ શ્રુતજ્ઞાન છે. આ શ્રુતજ્ઞાન પણ ઇન્દ્રિય અથવા મન અથવા બંનેની અપેક્ષા રાખનાર હોઈ પરોક્ષજ્ઞાન કહેવાય છે.

### શ્રુતજ્ઞાનાવરણીય કર્મ

આ શ્રુતજ્ઞાનના સાકાર ઉપયોગને આચ્છાદન કરનાર કર્મને શ્રુતજ્ઞાનાવરણ કર્મ કહેવામાં આવે છે. એ જ્ઞાનાવરણીય કર્મની બીજી પ્રકૃતિ છે.

### મતિજ્ઞાનની ઉત્પત્તિનો ક્રમ—અવગ્રહ આદિ

પ્રથમ મતિજ્ઞાન કેવી રીતે થાય છે તેનો ખ્યાલ કરી લઈએ.

વસ્તુનું પ્રથમ સામાન્ય દર્શન થાય, ત્યારે કઈ જાતિની વસ્તુ છે તેનું દર્શન થાય. દર્શન એટલે સામાન્ય બોધ. જનાવરનું જનાવર-પણું કે ઝાડનું ઝાડપણું કે મનુષ્યનું મનુષ્યપણું જાણવું એટલે 'દર્શન'. એની વિચારણા આપણે બીજા દર્શનાવરણીય કર્મની વિચાર-ણા વખતે કરીશું. અહીં આપણે જ્ઞાનની વિચારણા કરીએ છીએ. એમાં પ્રથમ મતિજ્ઞાન આવે છે. અહીં આટલી વાતની ચોખવટ કરીએ કે 'આ વસ્તુ ચોપડી છે' એવો નિર્ણય થતાં પહેલાં ઘણી પરિસ્થિતિમાંથી પસાર થવું પડે છે. એની વિગત એના પૃથક્ક-રણમાં રહેલી છે.

અગત્યની વાત એ છે કે મતિજ્ઞાન ઇન્દ્રિય દ્વારા અથવા મન દ્વારા થાય છે. સામે પુસ્તક પડેલું હોય. એનો સામાન્ય બોધ થયા પછી તેને વિશેષ જાણવાની તત્પરતા થાય. પ્રથમ તો 'આ વસ્તુ છે' એવો ખ્યાલ આવે. અંગ્રેજી તર્કશાસ્ત્ર(Loigc)માં જ્ઞાનપ્રાપ્તિ માટે ત્રણ પરિસ્થિતિઓ બતાવવામાં આવી છે.—conc-eption, perception, knowledge. પ્રથમ conceptionમાં માત્ર ખ્યાલ આવે. આ ખ્યાલને જૈન પરિભાષામાં દર્શન અને અવગ્રહની દશામાં મૂકાય. ત્યાર બાદ perception થાય. તેમાં ઈહા અને અપાયનો સમાવેશ થાય, જ્યારે knowledgeમાં ધારણાનો સમા-વેશ થાય છે. આ શબ્દો ધ્યાનમાં રાખી મતિજ્ઞાનપ્રાપ્તિની જૈન પરિભાષા સમજવા યત્ન કરીએ. આનો મેળ છેવટે આપો-આપ મળી જશે. કોઈપણ વસ્તુને જાણવી એટલે વસ્તુના પર્યાયને જાણવા. પર્યાય એ વસ્તુના ક્રમભાવી ધર્મો છે. વસ્તુથી—દ્રવ્યથી પર્યાય અલગ હોતા નથી. સામે પડેલ વસ્તુનો રંગ, આકાર, વગેરે પર્યાયો છે. એ પર્યાયને જાણવાથી વસ્તુનો દેશથી ખ્યાલ આવે છે. પર્યાયને છોડીને દ્રવ્ય રહી શકતું નથી, અથવા પર્યાય વગર દ્રવ્ય રહેતું નથી. એટલે પર્યાયના જ્ઞાનને લઈને દ્રવ્યનું જ્ઞાન થાય છે. એમાં સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ પાંચ ઇન્દ્રિયો દ્વારા મતિજ્ઞાન થાય છે. તેને આપણે ઇન્દ્રિયજન્ય (પરોક્ષ) મતિજ્ઞાન

કહીએ અને મન દ્વારા જ્ઞાન થાય એને અનિન્દ્રિય મતિજ્ઞાન કહીએ. મતિજ્ઞાન પરોક્ષ છે એ તો આપણે અગાઉ જાણી ચૂકયા છીએ. (જુઓ પૃ. ૪૮). એટલે એનાથી સામે પડેલ વસ્તુના આકાર, રંગ, સ્પર્શ વગેરે પર્યાયો દ્વારા વસ્તુનું જ્ઞાન થાય. પર્યાય એ વસ્તુ(દ્રવ્ય)નો અંશ જ છે.

હવે આપણે વ્યંજનાવગ્રહને સમજીએ. વ્યંજન એટલે સંબંધ (contact). ઉપર જણાવેલ પાંચમાંની કોઈ પણ ઇન્દ્રિયનો વસ્તુ સાથે સંબંધ થાય તેને 'વ્યંજન' કહેવામાં આવે છે. અને 'અવગ્રહ' એટલે ગ્રહણ–પરિચ્છેદન. અવ્યક્ત જ્ઞાનને અવગ્રહ કહેવાય.

આંખ અને મનને વસ્તુ સાથે વ્યંજન કરવાનું રહેતું નથી. વસ્તુ ઘણી દૂર હોય તો પણ તેની સાથે સંબંધ કર્યા વગર આંખ તેનું જ્ઞાન કરી શકે અને અનિંદ્રિય મન પણ વસ્તુના સંબંધમાં આવ્યા વગર વસ્તુને જાણી શકે. બાકીની ચાર ઇન્દ્રિયોને તો જ્ઞાન માટે વસ્તુનો સંબંધ કરવો જ પડે છે. એટલે વસ્તુના અવ્યક્ત જ્ઞાન માટે સ્પર્શ, રસ, ઘ્રાણ અને શ્રોત્રને વ્યંજનની જરૂર પડે છે, જ્યારે ચક્ષુ અને મનને વ્યંજન વગર અવગ્રહ થાય છે.

'આ કાંઈક છે' એવા બોધને અવગ્રહ કહેવામાં આવે છે. એ તદ્દન પ્રાથમિક અવ્યક્ત જ્ઞાન છે. તદ્દન અંધારામાં હોઈએ ત્યાં સ્પર્શથી 'આ કંઈક છે' એવું જે તદ્દન પ્રાથમિક જ્ઞાન થાય તેમાં પણ વ્યંજનની જરૂર પડે છે. એટલે આ અવગ્રહના બે પ્રકાર થયા. એક વસ્તુના સંબંધથી થતું અવ્યક્ત જ્ઞાન, તેમાં સ્પર્શ, રસ, ઘ્રાણ અને શ્રોત્રનો વિષય આવે, જ્યારે ચક્ષુ અને મનને વસ્તુ સાથે સંબંધ વગર અવગ્રહ થાય. એટલે વ્યંજનાવગ્રહના ચાર પ્રકાર થયા, જ્યારે વસ્તુનો અવગ્રહ (અર્થાવગ્રહ) પાંચ ઇન્દ્રિયો અને મન એ છથી થાય.

મન અને ચક્ષુ અપ્રાપ્યકારી છે, કારણ કે એનો વસ્તુ સાથે સંબંધ થતો નથી, સંબંધ થયા વગર અવગ્રહ થાય છે. મનમાં લાકડી કે પેટીનો વિચાર કરવા માટે મનનો લાકડી કે પેટી સાથે સંયોગ

થતો નથી એટલે મનનો અવગ્રહ વ્યંજન વગર થાય છે. તે જ પ્રમાણે આંખ માટે સમજવું. હજારો માઈલ દૂરના તારા, ચંદ્રને કે સેંકડો વાર દૂર પડેલ વસ્તુને જાણવા માટે આંખે તેના સંબંધમાં આવવું પડતું નથી. એટલે વસ્તુના અવ્યક્ત જ્ઞાન માટે તેના વ્યંજનની જરૂર ચાર ઇન્દ્રિયોને રહે છે, જ્યારે ચક્ષુ અને મનને વ્યંજનની જરૂર રહેતી નથી. એટલે વ્યંજનાવગ્રહના ચાર પ્રકાર ત્યારે અર્થાવગ્રહના છ પ્રકાર થયા.

વસ્તુ ગરમ છે કે ઠંડી છે, સુંવાળી છે કે ખરછટ છે, સારી ગંધવાળી છે કે દુર્ગંધી છે, વગેરેના જ્ઞાન માટે વસ્તુનો અને ઇન્દ્રિયનો સંયોગ (વ્યંજન) થવો જોઈએ. તે વગર આંખ સિવાયની ઇન્દ્રિય દ્વારા થવાના જ્ઞાનને અવકાશ જ નથી, પણ આંખને વસ્તુ સાથે સંબંધમાં આવવાની જરૂર પડતી નથી. મનમાં કોઈ પણ વસ્તુનો વિચાર કરવા માટે કે તેની સ્મૃતિ તાજી કરવા માટે મનનો અને દ્રવ્યનો વ્યંજન (સંયોગ) કરવો પડતો નથી. તેથી વ્યંજનાવગ્રહના ચાર પ્રકાર થયા. આ રીતે 'આ કાંઈક છે' એટલું અવ્યક્ત જ્ઞાન થવા માટે, એટલો સામાન્ય બોધ થવા માટે બે પ્રકારનો ક્રમ થાય છે. એકને મંદક્રમ કહેવામાં આવે છે, બીજાને પટુક્રમ કહેવામાં આવે છે. મંદક્રમમાં વસ્તુનો સંયોગ ઇન્દ્રિય સાથે થાય છે જ્યારે પટુક્રમમાં ઇન્દ્રિય કે મન સાથે વસ્તુના સંયોગની જરૂર રહેતી નથી. આવો અવ્યક્તતર અને અવ્યક્ત બોધ થાય, 'આ કાંઈક છે' એટલો તદ્દન અવ્યક્ત બોધ થાય, તેને 'અવગ્રહ' કહેવામાં આવે છે. દર્શનથી સામાન્ય બોધ થયા પછીની આ તદ્દન પ્રાથમિક સ્થિતિના વિશેષ જ્ઞાનની શરૂઆત છે. આ અવ્યક્ત જ્ઞાનનો અંશ છે. વ્યજનાવગ્રહનો છેલ્લો પુષ્ટ અંશ તે અર્થાવગ્રહ છે. કાચનો મોટો તખતો સામે પડેલ હોય તો તેમાં આખી છબી પડી જાય છે ત્યારે તે અરીસાનો અને વ્યક્તિનો સંયોગ થવાની જરૂર રહેતી નથી. તે પ્રમાણે પટુક્રમમાં મન દ્વારા કે ચક્ષુ ઉપકરણ ઇન્દ્રિય દ્વારા જ્ઞાન થવામાં વસ્તુના સંયોગ (વ્યંજન)ની જરૂર

પડતી નથી. એટલે વ્યંજનાવગ્રહના ચાર પ્રકાર બતાવ્યા. અવ્યક્તતર જ્ઞાનમાંથી અવ્યક્ત જ્ઞાન થાય છે, 'આ કાંઈક છે' એવું ભાન થાય છે તે અર્થાવગ્રહ છે, અર્થાવગ્રહને પાંચે ઇન્દ્રિયો અને મનમાંના ઓછામાં ઓછી એકની સહાય હોય જ છે. એટલે અર્થાવગ્રહના છ પ્રકાર થયા, જ્યારે વ્યંજનાવગ્રહના ચાર પ્રકાર ઉપર રજૂ કર્યા છે. અહીંથી વિશેષ જ્ઞાનનો ક્રમ શરૂ થાય છે. આ આખો માનસશાસ્ત્રનો વિષય છે અને ખૂબ કાળજીપૂર્વકની વિચારણા માગે છે.

આંખ મીંચીને ઉઘાડીએ તેમાં અસંખ્ય સમય થાય છે. તે પૈકી જ્ઞાનની શરૂઆતના એક સમયમાં આ અવગ્રહ થાય છે. ઈહા, અપાય અને ધારણાનું સ્વરૂપ જાણ્યા પછી અવગ્રહાદિના દાખલા આપીશું એટલે એના ખ્યાલની ચોખવટ થશે.

અવગ્રહ થયા પછી વિશેષ રૂપે નિશ્ચય કરવા વિચારણા થાય, તેને 'ઈહા' કહેવામાં આવે છે. અંધારામાં દૂરથી કાંઈક દીઠું. તે ઝાડનું ઠુંઠું હશે કે પુરુષ હશે એવી શંકા પડે તે ઈહા. ઇહા એટલે વિચારણા અથવા સંભાવના. અંધારામાં દોરડાનો સ્પર્શ થાય, આ જે સ્પર્શ થયો તે બન્ને પ્રકારના અવગ્રહ (વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ)માં આવે. પછી વિચારણા થાય કે સર્પ હોય તો ફુંફાડો મારે અને સ્પર્શ બરછટ છે, માટે તે સર્પ ન હોવો જોઈએ. આવી વિચારણા તે ઈહા. આમાં પર્યાયધર્મની વિચારણા–ગવેષણા થાય છે. ઈહામાં અન્વયધર્મનો (=સામાન્ય ધર્મનો) અંગીકાર થાય છે. સામે અંધારામાં જોયેલ વસ્તુ હાલતી ચાલતી નથી એમ અનુભવના પૃથક્કરણ દ્વારા પામવું તે આ દાખલામાં ઈહામાં આવે છે. આમાં પર્યાયનું (=વિશેષનું) જ્ઞાન થાય છે.

આવી રીતે ઈહા દ્વારા વિશેષને ધારણ કર્યા પછી તેને અંગે નિશ્ચય થાય તે 'અપાય' અથવા 'અવાય'. એમાં વિચારણા પછીનું અવધાન થાય છે, કાંઈક એકાગ્રતા થાય છે, કાચો નિશ્ચય થાય છે. 'એ સર્પ નહિ પણ દોરડું હોવું જોઈએ,' 'એ પુરુષ નથી, પણ

ઝાડના ઠુંઠા જેવું લાગે છે' તેવો એક કોટિનો કાચો નિર્ણય થાય તે 'અપાય.' અને 'તે દોરડું જ છે, સર્પ નથી' 'તે ઝાડનું ઠુંઠું જ છે, માણસ નથી' એવો નિશ્ચય તે ધારણા કહેવાય. અવાયથી થયેલો કાચો નિશ્ચય સ્થાયી રહેતો નથી. બીજા કામમાં પડતાં એ નિશ્ચય ચાલ્યો જાય છે; જ્યારે પાકો નિશ્ચય જતાં જતાં પોતાની પાછળ સંસ્કાર મૂકી જાય છે અને વળી ભવિષ્યમાં પ્રસંગ મળતાં એ સંસ્કાર તાજા થાય છે. અને સંસ્કાર તાજા થવાથી પૂર્વ અનુભૂત પદાર્થનું સ્મરણ થાય છે. આ સર્વ પ્રકારનો મતિવ્યાપાર–પાકા નિશ્ચયથી માંડીને તેણે પાડેલા સંસ્કારથી જન્મતી સ્મૃતિ એ સર્વનો સમાવેશ ધારણામાં થાય છે.

## મતિજ્ઞાનના ૨૮ પ્રકારો

આ રીતે અવગ્રહ પૈકી વ્યંજનાવગ્રહના ચાર પ્રકાર અને અર્થાગ્રહના છ પ્રકાર, તેમ જ ઈહા, અપાય અને ધારણાના છ છ પ્રકાર મેળવતાં મતિજ્ઞાનના ૨૮ પ્રકાર થયા.

આના થોડા દાખલા આપવાથી આ ૨૮ પ્રકારનો ખ્યાલ સ્પષ્ટ થશે. એમાં ધ્યાન રાખવાનું એ છે કે આ વસ્તુ અમુક જ છે એવો નિશ્ચય થતાં પહેલાં—એનું જ્ઞાન થતાં પહેલાં–આ સર્વ આંતર વિચારણા અને અર્પણ થાય છે અને તે પૃથક્કરણ કરીએ તો જ સમજાય છે. બીજી વાત ધ્યાનમાં રાખવાની એ છે કે આ મતિજ્ઞાન પર્યાય દ્વારા જ થાય છે. એટલે વસ્તુના અનેક ક્રમભાવી ધર્મોમાંથી જેટલા પ્રાપ્ત થાય છે તે દ્વારા તે વસ્તુને ઓળખી શકાય છે. આ પર્યાય દ્વારા થતા મતિજ્ઞાનની હકીકતની સરખામણી આગળ જતાં કેવળજ્ઞાન કે કેવળદર્શનને અંગે થશે ત્યારે તે વાતની કુંચી પ્રાપ્ત થશે. એક વિશેષ હકીક્ત એ ધ્યાનમાં રાખવાની છે કે અવગ્રહનો કાળ એક સમયનો છે, ઈહા–અપાયનો કાળ વધારેમાં વધારે અર્ધમુહૂર્ત (૨૪ મિનિટ) છે અને ધારણાનો કાળ માપ

વગરનો છે. ધડાકો થયો, કાનને અથડાયો, અવ્યક્ત જ્ઞાન થયું. એક સેકંડના લાખથી પણ વધારે ઓછા વખતમાં કાન સાથે તેનો સંબંધ થયો, અવ્યક્તપણે સંબંધ થયો તે શ્રોત્રેંદ્રિયનો વ્યંજનાવગ્રહ અને બોંબ ફાટયો એવું અવ્યક્ત જ્ઞાન તે શ્રોત્રેંદ્રિયનો અર્થાવગ્રહ અથવા મને કોઈએ સાદ કર્યો એવું અવ્યક્ત અસ્પષ્ટ જ્ઞાન તે અવગ્રહ. તે સાદ અમુક મિત્ર કે પુત્રનો છે એવી વિચારણા તે શ્રોત્રેંદ્રિય દ્વારા થતી ઈહા, પછી તે સ્વર તીક્ષ્ણ હોઈ પોતાના પુત્રનો છે એવો નિર્ણય તે શ્રોત્રેંદ્રિયજન્ય અપાય અને એવી રીતે કરેલ નિશ્ચય ધારણ કરી રાખવો તે ધારણા.

દૂરથી કોઈપણ પ્રકારનું રૂપ જોયું કે કોઈ આકાર જોયો. દેખવામાં વસ્તુ અને ઇન્દ્રિયના સન્નિકર્ષની જરૂર પડતી નથી. એટલે એનો વ્યંજનાવગ્રહ થતો નથી. હજારો યોજન દૂર રહેલા તારા કે સૂર્ય આંખની નજીક આવ્યા વગર અથવા આંખનો તેમની સાથે સંયોગ થયા વગર દેખી શકાય છે. એટલે પ્રથમ સમયે અર્થાવગ્રહ થયો. પછી તે સ્થાણુ છે કે પુરુષ છે તેનો વિચાર આવતાં તેને અંગે વિચારણા ચાલે તે ઈહા. તે હાલતો ચાલતો નથી એનો ખ્યાલ આવે તે ચક્ષુરિંદ્રિય દ્વારા થતી ઈહા. પછી તે ચાલતો નથી માટે ઝાડનું સ્થાણુ છે એ અપાય (નિશ્ચય) અને વાતનો નિર્ણય ધારી રાખવો તે ધારણા. આ ચક્ષુરિંદ્રિય દ્વારા થતા મતિજ્ઞાનનો વિષય થયો. એમાં વ્યંજનાવગ્રહ ન હોય.

છેટેથી ગંધ આવી, નાકનો ગંધના પરમાણુ સાથે સંબંધ થયો તે વ્યંજનાવગ્રહ. અહીં અવ્યક્ત જ્ઞાન થાય છે. ગંધ છે એટલું જ્ઞાન તે વ્યંજનાવગ્રહ. કાંઈક સુગંધી છે એવું અવ્યક્ત જ્ઞાન તે અર્થાવગ્રહ. એ કસ્તૂરીની કે કપૂરની ગંધ છે એ ઈહા. એ ઠંડી ગંધ છે માટે કપૂરની એવો વિચાર તે અપાય અને એ કપૂરની જ છે એ ધારણા. આ સર્વ ઘ્રાણેન્દ્રિય દ્વારા થયેલ મતિજ્ઞાન સમજવું.

જીભ પર કડવા લીમડાનો રસ આસ્વાદ્યો. આ રસ છે એટલું અવ્યક્ત જ્ઞાન તે રસેન્દ્રિય દ્વારા થયેલ વ્યંજનાવગ્રહ અને કોઈક કડવી ચીજ છે એ અર્થાવગ્રહ. ત્યારબાદ તે લીમડાનો કે કરિયાતાનો સ્વાદ હશે તેની વિચારણા તે ઈહા. તે લીમડાનો છે એવી ખાત્રી તે અપાય. અને તે વાતની ચોખવટપૂર્વકનો સ્થાયી નિર્ણય અને તેનો સંસ્કાર તે ધારણા. આ જ્ઞાનમાં રસેંદ્રિયનો ઉપયોગ થયો, તેની દરમ્યાનગીરીથી એ જ્ઞાન થયું અને પર્યાયથી તે સમજાયું.

બરફ પોતાના હાથને અડચો અને પ્રથમ સમયે સ્પર્શ થાય તે વ્યંજનાવગ્રહ, ત્યારબાદ પોતાના હાથને કાંઈક સ્પર્શ્યું એટલું જ જ્ઞાન તે અર્થાવગ્રહ, પછી એ પાણી હશે કે બરફ હશે તેની વિચારણા તે ઈહા, ત્યારબાદ તે બરફ છે એવો નિર્ણય તે અપાય અને તે નિશ્ચયને ધારી રાખવો તે ધારણા. આ સ્પર્શેન્દ્રિય દ્વારા થયેલ મતિજ્ઞાન. એમાં પણ પર્યાયનું જ જ્ઞાન થાય છે.

પોતે સ્વપ્ન દેખીને જાગ્યો. મનને અંગે વસ્તુનો વ્યંજનાવગ્રહ થતો નથી, કારણ કે મનમાં વિચાર કરવામાં વસ્તુનો સન્નિકર્ષ હોય નહિ. કાંઈક સ્વપ્નમાં જોયું તે અર્થાવગ્રહ. પ્રથમ સમયે આવું અવ્યક્ત જ્ઞાન મન દ્વારા થાય છે. ત્યારબાદ મેં સ્વપ્નમાં શું જાયું તેની વિચારણા તે મન દ્વારા થતી ઈહા. 'મેં સ્વપ્નમાં મારા મિત્રને દીઠો' એવો નિર્ણય તે અપાય અને તે વાતની ગાંઠ વાળવી–એને ધારી રાખવી તે ધારણા. આ રીતે મતિજ્ઞાન મન દ્વારા થાય છે. મન દ્વારા થતા જ્ઞાનમાં વસ્તુ અને મનનો વ્યંજન–સંબંધ થતો નથી. મન ત્યાર પછી બીજા વિષય પર જાય, છતાં સંસ્કાર તો રહે છે અને આગળ જતાં કોઈ પ્રસંગે એ યાદ આવે છે તે ધારણાનો વ્યાપાર છે. નિશ્ચયની સતત ધારા, તેણે જન્માવેલા સંસ્કાર અને સંસ્કારજન્ય સ્મરણ એ સર્વ મતિવ્યાપાર ધારણા છે.

આ રીતે શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના અઠ્ઠાવીશ (૨૮) પ્રકાર થયા. સ્પર્શેન્દ્રિયના (૧) વ્યંજનાવગ્રહ, (૨) અર્થાવગ્રહ, (૩) ઈહા, (૪) અપાય અને (૫) ધારણા. રસેન્દ્રિયના (૬) વ્યંજનાવગ્રહ, (૭)

અર્થાવગ્રહ, (૮) ઈહા, (૯) અપાય અને (૧૦) ધારણા. ઘ્રાણેન્દ્રિયના (૧૧) વ્યંજનાવગ્રહ, (૧૨) અર્થાવગ્રહ, (૧૩) ઈહા, (૧૪) અપાય અને (૧૫) ધારણા. શ્રોત્રેન્દ્રિયના (૧૬) વ્યંજનાવગ્રહ, (૧૭) અર્થાવગ્રહ, (૧૮) ઈહા, (૧૯) અપાય અને (૨૦) ધારણા. ચક્ષુરિન્દ્રિયના (૨૧) અર્થાવગ્રહ, (૨૨) ઈહા, (૨૩) અપાય અને (૨૪) ધારણા. મન(અનિન્દ્રિય)ના (૨૫) અર્થાવગ્રહ, (૨૬) ઈહા, (૨૭) અપાય અને (૨૮) ધારણા. આ સર્વ શ્રુતનિશ્રિત મતિજ્ઞાન કહેવાય છે. શ્રુતનિશ્રિતમાં અભ્યાસની અપેક્ષા રહે છે. અગાઉ જાણેલ હોય તેના અભ્યાસ અથવા અનુભવ ઉપરથી થતા મતિજ્ઞાનને શ્રુતનિશ્રિત મતિજ્ઞાન કહેવામાં આવે છે. એમાં શાસ્ત્રાર્થપર્યાલોચન અને પૂર્વ-અભ્યાસને પૂરતો અવકાશ છે.

## શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ૩૩૬ પ્રકારો

મતિજ્ઞાનના શ્રુતનિશ્રાએ ૩૩૬ ભેદ શકય છે, તે અહીં વિચારી જઈએ. પછી અશ્રુતનિશ્રિતના ચાર ભેદ વિચારીશું. એટલે મતિજ્ઞાનના કુલ ૩૪૦ ભેદ થશે. પ્રથમ શ્રુતનિશ્રિત મતિ-જ્ઞાનના ઉપર ૨૮ ભેદ બતાવ્યા તે ધ્યાનમાં રાખી આગળ વધીએ. જ્ઞાનવ્યાપારની પ્રવૃત્તિ વિશેષ તરફ થાય છે. વ્યંજનાવગ્રહમાં વસ્તુસંબંધની જરૂર રહે છે. ત્યારપછી વસ્તુસબંધની અપેક્ષા રહેતી નથી. અવગ્રહના અંત સુધી વસ્તુસંયોગ રહે, પછી હોય પણ ખરો અને ન પણ હોય. એની પ્રવૃત્તિ વિશેષ તરફ હોવાને કારણે માનસિક અવધાનને પ્રધાનતા હોય છે. આ હકીકત મંદક્રમ અને પટુક્રમને અંગે તફાવત પાડે છે, તેથી સ્પષ્ટતા કરવાની જરૂર રહે છે. મંદક્રમમાં ઇન્દ્રિયની સાથે વસ્તુનો સંબંધ (વ્યંજન) થાય છે, પણ ત્યાર પછી ઈહા, અપાય કે ધારણામાં સંયોગ હોય પણ ખરો અને ન પણ હોય. અને વસ્તુને જાણવી એટલે વસ્તુનો આકાર, રૂપ, સ્વાદ વગેરે જાણવા. એ સર્વ વસ્તુના પર્યાયો છે અને પર્યાય વસ્તુથી જુદા ન હોવાથી વસ્તુના જ્ઞાનમાં પર્યાયનું જ્ઞાન થાય છે. મતિજ્ઞાન એટલે વસ્તુપર્યાયનો સામાન્ય બોધ એમ

કહી શકાય. અને બધા પર્યાયનો બોધ થઈ શકતો નથી. આંખ વડે સામે પડેલ ઘડિયાળ જોયું. તેમાં દેખવા ઉપરાંત ઘડિયાળમાં સ્પર્શ, રસ, ગંધ વગેરે અનેક પર્યાયો છે એમને આંખ જાણી શકતી નથી. આંખની એ માટેની તાકાત પણ નથી. એવી જ રીતે સ્પર્શેન્દ્રિયથી ગરમ ઢોકળાંને ગરમ જાણીએ કે રસેંદ્રિયથી કેરીને મીઠી જાણીએ કે નાકથી ચમેલી–મોગરાની ગંધ જાણીએ તે વખતે તે પ્રત્યેક દ્રવ્યના બીજા અનેક પર્યાયોને ઇન્દ્રિય જાણી શકતી નથી. મન પણ થોડા પર્યાય જાણે છે, પણ એકીસાથે સંપૂર્ણ અંશોને એ જાણી શકતું નથી. આ ઇન્દ્રિય કે મન દ્વારા થતું પર્યાયજ્ઞાન તેથી મર્યાદિત જ હોય છે. આ તફાવતનો ઉપયોગ પ્રત્યક્ષ જ્ઞાનની વિચારણા વખતે થશે.

આવા પ્રકારનું મન કે ઇંદ્રિય દ્વારા થતું પર્યાયજ્ઞાન બાર પ્રકારનું હોય છે: બહુગ્રાહી, અલ્પગ્રાહી, બહુવિધગ્રાહી, એકવિધગ્રાહી, ક્ષિપ્રગ્રાહી, અક્ષિપ્રગ્રાહી, અનિશ્રિતગ્રાહી, નિશ્રિતગ્રાહી, અસંદિગ્ધગ્રાહી, સંદિગ્ધગ્રાહી, ધ્રુવગ્રાહી, અધ્રુવગ્રાહી. આ બાર પ્રકારને જરા ખુલાસાથી સમજી લેવા પ્રયત્ન કરીએ. એ પ્રત્યેક પ્રકાર ઉપર જણાવેલા ૨૮ પ્રકારના મતિજ્ઞાનને લાગે એટલે કે એના અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા થાય, એટલે ૨૮ને બારે ગુણતાં કુલ ૩૩૬ પ્રકાર થાય. તેમાં આગળ કહેવામાં આવતા અશ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ચાર ભેદ ભેળવતાં મતિજ્ઞાનના કુલ ૩૪૦ ભેદ થાય. હવે આ ૨૮ પ્રકારે થતાં મતિજ્ઞાનને અંગે પ્રત્યેકને લાગતાં બાર બાર ભેદના પ્રકારો જાણી લઈએ. માનસનું આ આખું વિશ્લેષણ છે, પૃથક્કરણ છે, વિચાર કરવાથી સમજાઈ જાય તેવું છે. અને સમજ્યા પછી ખૂબ લહેર કરાવે તેવું છે. આપણે સદર બાર પ્રકારને પ્રથમ સમજીએ.

બહુગ્રાહી—બહુ એટલે ઘણાં અથવા ઘણું. શબ્દને પ્રથમ લઈએ. ઓરચેસ્ટ્રા ચાલતી હોય, તેમાં ફીડલ, હારમોનિયમ, દિલરૂબા, સિતાર, સારંગી, નરઘાં, વીણા વગેરે ચાલતાં હોય. તેમને કાન

સાંભળે ત્યારે બહુગ્રાહી અવગ્રહ, બહુગ્રાહી ઈહા, બહુગ્રાહી અપાય અને બહુગ્રાહી ધારણા શ્રોત્રેન્દ્રિય દ્વારા થાય. તેમ જ મનથી અનેક પુસ્તકનો અવગ્રહ, ઈહા, અપાય અને ધારણા કરે તે મન દ્વારા બહુગ્રાહી મતિજ્ઞાન કહેવાય. આ પ્રમાણે સ્પર્શ, રસ, ઘ્રાણ અને ચક્ષુનું સમજવું. ચક્ષુ અને મનને વ્યંજનાવગ્રહ ન હોય પણ અર્થાવગ્રહ હોય.

અલ્પગ્રાહી (અબહુગ્રાહી)—જે મતિજ્ઞાનમાં એક પુસ્તકનાં અવગ્રહ, ઈહા, અપાય, ધારણા થાય કે એક વાજિત્રના સ્વરનું જ્ઞાન થાય તે અલ્પગ્રાહી મતિજ્ઞાન સમજવું. બહુ અને અબહુની પેઠે બે બેનાં જોડકાં નીચે આવ્યા કરશે. તે મતિજ્ઞાનના મન કે ઇન્દ્રિય દ્વારા થયેલ કે થતા જ્ઞાનના પ્રકાર છે. અને એ જોડલાં પૈકી પ્રત્યેકના અઠાવીશ અઠાવીશ પ્રકાર થાય છે. તે સંકેત નીચેના પ્રત્યેક ભેદમાં સમજી લેવો. બહુ અને અલ્પમાં વ્યક્તિની સંખ્યા ઉપર ભાર છે તે લક્ષમાં રાખવું.

બહુવિધગ્રાહી—અનેક પ્રકારના આકાર, રૂપ, રંગ, સ્પર્શની વિવિધતા 'બહુવિધ' શબ્દથી સમજાય છે. આમાં જાતિ કે પ્રકાર ઉપર આધાર રહે છે. અનેક પ્રકારના પુસ્તકનું જ્ઞાન થાય અથવા અનેક પ્રકારના અવાજનું જ્ઞાન થાય તે બહુવિધગ્રાહી કહેવાય. શંખ, હારમોનિયમ, દિલરૂબાનો સમુચ્ચય અવાજ જણાય તે બહુવિધમાં આવે અને એમાંના એક જાતના પર્યાયોનું જ્ઞાન થાય કે એક જાતના પુસ્તકોનું જ્ઞાન થાય તે એકવિધગ્રાહિણી મતિ. ઉપર જણાવ્યું તેમ બહુવિધ કે એકવિધવાળા પ્રકારમાં પણ અવગ્રહ, ઈહા, અપાય, અને ધારણા પાંચે ઇન્દ્રિયના અને મનના થાય. આ રીતે બહુવિધ અને એકવિધના પણ ૨૮–૨૮ પ્રકાર થાય. બહુવિધ એટલે multilateral ની કક્ષા આવે, ત્યારે અબહુવિધમાં unilateral કક્ષા આવે.

ક્ષિપ્રગ્રાહી અને અક્ષિપ્રગ્રાહી—ક્ષિપ્રગ્રાહી એટલે sharp. અક્ષિપ્રગ્રાહી અટલે મંદ (slow). એક વર્ગમાં ૨૫ બાળકો હોય,

એક વિદ્યાર્થી પાસે શિક્ષક એકવાર વાત કરે, તેમાં તે અવધારણ કરી લે. બીજાને દશવાર સમજાવે તો પણ બીજે દિવસે તદ્દન કોરો ધાકોર રહી જાય. ઘણા પ્રાણીઓ કુશાગ્ર બુદ્ધિવાળા, સાનમાં સમજી જનારા, ચાલાક, ચબકાર હોય છે, ત્યારે અન્યના ભેજામાં ભૂસું ભરેલું હોય છે. વારંવાર દેખે, કહેવામાં આવે કે સ્પર્શના કરે પણ એની મંદતાને લઈને એ ઘણું ધીમું સમજે છે. સમજ્યા પછી પણ વીસરી જાય છે. કોરટમાં કેટલાય ન્યાયાધીશો એકવાર મુદ્દો રજૂ કરવામાં આવે ને સમજી જાય છે, જ્યારે કેટલાકની પાસે એક ને એક મુદ્દો દશ દશવાર ફરી ફરીને બોલવો પડે છે. આ શીઘ્ર અને મંદ વિભાગ પાંચે ઇન્દ્રિયો તથા મનને લાગે છે. એ ઉપર પ્રમાણે જાણી લેવું. ક્ષયોપશમથી પ્રાણી ઈશારાથી સમજી જાય છે, જ્યારે ઠઠ્ઠર, જાડા મગજવાળા વિચારી વિચારી સમજે ત્યારે પણ ગોથાં ખાય છે. નરવાં કાન, તીક્ષ્ણ નજર, જીવતો સ્પર્શ, તીક્ષ્ણ ગ્રહણશક્તિ એ ક્ષિપ્રના વિભાગમાં આવે અને બોથા-પારેખોના ચિરગ્રાહી અવગ્રહ આદિ અક્ષિપ્રના વિભાગમાં આવે.

નિશ્રિત મતિજ્ઞાન તે inferential જ્ઞાન છે. ધ્વજાથી મંદિરને જાણવું તે નિશ્રિત મતિજ્ઞાન. તર્કમાં એને લિંગથી થતું જ્ઞાન કહેવામાં આવે છે. ધુમાડો હોય ત્યાં અગ્નિ હોય. ધૂમથી અગ્નિનું જ્ઞાન તે નિશ્રિત મતિજ્ઞાન. પૂર્વકાળમાં સ્પર્શ, રસ, રૂપ, અવાજ કે ગંધ જાણ્યા હોય તે અનુસાર નવીન વસ્તુનો વ્યંજન થતાં અવ-ગ્રહાદિ દ્વારા નિર્ણય થાય તે નિશ્રિત મતિજ્ઞાન કહેવાય અને એવા લિંગ વગર જાણવાવાળા જ્ઞાનને 'અનિશ્રિત' મતિજ્ઞાન કહેવાય.

સંદિગ્ધ અને નિશ્ચિત વિભાગમાં doubtful and certain આવે. અવાજ આવે તેનો અવગ્રહ થતાં તે સિંહનો હશે કે મેઘાડંબરનો એવી શંકા થાય તે સંદિગ્ધ વિભાગમાં આવે. અને બરફ તથા પુષ્પનો સ્પર્શ શીતળ હોવા છતાં બરફના સ્પર્શથી બરફનું ચોક્કસ જ્ઞાન થાય તે નિશ્ચિત મતિજ્ઞાન કહેવાય. એમાં જ્યારે શંકા પડે કે આ તે સર્પનો સ્પર્શ હશે કે દોરડાનો ત્યારે તે

સંદિગ્ધ મતિજ્ઞાન કહેવાય. એના પણ અવગ્રહથી માંડીને ધારણા સુધીના વિભાગો બન્ને પ્રકારમાં પડે.

છેલ્લો વિભાગ ધ્રુવ અને અધ્રુવનો છે. એકવાર વસ્તુ જાણે તે અંદર પાકે પાયે ચોંટી જામી જાય અને ત્યારબાદ ગમે ત્યારે એનો પ્રસંગ પડે ત્યારે તે સ્મરણમાં આવે તે ધ્રુવગ્રાહી મતિજ્ઞાન કહેવાય. કેટલાક પ્રાણીઓ સામગ્રી હોય છતાં વિષયને ગ્રહણ કરી શકતા નથી. તેમનું જ્ઞાન અધ્રુવગ્રાહી છે. ધ્રુવગ્રાહી એ quick-witted અથવા well-grounded છે. અધ્રુવગ્રાહી blockhead જેવા છે. આ સર્વના ૨૮ પ્રકારો થાય. આ બાર પ્રકારોમાં બહુ અને અલ્પનું જોડલું તથા બહુવિધ અને અલ્પવિધનું જોડલું તે વિષયની વિવિધતાને અવલંબે છે, જ્યારે બાકીના આઠે વિભાગો જીવના ક્ષયોપશમ પર આધાર રાખે છે.

## અશ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ચાર પ્રકારો

આ રીતે શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ૩૩૬ પ્રકાર થાય. એમાં પાંચ ઇંદ્રિય અને મનની મારફત જ્ઞાન થાય છે. મન અને ચક્ષુને વ્યંજનાવગ્રહ થતો નથી અને એ રીતે અઠ્ઠાવીશ પૈકી પ્રત્યેકના બારબાર ભેદ થાય છે તે વાતની ઉપર ચોખવટ કરી. મતિશ્રુત-જ્ઞાનમાં ઓછા વધતા પર્યાયોનું જ જ્ઞાન થાય છે તે વાત પણ ખ્યાલમાં રાખવી. આવી રીતે શ્રુતની નિશ્રાએ થતાં મતિજ્ઞાન ઉપરાંત ચાર પ્રકારની બુદ્ધિ શ્રુત વગર થાય છે, તદ્દન સ્વાભાવિક રીતે ઉત્પન્ન થાય છે અને વ્યંજનાવગ્રહ આદિના ક્રમ વગર થાય છે. તે ચાર પ્રકારની સહજ ક્ષયોપશમે થતી બુદ્ધિના ચાર પ્રકાર ભેળવીએ ત્યારે મતિજ્ઞાનના ૩૩૬+૪ મળીને ૩૪૦ ભેદ–પ્રકાર થાય. આ ચાર બુદ્ધિને ઓળખી લઈએ એટલે મતિજ્ઞાનનો વિષય પૂરો થશે. સ્વયં થતી બુદ્ધિના ચાર પ્રકાર આ પ્રમાણે છે.

૧. ઔત્પાતિકી બુદ્ધિ.
૨. વૈનયિકી બુદ્ધિ.

૩. કાર્મિકી બુદ્ધિ.

૪. પારિણામિકી બુદ્ધિ.

આ બુદ્ધિમાં અવગ્રહ આદિનો ક્રમ હોતો નથી, એનું સ્વરૂપ જાણતાં એ સ્પષ્ટ થઈ જશે. સામાન્ય રીતે શ્રુતના અભ્યાસથી મતિ થાય છે. પણ નીચેના પ્રકારોમાં શ્રુતની જરૂર પડતી નથી.

**ઔત્પાતિકી બુદ્ધિ** (Inherent proficiency)–પોતાની મેળે સહજ સ્વભાવે બુદ્ધિ થાય તે ઔત્પાતિકી બુદ્ધિ. હાજરજવાબી માણસોના, બીરબલના વિચિત્ર પણ સચોટ જવાબો આ કક્ષામાં આવે. વૈદ્યો ભસ્મપ્રયોગો કરે જે પુસ્તકમાં લખેલ ન હોય, વકીલ તદ્દન નવી રીતે અસરકારક દલીલ કરે, એમાં ઘણીવાર ઔત્પાતિકી બુદ્ધિ હોય છે. ખંજર પર લોહીના રેલા નીચે ઉતરવાને બદલે મુદ્દામાલમાં રેલા ઉપર ચડતા દેખાડે, આખો કેસ બનાવટી સાબિત કરી બતાવે એ ઔત્પાતિકી બુદ્ધિ. ન્યુમોનિયાના કેસમાં જળોથી ફેફસા પરનું લોહી ચૂસાવે તે ઔત્પાતિકી બુદ્ધિ. કુદરતી બુદ્ધિના આવા દાખલા આપણી આસપાસ ઘણા જડી આવે છે. અકસ્માત વખતે વર્તવાની અભિનવ રીતિ, ઓચિંતા હલ્લા વખતે મોટર ચલાવવાની રીત, એવા ઘણા ઘણા દાખલા ઔત્પાતિકી બુદ્ધિના આપી શકાય.

**વૈનયિકી બુદ્ધિ** (Proficiency by service)—ગુરુ કે શેઠનો કે ઉપરીનો વિનય કરતાં પ્રાપ્ત થઈ જાય તે વૈનયિકી બુદ્ધિ. હોંશિયાર ડોકટરનો કંપાઉન્ડર પણ મોતિયા ઉતારતો થઈ જાય અથવા ગુરુકૃપાથી વિદ્યા મળી જાય તે આ વિભાગમાં આવે. વિદ્યા ત્રણ પ્રકારે મળે : ગુરુની શુશ્રૂષા–સેવાથી, પુષ્કળ પૈસા ખરચવાથી અથવા એક વિદ્યા આપવામાં આવે તેના બદલામાં બીજી સામી મળે એ ત્રીજો પ્રકાર. આમાં પ્રથમ પ્રકારમાં મળેલ બુદ્ધિને વૈનયિકી બુદ્ધિ કહેવામાં આવે છે.

**કાર્મિકી બુદ્ધિ** (Proficiency by practice)—એક ને એક અથવા એકસરખું ચાલુ કામ કરવાથી બુદ્ધિ પ્રાપ્ત થાય છે. ઈંટ

મૂકવાનું કે સામાન ચડાવવાનું કામ કરનાર પોતાના કામમાં ધીમે ધીમે ઘણી પ્રવીણતા મેળવે છે. કામ કરવાથી કામ કરવામાં સરળતા, શીઘ્રતા અને સચોટતા આવતી જાય છે. સુતાર કામ કરવા માંડે ત્યારે તેને લાકડાં ફાડતાં કે છોલતાં આવડે પણ પછી તે કરાંશીબંધ કામ કરતો થઈ જાય, તે કાર્મિકી બુદ્ધિ. મજૂરથી માંડીને મોટા ઈજનેર સુધી આ કાર્મિકી બુદ્ધિના દાખલા આપણે દરરોજ અનુભવીએ છીએ. દરજી ધીમે ધીમે કરીને જે જાતની હાથસીવણ કરે અને શીખાઉ દરજી તો માત્ર ટેભા દે એનો તફાવત દેખી શકાય છે. એ જ પ્રમાણે મોતીના દાણા જેવા અક્ષર લખનાર શરૂઆતમાં તો લીટાં જ કાઢનાર હોય છે.

પારિણામિકી બુદ્ધિ(Ripe proficiency)— દીર્ઘકાળના અવલોકન–અનુભવને પરિણામે બુદ્ધિ પરિપકવ થાય, બીજાને દોરવણી આપવાની તાકાત–શક્તિ અને આવડત આવી જાય તે પારિણામિકી બુદ્ધિ. ઘણા વૃદ્ધ માણસો એટલી વિચારણાભરપૂર સલાહ આપી શકે છે કે એની અનુભવની લહરી પર અંદરથી પ્રશંસા થાય. ‘ઘરડાં ગાડાં વાળે’ એ કહેવતની પાછળ આ પારિણામિકી બુદ્ધિ છે અને પારિણામિકી બુદ્ધિ માત્ર વૃદ્ધમાં જ હોય એમ સમજવાનું નથી. એ તો અવલોકન, ગ્રહણ, પૃથક્કરણ અને સ્પષ્ટીકરણની શક્તિ પર આધાર રાખે છે.

આ ચારે પ્રકારની બુદ્ધિ શ્રુતનિશ્રિત ન હોવાથી અને એમાં અવગ્રહ, ઈહા, અવાય કે ધારણાનો ક્રમ થતો ન હોવાથી એને મતિજ્ઞાનના અશ્રુતનિશ્રિત વિભાગમાં મૂકી છે. આ રીતે મતિજ્ઞાનના ૩૪૦ ભેદ થાય.

### મતિજ્ઞાનનો શ્રુતજ્ઞાન સાથેનો સંબંધ

મતિજ્ઞાન કારણ છે. હવે પછી વિચારવાનું શ્રુતજ્ઞાન કાર્ય છે. મતિજ્ઞાન વર્તમાનને અવલંબે છે. શ્રુતજ્ઞાનનો સંબંધ ભૂત તથા ભવિષ્ય સાથે પણ રહે છે. મતિજ્ઞાન શ્રુતને પાલન કરનાર અને

પૂરણ કરનાર છે. મતિજ્ઞાન શ્રુતજ્ઞાનનું બાહ્ય કારણ છે, બાકી ખરું અંતરંગ કારણ તો શ્રુતજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ છે. આ હકીકત સ્પષ્ટ કરવા શ્રુતજ્ઞાનનો પરિચય કરીએ.

**શ્રુતજ્ઞાન**—મતિજ્ઞાન ચાલુ હયાત વસ્તુમાં પ્રવેશ કરે છે, જ્યારે વર્તમાન ઉપરાંત ભૂતભાવિ વિષયો પણ શ્રુતજ્ઞાનનો વિષય બને છે. બીજાને જણાવવાનું કાર્ય શ્રુતજ્ઞાન કરે છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન બંનેમાં મન અને ઇંદ્રિયોની દરમ્યાનગીરી તો જરૂર રહે છે, પણ મતિજ્ઞાન કરતાં શ્રુતજ્ઞાનનો વિષય ઘણો વધારે હોય છે. મતિજ્ઞાનમાં મનોવ્યાપારની પ્રધાનતા હોય છે, જ્યારે શ્રુતજ્ઞાનમાં વિચારના અંશને મુખ્યતા અને અધિકતા હોય છે. એમાં આગળ-પાછળના સંબંધનું અનુસંધાન જળવાય છે. એક રીતે જોઈએ તો મતિજ્ઞાન કરતાં શ્રુતજ્ઞાનમાં પરિપકવતા વધારે હોય છે. ટૂંકમાં કહીએ તો જ્ઞાનને જ્યારે ભાષામાં ઉતારવામાં આવે, એકની પાસેથી બીજાને જણાવવા યોગ્ય સ્થિતિમાં એને ગોઠવવામાં આવે ત્યારે તે શ્રુતજ્ઞાન કહેવાય છે. કણિકને મતિજ્ઞાન સાથે સરખાવીએ તો તેમાંથી બનેલ પૂરી કે રોટલીને શ્રુતજ્ઞાન સાથે સરખાવી શકાય.

**શ્રુતજ્ઞાનના બે ભેદ—અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય**

અહીં એક વાતની સ્પષ્ટતા કરવાની રહે છે. અહીં શ્રુતજ્ઞાનની વિગતમાં શાસ્ત્રના–આગમોના જ્ઞાનની હકીકત આવે છે. તે શ્રુતજ્ઞાન છે એમ વર્ણવે છે. તેથી તે સિવાય અન્ય શ્રુતજ્ઞાન નથી એમ સમજવાનું નથી. કોઈપણ હકીકતને અભિલાપ્ય કરી શકાય, બીજાને જણાવવા યોગ્ય સ્થિતિમાં મૂકી શકાય તે સર્વ શ્રુતજ્ઞાનની કક્ષામાં આવે. એનાથી થવાના લાભાલાભની હકીકત જુદી છે, પણ એની કક્ષા તો શ્રુતજ્ઞાનમાં જ આવે.

અહીં પ્રસંગે એટલું જાણી લેવું ઉપયોગી થઈ પડશે કે જૈન ધર્મશાસ્ત્રના બે વિભાગ પડે છે–અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય. તીર્થંકર મહારાજના મુખ્ય શિષ્ય ગણધરો તીર્થંકર મહારાજના ઉપદેશને ભાષામાં ઉતારી ગ્રંથરચના કરે તેને અંગશ્રુત કહેવામાં

આવે છે. આવા બાર અંગો છે—આચારાંગ, સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, સમવાયાંગ, ભગવતીસૂત્ર (વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ), જ્ઞાતાધર્મકથા, ઉપાસક દશાંગ, અંતકૃદ્દશા, અનુત્તરૌપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ, વિપાક-સૂત્ર અને દૃષ્ટિવાદ. આ બાર અંગસૂત્ર કહેવાય છે. આ સિવાયના આગમોને અંગબાહ્ય શ્રુત કહેવામાં આવે છે. આ અંગશ્રુત અને અંગબાહ્યશ્રુતમાં અગત્યનાં શાસ્ત્રોને ગણાવવામાં આવ્યાં છે. તેમાં દ્રવ્યાનુયોગ, કથાનુયોગ, ચરણકરણાનુયોગ અને ગણિતાનુયોગ એ ચારેનો સમાવેશ થાય છે. એ ઉપરાંત તત્કાલીન તેમ જ ત્યારપછી થયેલા શ્રુતનો પણ અંગબાહ્ય શ્રુતજ્ઞાનમાં જ સમાવેશ થાય છે.

બીજી એક અગત્યની વાત છે અને તે એ છે કે ઇન્દ્રિયો દ્વારા મૂર્ત વસ્તુઓનું જ્ઞાન થાય છે અને મન દ્વારા અમૂર્ત પદાર્થોનું જ્ઞાન થાય છે. અમૂર્ત પદાર્થોનું પ્રથમ સામાન્ય જ્ઞાન થાય, તેનો આગળ-પાછળનો સંબંધ વિચારપથમાં ન આવે ત્યાં સુધી તે જ્ઞાન મતિજ્ઞાનની કક્ષામાં આવે છે, એમાં અધિક અંશો થાય ત્યારે તે શ્રુતજ્ઞાનની કક્ષામાં આવે છે. પાંચે ઇન્દ્રિયથી માત્ર મતિજ્ઞાન થાય છે. જ્યારે મનથી મતિ અને શ્રુત બન્ને પ્રકારનાં જ્ઞાન થાય છે. આટલી સ્પષ્ટતા કરી શ્રુતજ્ઞાનના ચૌદ પ્રકાર વિચારી જઈએ.

### શ્રુતજ્ઞાનના ચૌદ પ્રકાર

(૧) અક્ષરશ્રુત—અક્ષરશ્રુતના ત્રણ પ્રકાર છે. સંજ્ઞાઅક્ષર, વ્યજનાક્ષર અને લબ્ધ્યક્ષર. સંજ્ઞાઅક્ષર એટલે લિપિ. લખવાના કામમાં આવે તે બાળબોધ અક્ષર, ગુજરાતી અક્ષર, ઉર્દૂ અક્ષર, એબીસીડી વગેરે સર્વ લિપિઓનો સમાવેશ સંજ્ઞાઅક્ષરમાં થાય. લિપિ લખવાના કામમાં આવે. વ્યજનાક્ષર એટલે અ થી માંડીને હ સુધીના સ્વર અને વ્યંજન બોલવામાં આવે તે, તેમનું ઉચ્ચારણ. ક બોલાય ત્યારે તેના ઉચ્ચારથી થતા જ્ઞાનને વ્યંજ-નાક્ષર શ્રુતજ્ઞાન કહેવાય. એ જ ક પુસ્તકમાં લખેલ હોય તે વાંચવા દ્વારા જ્ઞાન થાય તે સંજ્ઞાક્ષર શ્રુતજ્ઞાન કહેવાય. શબ્દ સાંભ-

ળવાથી કે રૂપ દેખવાથી જે પરિજ્ઞાન થાય તે લબ્ધિઅક્ષર શ્રુતજ્ઞાન. લેખન તે સંજ્ઞાઅક્ષર, વાંચન તે વ્યંજનાક્ષર અને તેને પરિણામે થતું પરિજ્ઞાન તે લબ્ધિઅક્ષર. અભિલાપ્ય ભાવોનું પ્રતિપાદન કરનાર પ્રધાનશ્રુત તે અક્ષરશ્રુત.

(૨) અનક્ષરશ્રુત—એક પ્રાણી પોતાના ભાવો અક્ષરના ઉપયોગ વગર જણાવે તે અનક્ષરશ્રુત. માથું હલાવી હા-ના કરવી, આંગળીના ટચકારા કરી 'આવો' 'જાઓ' 'તાકીદ કરો' વગેરે ભાવ જણાવવા, ઘંટડી બજાવી નોકરને બોલાવવો, તાળી પાડી પસંદગી બતાવવી, લીલી બત્તીનો અર્થ આવો, લાલબત્તીનો અર્થ આવો તેવી કરેલ ગોઠવણ પ્રમાણે વગર અક્ષરે અર્થ જાણવો–જણાવવો, હાથની સાનથી, આંખના મચકારાથી અંદરનો ભાવ વગર બોલ્યે જણાવવો, એ સર્વ અનક્ષરશ્રુતજ્ઞાન કહેવાય. ઓડકાર, છીંક, ખાંસી, ઈશારત દ્વારા અંદરનો ભાવ વગર ભાષાએ જણાવવો એ સર્વનો સમાવેશ આ અનક્ષરશ્રુતજ્ઞાનમાં થાય.

ભાષા વગર વિચાર શકય છે કે નહિ તેનો સુંદર જવાબ આ વિચારણા આપે છે. મતિજ્ઞાનની કક્ષામાં ભાષાની જરૂર નથી. શ્રુતજ્ઞાનની કોટિમાં જ્ઞાન આવે ત્યારે ભાષાની જરૂર પડે છે, ત્યાં તેના અક્ષર અને અનક્ષર વિભાગ પડે છે. આ આખી જ્ઞાનચર્ચા ખૂબ વિચારણા માગે છે, માનસશાસ્ત્રનો પૂરો અભ્યાસ દાખવે છે અને ન્યાય(logic)ના એક મહત્ત્વના પ્રશ્નનો જવાબ પૂરો પાડે છે.

(૩) સંજ્ઞીશ્રુત—જેને સંજ્ઞા હોય તે સંજ્ઞી. સંજ્ઞાના ત્રણ પ્રકાર છે–દીર્ઘકાલિકી, હેતુવાદોપદેશિકી અને દૃષ્ટિવાદોપદેશિકી. હું અમુક કામ કરી રહ્યો, અમુક કામ કરું છું, પેલું કામ કરીશ વગેરે મેળ મેળવી કામ કરવું તે લાંબા વખતની સંલગ્નતા બતાવનાર સંજ્ઞાને પ્રથમ દીર્ઘકાલિકી સંજ્ઞા કહેવામાં આવે છે. દેવો, નારકો, ગર્ભજ મનુષ્ય અને ગર્ભજ પંચેંદ્રિય તિર્યંચો સંજ્ઞી કહેવાય છે. તેને આ સંજ્ઞા (દીર્ઘકાલિકી) હોય છે. પોતાના તાત્કાલિક

હિત ઉપર નજર રાખી ઈષ્ટમાં પ્રવૃત્તિ અને અનિષ્ટથી નિવૃત્તિ એ હેતુવાદોપદેશિકી સંજ્ઞા. સર્વ અસંજ્ઞી (=મન વિનાના) જીવોને આ સંજ્ઞા હોય છે. ક્ષયોપશમને પરિણામે સમ્યગ્દૃષ્ટિપણું હોય તે દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા. કોઇ મત એવો પણ છે કે આ છેલ્લી દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા ચૌદપૂર્વધરને હોય. દીર્ઘકાલિકી સંજ્ઞાથી જે શ્રુતજ્ઞાન થાય અને દૃષ્ટિવાદોપદેશથી જે સમ્યગ્જ્ઞાન થાય તે સંજ્ઞીશ્રુત કહેવાય છે. જે પંચેન્દ્રિય જીવોને મન હોય તેમને સંજ્ઞીશ્રુત સંભવે.

(૪) અસંજ્ઞીશ્રુત—મન વગર માત્ર ઇંદ્રિયથી ઉત્પન્ન થયેલું શ્રુત તે અસંજ્ઞીશ્રુતજ્ઞાન કહેવાય છે. સંજ્ઞીશ્રુત મનવાળા પંચેંદ્રિય જીવોને હોય છે, જ્યારે એક, બે, ત્રણ, ચાર ઈંદ્રિયવાળા અને મન વિનાના પંચેન્દ્રિય અસંજ્ઞી જીવોને અસંજ્ઞીશ્રુત જ્ઞાન હોય છે.

(૫) સમ્યક્ શ્રુત—કોઈપણ વસ્તુનો વાસ્તવિક બોધ થવો તે સમ્યક્ શ્રુત. કોઈપણ હકીકતનો, તેના પ્રણેતાની પ્રતિષ્ઠાની અને તેની આપ્તતાની ખાતરી કરી, સ્વીકાર કરવો, પક્ષપાતની બુદ્ધિ ન રાખતાં સત્ય હકીકતનો સ્વીકાર કરવો, સાચી વાત બીજાને જણાવવી, સાચી હકીકતનો સાચી રીતે સ્વીકાર કરવો–પ્રચાર કરવો તે સમ્યક્ શ્રુત.

(૬) મિથ્યાશ્રુત—વગર પરીક્ષાએ મડાગાંઠ બાંધી લેવી, પોતે કહે અથવા પોતે માને તે જ વાત સાચી, તેમાં દલીલ કે તપાસને અવકાશ ન આપવો, દુરાગ્રહથી વાતને પકડી લેવી કે જગત સન્મુખ ધરવી તે મિથ્યાશ્રુત. એમાં અધુરું જ્ઞાન, વગર પરીક્ષાનું જ્ઞાન, પરસ્પર વિરોધી જ્ઞાન, ન્યાયની કોટિને ન લાગે તેવું જ્ઞાન, વગેરેનો સમાવેશ થાય છે. આમાં એકાંત બુદ્ધિનો સમાવેશ થાય છે, આંખો મીંચીને થતાં સ્વીકારનો સમાવેશ થાય છે, અને પાયા વગરના માર્ગના ઉપદેશનો પણ સમાવેશ થાય છે. કોઈ કોઈ અભિપ્રાય પ્રમાણે તો નિષ્ફળ જ્ઞાન, વિરતિભાવ વગરના જ્ઞાનનો સમાવેશ પણ મિથ્યાશ્રુતની કોટિમાં કરવામાં આવ્યો છે. જ્યાં જ્યાં અભિનિ-

વેશ હોય, દુરાગ્રહ હોય, મગજને તસ્દી આપવાની અનિચ્છા હોય અને એકાંત અભિપ્રાય હોય ત્યાં મિથ્યાશ્રુત છે એમ સમજાય છે.

(૭) સાદિશ્રુત—જે શ્રુતજ્ઞાનની શરૂઆત (આદિ) હોય તેને સાદિશ્રુત કહેવામાં આવે છે.

(૮) અનાદિશ્રુત—જે શ્રુતજ્ઞાનની આદિ ન હોય તે અનાદિ શ્રુતજ્ઞાનનો પ્રકાર કહેવાય. આ બન્ને પ્રકારને ૯ અને ૧૦મા પ્રકાર સાથે સંબંધ છે. ચારે જ્ઞાનના પ્રકારને એક સાથે વિચારીએ.

(૯) સપર્યવસિતશ્રુત—જે જ્ઞાનનો અંત હોય તે સપર્યવસિત શ્રુતજ્ઞાન કહેવાય પર્યવસાન એટલે છેડો (અંત).

(૧૦) અપર્યવસિતશ્રુત—જેને છેડો ન હોય તે શ્રુતજ્ઞાનને અપર્યવસિત શ્રુતજ્ઞાન કહેવામાં આવે છે.

આ ચારે પ્રકારમાં વ્યક્તિ અને ક્ષેત્રને લઈને ભેદ પડે છે. તીર્થંકર મહારાજ જ્ઞાનની પ્રરૂપણા કરે અને દ્વાદશાંગીની રચના થાય તે દૃષ્ટિએ એ શ્રુતજ્ઞાન આદિશ્રુત કહેવાય. સમષ્ટિની દૃષ્ટિએ જ્ઞાનપ્રવાહ અનાદિકાળથી ચાલ્યા કરે છે, તે દૃષ્ટિએ તે અનાદિશ્રુત કહેવાય. તે જ પ્રમાણે વ્યક્તિગત દૃષ્ટિએ એક જીવને વિશિષ્ટ કેવળજ્ઞાન થાય ત્યારે શ્રુતજ્ઞાનનો છેડો આવે છે. તે દૃષ્ટિએ તે સપર્યવસિત શ્રુતજ્ઞાન કહેવાય. પણ સમસ્ત પ્રાણીવર્ગની નજરે શ્રુતજ્ઞાનનો છેડો આવતો નથી, એ દૃષ્ટિએ શ્રુતજ્ઞાનને અપર્યવસિત કહેવાય. સાતથી દશ સુધીના શ્રુતજ્ઞાનના આ ચારે પ્રકારો વ્યક્તિ અને સમષ્ટિની દૃષ્ટિએ પાડવામાં આવ્યા છે. એમાં ક્ષેત્રનો વિભાગ અને કાળનો તથા ભાવનો વિભાગ પણ છે. અમુક ક્ષેત્રમાં અમુક સમયે કેવળજ્ઞાન થાય કે ન થાય અને કેવળજ્ઞાન થાય ત્યારે શ્રુતજ્ઞાન રહેતું નથી એ કારણે આ આદિ અને અંતના ભેદ પાડવામાં આવ્યા છે. જૈન દૃષ્ટિએ ક્ષેત્ર અને કાળનો અભ્યાસ કરવાથી આ વાતની ચોખવટ થઇ જશે. વ્યક્તિગત આદિ કે અંત તો સમજાઇ જાય તેવી વાત છે. એમાં અમુક વિષયના જ્ઞાનને આદિ અંત હોઈ શકે

બાકી અક્ષરનો અનંતમો ભાગ સર્વ જીવને ઉઘાડો રહે છે. એ નજરે અનાદિ અને અપર્યવસિત છે. તે જ પ્રમાણે તીર્થની સ્થાપના થાય ત્યારે સાદિશ્રુત થાય છે અને તીર્થવિચ્છેદ પામે ત્યારે તે સપર્યવસિત બને છે. આમાં વ્યક્તિ, સ્થાન, સમય અને ચોમેરની પરિસ્થિતિને લઈને ચાર પ્રકારના (૭–૧૦) ભેદો પડે છે.

(૧૧) ગમિકશ્રુત—જે સૂત્રના એકસરખા આલાવો–પાઠ હોય તેને ગમિકશ્રુત કહેવાય છે. બારમું દૃષ્ટિવાદ નામનું અંગ હતું. તેને માટે કહેવાય છે કે એના પાઠો એકસરખા હતા. એ અંગ વિચ્છેદ ગયું છે. આખો ગ્રંથ અનુષ્ટુપમાં જ હોય તો તે ગમિકશ્રુત કહેવાય. શ્રુતજ્ઞાનનો આ વિભાગ નષ્ટ થઈ ગયો છે એવી માન્યતા છે.

(૧૨) અગમિકશ્રુત—જેના આલાવો એકસરખા ન હોય તે અગમિકશ્રુત કહેવાય છે. પૂર્વના ગ્રંથો કહે છે કે કાલિકશ્રુતમાં સરખા આલાવો ન હતા. આલાવોનો સંબંધ માત્રામેળ સાથે છે, કે અનુદાત્ત, ઉદાત્ત, સ્વરિત સાથે છે, કે એમાં અક્ષરમેળનો વિષય છે, કે ગુરુલઘુની ગણત્રી છે એ વાત શોધખોળ માગે છે. મુદ્દામ કારણસર આ વિભાગ (૧૧ અને ૧૨) પાડવામાં આવ્યા હોય એમ લાગે છે, પણ ચોક્કસ સ્પષ્ટતા થતી નથી.

(૧૩) અંગપ્રવિષ્ટશ્રુત—મૂળ આગમ ગ્રંથોમાં જે શ્રુતજ્ઞાન છે તેને અંગપ્રવિષ્ટ શ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. બાર અંગોની વિચારણા ઉપર થઈ ગઈ (જુઓ પૃ. ૯૧–૯૨). બારમું અંગ દૃષ્ટિવાદ અલભ્ય છે, નાશ પામી ગયું છે, વીસરાઈ ગયું છે. અંગની અંદર બતાવેલ જ્ઞાન બહુ જ આધારભૂત ગણાય છે. તે તીર્થંકરદેવના સમયમાં બનાવેલ હોઈ ખૂબ આધારભૂત અને માનનીય મનાય છે. એના પ્રણેતા ત્રિપદી સાંભળીને સ્વયં પ્રેરણાથી એની રચના કરે છે. એ અંગશ્રુતનો મહિમા તીર્થ ચાલે ત્યાં સુધી ચાલુ રહે છે.

(૧૪) અંગબાહ્યશ્રુત—ઉપર જણાવેલ બાર અંગોની બહાર રહેલું જ્ઞાન તે અંગબાહ્ય શ્રુતજ્ઞાન છે. ઉપાંગો, પ્રકરણ ગ્રંથો,

આવશ્યકો, દશવૈકાલિક વગેરે સર્વનો સમાવેશ અંગબાહ્ય શ્રુતજ્ઞાનમાં આવે છે.

શ્રુતજ્ઞાનના આ ચૌદ પ્રકારો વૈયક્તિક નજરે અને શાસ્ત્ર-રચનાને અંગે કરવામાં આવ્યા છે. એમાં જ્ઞાન અને અજ્ઞાન બન્નેનો સમાવેશ થાય છે. અજ્ઞાન એટલે જ્ઞાનનો અભાવ એવો અર્થ નથી પણ ફળ વગરનું અથવા આડે માર્ગે ઉતારનારું જ્ઞાન એવો અર્થ થાય છે. ઘણીવાર આવા અજ્ઞાનવાળા અર્થાત્ મિથ્યાજ્ઞાનવાળા પણ બાહ્ય નજરે ભારે વિદ્વત્તા દાખવે છે, પણ પરિણામશૂન્ય અથવા વિપરીત હોય છે, આવા મિથ્યાજ્ઞાનનો પણ અહીં શ્રુતજ્ઞાનમાં જ સમાવેશ કરાયો છે, પરંતુ ખરેખર તો તેમનો સમાવેશ શ્રુત-અજ્ઞાનમાં થાય.

મતિજ્ઞાનના અઠ્ઠાવીશ ભેદ ઉપર પાડી બતાવવામાં આવ્યા તે તર્કશાસ્ત્રને અને નવયુગના ન્યાય(Logic)ને સંમત હોય અથવા તેને બંધ બેસતા હોય એમ જણાય છે. શ્રુતજ્ઞાનના ચૌદ ભેદમાં બે બે ભેદ સાથે વિચારવાના છે, એમાંના કેટલાક પ્રકાર જૈન ગ્રંથોની અપેક્ષા કરતા હોય તેવો પણ ભાસ થાય છે.

**શ્રુતજ્ઞાનના વીસ પ્રકારો**

શ્રુતજ્ઞાનના વીશ પ્રકાર પણ પાડવામાં આવ્યા છે. તે જૈન શાસ્ત્રના જ્ઞાનને આધારે છે. એટલે એમાં જૈન શાસ્ત્રગ્રંથોના પ્રકારની વિચારણાને પ્રાધાન્ય છે, અને સાથે સાથે એમાં જ્ઞાનના આવિષ્કરણનું પૃથક્કરણ પણ છે. એ પ્રકારો પણ માનસશાસ્ત્ર અને ન્યાય(તર્ક)ને અનુરૂપ છે, તે આગળ જોવામાં આવશે. એ વીશ પ્રકાર પણ સંક્ષેપથી જાણીએ.

(૧-૨) પર્યાયશ્રુત અને પર્યાયસમાસશ્રુત—ઉપર જણાવ્યું તેમ પ્રાણીને અક્ષરનો અનંતમો ભાગ ઉઘાડો રહે છે. પ્રાણીમાં નિગોદ સર્વથી નીચેની કોટિએ છે. એની ઉત્પત્તિ વખતે પ્રથમ સમયે અતિ સૂક્ષ્મ કુશ્રુત હોય, તેના પછી બીજે સમયે તેમાં જેટલો

વધારો થાય, જે જ્ઞાનની ઓછામાં ઓછી માત્રા છે, તે પર્યાયશ્રુત કહેવાય છે. આ શ્રુતજ્ઞાનનો નાનામાં નાનો અંશ છે જે લબ્ધિ-અપર્યાપ્તદશામાં હોય છે અને એનાથી વધારે નાનો વિભાગ (પરિચ્છેદ) જ્ઞાનને અંગે અકલ્પ્ય છે. આવા એક પર્યાયના જ્ઞાનને પર્યાયશ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. બેથી વધારે પર્યાયોના જ્ઞાનને પર્યાયસમાસશ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. પ્રાણીમાં આવા અનેક શ્રુત-પર્યાયોના જ્ઞાનની સંભાવના છે. એકથી વધારે પર્યાય થાય એટલે પર્યાયસમાસ કહેવાય છે.

(૩–૪) અક્ષરશ્રુત અને અક્ષરસમાસશ્રુત—પૃ. ૯૩માં લબ્ધિ-અક્ષરની વિચારણા થઈ ગઈ. એમાં લબ્ધિઅક્ષરનું સ્વરૂપ વિચારવું. શબ્દશ્રવણ કે રૂપદર્શનથી એના અર્થના પરિજ્ઞાન સાથે અક્ષરની ઉપલબ્ધિ થાય તેને લબ્ધિઅક્ષર કહેવામાં આવે છે. આવા એક અક્ષરનું–અકારથી માંડીને હકાર સુધીના કોઈપણ એક અક્ષરનું જ્ઞાન તે અક્ષરશ્રુતજ્ઞાન કહેવાય અને એ લબ્ધ્યક્ષરો પૈકી એકથી વધારે અક્ષરોનું જ્ઞાન થાય, બે, ત્રણ, ચાર કે તેથી વધારે અક્ષરોનું જ્ઞાન થાય તે અક્ષરસમાસશ્રુત.

(૫–૬) પદશ્રુત અને પદસમાસશ્રુત—ઘણા અક્ષરોને એકઠા કરવાથી અર્થની પરિસમાપ્તિ થાય તેને પદ કહેવામાં આવે છે. છૂટા છૂટા અક્ષરોને એકઠા કરવાથી શબ્દ બને તે પણ પદ કહેવાય. કોઈ શાસ્ત્રગ્રંથના એક પદને પદ કહે છે. દા. ત. આચારાંગના અઢાર હજાર પદના જ્ઞાન પૈકી એક પદનું જ્ઞાન થાય તેને પદશ્રુત કહે છે. પ્રથમનો અર્થ વધારે સમીચીન લાગે છે. એક પદના જ્ઞાનને પદશ્રુત અને એકથી વધારે પદોના જ્ઞાનને પદસમાસશ્રુત કહેવામાં આવે છે.

(૭–૮) સંઘાતશ્રુત અને સંઘાતસમાસશ્રુત—વિભાગો પાડવામાં આવ્યા હોય ત્યાં એક વિભાગનું જ્ઞાન તે સંઘાતશ્રુત, અને એકથી વધારે વિભાગનું જ્ઞાન તે સંઘાતસમાસશ્રુત. ગતિ ચાર બતાવી હોય, ઇંદ્રિય પાંચ બતાવી હોય તો દેવગતિ, મનુષ્યગતિ, નારક-

ગતિ કે તિર્યંચગતિ પૈકી એકનું જ્ઞાન થાય અથવા પાંચ ઇંદ્રિયો-માંની કોઈપણ એક ઇંદ્રિયનું જ્ઞાન થાય તે સંઘાતશ્રુત અને એકથી વધારે ગતિ કે એકથી વધારે ઈંદ્રિયનું જ્ઞાન થાય તે સંઘાતસમાસ-શ્રુત. આવી રીતે અનેક વિભાગો કર્મોને અંગે, શરીરોને અંગે, સંઘયણ-સંસ્થાનને અંગે પાડવામાં આવ્યા છે, તે પૈકી એક વિભાગનું જ્ઞાન તે સંઘાતશ્રુત અને એકથી વધારે વિભાગ(દ્વાર)નું જ્ઞાન તે સંઘાતસમાસશ્રુત.

'માર્ગણા' શું છે તે સ્પષ્ટ કરવાની જરૂર છે. સંસારમાં અનંત જીવો છે. પ્રત્યેક જીવનો વિકાસ અલગ અલગ પ્રકારનો છે, એમાં ચિત્રવિચિત્ર ભિન્નતા છે. એની શરીરરચના, સ્વભાવ-રચના, એનાં રૂપરંગ, એની ચાલ, એની બોલી, એની વિચાર-શક્તિ, એનું મનોબળ, એના ભાવો ભિન્ન ભિન્ન હોય છે. આ રીતે દુનિયા પોતે જ એક પ્રકારનું અજાયબઘર બની રહેલ છે. આવી અનેક અનંત વિવિધતાઓને ચૌદ વિભાગમાં જ્ઞાની પુરુષોએ વહેંચી નાંખી છે. એ ચૌદ વિભાગના ૬૨ પેટાવિભાગ થાય છે. આમ અનંત પ્રકારની ભિન્નતાના બુદ્ધિગમ્ય વર્ગીકરણને 'માર્ગણા' કહેવામાં આવે છે.

ગતિને આશ્રીને જીવોને વિચારીએ, તો તેના દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારક એવા ચાર વિભાગો પડે. એ પ્રથમ ગતિ-માર્ગણા થઈ. પાંચ ઇંદ્રિયોમાં સર્વ જીવોનું વર્ગીકરણ થાય, તે બીજી ઇંદ્રિયમાર્ગણા થઈ. પૃથ્વી, અપ, તેજ, વાયુ, વનસ્પતિ અને ત્રસ એમ છ પ્રકારની કાયાને ધ્યાનમાં લઈને જીવોનું વર્ગીકરણ કરવું તે ત્રીજી કાયમાર્ગણા જાણવી. યોગની અપેક્ષાએ પ્રાણીને મનયોગ, વચનયોગ, કાયયોગ હોય, એ ત્રણ વિભાગે પ્રાણીની વિચારણા કરવી તે ચોથી યોગમાર્ગણા સમજવી. વેદ ત્રણ છે— પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ, વેદની અપેક્ષાએ સર્વ પ્રાણીની વિચારણા કરવી તે પાંચમી વેદમાર્ગણા. સર્વ પ્રાણીઓના કષાયની અપેક્ષાએ ચાર વિભાગ કરવા અર્થાત્ સર્વ પ્રાણીઓને ક્રોધી, માની,

માયાવી અને લોભી એ ચાર વર્ગમાં વહેંચી વિચારવા તે કષાય-માર્ગણા છઠ્ઠી. જ્ઞાનની અપેક્ષાએ જીવોના આઠ પ્રકાર પડે—મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, કેવળજ્ઞાની, મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાની, અવધિઅજ્ઞાની (વિભંગજ્ઞાની). એ પ્રકારના પ્રાણીના વર્ગીકરણની વિચારણા તે સાતમી જ્ઞાનમાર્ગણા. ચારિત્રના સાત પ્રકાર થાય–સામાયિક, છેદોપસ્થાન, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત, દેશવિરતિ અને અવિરતિ. આ રીતે પ્રાણીના સાત વિભાગ પાડી તેની વિચારણા કરવી તે આઠમી સંયમ-માર્ગણા.

તે જ પ્રમાણે દર્શનની અપેક્ષાએ પ્રાણીના ચાર પ્રકાર પડે—ચક્ષુદર્શની, અચક્ષુદર્શની, અવધિદર્શની અને કેવળદર્શની. એ રીતે પ્રાણીની વિચારણા તે નવમી દર્શનમાર્ગણા. આનું વર્ણન જ્ઞાન વિભાગ પૂરો થતાં તુરતમાં નીચે આવનાર છે. જુઓ પૃ. ૧૧૩.

આત્માના અધ્યવસાયના (લેશ્યના) છ પ્રકાર છે–કૃષ્ણ, નીલ, કાપોત, તેજ, પદ્મ અને શુક્લ. પ્રથમની ત્રણ લેશ્યા અશુદ્ધ છે, પછવાડેની ત્રણ શુદ્ધ છે. એ છ લેશ્યામાં સર્વ જીવોનું વર્ગીકરણ કરી તેનો અભ્યાસ કરવો તે દશમી લેશ્યામાર્ગણા.

યોગ્ય સામગ્રીને સદ્‌ભાવે મોક્ષમાં જવાની યોગ્યતાવાળા જીવોને ભવ્ય કહેવામાં આવે છે, તેવી યોગ્યતા વગરના તે અભવ્ય. આ ભવ્યાભવ્યના વર્ગીકરણને અંગે પ્રાણીનો વિચાર કરવો તે અગિયારમી ભવ્યમાર્ગણા.

શ્રદ્ધાને અંગે સમ્યગ્‌દૃષ્ટિ અને તે વગરના જીવોના છ પ્રકાર બને છે—મિથ્યાત્વી, સાસ્વાદનીય, મિશ્ર, ક્ષાયોપશમિક, ઔપશમિક અને ક્ષાયિક. (આનું વર્ણન દર્શનમોહનીય કર્મની વિચારણામાં નીચે આવશે.) આ પ્રકારના જીવોના વર્ગીકરણની વિચારણા કરવી તે બારમી સમ્યક્ત્વમાર્ગણા.

મનોજ્ઞાનની અપેક્ષાએ સન્નિઆ (સંજ્ઞી) જીવ અને તે વગરના અસન્નિઆ (અસંજ્ઞી) જીવોના બે વર્ગો થાય. આ બે વર્ગોને

અનુલક્ષી જીવોની વિચારણા એ તેરમી સંજ્ઞીમાર્ગણા. ચૌદમી આહારકમાર્ગણામાં આહાર કરનાર અને આહાર ન કરનાર(અનાહારક) જીવોના બે પ્રકાર પડે છે. આ ચૌદમી અને છેલ્લી સંસારી જીવોના વર્ગીકરણની પદ્ધતિ છે. માર્ગણા એટલે વિચારણા.

આ રીતે પ્રથમની ગતિમાર્ગણાના ૪ વિભાગ, બીજી ઇંદ્રિય-માર્ગણાના ૫ વિભાગ, ત્રીજી કાયમાર્ગણાના ૬ વિભાગ, ચોથી યોગમાર્ગણાના ૩ વિભાગ, પાંચમી વેદમાર્ગણાના ૩ વિભાગ, છઠ્ઠી કષાયમાર્ગણાના ૪ વિભાગ, સાતમી જ્ઞાનમાર્ગણાના ૮ વિભાગ, આઠમી સંયમમાર્ગણાના ૭ વિભાગ, નવમી દર્શનમાર્ગણાના ૪ વિભાગ, દશમી લેશ્યામાર્ગણાના ૬ વિભાગ, અગિયારમી ભવ્ય-માર્ગણાના ૨ વિભાગ, બારમી સમ્યક્ત્વમાર્ગણાના ૬ વિભાગ, તેરમી સંજ્ઞીમાર્ગણાના ૨ વિભાગ અને ચૌદમી આહારકમાર્ગણાના ૨ વિભાગ મળી કુલ ૬૨ વિભાગ થાય છે. આ માર્ગણાના વિભાગો ખૂબ ઉપયોગી છે.

માર્ગણાના વિભાગો પૈકી એક વિભાગનું જ્ઞાન થાય તે સંઘાત-શ્રુત સાતમું. દાખલા તરીકે ગતિ પૈકી દેવગતિનું જ્ઞાન કે સંયમને અંગે દેશવિરતિ પ્રાણીનું જ્ઞાન. અને એવા એકથી વધારે પેટા-વિભાગનું જ્ઞાન થાય તેને સંઘાતસમાસશ્રુત કહેવામાં આવે છે.

(૯–૧૦) પ્રતિપત્તિશ્રુત અને પ્રતિપત્તિસમાસશ્રુત—ઉપર માર્ગણાના ચૌદ પ્રકાર બતાવ્યા તે પૈકી એક માર્ગણામાં વર્તતા જીવોનું જ્ઞાન તે પ્રતિપત્તિશ્રુત અને એકથી વધારે માર્ગણામાં વર્તતા જીવોનું જ્ઞાન તે પ્રતિપત્તિસમાસશ્રુત થાય. સંઘાતશ્રુતમાં માર્ગણાના પેટાભેદોનો વિચાર થાય જ્યારે પ્રતિપત્તિશ્રુતમાં ચૌદ પૈકી આખી એક માર્ગણાનું જ્ઞાન થાય. બાસઠ પૈકી એકથી વધારે પેટા-વિભાગોનું જ્ઞાન તે સંઘાતસમાસશ્રુત, અને ચૌદ પૈકી એકથી વધારે માર્ગણામાં વર્તતા જીવોનું જ્ઞાન તે પ્રતિપત્તિસમાસશ્રુત.

(૧૧–૧૨) અનુયોગશ્રુત અને અનુયોગસમાસશ્રુત—એક પદનું નિરૂપણ કરવું તે અનુયોગ. દા. ત. કોઈ પણ એક

શબ્દ લઈએ. દેવ, શૃંગ, ખર એ પદ કહેવાય, શબ્દ કહેવાય. સમાસના શબ્દો બનાવટી પણ હોય. એક શબ્દ બનાવટી ન હોય. જે વસ્તુ જ ન હોય તેને જણાવનાર વાચક શબ્દ પણ ન હોય. કોઈ પણ શબ્દની વાચ્ય વસ્તુ જરૂર હોય. આકાશપુષ્પ સમાસ છે. સમાસની વાચ્ય વસ્તુ હોય કે ન પણ હોય. આવી એક સત્ પદની પ્રરૂપણા તે અનુયોગશ્રુત અને એકથી વધારે સત્ પદની પ્રરૂપણા તે અનુયોગસમાસશ્રુત.

(૧૩-૧૪) પ્રાભૃતપ્રાભૃતશ્રુત અને પ્રાભૃતપ્રાભૃતસમાસશ્રુત—દૃષ્ટિવાદ નામના અંગમાં દરેક વિષયના ઉપર લેખ હતા. આપણે પુસ્તકમાં વિભાગ પાડીએ અને વિભાગમાં પ્રકરણો પાડીએ, તે પ્રમાણે મૂળસૂત્રમાં અધ્યયન અને ઉદ્દેશા હોય છે, કષાયપાહુડ, કર્મ-પાહુડ વગેરે. એક વિષય જેમાં પૂરો થાય તેને પાહુડપાહુડ (પ્રાભૃતપ્રાભૃત) કહેવાય. એવા એક પ્રાભૃતપ્રાભૃતનું જ્ઞાન તે પ્રાભૃત-પ્રાભૃતશ્રુતજ્ઞાન અને એકથી વધારે પ્રાભૃતપ્રાભૃતનું જ્ઞાન તે પ્રાભૃત-પ્રાભૃતસમાસ શ્રુતજ્ઞાન કહેવાય.

(૧૫-૧૬) પ્રાભૃતશ્રુત અને પ્રાભૃતસમાસશ્રુત—અનેક પ્રાભૃત-પ્રાભૃત મળીને એક પ્રાભૃત થાય, જેમ ઘણા પ્રકરણો મળીને એક વિભાગ થાય. આવા પ્રાભૃતનું-વિભાગનું જ્ઞાન તે પ્રાભૃતશ્રુતજ્ઞાન સમજવું અને એકથી વધારે પ્રાભૃતનું જ્ઞાન તે પ્રાભૃતસમાસશ્રુત-જ્ઞાન. ઉપમિતિભવપ્રપંચાના આઠ અધ્યાય હોય તે પ્રત્યેકને પ્રાભૃત કહી શકાય. અને દરેક અધ્યાયમાં ત્રીશ, પાંત્રીશ, ચાળીશ પ્રકરણ પાડયાં હોય તે પ્રાભૃતપ્રાભૃતશ્રુત કહેવાય. અનેક ઉદ્દેશાઓ મળીને એક અધ્યયન થાય છે, તે પ્રમાણે.

(૧૭-૧૮) વસ્તુશ્રુત અને વસ્તુસમાસશ્રુત—અનેક પ્રાભૃતોનો સરવાળો થતાં એક શ્રુતસ્કંધ થાય, એક વિષયનો વિસ્તાર ખડો થઈ જાય. અનેક પ્રાભૃતોનો સમૂહ, અનેક અધ્યયનોનો સમૂહ તે વસ્તુશ્રુત. આખી વસ્તુનું સમગ્ર નિરૂપણ, દા. ત. દ્રવ્યાસ્તિકાય -દ્રવ્યાનુયોગતર્કણા. એ પ્રમાણે એક વિષયનું પૂર્વનું જ્ઞાન, આખા

શ્રુતસ્કંધનું જ્ઞાન તે વસ્તુશ્રુત અને એકથી વધારે વસ્તુનું જ્ઞાન તે વસ્તુસમાસશ્રુત.

(૧૯–૨૦) પૂર્વશ્રુત અને પૂર્વસમાસશ્રુત—આવા વિષયોના આખા ગ્રંથનું નામ પૂર્વ કહેવામાં આવતું હતું. ચૌદ પૂર્વનાં નામો જાણવાં જેવાં છે — ૧ ઉત્પાદપૂર્વ, ૨ આગ્રાયણીય, ૩ વીર્યપ્રવાદ, ૪ અસ્તિપ્રવાદ, ૫ જ્ઞાનપ્રવાદ, ૬ સત્યપ્રવાદ, ૭ આત્મપ્રવાદ, ૮ કર્મપ્રવાદ, ૯ પ્રત્યાખ્યાનપ્રવાદ, ૧૦ વિદ્યાપ્રવાદ, ૧૧ કલ્યાણ-પ્રવાદ, ૧૨ પ્રાણપ્રવાદ, ૧૩ ક્રિયાવિશાળ અને ૧૪ લોકબિન્દુ-સાર. આ ચૌદ પૂર્વના જ્ઞાનનો નાશ થઈ ગયો છે. નામો ઉપરથી એની અંદરના વિષયોનો સામાન્ય ખ્યાલ આવી જશે. આવા એક પૂર્વનું જ્ઞાન થવું તે પૂર્વશ્રુત કહેવાય. અને એકથી વધારે પૂર્વનું જ્ઞાન થવું તે પૂર્વસમાસશ્રુત. વાત શ્રુતજ્ઞાનની છે, બીજાને જ્ઞાન આપવાની છે, વિચારના વાહનની છે, અને તેટલા માટે પૃથક્કરણ અને સ્પષ્ટીકરણ માગી લે તેવી છે. શ્રુતજ્ઞાનના ભેદ કરતી વખતે પૂર્વસાહિત્યને નજરમાં રાખેલ છે. તે ભેદોને ત્યારપછીના સાહિત્યમાં લાગુ પાડી શકાય તેમ છે.

આ રીતે મતિજ્ઞાનના ૨૮ અથવા ૩૪૦ અને શ્રુતજ્ઞાનના ૧૪ અથવા ૨૦ પ્રકાર થયા. તેમને આવરણ કરનાર કર્મ તે અનુક્રમે મતિજ્ઞાનાવરણીય કર્મ અને શ્રુતજ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે. આ રીતે ઇન્દ્રિય કે મન દ્વારા થતાં પરોક્ષ જ્ઞાનની વિચારણા કરી.

### દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી શ્રુતજ્ઞાનનો વિચાર

શ્રુતજ્ઞાનનો વિષય પૂરો કરતાં એક વાત જણાવી દઈએ. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી શ્રુતજ્ઞાનના ચાર ભેદ પણ કરી શકાય. આ વાત ખૂબ વિચારવા જેવી છે. શ્રુતજ્ઞાનવાળો જ્ઞાની દ્રવ્યથી સર્વ દ્રવ્યોને જાણે, એ દેખે નહિ પણ કલ્પી શકે. એ દૃષ્ટિએ શ્રુતજ્ઞાનની મર્યાદા સર્વ દ્રવ્યની છે. ક્ષેત્રથી શ્રુતજ્ઞાની લોકાલોકના સર્વક્ષેત્રોને આદેશે જાણે. કાળથી શ્રુતજ્ઞાની સર્વ કાળને–ભૂત, ભવિષ્યત્ અને વર્તમાનને જાણે અને ભાવથી શ્રુતજ્ઞાની આદેશે

કરીને સર્વ પર્યાયોને જાણે. ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાની કેવળજ્ઞાન સમોવડો હોય, પણ તેનું જ્ઞાન આદેશથી હોય, મન દ્વારા હોય. મતિ-શ્રુતજ્ઞાન વ્યવહારથી પ્રત્યક્ષ કહેવાય, પરમાર્થે પરોક્ષ કહેવાય. અક્ષ એટલે આત્મા.

## અવધિજ્ઞાન

વ્યવહારથી પ્રત્યક્ષ, પણ મન કે ઇન્દ્રિયની દરમ્યાનગીરીને કારણે વસ્તુતઃ પરોક્ષ મતિશ્રુતજ્ઞાનની વિચારણા પછી હવે પરમાર્થે પ્રત્યક્ષજ્ઞાન તરફ વળીએ. એમાં પ્રથમ અવધિજ્ઞાન આવે. એનો વિષય રૂપી દ્રવ્ય છે., જે દ્રવ્યને વર્ણ, ગંધ, રસ, સ્પર્શ હોય તે રૂપી દ્રવ્ય કહેવાય. એ ગમે તેટલું નાનું કે સૂક્ષ્મ દ્રવ્ય હોય, તે અણુ હોય કે ઈલેક્ટ્રોન હોય, તે સર્વ રૂપી દ્રવ્યો આ અવધિ-જ્ઞાનનો વિષય થઈ શકે છે. અવધિજ્ઞાનવાળો આ રૂપી દ્રવ્યોને, કોઈ વસ્તુની, સૂક્ષ્મદર્શક યંત્રની કે ટેલિસ્કોપની અથવા તો આંખની મદદ વગર સીધેસીધા દેખી શકે છે.

આ અવધિજ્ઞાન ભવપ્રત્યય અને ગુણપ્રત્યય હોય છે. દેવગતિ અને નરકગતિમાં એ જ્ઞાન ત્યાંના સર્વ જીવોને હોય છે. તે ભવપ્રત્યય કહેવાય છે. મનુષ્ય કે તિર્યંચ ગતિમાં આકરી તપસ્યા, સાહિત્યસેવા કે જ્ઞાનની આરાધનાને પરિણામે અવધિજ્ઞાન થાય તે ગુણપ્રત્યય કહેવાય છે. દ્રવ્ય તો અનંત છે એટલે અવધિજ્ઞાનના અસંખ્ય ભેદ પડે, પણ સમજવા માટે એના છ વિભાગ પાડવામાં આવ્યા છે.

(૧) અનુગામી અવધિજ્ઞાન—એક પ્રાણીને દશ માઈલના વિસ્તારનું અવધિજ્ઞાન થયું એટલે એ દશ માઈલની અંદર રહેલા સર્વ રૂપી દ્રવ્યોને જાણે, દેખે, પણ જો એનો આનુગામિક પ્રકાર હોય તો તે જ્યાં જાય ત્યાંથી દશ માઈલના વિસ્તારમાં રૂપી દ્રવ્યોને દેખે. આજે મુંબઈમાં હોય તો મુંબઈથી દશ માઈલના વિસ્તારમાં દેખે અને કાલે સુરત જાય તો ત્યાંથી દશ માઈલના વિસ્તારમાં

દેખે. આંખની પેઠે આ આનુગામિક અવધિજ્ઞાન સાથે જાય છે. પ્રાણી જ્યાં જાય ત્યાં તેની સાથે એ જ્ઞાન જાય છે.

(૨) અનનુગામી અવધિજ્ઞાન — જે સ્થાને અવધિજ્ઞાન થયું હોય તેની ક્ષેત્રમર્યાદામાં તે જ્ઞાન રહે, તે મર્યાદા બહાર જાય તો સાથે જ્ઞાન ન જાય. એને વીજળીના દીવા સાથે સરખાવી શકાય. એ જ્યાં હોય ત્યાં પોતાના ક્ષેત્રમાં પ્રકાશ આપે. પણ એ બીજે જાય નહિ. શૃંખલાબદ્ધ દીપકની ઉપમા એને ગ્રંથોમાં આપી છે. તે વીજળીના દીવાને બરાબર લાગુ પડે છે. જે સ્થાને જે મર્યાદાએ એ જ્ઞાન થયું હોય તેટલું જ અને ત્યાં જ રહે, પણ સાથે ન ચાલે તે અનનુગામી. દીવો ખરો, પણ ફાનસમાં મૂકી રાખેલો હોય અને ફાનસને બાંધી રાખ્યું હોય તેના જેવો આ અનનુગામી અવધિજ્ઞાનનો સ્વભાવ હોય છે.

(૩) વર્ધમાન અવધિજ્ઞાન — અવધિજ્ઞાન થયા પછી ઉત્તરોત્તર વધારે વધારે મોટા ક્ષેત્રનો વિસ્તાર સર કરતું જાય, શરૂઆતમાં એકબે ઇંચ કે પાંચદશ ફૂટના પ્રદેશને ઘેરે, પરિણામવિશુદ્ધિથી ક્ષેત્રમાં વધારો કરતું જાય તે ઠેઠ લોકના છેડા સુધી પહોંચી જાય, ક્રમસર વિકાસ પામતું જાય તે ત્રીજું વર્ધમાન અવધિજ્ઞાન. સારા અધ્યવસાય, ઉત્તમ વર્તન, વિશિષ્ટ યોગસાધનાથી ક્ષેત્રમર્યાદા લાંબી લાંબી થતી જાય છે, અગ્નિમાં સરપણ નાખવામાં આવે અને અગ્નિ વધતો જાય તેની પેઠે.

(૪) હીયમાન અવધિજ્ઞાન — ઉત્પન્ન થતી વખતે જેનું ક્ષેત્ર મોટું હોય, પછી પરિણામ ઢીલા પડતા જાય, સામગ્રીનો અલ્પલાભ થતો જાય અને જ્ઞાનનું ક્ષેત્ર સંકોચાતું જાય તે હાનિ પામનાર અવધિજ્ઞાનને હીયમાન અવધિ કહેવામાં આવે છે. હળવે હળવે ઘટતું જાય તે હીયમાન.

(૫) પ્રતિપાતી અવધિજ્ઞાન — થયેલું અવધિજ્ઞાન ગેબ થઈ જાય તે, દીવાને ફૂંક મારતાં તે ઓલવાઈ જાય તેવું, પ્રતિપાતી. આવેલું થયેલું જ્ઞાન ચાલી જાય તે પ્રતિપાતી. કાજો કાઢતા મુનિને

અવધિજ્ઞાન થયું, સેવાનું ફળ મળ્યું, ઈન્દ્રને ઇન્દ્રાણીને પગે પડતો જોયો. આવા મોટા પુરુષ સ્ત્રીને નમતા હશે એમ વિચારી તેમનાથી હસી પડાયું અને આવેલ જ્ઞાન ચાલ્યું ગયું. આવા હઠી જનારા, ખલાસ થઈ જનારા જ્ઞાનને પ્રતિપાતી અવધિજ્ઞાન કહેવાય છે. એક સપાટે ખલાસ થઈ જાય તે પ્રતિપ્રાતી. હીયમાન ધીમે ધીમે જાય ત્યારે પ્રતિપાતી એકસાથે હઠી જાય.

(૬) અપ્રતિપાતી અવધિજ્ઞાન — થયેલ અવધિજ્ઞાન જાય નહિ તે અપ્રતિપાતી. ઘણે ભાગે કેવળજ્ઞાન થયા પહેલાં એક અંતર્મૂહુર્ત કાળે એ થાય છે, સ્થિર રહે છે અને પછી કેવળજ્ઞાનમાં સમાઈ જાય છે, એને પરમાવધિ પણ કહેવામાં આવે છે. આ અપ્રતિપાતી અવધિજ્ઞાન સમસ્ત લોકના રૂપી દ્રવ્યોને અને અલોકના એક પ્રદેશને છેવટે દેખે – જાણે.

રૂપી દ્રવ્યના દર્શનમાં અનેક ભેદ પાડી શકાય એટલે અવધિજ્ઞાનના અસંખ્ય ભેદ પડી શકે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની નજરે જોઈએ તો અવધિજ્ઞાનના ચાર પ્રકાર થાય. દ્રવ્યની અપેક્ષાએ ઓછામાં ઓછા અનંત રૂપી દ્રવ્યોને જાણે – દેખે અને વધારેમાં વધારે સર્વ રૂપી દ્રવ્યોને જાણે – દેખે. ક્ષેત્રની અપેક્ષાએ અવધિજ્ઞાની જઘન્યથી અંગુળના અસંખ્યાતમા ભાગના ક્ષેત્રમાં વિસ્તરે અને ઉત્કૃષ્ટથી લોકના આખા ક્ષેત્રને ઘેરી લઈ શકે અને અસત્‌કલ્પનાથી અલોકમાં લોકપ્રમાણ અસંખ્ય ખંડોને જાણે – દેખે.

કાળથી અવધિજ્ઞાની એક સેકન્ડના લાખમાં ભાગ જેટલા કાળના રૂપી દ્રવ્યને જાણે દેખે અને ઉત્કૃષ્ટથી અતીત અનાગત કાળના સર્વ રૂપી દ્રવ્યોને જાણે – દેખે. ભાવથી અવધિજ્ઞાની રૂપી દ્રવ્યના અનંત ભાવોને (પર્યાયોને) જાણે – દેખે. અનંતના અનંત ભેદ હોઈને જઘન્ય તેમ જ ઉત્કૃષ્ટ ભાવ અવધિજ્ઞાનમાં બંને સ્થાને અનંત શબ્દોનો ઉપયોગ સમુચિત છે. સાચી દૃષ્ટિ વગર અવધિજ્ઞાન થાય તેને મતિઅજ્ઞાન શ્રુતઅજ્ઞાનની પેઠે અવધિઅજ્ઞાન કહેવામાં આવે છે. એને માટે 'વિભંગજ્ઞાન' શબ્દ પણ વપરાય છે. વિભંગ-

જ્ઞાની અવળુંસવળું જાણે, મુદ્દા વગરનું જાણે, એના જ્ઞાનમાં શૂન્ય પરિણામ હોય. દેવો અને નારકોમાં મિથ્યાત્વીને આ પ્રકારનું વિભંગજ્ઞાન હોય છે. આ અવધિજ્ઞાન છદ્મસ્થને પણ હોય અને તિર્યંચને પણ હોય.

મનઃપર્યાયજ્ઞાન

અવધિજ્ઞાનમાં રૂપી દ્રવ્ય દેખાય, ઘડો દેખાય, પેન્સિલ દેખાય, એરોપ્લેન દેખાય, પણ ઘડાના લાવનારના મનમાં શા વિચારો ચાલે છે કે એરોપ્લેન ચલાવનારો શી ગોઠવણો ધારી રહ્યો છે એની એને ખબર ન પડે. વસ્તુને જતી આવતી નાશ પામતી ઉત્પન્ન થતી એ જોઈ શકે, પણ વસ્તુને અંગે પ્રાણીના મનમાં ચાલતા વિચારો કે થતા ફેરફારો એ જાણી શકે નહિ. મનઃપર્યવજ્ઞાન મનના વિચારોને જાણી શકે છે. આ મનઃપર્યવજ્ઞાન સંજ્ઞી પંચેન્દ્રિય પ્રાણીઓના મનના વિચારોને જાણે – દેખે. વિચાર કે અધ્યવસાય રૂપી છે. એને દેખવાનું કાર્ય મનઃપર્યવજ્ઞાન કરે છે.

મનઃપર્યવજ્ઞાનમાં 'અમુક માણસે મનમાં ઘોડો ચિંતવ્યો, ઘડો વિચાર્યો, હાથી જાણ્યો' આમ સામાના વિચારને જાણે અને દેખે. એનાં ઋજુમતિ અને વિપુલમતિ એવા બે પ્રકાર પડે છે. ઋજુમતિ બીજાના મનના પર્યાયોને સામાન્ય સ્વરૂપે જાણે છે, જ્યારે વિપુલ-મતિ વધારે સ્પષ્ટતાથી વિચારોને જાણે છે. દાખલા તરીકે, કોઈ પ્રાણીએ ઘોડો ચિંતવ્યો હોય તો ઋજુમતિ ઘોડો ચિંતવ્યો એટલું જાણે જ્યારે વિપુલમતિ તે વ્હેલર છે કે આરબ જાતનો છે, રંગે સફેદ છે કે લાલ છે એમ વિગતવાર જાણે. ઋજુમતિ માત્ર ઘડાને ચિંતવ્યો એટલું જાણે જ્યારે વિપુલમતિ જાણે કે ચિંતવેલ ઘડો ત્રાંબાનો છે, રંગે લાલ છે, અમુક નગરમાં ઘડેલો છે, મણ પાણી સમાય એટલી તાકાતવાળો છે, અમુકનો ઘડેલો છે વગેરે. વિપુલ-મતિ વિગતો જાણે, વધારે સ્પષ્ટતાથી જાણે. મનના વિચાર આકાર લે છે, એ આકારને જાણે તે મનઃપર્યવજ્ઞાન. વિચારની વર્ગણા

હોય છે, વર્ગણા એ પૌદ્‌ગલિક છે, એના આકાર મનમાં બંધાય છે. જેવો ઘોડો આંખે દેખીએ તેવો ઘોડો મન વિચારની વર્ગણા દ્વારા અંદર તૈયાર કરે છે, એ આકારને જાણવો તે મનઃપર્યવ-જ્ઞાનનો વિષય છે.

દ્રવ્યથી મનઃપર્યવજ્ઞાની અનંત પ્રદેશવાળા અનંત પદાર્થોને જાણે. મનઃપર્યવજ્ઞાનનું ક્ષેત્ર અઢીદ્વીપ બતાવવામાં આવ્યું છે, ઉપર જ્યોતિશ્ચક્ર સુધી અને નીચે રત્નપ્રભા સુધી એનું ક્ષેત્ર લંબાય. કાળથી મનઃપર્યવજ્ઞાની ભૂતમાં થયેલા, ભવિષ્યમાં થવાના તથા વર્તમાન મનોગત ભાવોને જાણે. ભાવથી મનઃપર્યવજ્ઞાની મનોગત અસંખ્ય પર્યાયોને જાણે.

ઋજુમતિના જ્ઞાનમાં સામાન્ય સ્પષ્ટતા હોય. વિપુલમતિના જ્ઞાનમાં વિશેષ ચોખવટ હોય. પર્યાયોની ગણના પણ વિપુલમતિમાં વધારે હોય. ક્ષેત્રમાં ઋજુમતિ કરતાં વિપુલમતિનું ક્ષેત્ર અઢી આંગળ વધારે હોય.

મનઃપર્યવજ્ઞાની વર્તમાન મનોગત ભાવ જાણે એટલું જ નહિ પણ એ ભૂત–ભવિષ્યના મનોગત પદાર્થો જાણે, એ ધ્યાનમાં રાખવાનું છે. પોતે અથવા અમુક પ્રાણીએ વર્ષો પહેલા ચિંતવન કરેલ હોય તે મનોવર્ગણાના વિચારને — આકારોને મનઃપર્યવ-જ્ઞાની જાણે, અને ભવિષ્યમાં થવાના વિચારોને પણ જાણે.

**કેવળજ્ઞાન**—સંપૂર્ણ દ્રવ્ય અને એના કુલ ગુણો તથા પર્યાયો-ને કેવળજ્ઞાની એક સમયે જાણી લે છે. ભૂત, ભવિષ્ય કે વર્ત-માનનું કોઈ પણ પરિવર્તન એનાથી છૂપું રહેતું નથી. એ રૂપી–અરૂપી સર્વ દ્રવ્યોને સમકાળે જાણે. એમાં ભેદ નથી, પ્રકાર નથી, વિશેષતા – અલ્પતા નથી, તરતમતા નથી, ઘટ્ટતા નથી કે કનિષ્ઠતા નથી. એક સંપૂર્ણ ભૂત–ભવિષ્ય–વર્તમાનના ત્રિકાળ વિષયોને, રૂપી-અરૂપી સર્વ દ્રવ્યોને, ગુણપર્યાયોને અને સર્વ પ્રકારના ભાવોને એ જ્ઞાન જાણે છે. અને એમાં જરા પણ ફેર પડતો નથી, ઉજ્જવળતા

કે સ્પષ્ટતામાં તફાવત નથી, સમય કે સ્થળનો સંકોચ કે વધઘટ નથી. કેવળજ્ઞાનનો તેટલા માટે એક જ પ્રકાર છે.

પ્રથમના બે પરોક્ષ જ્ઞાનમાં પ્રથમ સામાન્ય બોધ (દર્શન) થાય છે, પછી વિશેષ બોધ (જ્ઞાન) થાય છે. વ્યંજનાવગ્રહ વગેરે પદ્ધતિએ એની વાત જાણવામાં આવે છે. પ્રત્યક્ષ જ્ઞાનમાં પ્રથમ જ્ઞાન થાય છે અને પછી દર્શન થાય છે. આ વાત બીજા દર્શનાવરણીય કર્મની વિચારણા સાથે વધારે સ્પષ્ટ થશે.

મતિજ્ઞાનના ૨૮ ભેદ, શ્રુતજ્ઞાનના ૧૪ ભેદ (અથવા ૨૦), અવધિજ્ઞાનના ૬ ભેદ, મનઃપર્યવજ્ઞાનના ૨ ભેદ અને કેવળજ્ઞાનનો ૧ ભેદ મળી જ્ઞાનના આ રીતે ૫૧ પ્રકાર થાય છે. આ રીતે જ્ઞાનનો પરિચય કર્યો. હવે જ્ઞાનાવરણીય કર્મને ઓળખવાનો પ્રયત્ન કરીએ.

### જ્ઞાનાવરણીય કર્મ અને તેના ભેદો

આટલી જ્ઞાનની પિછાણ કર્યા પછી જ્ઞાનાવરણીય કર્મ શું છે તેનો ખ્યાલ કરી શકાશે. જ્ઞાન તો સૂર્ય છે, ઝગઝગતો દીવડો છે, એ ચેતનનો મૂળ ગુણ છે, એ પોતે ચેતન જ છે, પણ તે સ્વયંપ્રકાશ જ્યોતિગુણની આડું આચ્છાદન થાય તેને 'આવરણ' કહેવામાં આવે છે. દીવાની આડો કપડાનો પડદો કર્યો હોય અને પ્રકાશ ઓછો દેખાય, એક, બે ચાર કપડાં આડાં આવી ગયાં હોય તો પ્રકાશ મંદ મંદતર મંદતમ થાય તેમ જ્ઞાનપ્રકાશ આડાં કર્મવર્ગણાનાં આવરણો – આચ્છાદનો આવ્યાં હોય તેમને જ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે. અથવા, આકાશમાં નિર્મળ ચંદ્ર ઊગ્યો હોય પણ આડાં વાદળાં આવે તો ચંદ્રના પ્રકાશને ઓછોવધતો ઝાંખો કરે છે અને વધારે ગાઢ વાદળાં હોય તો પ્રકાશને નહિવત્ બનાવી મૂકે છે, તેમ જ્ઞાનગુણની આડાં આવરણો આવી જ્ઞાનને પ્રકાશવા દેતાં નથી, એ આવરણોને જ્ઞાનાવરણીય કર્મ કહેવામાં આવે છે. જેટલાં જ્ઞાનના ભેદો – પ્રકારો ઉપર બતાવ્યા તેટલાં આવરણો હોય છે.

છતાં એક વાત ધારી રાખવા જેવી છે કે જ્ઞાનની આડાં ગમે તેટલાં આવરણો આવ્યાં હોય, છતાં એનો અતિ સૂક્ષ્મ ઘણો નાનો ભાગ તો ખુલ્લો હોય જ છે. કરંડિયામાં ગાઢ અંધકાર હોય તો પણ છિદ્રમાંથી જરા પ્રકાશ તો આવે છે, અથવા કપડા કે કામળના છિદ્રમાંથી પ્રકાશ જરા સરખો જરૂર આવે છે, એ રીતે અતિ ગાઢ અજ્ઞાનમાં પણ જરા સરખો પ્રકાશ તો પ્રત્યેક ચેતન માટે ખુલ્લો રહે છે. બીજી વાત એ છે કે આવરણો ગમે તેટલાં ગાઢ કે મંદ હોય પણ તે જ કાળે અંદર ઝળહળતો સૂર્ય તો બેઠેલો જ છે. પ્રત્યેક ચેતન સત્તાની નજરે અનંત જ્ઞાનથી ભરેલો છે, જ્ઞાનગુણવાળો છે, સ્વયં જ્ઞાનમય છે; જ્ઞાન જ છે. જ્ઞાન બહારથી મેળવવા જવું પડતું નથી, અંદર ભરેલું જ છે, એના પર જે આચ્છાદનો લાગી ગયેલાં છે તે દૂર કરવા જેવું છે. અને યોગ્ય પ્રયાસથી તેમને દૂર કરવાં શકય છે. ખરી રીતે જોઈએ તો જ્ઞાન બહારથી ભણવા કે મેળવવા જવું પડતું નથી, પણ અંદર છે. તેના પરનાં આવરણો ખસેડી તેને બહાર કાઢવા જેવું છે. અંગ્રેજીમાં 'education' શબ્દ છે, તેનું મૂળ e=out and dulco =I lead છે, એટલે અંદરથી બહાર કાઢવાની વાત છે. આ વાતનો આશય સમજાઈ જાય તો જ્ઞાનની મહત્તા અને એની આત્મીયતા બરાબર ખ્યાલમાં આવી જાય તેમ છે.

જેટલા જ્ઞાનના પ્રકારો છે, જેટલી તેમાં તરતમતા છે, તેટલાં તેનાં આવરણો છે. અને જ્ઞાન પોતે આત્મસ્વરૂપ છે ત્યારે આવરણો કાર્મિક છે, પૌદ્ગલિક છે, જ્ઞાનગુણની આડે આવનાર અથવા તેને આચ્છાદન કરનાર છે.

સામાન્ય સમજણ માટે આ જ્ઞાનાવરણીય કર્મના પાંચ પ્રકાર પાડવામાં આવ્યા છે, તે નીચે પ્રમાણે છે—

૧. મતિજ્ઞાનાવરણીય (૧)[૧]

---

૧. કર્મની પ્રકૃતિની સંખ્યા બતાવવા આ ચાલુ સંખ્યાને કૌંસમાં બતાવવામાં આવેલ છે, તે એકથી માંડીને ૧૫૮ સુધી જશે.

૨. શ્રુતજ્ઞાનાવરણીય (૨)
૩. અવધિજ્ઞાનાવરણીય (૩)
૪. મનઃપર્યવજ્ઞાનાવરણીય (૪)
૫. કેવળજ્ઞાનાવરણીય (૫)

મતિજ્ઞાનાવરણીયમાં ૩૩૬ પ્રકાર અને ચાર પ્રકારની ઔત્પાતિકી, વૈનયિકી, કાર્મણિકી અને પારિણામિકી બુદ્ધિનો સમાવેશ કરતાં ૩૪૦ ભેદ થાય છે. (જુઓ. પૃ. ૮૮-૯૦) શ્રુતજ્ઞાનાવરણીય કર્મમાં ભણવું ભણાવવું ન આવડે, વાંચવા સાંભળવા પર રુચિ ન થાય અને ભણેલ ભૂલી જવાય, અભ્યાસ થાય નહિ વગેરેનો સમાવેશ થાય છે. બાકીના ત્રણ જ્ઞાનના આવરણો સ્પષ્ટ છે. જ્ઞાનના કુલ ૫૧ ભેદ થાય છે. જ્ઞાનાવરણીય કર્મને આંખના 'પાટા' સાથે સરખાવેલ છે. આંખમાં જોવાની શક્તિ છે, પણ તેની આડો કપડાનો પાટો બાંધવાથી તેની જોવાની શક્તિ મીંચાઈ જાય છે, તેવો જ્ઞાનાવરણીય કર્મનો સ્વભાવ છે.

જ્ઞાનાવરણીય કર્મ ઘાતીકર્મ છે, આત્માના મૂળ ગુણનો ઘાત કરનાર છે. એમાં પણ કેવળજ્ઞાનાવરણીય સર્વઘાતી છે, જ્યારે બાકીના ચારે આવરણરૂપ કર્મો દેશઘાતી છે. આ પાંચ ભેદ સમજવા માટે પાડેલા છે, બાકી તો પ્રત્યેક પ્રાણીના જ્ઞાનાવરણીય કર્મની તરતમતામાં ઘણા ભેદ પડે છે. આ રીતે પ્રથમ ઘાતી કર્મ જ્ઞાનાવરણીય કર્મ સંબંધી વિચાર કર્યો. હવે બીજા કર્મ તરફ વિચારણા આગળ ધપાવીએ.

## ૨. દર્શનાવરણીય કર્મની ઉત્તર પ્રકૃતિઓ

### 'દર્શન' એટલે ?—

જ્ઞાનાવરણીય કર્મને સમજવા માટે જેમ પ્રથમ જ્ઞાનને સમજવા પ્રયત્ન કર્યો હતો તેમ દર્શનાવરણીય કર્મને સમજવા માટે પ્રથમ દર્શનને સમજીએ.

કોશમાં 'દર્શન' શબ્દના ૨૭ અર્થો આપ્યા છે. દર્શનના

જાણીતા અર્થો લઈએ તો 'દેખવું' એ એનો મુખ્ય અર્થ છે. બીજો જાણીતો અર્થ 'ધર્મ સંબંધી જ્ઞાન' થાય છે. નૈયાયિક દર્શન, વૈશેષિકદર્શન, બૌદ્ધદર્શન, જૈનદર્શન એ શબ્દોમાં દર્શનનો અર્થ તત્ત્વજ્ઞાન થાય છે. બાકી તો અરીસો, ઉપદેશ, નજરમાં આવવું, અભિપ્રાય વગેરે અનેક અર્થ થાય છે. અહીં ઉપર જણાવેલ 'દેખવું' એ અર્થમાં દર્શન શબ્દ વપરાયો છે. દર્શન એટલે દેખવું તે. જાણવામાં અને દેખવામાં તફાવત છે. આપણી ચર્મચક્ષુએ વસ્તુને જાણવા પહેલાં દેખવાની હોય છે. દેખ્યા પછી જાણવાનું બને. એ જ પ્રમાણે નાકે સુંઘવાથી, જીભે સ્વાદવાથી, કાને સાંભળવાથી કે વસ્તુના સ્પર્શથી વસ્તુને જાણતાં પહેલાં દેખી શકાય. આ પાંચે ઇન્દ્રિયથી દેખી કે જોઈ શકાય, તેને 'દર્શન' કહેવામાં આવે છે.

બીજી રીતે વિચારીએ તો વસ્તુનું જ્ઞાન થતાં પહેલાં આપણા જેવા ચર્મચક્ષુવાળા પ્રાણીઓને ઉપર જણાવ્યું તે પ્રકારનું દર્શન થાય છે. મતિજ્ઞાન થાય તે વખતે વસ્તુનો બોધ થાય છે. 'આ કાંઈક છે' એવા વ્યંજનાવગ્રહથી શરૂ થતો બોધ અંતે ધારણામાં પરિણમે છે. તે મતિજ્ઞાનની આખી પદ્ધતિ પૃથક્કરણપૂર્વક આપણે ઉપર વિચારી ગયા. (જુઓ પૃ. ૭૭–૮૧). અને એ મતિજ્ઞાન પાંચમાંની કોઈ ઇન્દ્રિય અથવા મનની દરમ્યાનગીરીથી થાય છે તે પણ આપણે વિચારી ગયા. અને તેટલા માટે મતિજ્ઞાનને આપણે પરોક્ષ જ્ઞાનની કોટિમાં મૂકયું હતું. આવા પ્રકારના જ્ઞાનમાં ગુણ અને પર્યાયનું જ્ઞાન ઇન્દ્રિય કે મનની મારફત થાય છે.

એવા પ્રકારનું જ્ઞાન થતાં પહેલાં વસ્તુનો સામાન્ય બોધ થાય છે. દા. ત. આપણે સામે પડેલ ઘડાનો રંગ વગેરે જાણીએ તે પહેલાં ઘડો છે એમ પ્રથમ આંખ દ્વારા દેખીએ છીએ. ગાયને પિછાનવા પહેલાં સામે ગાય છે એટલું સામાન્ય દર્શન થાય છે. વસ્તુમાં સામાન્ય અને વિશેષ એવા બે પ્રકાર હોય છે. સામે ઊભેલા હીરાચંદનો મનુષ્યત્વ રૂપે બોધ એ સામાન્ય દર્શન છે. અને પછી તેના આકાર, રૂપ, રંગ, પહેરવેશથી એના હીરા-

ચંદ્રપણાનો બોધ એ એના સંબંધીનું વિશેષ જ્ઞાન છે. ગાયનું ગોત્વ એ સામાન્ય છે, એ સામાન્યનો બોધ એ દર્શન છે, 'શીંગડાવાળી પીળા રંગની ગાય' એવો વિશેષ બોધ જ્ઞાન છે.

આ સામાન્ય બોધ–મનુષ્યપણાનો, ગાયપણાનો–થાય તેને દર્શન કહેવામાં આવે છે. વિગતવાર વિશેષ બોધ તે જ્ઞાન કહેવાય છે. એટલે આપણને જે રીતે કોઇ વસ્તુનું કે માણસનું જ્ઞાન થાય તે પહેલાં તેની જાતિનું દેખવું થાય છે, તેને દર્શન કહેવાય છે. આપણને જ્ઞાન સામાન્ય રીતે પાંચમાંની કોઈ ઇન્દ્રિય મારફત અથવા મન મારફત અથવા એકબે ઇન્દ્રિયો અને મન મારફત થાય છે. એટલે આપણને થતાં મતિશ્રુતજ્ઞાનને આપણે ઉપર પરોક્ષ જ્ઞાન કહ્યું હતું. જંગલમાં સામે દૂરથી કાંઈ દેખાય ત્યારે માણસ હશે કે ઝાડનું ઠુંઠું હશે એમ લાગે, પછી માણસ છે એમ લાગે એ દર્શન. પછી એ હિંદી છે, હિંદુ છે, ધોતિયાવાળો છે, પગે ચાલનારો છે એમ વધારે માહિતી મળે તે જ્ઞાન કહેવાય. એટલે જાતિનો સામાન્ય બોધ તે દર્શન અને વિશેષ વિગતવાર સમજણ તે જ્ઞાન. વિશિષ્ટ ગુણક્રિયાની જાણ વગર માત્ર નિરાકાર નિર્વિકલ્પ બોધ થાય તે દર્શન અને વિશેષ બોધ થાય તે જ્ઞાન.

આપણને કોઈ વસ્તુ કે ભાવનો પરિચય થતાં પ્રથમ સામાન્ય દર્શન થાય છે અને પછી વિશેષ બોધ થાય છે. તેથી આપણી દૃષ્ટિએ પ્રથમ દર્શનનો ઉપયોગ થાય, પછી જ્ઞાનનો ઉપયોગ થાય. ઉપરના વિશિષ્ટ પ્રત્યક્ષ જ્ઞાનમાં આ સ્થિતિ પલટાઈ જાય છે. કેવળજ્ઞાનમાં દર્શન પહેલાં અથવા દર્શન સાથે જ્ઞાન થાય છે. એટલે પ્રથમ વ્યાખ્યા જ્ઞાનની કરી. આ હકીકત ખૂબ સ્પષ્ટ છે, જરા મગજને તસ્દી આપી સમજી લેવા જેવી છે. કોઈ પણ વસ્તુનો સામાન્ય પરિચય થાય તે દર્શન છે અને વિશેષ પરિચય થાય તે

જ્ઞાન છે, અથવા દર્શન વસ્તુના સામાન્યને નિર્દેશે છે, જ્યારે જ્ઞાન વસ્તુના વિશેષને નિર્દેશે છે.

**દર્શનાવરણના ચાર પ્રકાર**

આંખની મારફત વસ્તુનું દર્શન થવું તેને ચક્ષુદર્શન કહેવામાં આવે છે. આંખ સિવાયની ઇન્દ્રિયોથી ત્વચા, જીભ, નાક કે કાનથી અથવા મન દ્વારા વસ્તુનું દર્શન થવું એને અચક્ષુદર્શન કહેવામાં આવે છે. એવા પ્રકારના દર્શનનું આવરણ કરે તેને ચક્ષુદર્શનાવરણ અને અચક્ષુદર્શનાવરણ કહેવામાં આવે છે. એકેંદ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય પ્રાણીને ચક્ષુદર્શનનાં આવરણ હોય છે જ. એને ચક્ષુ જ હોતી નથી. ચાર કે પાંચ ઇન્દ્રિયવાળા જીવોને ચક્ષુ હોવા છતાં ચક્ષુદર્શનાવરણ કર્મના યોગથી તેઓ અંધ, રતાંવળા થાય છે. આવી રીતે જે જીવને બાકીની ઇન્દ્રિયો હોય નહિ કે મન ન હોય અથવા હોય તો બહેર મારી ગઈ હોય, તેને અચક્ષુદર્શનાવરણ કર્મ હોય છે. આ પરોક્ષ જ્ઞાન (મતિ અને શ્રુતના બોધ) પહેલાં થતાં સામાન્ય બોધની વાત થઈ. એ પ્રમાણે અવધિજ્ઞાન થતાં પહેલાં અવધિદર્શન અને કેવળજ્ઞાનને અંગેનું કેવળદર્શન જે કર્મના જોરથી અટકે તે અવધિદર્શનાવરણ અને કેવળદર્શનાવરણ કર્મ કહેવાય. મનઃપર્યવજ્ઞાન તો થાય ત્યારે પ્રથમથી ક્ષયોપશમપ્રમાણે વિગતવાર વિશેષધર્મને ગ્રહણ કરે છે એટલે એનું દર્શન ન હોઈ શકે. આ રીતે દર્શનાવરણના ચાર પ્રકાર થયા—

૧. ચક્ષુદર્શનાવરણીય કર્મ (૬)
૨. અચક્ષુદર્શનાવરણીય કર્મ (૭)
૩. અવધિદર્શનાવરણીય કર્મ (૮)
૪. કેવળદર્શનાવરણીય કર્મ (૯)

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની મર્યાદામાં રૂપી દ્રવ્યોનો સામાન્ય અવબોધ તે અવધિદર્શન અને સર્વ દ્રવ્યોના સામાન્ય અંશનો

અવબોધ તે કેવળદર્શન. ચારે પ્રકારના દર્શનાવરણ કર્મને પરિણામે સામાન્ય નિરાકાર ઉપયોગથી પ્રાણી વંચિત રહે. છદ્મસ્થ જીવોને સામાન્ય ઉપયોગ વગર વિશેષ બોધની શકયતા નથી, એ વાત પણ ધ્યાનમાં રાખવી. એટલા માટે દર્શનાવરણ કર્મને પોળિયા (doorkeeper) સાથે સરખાવામાં આવેલ છે. કોઈ ઓફિસ કે શેઠને મળવા જવું હોય તો બહારથી કાર્ડ (પરિચયપત્ર) મોકલવું પડે છે, અસલ રાજકુળ કે રાજસભામાં જવા માટે વેત્રી–પોળિયા સાથે ખબર કહેવરાવવા પડતા હતા. વરદી એટલે કહેણ અથવા ખબર. એ અંદર નામ ન આપે તો રાજા કે અમલદારનો મેળ ન થાય, રાજા બહારના મળવા આવનાર માણસને જાણી શકે નહિ. દર્શનાવરણ કર્મ હોય ત્યાં સુધી અર્થનો સામાન્યપણે પણ અવબોધ ન થાય. જે કર્મથી જે દર્શન અટકે તે તેનું આવરણ કહેવાય. એટલા માટે દર્શનાવરણ કર્મને વેત્રી (પોળિયા) સાથે સરખાવ્યું છે. વેત્રી એટલે દરવાન, પોળિયો. એ વચ્ચે આડો હોય ત્યાં સુધી અંદર બેઠેલા રાજા કે અમલદારને બહાર રહેલા રાહ જોતા માણસનું ભાન થતું નથી. અવધિદર્શનાવરણ રૂપી પદાર્થનું દર્શન અટકાવે છે, અને કેવળદર્શનાવરણ સર્વ દ્રવ્યોનો સામાન્ય બોધ અટકાવે છે. અવધિદર્શનાવરણમાં રૂપી દ્રવ્યની દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ પ્રમાણે મર્યાદા છે અને કેવળદર્શનાવરણમાં સર્વ રૂપી અરૂપી દ્રવ્યો અને ભાવો આવી જાય છે. વિશેષના જ્ઞાનને અટકાવે, એને દેખવા પણ ન દે એ દર્શનાવરણ કર્મ સામાન્ય બોધની આડે આવે છે. દર્શનાવરણ હોય ત્યાં જ્ઞાનાવરણ તેટલા પૂરતું જરૂર હોય છે.

### મનઃપર્યાયદર્શનાવરણ કેમ નહિ?

મનઃપર્યવજ્ઞાનમાં વિશેષ ધર્મોનું જ જ્ઞાન થાય છે. એમાં સામાન્ય બોધ થતો નથી. તેથી તેનું દર્શનાવરણ હોય નહિ, એટલે મનઃપર્યવદર્શનાવરણની જરૂર રહેતી નથી.

### દર્શનના આવરણરૂપ નિદ્રાના પાંચ પ્રકાર

પ્રાણી ઊંઘમાં હોય ત્યારે દર્શન જરૂર અટકે છે. ઊંઘતો

માણસ સામાન્ય બોધ ન પામે એ સમજાય તેવી વાત છે. નિદ્રાથી ઇન્દ્રિયના વિષયો રુંધાય છે. અને તેથી સમસ્ત દર્શનનો ઘાત થાય છે. તેથી નિદ્રાને પણ દર્શનાવરણના ભાગ તરીકે ગણવામાં આવેલ છે.

નિદ્રાના પાંચ પ્રકાર છે. સુખે સહેલાઈથી જાગી શકે તેને 'નિદ્રા' કહેવામાં આવે છે. નામથી કોઈ બોલાવે, બાજુમાં અવાજ થાય ને પ્રાણી જાગી ઊઠે એ નિદ્રા. જે કર્મના ઉદયથી આવા પ્રકારની દર્શનને રોકનારી ઊંઘ આવે તે 'નિદ્રા' નામનું દર્શનાવરણીય કર્મના પેટાનું કર્મ સમજવું.

અને જે ઊંઘ પાકી આવી જાય, માણસને જગાડવા માટે ઢંઢોળવો પડે, બૂમો પાડવી પડે, બારણાં ખખડાવવાં પડે અને જગાડતાં ખૂબ મુશ્કેલી થાય તેવા પ્રકારની, સામાન્ય બોધને અટકાવનાર દર્શનાવરણના પેટામાં આવતી ઊંઘને 'નિદ્રાનિદ્રા' નામનું કર્મ કહેવામાં આવે છે.

એક 'પ્રચલા' નામની નિદ્રા થાય છે. તેમાં બેઠા બેઠા કે ઊભા ઊભા પ્રાણીને ઊંઘ આવે છે. માણસને પણ તેવી ઊંઘ હોય અને બળદ–ઘોડાને ઊભા ઊભા ઊંઘતા આપણે દેખીએ પણ છીએ. આવા પ્રકારની ઊંઘને પરિણામે દર્શન આડો અંતરાય તે 'પ્રચલા' નામનું દર્શનાવરણનું પેટા કર્મ સમજવું.

કેટલાંક પ્રાણીને હાલતાંચાલતાં પણ ઊંઘ આવે છે. તેનું નામ 'પ્રચલાપ્રચલા' કહેવામાં આવે છે. હાથી ચાલતો ચાલતો ઊંઘે છે. ઘોડાને માટે તો કહેવાય છે કે એ દોડતાં પણ ઊંઘતો હોય છે, એનાં નસકોરાં ચાલતાં હોય છે અને માત્ર ચણા ખાતાં અંદર કાંકરો આવી જાય ત્યારે જ એ ઝબકી ઊઠે છે. આવી ઊંઘને પરિણામે સામાન્ય બોધ થતો આવરાય તે 'પ્રચલાપ્રચલા' નામનો દર્શનાવરણીય કર્મનો પેટાવિભાગ છે.

અને ઊંઘના એક ભયંકર પ્રકારને થિણદ્ધિ(સ્ત્યાનગૃદ્ધિ)નું નામ આપવામાં આવેલ છે. એમાં પ્રાણી ઊઠીને ઊંઘમાં ને ઊંઘ-

માં દિવસે ચિંતવેલ કામ રાત્રે કરે છે, દુકાન ઉઘાડી માલ વેતરી નાખે છે, કોઈ દુશ્મનનું ખૂન કરી નાંખે છે અને પાછો પોતાના સ્થાને જઈ સૂઈ જાય છે. સ્ત્યાન એટલે એકઠી થયેલી આત્માની ઋદ્ધિ–શક્તિ, તેને સ્ત્યાનર્દ્ધિ કહેવામાં આવે છે અને ગૃદ્ધિ એટલે મનની એકત્ર થયેલી ઇચ્છાઓ. કહે છે કે આ નિદ્રામાં બળ ઘણું વધી જાય છે. પ્રાણી પોતાની જાત પરનો સર્વ કાબૂ ગુમાવી બેસે છે, અને પરવશ બનેલ પ્રાણી અનેક પ્રકારનાં ન કરવા યોગ્ય કામો ઊંઘની અસર તળે કરી દે છે. આવા પ્રકારની નિદ્રાથી પણ દર્શનનું આવરણ થાય.

ઉપર દર્શનાવરણીય કર્મના ચાર વિભાગો બતાવ્યા તેમાં આ પાંચ પ્રકારની નિદ્રાનો ઉમેરો કરતાં તેની નવ પ્રકૃતિ થાય, તે નીચે પ્રમાણે દર્શનાવરણીય કર્મને અંગે પ્રથમની ચાર પ્રકૃતિ આગળ પૃ. ૧૧૪માં બતાવી તેમાં નીચેની પાંચ ઉમેરવાથી દર્શનાવરણીય કર્મની કુલ નવ પ્રકૃતિ થાય.

૫. નિદ્રા (૧૦)
૬. નિદ્રાનિદ્રા (૧૧)
૭. પ્રચલા. (૧૨)
૮. પ્રચલાપ્રચલા. (૧૩)
૯. થિણદ્ધિ (સ્ત્યનાગૃદ્ધિ) (૧૪)

આ દર્શનાવરણીય કર્મ ઘાતીકર્મ છે, આત્માના દર્શનના મૂળ ગુણને હાનિ કરનાર છે, સામાન્ય બોધને અટકાવનાર છે અને સંસારમાં રખડાવનાર છે. એ પોળિયા જેવું હોઈ દર્શન અને આત્માની વચ્ચે આડું આવે છે, આવરણ કરે છે અને ક્ષણવાર પછી થનાર વિશેષ જ્ઞાનને પણ અટકાવનાર બને છે. આ દર્શનાવરણીય કર્મને અંગે વપરાયેલો ‘દર્શન’ શબ્દ દર્શનમોહનીયમાં વપરાયેલા ‘દર્શન’ શબ્દથી જુદો જ છે, તે વચ્ચે ગૂંચવણ ન થવા દેવી. ચોથા મોહનીય કર્મના પરિચય પ્રસંગે આ બીજા પ્રકારના ‘દર્શન’ શબ્દના અર્થની વિચારણા આગળ ઉપર થશે.

### ૩. વેદનીય કર્મની ઉત્તરપ્રકૃતિઓ

વેદનીય કર્મ ત્રીજું આવે છે. જ્ઞાન અને દર્શનના આવરણને કરનાર કર્મો આત્માના મૂળ ગુણની આડાં આવી ચેતનનાં મૂળ ગુણોને આવરે છે, એટલે એ બન્ને પ્રકારનાં કર્મો અને તેના ઉત્તરભેદો નકારાત્મક (negative) છે, ત્યારે આ વેદનીય કર્મ હકારાત્મક છે. એના બે ભેદ–પ્રકાર છે.

૧. શાતાવેદનીય (૧૫)

૨. અશાતાવેદનીય (૧૬)

શાતાવેદનીયના ઉદયથી પ્રાણી સુખનો અનુભવ કરે છે, અશાતાવેદનીયના ઉદયથી જીવ દુઃખનો અનુભવ કરે છે. શરીર તંદુરસ્ત રહે, હાલતાં ચાલતાં થાક ન ચડે, ઇન્દ્રિયના વિષયો ભોગવતી વખતે ચિત્ત આનંદનો અનુભવ કરે, એ શાતાવેદનીયનો ઉદય ગણાય. જેના ઉદયથી પ્રાણી સુખનો અનુભવ કરે તે શાતાવેદનીય કર્મ છે. સુખનો ખ્યાલ ગતિ, સ્થાન અને સંયોગો પર જુદા જુદા પ્રકારનો થાય છે. રાજાને રાજવૈભવ સુખ લાગે, ઝેરના કીડાને ઝેરમાં આનંદ લાગે, વિષ્ટાના કીડાને દુર્ગંધમાં મજા આવે. પોતાના સુખના ખ્યાલ પ્રમાણે સુખ આપે તે શાતાવેદનીય.

અને તાવ, ઉધરસ, ક્ષય, પત વગેરે વ્યાધિઓમાંથી કોઈ વ્યાધિ થાય, માથામાં ચાસકા આવે, પેટનો દુઃખાવો થાય, ખોરાક પચે નહિ, મગજમાં ઉકળાટ થયા કરે તે અશાતાવેદનીય.

આ વેદનીય કર્મમાં સુખદુઃખનો ખ્યાલ દુન્યવી હોય છે, પાર્થિવ હોય છે, પૌદ્‌ગલિક હોય છે, ક્ષણિક હોય છે એ ધ્યાનમાં રાખવું, એમાં સત્ ચિત્ અને આનંદમાં જે આત્મિક સુખ થાય છે તેવા સુખનો મુદ્દો નથી, પણ સ્થૂળ સુખની એમાં વાત છે. મધ ચોપડેલી તરવાર કે છરીની ધારને ચાટતાં સુખ લાગે તેવું તે સુખ છે. પાંચે ઇન્દ્રિયના પૌદ્‌ગલિક સુખો આ શાતાવેદનીયમાં આવે છે. દેવગતિ અને મનુષ્યગતિમાં એનો ઠીકઠીક અનુભવ થાય

છે. તિર્યંચ અને નરકગતિમાં બહુધા અશાતાવેદનીયનો અનુભવ થાય છે. આ ત્રીજા વેદનીય કર્મની એ પ્રમાણે બે ઉત્તરપ્રકૃતિ હોય છે. એનો આખો સંવ્યવહાર મુખ્યપણે બાહ્ય—બહિર્મુખ હોય છે. શાતાવેદનીય પુણ્યપ્રકૃતિ છે અને અશાતાવેદનીય પાપ-પ્રકૃતિ છે.

### ૪. મોહનીય કર્મની ઉત્તરપ્રકૃતિઓ

કર્મોમાં રાજાનું સ્થાન ધરાવનાર ચોથા મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિ અથવા ઉત્તરભેદો છે. આપણે અગાઉ મોહનીય કર્મોના બે વિભાગ જોઈ ગયા-દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય (પૃ. ૫૭-૬૪). મોહનીય કર્મનો આખો સંવ્યવહાર અંતર્મુખ હોય છે. એની પ્રક્રિયા કે વિક્રિયા અંદર જ ચાલે છે. આ આખું કર્મ અંતર્મુખ (subjective) અને અંગત જ હોય છે.

### દર્શનમોહનીયના ત્રણ ભેદો

દર્શનમોહનીયના ત્રણ પ્રકાર છે: મિથ્યાત્વમોહનીય, મિશ્ર-મોહનીય અને સમકિતમોહનીય.

મિથ્યાત્વમોહનીયમાં તત્ત્વસદ્દહણા ન હોય, એમાં કાં તો વિચારણા ન હોય, કાં તો મિથ્યા અભિનિવેશ હોય અને કાં તો લીધેલ વાત ન મૂકવાનો દુરાગ્રહ હોય. મિથ્યાત્વમોહનીયની અસર તળે પ્રાણી વિશુદ્ધ ધર્મને હસી કાઢે, એને ક્ષમા, આર્દવ વગેરે ધર્મ તરફ રુચિ ન થાય, એ ધર્મ કરનારને ભગતડાં ગણે, અથવા એવા ધર્મ કે ધર્મને અનુસરનારાની એ અવગણના કરે, ગુરુની પરીક્ષા ન કરે, તેના તરફ પરીક્ષા વિના પક્ષપાત કરે અને આદર્શ દેવને ઓળખે નહિ, સાંસારિક અપેક્ષાએ દેવની સેવના કરે. આ મિથ્યાત્વમોહનીય, સાથે અજ્ઞાન હોય ત્યારે, સંસારને ખૂબ વધારી મૂકી ભવભ્રમણને માર્ગ આપે છે.

મિશ્રમોહનીયમાં સત્યધર્મની ગવેષણા ન હોય, એમ એના

તરફ આકર્ષણ પણ ન હોય, ઘણું કરીને એવી સ્થિતિ બહુ ઓછો વખત ચાલે છે.

સમકિતમોહનીયમાં મિથ્યાત્વનાં કર્મદળ પૈકી કેટલાંકનો ક્ષય કરેલ હોય અને કેટલાંકને દબાવી દીધાં હોય. તે વખતે વ્યવહારથી શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ અને શુદ્ધ ધર્મનો સ્વીકાર કરવામાં આવે, તેનું નામ વ્યવહાર સમકિત કહેવાય છે. એમાં અંદર મિથ્યાત્વનાં દળો દબાઈ રહ્યાં હોય તેટલે અંશે સમ્યકત્વમોહનીય સમજવું. એને બરાબર સમજવા માટે ચશ્માનો દાખલો બરાબર સમજવા જેવો છે. ચશ્મા આંખની દૃષ્ટિની આડે આવવા છતાં પણ સૂક્ષ્મ નાના અક્ષરો પર નજરને સ્થિર કરે છે, તે પ્રમાણે સમ્યક્ત્વમોહનીય તત્ત્વરુચિને સ્થિર કરે છે.

આપણા પોતાના હિત–અહિતની પરીક્ષામાં વિકળ કરનાર મિથ્યાત્વમોહનીયનાં પુદ્ગળ થાય છે, જેનો તીવ્ર આકરો સર્વઘાતી રસ હોય છે, તેને મિથ્યાત્વમોહનીય કહેવાય. અને તત્ત્વરુચિ થાય પણ અંદર અરુચિ દબાઈ જાય તેને સમકિતમોહનીય કહેવાય છે. રુચિ પણ ન હોય, અરુચિ પણ ન હોય તેવી મધ્યમદશાને મિશ્રમોહનીય કહે છે. આ દર્શનમોહનીય કર્મ પૌદ્ગલિક છે. ત્રણે પ્રકારના મોહનીયનો સર્વથા ક્ષય થઈ જાય ત્યારે ક્ષાયિક સમ્યક્ત્વ થાય. આ સમ્યક્ત્વનો આખો વિષય ખૂબ રસિક છે, ખાસ સમજવા જેવો છે. અહીં તો સમ્યક્ત્વના પ્રકારનો નામનિર્દેશ કરી સંતોષ માનીશું. સમ્યક્ત્વના પાંચ પ્રકાર છે: ક્ષાયિક સમ્યક્ત્વ, ઔપશમિક સમ્યક્ત્વ, ક્ષાયોપશિમક સમ્યક્ત્વ, વેદક સમ્યક્ત્વ અને સાસ્વાદન સમ્યક્ત્વ. એ અતિ રસિક વિભાગની વિચારણા અન્યત્ર ખાસ વિષય તરીકે રજૂ કરવાની ભાવના છે. અત્રે તો એટલું જણાવવું પ્રાસંગિક થઈ પડે છે કે અગાઉ પૃ. ૫૯–૬૨માં નવતત્ત્વનું સ્વરૂપ બતાવ્યું તેનો પરિચય થાય, તેની ઓળખાણ થાય, તેના તરફ રુચિ થાય અને તેનો ખરા તરીકે સ્વીકાર થાય તેનું નામ સમ્યક્ત્વ કહેવાય અને તેનાથી વિપરીત થાય

તેને મિથ્યાત્વ કહેવામાં આવે છે. લક્ષમાં રાખવા જેવી વાત એ છે કે ધર્મરુચિ થવા માટે પણ શુભ કર્મની જરૂર પડે છે અને એ કર્મને સમ્યક્ત્વમોહનીય કહેવામાં આવે છે.

મિથ્યાત્વના દશ પ્રકાર છે. ૧. સાચા ત્યાગી સાધુને સાધુ ન માનવા. ૨. વેશધારી વિષયી સંસારીને સાધુ માનવા. ૩. ક્ષમા, આર્દ્વ, માર્જવ, વગેરેને ધર્મ ન માનતાં અધર્મ માનવા. ૪. અને હિંસા, દારૂ, જુગાર, વેશ્યાગમનને ધર્મ માનવો. ૫. શરીર, ઇદ્રિય, મન જડ છે, તેમને આત્મા માનવા' એટલે કે અજીવને જીવ માનવા અને ૬. ગાય, ભેંસ, બકરીને અજીવ માનવા દાખલા તરીકે cow has no soul જેવું પ્રાથમિક જ્ઞાનપ્રદર્શન. ૭. ખોટા માર્ગો –ઉન્માર્ગોને–પુરાતન કે ઐદંયુગીનને–સુમાર્ગ માનવા અને ૮. સારા રિવાજોને હંબગ માનવા, એમની ઉપેક્ષા કરવી. ૯. કર્મ-રહિતને કર્મસહિત માનવા દાખલા તરીકે, ભગવાન દીકરાદીકરી આપશે એમ માનવું તે. ૧૦. કર્મસહિતને કર્મરહિત માનવા. ભગવાન શત્રુને મારશે, એને રાગદ્વેષ હશે, એ ભક્તની ભીડ ભાંગશે, અને છતાં એની સાથે માનવું કે તે અલિપ્ત છે.

મોહનીય કર્મ પૈકી દર્શનમોહનીયના આ રીતે નીચે પ્રમાણે ત્રણ ઉત્તર પ્રકાર થાય છે.

૧. સમ્યક્ત્વમોહનીય કર્મ (૧૭)
૨. મિશ્રમોહનીય કર્મ (૧૮)
૩. મિથ્યાત્વમોહનીય કર્મ (૧૯)

સમ્યક્ત્વને બરાબર ઓળખવાની અને તેના આવિર્ભાવ, તિરોધાન અને અંતર્ધાનને સમજવાની જરૂર છે. એનાં બાહ્ય લક્ષણો, એનાં લિંગો, એનાં દૂષણો વગેરે સમજવાં એ જૈન-ધર્મની ચાવી છે. તેનું અન્યત્ર વિવેચન થશે. અત્ર તેની ઓળખ-માત્ર કરાવી છે.

**ચારિત્રમોહનીયના ભેદો**

ચારિત્રમોહનીયને વધારે વિગતથી ઓળખવા પ્રયત્ન કરીએ.

એમાં કષાય પ્રથમ સ્થાન લે છે. એ ભારે આકરા છે, સંસારને વધારી મૂકનાર છે અને કર્મનાં દળિયાને રસ પૂરો પાડનાર છે. કષાયના મુખ્ય ચાર પ્રકાર છે: ક્રોધ, માન, માયા, લોભ (પૃ. ૩૬). એ પ્રત્યેકના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન એવા ચાર ચાર પ્રકાર છે. એટલે કષાયના સોળ પ્રકારો થયા. આપણે એ સોળે પ્રકારને ઓળખીએ.

અનંતાનુબંધી વર્ગના ચારે કષાયો ખૂબ ગાઢ હોય છે, ખૂબ અંદર ઉતરી ગયેલા હોય છે અને પરભાવમાં રમણ કરાવવાવાળા હોય છે. એની આવી વધારે પડતી આકરી માત્રાને કારણે એને દર્શનમોહનીયની સાથે મૂકી દર્શનમોહનીયની ઉપર જણાવેલી ત્રણ પ્રકૃતિમાં અનંતાનુબંધી ક્રોધ, અનંતાનુબંધી માન, અનંતાનુબંધી માયા અને અનંતાનુબંધી લોભ ઉમેરી દર્શનમોહનીયની સાત પ્રકારની પ્રકૃતિઓ બતાવી છે અને બાકીના ૨૧ને (બાર કષાય, છ નોકષાય અને ત્રણ વેદોદયને) ચારિત્રમોહનીય કર્મની પ્રકૃતિ ગણી છે. અંત વગરનો સંસાર (અનંત), તેની વૃદ્ધિ (અનુબંધ) કરનાર કષાયો તે અનંતાનુબંધી કષાયો. એમનો સમયકાળ યાવજ્જીવનો હોય છે. આવા પ્રકારના કષાયો પ્રાણીને નરક ગતિ તરફ ઘસડી જાય છે. ઉપર સમ્યક્ત્વગુણની હકીકત કહી, તેનો એ ઘાત કરનાર હોય છે, એટલે અનંતાનુબંધી ચાર કષાયોમાંથી કોઈ પણ કષાય વિદ્યમાન હોય ત્યાં સુધી સમ્ક્ત્વપ્રાપ્તિ–શુદ્ધ સદ્દહણા થતી નથી.

અનંતાનુબંધી ક્રોધની સરખામણી પર્વતમાં પડેલી ફાટ સાથે સરખાવી શકાય. પર્વતમાં કે મોટા મકાનમાં ચીરો પડી જાય તે સાંધવો કે જોડવો ઘણો મુશ્કેલ છે. તેવો આ અનંતાનુબંધી ક્રોધ છે. આકરાં વચન, યાવજ્જીવનાં અબોલાં, માથાં કાપ્યાંનાં વેર, નજરે દીઠે આંખો વઢે અને ગેરહાજરીમાં ચાલુ વલવલાટ કરાવે તેવો આ પ્રકારનો ક્રોધ ધમધમાટ કરાવ્યા કરે છે.

અનંતાનુબંધી માનને પથ્થરના થાંભલા સાથે સરખાવ્યો

છે. જેમ પથ્થરનો થાંભલો કોઈ કાળે નમે નહિ, એને વાળવો અશક્ય કે દુઃશક્ય ગણાય, તેવો આકરો આ માનનો પ્રકાર છે. એની અક્કડાઈ, એની ડંફાસ, એની અહમિંદ્રતા આવી આકરી હોય અને જીવે ત્યાં સુધી જરાપણ નરમાશ વગર એવી ને એવી ચાલુ રહે.

અનંતાનુબંધી માયા વાંસના મૂળની ગાંઠ જેવી આકરી હોય છે. એ ગાંઠ ચાલુ વાંકી જ રહે. એ કષાય પણ પોતાની વાંકાઈ છોડે નહિ. અનંતાનુબંધી માયાવી ઢોંગ, દગો, દેખાવ આખા જીવનપર્યંત નભાવે રાખે અને કપટજાળમાં એવા ને એવા રહે.

અનંતાનુબંધી લોભને કીરમજી રંગ સાથે સરખાવ્યો છે. કસુંબી લાલ રંગ હોય, તેને હજાર પાણીએ ધોવામાં આવે કે તેના પર ગમે તેટલો સાબુ લગાડવામાં આવે તે રંગ જેમ જાય નહિ તેમ અનંતાનુબંધી લોભ ધરાવનાર માણસ વસ્તુ પરનો પ્રેમ કે માલિકીહક્ક મરે ત્યાં સુધી મૂકે નહિ. આવા પ્રકારનો પરિગ્રહપ્રેમ પ્રાણીને વસ્તુના સંપર્કમાં અને તાબામાં આખા જીવન સુધી રાખે. આવી રીતે ચાર પ્રકારના અનંતાનુબંધી કષાયની હકીકત જાણવી. એમના સંબંધમાં આપેલા દાખલાને બહુ સમજીને વિચારવા યોગ્ય છે.

અપ્રત્યાખ્યાનાવરણ ચાર કષાયોનો કાળ સામાન્યતઃ એક વર્ષનો ગણાય. અવિરતિના ગયા પછી ત્યાગભાવ થાય. ત્યાગભાવ પછી અંશત્યાગ કરવામાં આવે તેને દેશવિરતિ ગુણ કહ્યો છે. સર્વથા ત્યાગી સાધુના ત્યાગના પ્રમાણમાં શ્રાવકનો ત્યાગ અંશતઃ હોય છે. આવા દેશવિરતિ ગુણને આ અપ્રત્યાખ્યાની વર્ગનો કોઈ પણ કષાય અટકાવે. એ કષાયને પરિણામે ભવાંતરમાં પ્રાણી તિર્યંચની ગતિમાં ભટકે.

આ ચારે અપ્રત્યાખ્યાનાવરણ વર્ગના કષાયોને સમજવા માટે સરસ દાખલાઓ આપવામાં આવ્યા છે. અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધને પૃથ્વીમાં—જમીનમાં પડેલી ફાટ સાથે સરખાવી શકાય. જમીનમાં

ચીરાડા પડ્યા હોય તે બીજે વરસે વરસાદ થાય ત્યારે પૂરાય, એવા પ્રકારનો આ ક્રોધ છે.

અપ્રત્યાખ્યાનાવરણ માનને હાડકાં સાથે સરખાવેલ છે. હાડકાને વાળવું હોય કે વળેલ હાડકાને સીધું કરવું હોય તો લગભગ એક વરસ સુધી તેના પર તેલની મલિશ કરવામાં આવે ત્યારે એ વળે છે, એ પ્રમાણે આ અપ્રત્યાખ્યાની વર્ગનું માન કરનાર પ્રાણી વરસ સુધી અક્કડ રહે છે અને નમતાં નમતાં બાર માસનો સમય કાઢી નાંખે છે. બાહુબળિને બાર માસ સુધી અભિમાન રહ્યું તે સ્થિતિ પરત્વે હતું, પણ એનો રસ આ અપ્રત્યાખ્યાની માનના વર્ગનો ન હતો.

અપ્રત્યાખ્યાનાવરણ માયા મેંઢાના શિંગડા જેવી છે. એનો વળ દૃઢ હોય, એની વાંકાઈ કાઢતાં કાઢતાં પણ સહેજે વરસ નીકળી જાય.

અને અપ્રત્યાખ્યાનાવરણ લોભ ગાડાના પૈડાની ધરીમાં જે કીલ લાગે એના જેવો આકરો હોય છે. એ કાળો ખરડા જેવો કીલ કપડાંને ચોંટે તો એને કાઢતાં કાઢતાં ઘણી મહેનત પડે. એને સાબુ લગાડે તો કીલ વધારે ફેલાતો જાય. એવો આ અપ્રત્યાખ્યાની લોભ છે.

પ્રત્યાખ્યાનાવરણ ચારે કષાયો ઉપરના પ્રમાણમાં ઓછા આકરા હોય છે. પણ તે પણ સંસાર સન્મુખ જ હોય છે. સર્વસંગત્યાગને આપણે સર્વવિરતિ કહીએ છીએ. પંચ મહાવ્રત ધારણ કરનાર અને સંસારના સંબંધથી અલગ રહેનાર સાધુપણાને, એના સર્વવિરતિ ગુણને આ પ્રત્યાખ્યાની કષાયો અટકાવે છે. સામાન્ય રીતે એનો સમય ચાર માસનો ગણાય છે. એને વશ પડેલ પ્રાણી સંસારપરિભ્રમણમાં મનુષ્યગતિમાં જવા યોગ્ય કર્મોને ગ્રહણ કરે.

પ્રત્યાખ્યાનાવરણ વર્ગનો ક્રોધ ધૂળની રેખા જેવો છે. ધૂળમાં લીટો દોરી નિશાની કરી ધૂળને છેદી પાડી હોય તે વાયુના વાવાથી કે એવી અન્ય રીતે કાળાંતરે ભેગી થાય તેવો આ ક્રોધ સમજવો

અને પ્રત્યાખ્યાનાવરણ વર્ગના ચાર માસની કારકીર્દિવાળા માનને સૂકા કાષ્ઠ (લાકડા) સાથે સરખાવી શકાય. લાકડાને વાળવું હોય તો તેને તેલ લગાડી ધીમે ધીમે વાળી શકાય. તેવા પ્રકારનું આ વર્ગનું માન સમજાય છે. આ વર્ગની માયા ગોમૂત્ર સાથે સરખાવેલ છે. બળદ કે ગાય ચાલતાં મૂતરે, તેની વક્રતા ધૂળ સૂકાયા પછી ટળી જાય છે, તેવી આ પ્રત્યાખ્યાની વર્ગની માયા છે. પ્રત્યાખ્યાનાવરણ લોભ સરાવના ચીકણા મેલ સાથે સરખાવવા યોગ્ય છે. માટીના કોડિયા કે સરાવ પર ચીકાશ લાગી હોય તેને કાઢતાં થોડી મહેનત લાગે છે. તેના જેવો આ લોભ છે. ધનાદિકનો આ પ્રકારનો લોભ કાઢતાં થોડી મહેનત પડે છે. પણ મહેનતને છેડે એને દૂર કરી શકાય છે.

કષાયનો ચોથો અને છેલ્લો પ્રકાર સંજ્વલનના નામથી ઓળખાય છે. તદ્દન સાદા, ઝબકારો કરી થોડી અસર કરી જનારા આ ચોથા પ્રકારના મનોવિકારો ઉપરછલ્લી અસર કરે પણ લાંબો કાળ ન ચાલે, તુરત વીસરાઈ જાય અને વિકારો પણ લુપ્ત થઈ જાય. એનો સ્થિતિસમય વધારેમાં વધારે પંદર દિવસનો છે. લબકઝબક અભિમાન આવી જાય, કોઈવાર ક્રોધ થઈ જાય કે ચતુરાઈ દેખાડવા માયાકપટ થઈ જાય અને ઊંડી ઊંડી પરિગ્રહવૃત્તિ થઈ જાય, તે આ ચોથા વિભાગમાં આવે છે. ચારિત્રમાં અતિ ઉજ્જવળ ઊંચામાં ઊંચા ચારિત્રને 'યથાખ્યાત' ચારિત્ર કહેવામાં આવે છે. નવતત્ત્વો પૈકી સંવરતત્ત્વની વિચારણાને પ્રસંગે આ ચારિત્રની ઓળખાણ પડશે. એ ચારિત્રને આ સંજ્વલન કષાયો અટકાવે છે. આ સંજ્વલન કષાયોમાં ચેતન જ્વલે-દીપે એટલે જરા આવેશમાં આવી જાય, પરવશ થઈ જાય, પણ પાછો તુરત પોતાના સ્વભાવમાં આવી જાય. આવા કષાયને વશ પડી ગયેલા પ્રાણીઓ દેવગતિમાં જવા યોગ્ય કર્મોને ગ્રહણ કરે. આ સંજ્વલન પ્રકારના ક્રોધને જળરેખા સાથે સરખાવી શકાય. પાણીમાં લીટો પાડવામાં આવે કે લાકડીથી રેખા કરવામાં આવે, તે તુરત લુપ્ત થઈ જાય.

છે, તેમ આ અત્યંત સામાન્ય ક્રોધ દેખાવ દઈ તુરત શમી જાય છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિનો ક્રોધ ક્ષણિક હતો છતાં અત્યંત તીવ્ર હતો અને હતો તે વખતે એ અનંતાનુબંધી કોટિનો હોઈ પર્વતરેખા જેવો હતો. આ દાખલો બરાબર ફોડ પાડી આપે છે કે સમય એ જાણવા ખાતર, બાહ્ય પરિચય આપવા માટે, સૂચવેલ ચિહ્ન માત્ર છે.

સંજ્વલન પ્રકારનું સાદું માન તરણા કે નેતરની સળી જેવું હોય છે. નેતરને કે સળીને વાળતાં વાર ન લાગે અને છૂટી મૂકતાં પાછી સીધી થઈ જાય તેમ સાદા માનવાળો પ્રાણી વાળ્યો વળે. બાહુબળિને વરસ દિવસ સુધી માન રહ્યું; છતાં એનો રસ સાદો હતો. એટલે સ્થિતિની અપેક્ષાએ એ અપ્રત્યાખ્યાની વર્ગનો દેખાય છતાં એ સંજ્વલન કોટિનો હતો.

સંજ્વલન માયા પોતાના મૂળ સ્વભાવથી ભિન્ન કાયચેષ્ટા કરાવે છે. એને વાંસના છોતિયા સાથે સરખાવવામાં આવે છે. એમાં વાંકાઈ સહજ હોય પણ એને હાથમાં ગ્રહણ કરતાં જ એની વાંકાઈ ટળી જાય, એવી એ તદ્દન સામાન્ય માયા હોય છે.

અને સંજ્વલનનો લોભ હળદરના રંગ જેવો હોય છે. હળદરનો રંગ પીળોપચ લાગે પણ તેને ઉતારતાં મહેનત ન પડે, એને દૂર કરવા માટે સાબુ કે ખારો લગાડવાની જરૂર ન પડે. આવો આ લબકઝબક થતો લોભ હોય છે.

આ ચારે કષાયોને ખૂબ સમજવા જેવા છે. ક્રોધના ચારે દાખલા સંયોગ–જોડાણ–મિલાનને સૂચવે છે. માનના ચારે દાખલા વાળવાની વાતને સૂચવે છે. માયાના ચારે દાખલા સીધા થવાની વાત સૂચવે છે. અને લોભના ચારે દાખલા ચઢેલા રંગને ઉતારવા માટેની હકીક્ત સૂચવે છે.

ઉપરની હકીક્ત પત્રકરૂપે રજૂ કરવાથી આ સોળે કષાયોને અંગે ઉપર રજૂ કરેલ વાત એક સાથે ચિત્રપટ રૂપે આંખ સન્મુખ

## કષાયપ્રકારોને અંગેનું પત્રક

| કષાયપ્રકાર→ | અનંતાનુબંધી | અપ્રત્યાખ્યાનાવરણ | પ્રત્યાખ્યાનાવરણ | સંજ્વલન |
|---|---|---|---|---|
| તીવ્રતાસૂચક→ | અનંતસંસારનો અનુબંધ કરનાર | દેશવિરતિપણાને આવરનાર | સર્વવિરતિપણાને આવરનાર | જરા દીપે–તરત લુપ્ત થનાર |
| સ્થિતિ→ | યાવજ્જીવ | એક વર્ષ | ચાર માસ | પંદર દિવસ |
| ગતિહેતુ→ | નરકગતિ | તિર્યંચગતિ | મનુષ્યગતિ | દેવગતિ |
| ઘાતક→ | સમ્યક્ત્વ | દેશવિરતિ | સર્વવિરતિ | યથાખ્યાતચારિત્ર |
| ક્રોધ (મિલન)→ | પર્વતફાટ | ભૂમિમાં પડેલ ચીરા | ધૂળમાં રેખા | જલરેખા |
| માન (નમવું)→ | પથ્થરસ્તંભ | હાડકું | કાષ્ઠ | નેતરસળી |
| માયા(સીધું થવું)→ | વાંસમૂળ | મેંઢાનું સીગ | ગોમૂત્ર | વાંસનું છોતરું |
| લોભ (રંગઉતાર)→ | કીરમજી કસુંબલ | ગાડાનાં પૈડાંનો કીલ | સરાવનો મેલ | હળદરનો રંગ |

હાજર થઈ જશે. એ કષાયોને ઓળખવાની જરૂર હોવાથી પુનરાવર્તનને ભોગે પણ પત્રક રજૂ કર્યું છે, જુઓ પૃ. ૧૨૭.

આવા પ્રકારના કષાયો છે. એની સોળ પ્રકૃતિ નીચે પ્રમાણે થાય.

૧. અનંતાનુબંધી ક્રોધ (૨૦)
૨. અનંતાનુબંધી માન (૨૧)
૩. અનંતાનુબંધી માયા (૨૨)
૪. અનંતાનુબંધી લોભ (૨૩)
૫. અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ (૨૪)
૬. અપ્રત્યાખ્યાનાવરણ માન (૨૫)
૭. અપ્રત્યાખ્યાનાવરણ માયા (૨૬)
૮ અપ્રત્યાખ્યાનાવરણ લોભ (૨૭)
૯. પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ (૨૮)
૧૦ પ્રત્યાખ્યાનાવરણ માન (૨૯)
૧૧ પ્રત્યાખ્યાનાવરણ માયા (૩૦)
૧૨ પ્રત્યાખ્યાનાવરણ લોભ (૩૧)
૨૩ સંજ્વલન ક્રોધ (૩૨)
૧૪ સંજ્વલન માન (૩૩)
૧૫ સંજ્વલન માયા (૩૪)
૧૬ સંજ્વલન લોભ (૩૫)

ચારિત્રમોહનીયમાં સોળ કષાયો પછી નવ નોકષાય આવે. નોકષાય તે કષાયને ઉત્પન્ન થવામાં કારણભૂત છે. આ નોકષાયો નીચે પ્રમાણે.

૧. હાસ્ય – કારણ વગર કે સકારણ હસવાનું થાય, સ્મિત થઈ જાય, મશ્કરી સૂઝે અથવા ગમ્મત કરવાનું સૂઝે, ખડખડ હસાઈ જાય, તે સર્વનો સમાવેશ હાસ્ય નામના નોકષાયમાં થાય છે. ભાંડચેષ્ટાનો પણ આ હાસ્યમાં સમાવેશ થાય છે.

૨. રતિ–મનમાં મોજ આવે, અંતરચિત્તનો પ્રતિબંધ થાય,

પૌદ્ગલિક વસ્તુના સંયોગોમાં મનમાં એકાગ્રતા અને સાથે લુબ્ધતા થાય તે રતિ નામનો નોકષાય કહેવાય છે. નિમિત્ત મળે કે ન મળે, અકારણ કે નિષ્કારણ, સાંસારિક, પૌદ્ગલિક મજા આવે, તે સર્વ રતિ સમજવી.

૩. અરતિ--ઇંદ્રિયને પ્રતિકૂળ વિષયો મળે ત્યારે ચિત્તમાં ઉદ્વેગ થાય, મનમાં કકળાટ કે ગ્લાનિ થાય, તે અરતિ નામનો નોકષાય છે. કોઈવાર અરતિ માટે કારણો મળે છે, જેવાં કે ખરાબ માણસ ટીકા-નિંદા કરે, વેપારમાં નુકસાની આવે, ઘરના માણસ માંદા પડે કે મરી જાય, આવે વખતે મનમાં જે ઊંચાનીચા થઈ જવાનું બને તે; અને કોઈ વાર વગર કારણે અરતિ થાય છે. આજે જાણે કાંઈ ગોઠતું જ નથી એમ લાગે તે અનિમિત્ત કે અકારણ અરતિ. રતિ અને અરતિ બન્ને આર્તધ્યાનનાં કારણ બને છે. અનિષ્ટ-સંયોગ અરતિ કરાવે છે.

૪. શોક--રુદન, મ્હોં વાળવાં, છાજિયાં લેવાં, દિલગીરી કરવી, માથાં કૂટવાં. આ શોક ઘણુંખરું નિમિત્તથી પ્રસંગે થાય છે, કોઈ વાર વગર કારણે પણ થાય છે. ઇષ્ટવિયોગ એનું મુખ્ય કારણ હોય છે.

૫. ભય--બીક સનિમિત્ત કે નિર્નિમિત્ત. એના સાત પ્રકાર બતાવ્યા છે. અધમ કે દુષ્ટ અથવા ભયંકર મનુષ્યને જોઈ ભય લાગે તે ઇહલોકભય (૧). ભૂત, પ્રેત, વ્યંતર, ઝોડ વગેરેનો મનમાં ભય લાગે તે પરલોકભય, (૨). ચોર પૈસા લૂંટી જશે, ખાતર પાડશે, ઇન્કમટેક્ષ પ્રોફીટટેક્ષ ભરવા પડશે, કે કેપીટલ લેવી થશે કે કંટ્રોલો આવશે તેનો ભય તે આદાનભય (૩). વીજળી, મોટરગાડીના અકસ્માતનો ભય તે અકસ્માતભય (૪). નોકરી જશે, છોકરાં ભૂખે મરશે, ખાવે પીવે ટળી જવાશે એવી ફિકર એ આજીવિકાભય (૫). ઓચિંતુ હાર્ટફેલ થઈ જશે, મંદવાડમાંથી સારું નહિ થાય એવી ચિંતા થયા કરે, તે મરણભય (૬). દુનિયામાં

આબરૂ જશે, અપકીર્તિ કે અપયશ થશે, લોકો વાંકું બોલશે, એ ભય તે અપયશભય (૭).

૬. દુગંછા—દુર્ગંધને સૂંઘતાં નાક મચકોડવું, રસ્તા પર કોઈ હગેલ હોય કે ખરાબ વાસ આવતી હોય ત્યારે નાક મરડી થુંકવું તે જુગુપ્સા નામનો નોકષાય.

આ છએ નોકષાયને 'હાસ્યષટ્ક' પણ કહેવામાં આવે છે. 'હાસ્યષટ્ક' શબ્દ ઉપરના હાસ્યથી માંડીને છએ નોકષાયનો સમુચ્ચયવાચક શબ્દ છે.

નવ નોકષાયમાં ત્રણ વેદ આવે છે. વેદ એટલે કામ. કામદેવ પુષ્પધન્વા બહુ આકરો છે. એનો ઉદય થાય ત્યારે પ્રાણી તદ્દન પરવશ બની જાય છે, એને કામ સિવાય બીજું સૂઝતું નથી, એનામાં વિવેક કે મર્યાદા ઓછાં થતાં જાય છે અને ઘણીવાર એ પ્રાણી તદ્દન પરાધીન બની જાય છે. વેદના ઉદય વખતે પ્રાણી ભારે તીવ્ર કર્મો બાંધી લે છે, ભારે ચીકણો રસ જમાવતો જાય છે અને તદ્દન અવશ બની જાત પરનો કાબૂ વધતોઓછો ખોઈ બેસે છે. જુવાનીને દિવાની કહેવામાં આવે છે. એ વેદના ત્રણ પ્રકાર છે—પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ.

૧. પુરુષવેદ—સ્ત્રી સાથે વિષયસેવનની ઇચ્છા થાય, વિષયસેવન થાય, સ્પર્શન સુખનો અનુભવ કે વિચાર થાય, આલિંગનસેવન થાય અને મનમાં સ્ત્રીનાં સ્પર્શન, આલિંગન, ભેટનના વિચારો આવ્યા કરે તેને 'પુરુષવેદ' કહેવાય છે. શ્લેષ્મના જોરથી જેમ ખટાશ ભાવે તેમ પુરુષવેદના જોરથી સ્ત્રીભોગ ગમે. આ પુરુષવેદને તરખલાના અગ્નિ સાથે સરખાવી શકાય. એનો ભડકો મોટો થાય, સ્પર્શનાદિથી એ વધારે ચેતવાય. એને સેવનની ઉતાવળ પણ બહુ થાય. પણ સેવન કર્યા પછી એ અગ્નિ તુરત શમી જાય.

૨. સ્ત્રીવેદ—બીજો વેદનો પ્રકાર સ્ત્રીવેદ કહેવાય છે. સ્ત્રીને સ્પર્શન, વિષયભોગની ઇચ્છા થાય, પુરુષ સાથે સંયોગ કરવાનું મન થાય ત્યાંથી માંડીને વિષયસેવન, ભોગ, ચાળાચૂંથણા, વગેરે સ્ત્રી-

વેદના ઉદયમાં આવે. પિત્તના જોરથી જેમ મિષ્ટાન્ન ભાવે તેમ સ્ત્રીવેદના ઉદયથી પુરુષ સાથે ભોગ કરવો ગમે. સ્ત્રીવેદને લીંડીના અગ્નિ સાથે સરખાવેલ છે. અગ્નિ ચેતાવ્યા પછી એની ગરમી વધતી જાય અને કલાકો સુધી ચાલે. કરસ્પર્શન, ચુંબન વગેરેથી એ કામાગ્નિ વધતો જાય છે. પુરુષવેદ કરતાં સ્ત્રીવેદનો કાળ ઘણો વખત પહોંચે છે.

૩. નપુંસકવેદ—ત્રીજો વેદનો પ્રકાર નપુંસકવેદ કહેવાય છે. એમાં સ્ત્રી અને પુરુષ બન્નેને ભોગવવાની ચાલુ ઇચ્છા રહ્યા કરે છે. તિર્યંચોમાં, વનસ્પતિમાં અને કોઈ કોઈ મનુષ્યમાં આ વેદનો ઉદય હોય છે. પિત્ત અને શ્લેષ્મના જોરની અસર તળે ખટાશ, ખારાશની ઇચ્છા થાય તેના જેવો આ નગરદાહ સમાન વેદ છે. ગામમાં મોટી આગ લાગી હોય કે કચરાનો સમૂહ ઉકરડો બળતો હોય અને તેની આગ જેમ ધુંધવાયા જ કરે અને બહુ દીર્ઘ સમય ચાલે અને આકરી હોય તેના જેવો આ નપુંસકવેદ છે. નપુંસકવેદના ઉદયથી જાગ્રત થયેલ વિષયકામ નિવૃત્ત થાય નહિ.

આ ત્રણ પ્રકારના વેદને હાસ્યષટ્ક સાથે મેળવતાં નવ નોકષાય થાય. ચારિત્રમોહનીયની સોળ પ્રકૃતિ ઉપર જોઈ ગયા. (પૃ. ૧૨૮). તેની સાથે નીચેની નવ પ્રકૃતિ મેળવવી. કુલ ૨૫ પ્રકૃતિ ચારિત્રમોહનીયની આ રીતે થાય.

| | | |
|---|---|---|
| ૧૭. | હાસ્ય | (૩૬) |
| ૧૮. | રતિ | (૩૭) |
| ૧૯. | અરતિ | (૩૮) |
| ૨૦. | શોક | (૩૯) |
| ૨૧. | ભય | (૪૦) |
| ૨૨. | જુગુપ્સા | (૪૧) |
| ૨૩. | પુરુષવેદ | (૪૨) |
| ૨૪. | સ્ત્રીવેદ | (૪૩) |
| ૨૫. | નપુંસકવેદ | (૪૪) |

આ ચારિત્રમોહનીયની ૨૫ પ્રકૃતિ સાથે દર્શનમોહનીયની ઉપર વર્ણવેલ ત્રણ પ્રકૃતિ મેળવતાં મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિ થઈ. આ મોહનીય કર્મને દારૂ સાથે સરખાવેલ છે. ઉપર જણાવ્યું તેમ, દારૂની અસરથી જેમ પ્રાણી પોતાની જાત પરને કાબૂ ગુમાવી બેસે છે તેમ આ કર્મની અસરથી પ્રાણી પોતાની જાત પરનો કાબૂ ગુમાવી બેસે છે. એ મહા આકરું અને સંસારમાં રખડાવનાર કર્મ હોઈ એને કર્મનો રાજા કહેવામાં આવે છે. ચેતનાના સમ્યક્ત્વ (=દર્શન) અને ચારિત્રગુણને રોકવાનો એનો સ્વભાવ છે. આ મોહનીય કર્મ ચેતનના દર્શન અને ચારિત્ર જેવા બે મોટા ગુણોને રોકનાર હોવાથી એને ઘણું આકરું કર્મ ગણવામાં આવ્યું છે. અને ચાર ઘાતીકર્મમાં એનું સ્થાન ત્રીજું આવે છે. આંતરદૃષ્ટિએ રાગ અને દ્વેષ એના વિકારો છે અને સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રવણ એ એના બાહ્ય આવિર્ભાવો છે. એને બરાબર ઓળખવા માટે શ્રી ઉપમિતિ-ભવપ્રપંચાકથાનો ચોથો પ્રસ્તાવ વિચારવા યોગ્ય છે. ત્યાં આઠે રાજા(કર્મો)માં એને મહારાજાનું સર્વોચ્ચ સ્થાન આપ્યું છે. રાગ-દ્વેષને એના પુત્રો બતાવ્યા છે. વિષયાભિલાષને એનો મંત્રી બતાવ્યો છે. સોળ કષાયોને એના સિંહાસન પાસે રમતાં, ગેલ કરતાં બાળકો બતાવ્યાં છે. મકરધ્વજને તાબાનો નાનો રાજા બતાવ્યો છે. રતિને એની રાણી બનાવી છે. હાસ્ય, ભય અને શોકને મકર-ધ્વજ સાથે પુરુષ તરીકે બેસાડ્યા છે. અને અરતિને સ્ત્રી તરીકે બેસાડી છે. તુચ્છતાને હાસ્યની પત્ની તરીકે બતાવી છે. આ આખા અસરકારક રૂપકનું સ્થાન ચિત્તવૃત્તિ અટવીમાં પ્રમત્તતા નદીમાં આવેલા તદ્વિલસિત બેટમાં મૂકી, ત્યાં ચિત્તવિક્ષેપ મંડપમાં તૃષ્ણા નામની વેદિકા મૂકી, તે પર વિપર્યાસ સિંહાસન પર મહારાજા મોહરાયને બેસાડ્યા છે. વર્ણન અદ્ભુત છે, રૂપક મુદ્દામ છે, મોહરાયને એના ખરેખરા આકારમાં ચિત્રપટ રૂપે હૃદય સન્મુખ રજૂ કરવાની એમાં ભવ્ય યોજના છે અને વાંચનનો બદલો આપે તેવું તાદૃશ વર્ણન ત્યાંથી પ્રાપ્ત થાય તેમ છે.

## ૫. આયુ કર્મની ઉત્તરપ્રકૃતિઓ

પ્રત્યેક ભવમાં સંસારમાં ફરતાં રખડતાં કેટલો વખત રહેવું તેનું નિર્માણ આ આયુઃકર્મથી થાય છે. એને હેડ સાથે સરખાવવામાં આવેલ છે. લાકડાની કે લોઢાની હેડ કેદીને પકડી રાખે છે, એને ખસવા દેતી નથી, તેમ આયુષ્યકાળ દરમ્યાન આ કર્મ પ્રાણીને એ ગતિમાં જકડી પકડી રાખે છે. દેવગતિમાં જાય ત્યાં કેટલો કાળ રહેવું તે આ આયુઃકર્મમાં નક્કી થાય છે. તે પ્રમાણે મનુષ્યગતિ, તિર્યંચગતિ અને નારકોનું સમજવું. દેવોનાં સ્થાન ઉપરના ભાગમાં ઘણાખરાં છે, થોડાં નીચે પણ છે. દેવોના ચાર વિભાગો બતાવ્યા છે: ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક. નારકીઓ સાત બતાવી છે. ત્યાંની વેદના ભયંકર હોય છે. તિર્યંચના પાંચ વિભાગ પડે છે—એક ઇંદ્રિયવાળા, બે ઇંદ્રિયવાળા, ત્રણ ઇંદ્રિયવાળા, ચાર ઇંદ્રિયવાળા અને પાંચ ઇન્દ્રિયવાળા. પાંચ ઇંદ્રિયવાળામાં જળચર, સ્થળચર અને ખેચરો આવે છે. દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ કે નારકીમાં જવાનું જ્યારે પ્રાણીને થાય ત્યારે ત્યાં કેટલો કાળ રહેવું તેનું નિર્માણ આ આયુઃકર્મ કરે છે. આ હેડ જેવું કર્મ અઘાતી છે. આ કર્મ પોતે કાંઈ સુખદુઃખ નીપજાવતું નથી, પણ સુખદુઃખના આધારભૂત શરીરમાં આ જીવને એ હેડની જેમ પકડી રાખે છે. એની ચાર પ્રકૃતિ નીચે પ્રમાણે થાય.

૧. દેવાયુ (૪૫)
૨. મનુષ્યાયુ (૪૬)
૩. તિર્યંચાયુ (૪૭)
૪. નરકાયુ (૪૮)

આ આયુષ્યકર્મ આત્માના અવિનાશી ગુણને રોકે છે. આત્માને પોતાના મૂળ સ્વભાવે વિનાશ પામવાનું હોતું નથી. એને આ કર્મ પુદ્ગળ સંગે રખડાવે ભટકાવે છે. આ કર્મ અઘાતી છે. આયુષ્ય-

કર્મથી પ્રાણીના આવતા ભવમાં રહેવાના કાળનું નિર્માણ થાય છે. ગતિનામકર્મને અનુસારે તે તે ગતિના ભોગોના ભાજનભૂત અને ત્યાં જવાના હેતુભૂત આયુષ્યકર્મ આગલા ભવના છેવટના ત્રીજા, નવમા કે સત્તાવીશમા વિભાગમાં મુકરર થાય છે અને તે એક-ભવસંવેદ્ય જ હોય છે.

## ૬. નામકર્મની ઉત્તરપ્રકૃતિઓ

ચિતારો ચિત્ર ચીતરે, તેમાં વિવિધ રંગ પૂરે, તેમ પ્રાણીને પ્રાણ ધારણ કરાવી નવા નવા આકારો, નામો, રૂપો ધારણ કરાવે, એની પાસે નવી નવી વિચિત્રતા કરાવે, ચિત્રવિચિત્ર સ્વરો આપે, રૂપાળાપણું, કદરૂપાપણું, યશ, અપયશ વગેરે નવનવા આકારો અને બાહ્ય સ્વરૂપો ધારણ કરાવે, તેમાં ફેરવે તે નામકર્મ. નામ અને રૂપની સર્વ વિવિધતાઓ આ નામકર્મમાં સમાય છે. આ વિવિધતાને સમજવા નામકર્મની પ્રકૃતિના ચાર વિભાગો પાડીએ.

## નામકર્મની પ્રકૃતિના ચાર વિભાગો

પ્રથમ વિભાગમાં ચૌદ પિંડપ્રકૃતિ આવે છે. પિંડપ્રકૃતિ એટલે જેના પેટામાં અવાંતર પ્રકૃતિઓ હોય તે. પિંડ એટલે સમૂહ. આવી પિંડપ્રકૃતિઓ ૧૪ છે. બીજો વિભાગ પ્રત્યેકપ્રકૃતિઓનો છે. પ્રત્યેક-પ્રકૃતિઓ આઠ છે. પ્રત્યેકપ્રકૃતિ માત્ર એક એક પ્રકારના આ-વિર્ભાવના મુદ્દાને રજૂ કરે છે. પ્રત્યેક પ્રત્યેકપ્રકૃતિના અવાંતર ભેદો નથી. નામ અને રૂપની વિવિધતા કરનાર ત્રીજા વિભાગમાં ત્રસદશક અને ચોથા વિભાગમાં સ્થાવરદશક (જેનો પરિચય નીચે થશે) આવે છે; તે પ્રત્યેક દશ દશ હોવાથી નામકર્મની કુલ ૪૨ પ્રકૃતિ થાય છે.

પિંડ પ્રકૃતિ ૧૪, પ્રત્યેકપ્રકૃતિ ૮, ત્રસદશક ૧૦, સ્થાવર-દશક ૧૦, આવી રીતે ૪૨ નામકર્મની પ્રકૃતિ પૈકી ૧૪ પિંડ-પ્રકૃતિના ૬૫ પેટાવિભાગો થાય છે અથવા બીજી રીતે ૭૫ વિભાગ થાય છે. તેમને અલગ અલગ ગણતાં—

| | |
|---|---|
| ૬૫ (અથવા ૭૫) | પિંડપ્રકૃતિના વિભાગો |
| ૮ | પ્રત્યેકપ્રકૃતિના અલગ અલગ સ્વરૂપો |
| ૧૦ | ત્રસદશક |
| ૧૦ | સ્થાવરદશક |
| — | |
| ૯૩ | (અથવા ૧૦૩) નામકર્મની કુલ પ્રકૃતિઓ |

આ રીતે નામ કર્મની ૯૩ અથવા ૧૦૩ પ્રકૃતિ થાય છે. તેની વિગત સાથે પરિચય થશે એટલે આ વાત પૃથક્કરણપૂર્વક ખ્યાલમાં આવી જશે અને ત્યારે આ નામકર્મ કેવું અને કેવા પ્રકારનું અપ્તરંગી ચિતરામણ કરે છે તે સમજાશે. પ્રાણીનું દરેક બાબતમાં અલગ અલગ વ્યક્તિત્વ કેવું થાય છે તેનો ખ્યાલ આ નામકર્મમાં આવશે. તેના દાખલાઓ આપી મૂળ બાબત સ્પષ્ટ કરવાનો પ્રયત્ન પણ કરવામાં આવશે. પ્રથમ ૧૪ પિંડપ્રકૃતિઓનો પરિચય કરીએ. નામકર્મ પર્યાયને અનુલક્ષે છે, એ આખો વખત તેની વિચારણામાં ધ્યાનમાં રાખવું.

## નામકર્મની ચૌદ પિંડપ્રકૃતિઓ અને તેમના અવાંતર ભેદો

પિંડપ્રકૃતિ ૧૪ છે—૧. ગતિનામ, ૨. જાતિનામ, ૩. શરીરનામ, ૪. અંગોપાંગનામ, ૫. બંધનનામ, ૬. સંઘાતનનામ, ૭. સંહનનનામ, ૮. સંસ્થાનનામ, ૯. વર્ણનામ, ૧૦. ગંધનામ, ૧૧. રસનામ, ૧૨. સ્પર્શનામ, ૧૩. આનુપૂર્વીનામ, અને ૧૪. વિહાયોગતિનામ.

આ ૧૪ પિંડપ્રકૃતિને પ્રથમ ઓળખીએ અને તેના અવાંતરભેદો વિચારી જઈએ એટલે એનો સ્પષ્ટ ખ્યાલ આવશે.

૧. ગતિનામ—એના ચાર અવાંતર વિભાગો છે. સંસારમાં ભમતાં પ્રાણી ચાર ગતિમાં જાય છે. એ ચારમાં આખા સંસારનો સમાવેશ થઈ જાય છે. જેના ઉદયથી પ્રાણીને દેવ તરીકે ઓળખીએ તે દેવગતિનામ, જેના ઉદયથી પ્રાણીને મનુષ્ય તરીકે ઓળખીએ

તે મનુષ્યગતિનામ, જેના ઉદયથી પ્રાણીને તિર્યંચ તરીકે ઓળખીએ તે તિર્યંચગતિનામ અને જેના વિપાકને પરિણામે પ્રાણીને નારકીને નામે બોલાવીએ તે નરકગતિનામ. આ રીતે ચાર ગતિનામકર્મ થાય છે.

૧. દેવગતિ નામકર્મ (૪૯)
૨. મનુષ્યગતિ નામકર્મ (૫૦)
૩. તિર્યંચગતિ નામકર્મ (૫૧)
૪. નરકગતિ નામકર્મ (૫૨)

તિર્યંચગતિને અંગે એટલું સ્પષ્ટ કરવાની જરૂર છે કે એમાં જનાવર, પશુ, પક્ષી, કીડા, માંકડ, માખી, વનસ્પતિ, પાણી, અગ્નિ આદિ જીવોનો સમાવેશ થાય છે. સંક્ષેપથી કહેવામાં આવે તો દેવ, મનુષ્ય અને નારકોને બાદ કરીએ તો બાકીના સર્વ સંસારી જીવો તિર્યંચગતિના કહેવાય છે. દરેક ગતિ પર્યાય સૂચવે છે. એક પર્યાયમાંથી બીજા પર્યાયે જવાનું થાય એટલે મનુષ્ય મટીને દેવ થાય કે જનાવર મટીને માણસ થાય, એ ગતિ છે, હિલચાલ છે, ચાલ છે. એટલે આ પ્રથમ પિંડપ્રકૃતિને 'ગતિ' કહેવામાં આવે છે. આ 'ગતિ' પારિભાષિક શબ્દ છે અને જૈન ગ્રંથોમાં ઉપરના અર્થમાં એનો વારંવાર ઉપયોગ થાય છે. આપણી સામે હેમચંદ નામનો માણસ ખડો છે. તે માણસ થયો એ ચાર ગતિમાંથી મનુષ્યગતિ નામકર્મનું ફળ સમજવું.

૨. જાતિનામ—એના પાંચ અવાંતર ભેદો છે. જાતિ એટલે ભેદસૂચક વર્ગ. સમાનધર્મીઓને એક જાતિ નીચે મૂકાય. ઇન્દ્રિયો પાંચ છે–સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર. આનો અનુક્રમ ધ્યાનમાં રાખવો. જેને માત્ર એક સ્પર્શન ઇન્દ્રિય હોય તે એકેંદ્રિય કહેવાય. જેને સ્પર્શન અને રસના એમ બે ઇન્દ્રિયો હોય તે બેઇન્દ્રિય કહેવાય. જેને સ્પર્શન, રસના અને ઘ્રાણ એમ ત્રણ ઇન્દ્રિયો હોય તે ત્રિઇન્દ્રિય કહેવાય. તેમ જ ચૌરિંદ્રિયને સ્પર્શન,

રસના, ઘ્રાણ અને ચક્ષુ હોય છે. અને તેમાં શ્રવણેન્દ્રિયને ઉમેરવાથી પંચેન્દ્રિય થાય છે.

આમાં એટલું લક્ષમાં રહે કે એકેંન્દ્રિય જીવોને માત્ર સ્પર્શન ઇન્દ્રિય જ હોય. સ્પર્શન સિવાયની બીજી ઇન્દ્રિય એકલી ન હોય, જેમ કે ચક્ષુ હોય તેને તેની આગળની સ્પર્શન, રસન અને ઘ્રાણ જરૂર હોય.

ઉપર જે ચાર ગતિ જણાવી તે પૈકી મનુષ્ય, દેવો અને નારકો તો પંચેન્દ્રિય જ હોય. તિર્યંચો એકેંદ્રિયથી માંડીને પંચેન્દ્રિય હોય. આવા બીજા ચિત્રામણમાં જાતિના પાંચ પેટા વિભાગો થાય છે.

૧. એકેંદ્રિય જાતિનામકર્મ (૫૩)
૨. બેઇન્દ્રિય જાતિનામકર્મ (૫૪)
૩. ત્રિઇન્દ્રિય જાતિનામકર્મ (૫૫)
૪. ચૌરિન્દ્રિય જાતિનામકર્મ (૫૬)
૫. પંચેન્દ્રિય જાતિનામકર્મ (૫૭)

સામે હેમચંદ્ર ખડો છે. તેને આ પાંચ પ્રકૃતિ પૈકી પંચેન્દ્રિય જાતિનામકર્મનો ભોગવટો છે એમ સમજવું.

૩. શરીરનામ—આ ત્રીજી શરીરનામની પિંડપ્રકૃતિના પાંચ પ્રકારો છે. આ પાંચ પ્રકારો સમજવા યોગ્ય છે.

મનુષ્યો અને તિર્યંચોનાં શરીરને ઔદારિક શરીર કહેવામાં આવે છે. એ ખાસ જૈન પારિભાષિક શબ્દ છે. વિવેચનકારો એને માટે કહે છે કે પ્રધાનાર્થક 'ઉદાર' શબ્દ પરથી એની વ્યુત્પત્તિ થઈ શકે છે. મનુષ્યના શરીરથી મોક્ષ સાધી શકાય માટે શરીરમાં એને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. એ વ્યુત્પત્તિ ગમે તે હો, પણ આ ઔદારિક શરીરમાં સર્વ જળચર, સ્થળચર, ખેચર, તિર્યંચો અને વનસ્પતિ, પાણી, અગ્નિ આદિ સર્વ તિર્યંચોનાં શરીરોનો સમાવેશ થાય છે. અસ્થિ, મજ્જા, મેદ, લોહી વગેરેનાં તથા પીંછાવાળાં, માંસપેશીવાળાં, ચામડીવાળાં, અંડજ,

સ્વેદજ, પોતજ, ગર્ભજ, ઇંડા વગર કે ગર્ભધારણ વગર સ્વયંભૂ પેદા થનાર (સંમુચ્છિમ) જીવોનાં શરીરો માટે સામાન્ય નામ ઔદારિક શરીર છે અને જે કર્મને કારણે એવા પુદ્ગળોથી આ શરીર બંધાય તેને ઔદારિક શરીર નામકર્મ સમજવું.

દેવો અને નારકોને વૈક્રિય શરીર હોય છે. એ શરીરને નાનું મોટું કરી શકાય, સુરૂપમાંથી કુરૂપ બનાવી શકાય, ખેચરથી ભૂચર થવાય, ભૂચરથી ખેચર થવાય, આવી વિવિધ ક્રિયા જે શરીરથી કરી શકાય તે શરીરને 'વૈક્રિય' શરીર કહેવામાં આવે છે. દેવો અને નારકોને એ શરીર ભવપ્રત્યયી હોય છે. મનુષ્ય યોગલબ્ધિથી ટૂંક સમય માટે એવું વૈક્રિય શરીર કરવાની શક્તિ પ્રાપ્ત કરી શકે. કોઈ તિર્યંચ પણ આવા શરીરને બનાવવાની શક્તિ કેળવી શકે.

ત્રીજું આહારક શરીર. અતિ વિદ્વાન અસાધારણ જ્ઞાની પોતાને કાંઈ શંકા થાય તેનું નિવારણ કરવા અથવા તીર્થંકરની ઋદ્ધિ જોવા દૂર દેશમાં વિચરતા તીર્થંકર પાસે એક હાથનું અતિ પવિત્ર નિર્મળ શરીર બનાવી મોકલે તેને આહારક શરીર કહેવામાં આવે છે. આહારક શરીરની વર્ગણાઓ અતિ સૂક્ષ્મ અને સ્ફટિક જેવી તદ્દન નિર્મળ હોય છે. જે કર્મના વિપાકરૂપે આ શરીર બને તેને આહારક શરીર નામકર્મ કહેવામાં આવે છે. એનો સમયકાળ બહુ ટૂંકો હોય છે. અપ્રમત્ત યતિને એને માટેની લબ્ધિ-શક્તિ પ્રાપ્ત થાય છે. આહારક શરીર દૂર દેશમાં શંકાસમાધન માટે જાય ત્યારે પણ લબ્ધિવંત પ્રાણીનું અસલ ઔદારિક શરીર તો હોય ત્યાં જ રહે છે.

શરીરમાં પાચનશક્તિ-ગરમીને ઉત્પન્ન કરનાર, બહારથી લીધેલા આહારને પચાવનાર શરીરને તૈજસ્ શરીર કહેવામાં આવે છે. પરભવમાં જતાં આ શરીર દ્વારા પુદ્ગળોનો આહાર કરી તેનાથી ચેતન શરીર બાંધે છે. આ તૈજસ્ શરીરથી કોઈ વ્યક્તિ

શક્તિ ઉત્પન્ન કરી સામાને બાળી નાખવા જેટલી ધૃષ્ટતા પણ કરી શકે છે, પણ તે કાદાચિત્ક જ હોય છે.

કર્મવર્ગણાનો આત્મા સાથે સંબંધ થાય, આગળ જણાવ્યું તેમ ક્ષીરનીરના સંયોગની જેમ ચેતન અને કર્મ એક થઈ ગયા છે એમ લાગે અથવા બહારની કર્મવર્ગણાને લઈ કર્મ તરીકે તેને પરિણમાવે એ 'કાર્મણ શરીર' કહેવાય છે. સંક્ષેપમાં કહીએ તો કર્મના આખા માળખાને (જીવને બાદ કરતાં જે રહે તેને) કાર્મણ શરીર કહી શકાય. કર્મ દરેક સમયે બંધાય છે એટલે આ કાર્મણ શરીરમાં પ્રત્યેક સમયે વધઘટ અને ફેરફાર થયા કરે છે. મરણ વખતે પ્રાણી સાથે આ કાર્મણ શરીર અને ઉપરનું ચોથું તૈજસ્ શરીર સાથે જાય છે. ઔદારિક શરીર સ્થૂળ હોય છે. આગળના શરીરો ઉત્તરોત્તર સૂક્ષ્મ સૂક્ષ્મતર થતા જાય છે. (તત્ત્વાર્થ ૨.૩૭-૩૮).

આ રીતે પાંચ પ્રકારનાં શરીરો થયાં. જીવનું ક્રિયા કરવાનું સાધન શરીર છે. ઔદારિક શરીરને બાળી શકાય. તેનું છેદનભેદન થઈ શકે. શરીરનામની ત્રીજી પિંડપ્રકૃતિની નીચે પ્રમાણે પાંચ પેટા પ્રકૃતિઓ બને.

૧. ઔદારિક શરીર નામકર્મ (૫૮)
૨. વૈક્રિય શરીર નામકર્મ (૫૯)
૩. આહારક શરીર નામકર્મ (૬૦)
૪. તૈજસ્ શરીર નામકર્મ (૬૧)
૫. કાર્મણ શરીર નામકર્મ (૬૨)

આપણી સામે ઊભેલ હેમચંદભાઈને ઔદારિક શરીર છે અને તૈજસ્ અને કાર્મણ શરીર પણ છે. તૈજસ્ વગર એનો જન્મ અને લોહીનું ફરકવું અને પાચન અશક્ય છે. અને કર્મ તો એના દેખાવ પરથી એના કપાળમાં વિવિધ રૂપે લખાયેલાં પડયાં છે.

૪. અંગોપાંગનામ—શરીરને અંગોપાંગ હોય છે, અર્થાત્ શરીરને અંગો હોય છે, ઉપાંગો હોય છે અને અંગોપાંગો હોય છે.

અંગ આઠ છે–બે હાથ, બે ઉરુ (જંઘા–સાથળ), પીઠ (વાંસો), માથું (શિર), ઉર (હૃદય–હૈયું) અને ઉદર (પેટ).

'ઉપાંગ'–અંગને લાગેલાં તે ઉપાંગ. હાથપગની આંગળીઓ, જંઘાને લાગેલ ઢીંચણ, વગેરે.

'અંગોપાંગ' એટલે આંગળીના સાંધા (પર્વો), રેખાઓ, વાળ (મોવાળા), રોમ. આ અંગો, ઉપાંગો અને અંગોપાંગો પ્રથમના ત્રણ ઔદારિક, વૈક્રિય અને આહારક શરીરને હોય, તૈજસ્ અને કાર્મણ શરીરને અંગોપાંગો ન હોય, એટલે અંગોપાંગ પિંડ-પ્રકૃતિના ત્રણ પેટાવિભાગો નીચે પ્રમાણે થયા.

૧. ઔદારિક અંગોપાંગ નામકર્મ (૬૩)
૨. વૈક્રિય અંગોપાંગ નામકર્મ (૬૪)
૩. આહારક અંગોપાંગ નામકર્મ (૬૫)

આપણી સામે હેમચંદભાઈ ઊભા છે. તેમને આ અંગોપાંગો પૈકી ઔદારિક શરીરનાં અંગો છે, ઉપાંગો છે, અંગોપાંગો છે. તૈજસ્ અને કાર્મણ શરીર તો જીવ સાથે ક્ષીરનીરની જેમ મળી રહ્યાં છે, તેથી તેમને અંગોપાંગો ન હોય. વળી તેમને અંગોપાંગો ન હોવાનું કારણ એ કે તેમને કોઈ પ્રકારનું સંસ્થાન નથી. (સંસ્થાનની સમજૂતી આઠમી પિંડપ્રકૃતિમાં હવે પછી આગળ આવશે.).

૫. બંધનનામ—શરીરનાં પુદ્ગળો નવાં આવતાં જાય, જૂનાં ખરતાં જાય, તે નવાંજૂનાંને અરસપરસ જોડવાનું કામ બંધન નામકર્મ કરે છે. શરીરના પુદ્ગળપરમાણુઓને અરસપરસ જોડવાનું અને નવાને મેળવી જૂના સાથે એકમેક કરવાનું કામ આ બંધન નામકર્મ કરે છે. બે ટીનના પતરાને જોડનાર રેણ, બે કાગળને જોડનાર ગુંદર અને સોનાની બે ઘુઘરીને જોડનાર રાળ જે કામ કરે છે તે આ બંધન નામકર્મ કરે છે. પુદ્ગળ પુદ્ગળ વચ્ચે અમુક સમય સુધી સંબંધ ચાલુ કરવાનું કે ચાલુ રાખવાનું કામ આ બંધન નામકર્મ કરે છે. એનાથી પરમાણુ પરમાણુ વચ્ચેનો

સંબંધ બંધાય છે અને વિખરાય નહિ ત્યાં સુધી ચાલુ રહે છે. આપણા શરીરમાંથી અનેક પરમાણુ છૂટા થાય છે અને અનેક નવા આવે છે, તેમનો સંબંધ જોડનાર શક્તિ તે બંધન નામકર્મ. તૈજસ્ શરીરનો ચેતન સાથે એ સંબંધ કરાવે છે અને કર્મનો આત્મા સાથે બંધ પણ એ બંધન નામ કર્મ કરાવે છે. પરભવથી આવી પ્રથમ આહાર કરી શરીર બાંધે ત્યારે સર્વબંધ કરે છે અને પછી શરીર છૂટે ત્યાં સુધી વખતોવખત દેશબંધ કરે છે. તૈજસ્ અને કાર્મણ શરીરના તો દેશબંધ જ હોય. પૂર્વે ગ્રહણ કરેલાં કર્મ સાથે નવાંને જોડે એટલે દેશબંધ જ થાય અને એનો પ્રારંભકાળ ન હોવાથી સર્વબંધનો ત્યાં સવાલ જ રહેતો નથી.

આ બંધનો પાંચ શરીરને હોવાથી તેના પાંચ પ્રકારો નીચે પ્રમાણે પડે છે.

૧. ઔદારિક બંધન નામકર્મ (૬૬)
૨. વૈક્રિય બંધન નામકર્મ (૬૭)
૩. આહારક બંધન નામકર્મ (૬૮)
૪. તૈજસ્ બંધન નામકર્મ (૬૯)
૫. કાર્મણ બંધન નામકર્મ (૭૦)

અથવા બંધનના બીજી રીતે પંદર પ્રકાર પણ થઈ શકે. આગળનાં ઔદારિક પુદ્ગળો સાથે નવાં ઔદારિક પુદ્ગળોનું બંધન કરાવે, અથવા વૈક્રિયનાં ચાલુ પુદ્ગળો સાથે વૈક્રિયનાં નવાં પુદ્ગળોનો દેશબંધ કરાવે કે તે જ પ્રમાણે આહારકનાં ચાલુ પુદ્ગળો સાથે નવાં આહારક પુદ્ગળોનું બંધન થાય તે ત્રણ પ્રકાર. ઉપર જણાવ્યું તેમ શરીર બાંધવાની શરૂઆતમાં સર્વબંધ અને પછી દેશબંધ થાય.

ઔદારિક પુદ્ગળો સાથે તૈજસ્ પુદ્ગળોનો મેળ બંધાય, એકતા થાય, તેમ જ વૈક્રિય પુદ્ગળોનો તૈજસ્ પુદ્ગળો સાથે બંધ થાય તે બીજો પ્રકાર અને આહારક શરીરનો તૈજસ્ પુદ્ગળો સાથે બંધ થાય તે ત્રીજો પ્રકાર.

તે જ પ્રમાણે ઔદારિક, વૈક્રિય અને આહારક પુદ્ગળોનો કાર્મણ પુદ્ગળો સાથે મેળ બંધાય, એકતા જામે, તેના ત્રણ પ્રકાર થાય.

આવો મિશ્રબંધ ઔદારિકનો તૈજસ્ અને કાર્મણ બન્ને પુદ્ગળો સાથે થાય. તેના ત્રણ પ્રકારના (ઔદારિક વૈક્રિય આહારક) પુદ્ગળો સાથે બંધના ત્રણ પ્રકાર થાય.

અને તૈજસ્ પુદ્ગળોનો તેના પોતાનાં નવાં પુદ્ગળો સાથે સંબંધ થાય તે તથા કાર્મણ પુદ્ગળોનો કાર્મણ સાથે સંબંધ થાય તે અને તૈજસ્ કાર્મણનો અરસપરસ સંબંધ થાય તે એમ ત્રણ પ્રકાર બને.

આવી રીતે શરીરના પુદ્ગળોનો અરસપરસ સંબંધ જોડવાને અંગે પંદર પ્રકારના બંધનો શક્ય છે, બાકીનાં બંધનો અશક્ય છે. જો કે આ પંદર પ્રકારની શક્યતા છે તેથી તેની અત્ર વિવક્ષા કરી છે, બાકી એ પ્રકારો અગત્યનો ભાગ ભજવતા નથી. કર્મની ૧૫૮ પ્રકૃતિ ગણવાની હોય ત્યારે પંદર બંધન થાય છે. આમાં જરા પણ ગૂંચવાઈ જવા જેવું નથી. પાંચ શરીરને ઓળખ્યા પછી બંધનને પાંચ ગણવાં કે પંદર ગણવાં તેમાં ફેર પડતો નથી. પંદર બંધનો નીચે પ્રમાણે થાય. તે ગણતાં કર્મની ચાલુ પ્રકૃતિગણનાની સંખ્યામાં પ્રથમની સંખ્યા ૬૬થી ચાલુ રહે, કારણ કે તેમાં પાંચ અથવા પંદરનો વિકલ્પ છે. પંદરમાં પાંચનો સમાવેશ થઈ જાય છે.

૧. ઔદારિક ઔદારિક બંધન નામકર્મ (૬૬)
૨. વૈક્રિય વૈક્રિય બંધન નામકર્મ (૬૭)
૩. આહારક આહારક બંધન નામકર્મ (૬૮)
૪. ઔદારિક તૈજસ્ બંધન નામકર્મ (૬૯)
૫. વૈક્રિય તૈજસ્ બંધન નામકર્મ (૭૦)
૬. આહારક તૈજસ્ બંધન નામકર્મ (૭૧)
૭. ઔદારિક કાર્મણ બંધન નામકર્મ (૭૨)
૮. વૈક્રિય કાર્મણ બંધન નામકર્મ (૭૩)

૯. આહારક કાર્મણ બંધન નામકર્મ (૭૪)
૧૦. ઔદારિક તૈજસ્ કાર્મણ બંધન નામકર્મ (૭૫)
૧૧. વૈક્રિય તૈજસ્ કાર્મણ બંધન નામકર્મ (૭૬)
૧૨. આહારક તૈજસ્ કાર્મણ બંધન નામકર્મ (૭૭)
૧૩. તૈજસ્ તૈજસ્ બંધન નામકર્મ (૭૮)
૧૪. કાર્મણ કાર્મણ બંધન નામકર્મ (૭૯)
૧૫. તૈજસ્ કાર્મણ બંધન નામકર્મ (૮૦)

આ પંદર પ્રકારમાં પરસ્પર મેળ બાઝવાની શકયતાની ગણતરી અને શકય તેટલા પ્રકારોની ગણના છે. અત્યાર સુધી શરૂઆતથી માંડીને સિત્તેર અથવા એંશી પ્રકૃતિ થઈ એ વાત ધ્યાનમાં રાખવી. સંઘાતન છઠ્ઠી પિંડપ્રકૃતિનો ખ્યાલ સ્પષ્ટ થતાં આ બંધનની હકીકત બરાબર સમજાઈ જશે.

૬. સંઘાતનનામ —संघातयति એટલે એકઠાં કરે. જેવી રીતે ખંપાળીથી તરખલાંને કે ઘાસને એકઠું કરવામાં આવે કે પાવડાથી માટી, ગારો કે ચૂનો એકઠાં કરવામાં આવે તેમ ઔદારિક પુદ્‌ગળોને આત્મા તરફ ખેંચી લાવે અથવા વૈક્રિય, આહારક, તૈજસ્ કે કાર્મણ પુદ્‌ગળોને ચેતન તરફ ખેંચી લાવે તે સંઘાતન નામકર્મ કહેવાય.

મતલબ એ થઈ કે સંઘાતનનામકર્મને લઇને પ્રાણી સ્વયોગ્ય ઔદારિક પુદ્‌ગળોનો રાશિ કરે, તેને બંધન નામકર્મને લઈને બાંધે અને અંગોપાંગ નામકર્મને લઈને હાથપગ વગેરેના આકારો ઘડે. આ રીતે સંઘાતનના પાંચ પ્રકારો થાય.

૧. ઔદારિક સંઘાતન નામકર્મ (૮૧)
૨. વૈક્રિય સંઘાતન નામકર્મ (૮૨)
૩. આહારક સંઘાતન નામકર્મ (૮૩)
૪. તૈજસ્ સંઘાતન નામકર્મ (૮૪)
૫. કાર્મણ સંઘાતન નામકર્મ (૮૫)

હવે આપણી સામે ખડા રહેલા હેમચંદભાઈનો પરિચય કરી-

એ. એણે ઔદારિક સંઘાતનના એક જોરે ઔદારિક પુદ્ગળો એકઠાં કર્યાં હોઈ તેનાથી ઔદારિક શરીરનું બંધન કર્યું અને ઔદારિકનાં અંગોપાંગો બાંધ્યાં. આમાં સંઘાતન, બંધન અને અંગોપાંગની પ્રકૃતિનો ઉપયોગ થયો. એ શરીર બાંધવા માટે તૈજસ્ અને કાર્મણ શરીરની તો જરૂર છે જ એટલે એણે તૈજસ્ અને કાર્મણ સંઘાતન અને બંધનના પ્રકારોનો ઉપયોગ કર્યો. અને તૈજસ્–કાર્મણને ઉપર જણાવ્યું તેમ અંગોપાંગ તો છે જ નહિ એટલે એણે અંગોપાંગ બંધન અને સંઘાતનમાંથી કઈ કઈ પ્રકૃતિનો ઉપયોગ કર્યો તે મનમાં ગણી લેવું અને ધ્યાનમાં રાખવું કે હેમચંદનું હજુ તો શરીર જ બંધાણું છે, તેમાં આકાર, સંસ્કાર વગેરે ઘણું બાકી છે. અને હેમચંદભાઈ મનુષ્ય છે એ પણ ધ્યાનમાં રાખવું. હવે હેમચંદભાઈનો વધારે પરિચય કરવા માટે કર્મપ્રકૃતિને વધારે ઓળખીએ.

૭. સંહનનનામ—મનુષ્ય અને તિર્યંચનાં ઔદારિક શરીરનાં હાડકાંની રચના અને એના સાંધાઓનો મેળ બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. મન પર કાબૂ લાવવા માટે મજબૂત શરીર જોઈએ. સખળડખળ હાડકાં હોય તો એકાગ્રતા પૂરી ન થઈ શકે. હાડકાં-ના સાંધાઓને અંગે પ્રથમ ત્રણ શબ્દોને જાણી લેવા જરૂરી છે. આપણાં અત્યારનાં શરીરોનાં હાડકાં તો એકબીજા સાથે લગાડેલાં હોય છે, પણ ખૂબ મજબૂત શરીરનાં હાડકાં તો બન્ને બાજુએ આકરાં બંધને બાંધેલાં હોય અને તેમને પકડી રાખવા તેમની ઉપર એક નાનું 'ઋષભ' નામનું ત્રીજું હાડકું હોય છે, એ ત્રણેને ભેદે તેવી સ્ક્રૂ જેવી હાડકાની જે ખીલી હોય તેને 'વજ્ર' કહેવામાં આવે છે, અને બન્ને બાજુના મર્કટબંધને 'નારાચ' કહેવામાં આવે છે. મર્કટબંધ એટલે મજબૂત પકડ. વાંદરી એક ઝાડથી બીજા ઝાડ પર ઠેકે ત્યારે તેનું બચ્ચું તેને પેટેથી પકડી રાખે તેવો આકરો જે બંધ હોય તેને મર્કટબંધ કહેવામાં આવે છે, એમાં એક હાડના છેડા બીજા હાડના છેડાને વળગી રહે છે. બે હાડકાંની ફરતો

નારાચ નામનો બંધ, બેને મજબૂત પકડવા માટે ત્રીજું નાનકડું હાડકું તે ઋષભ અને વચ્ચે ખીલી તે વજ્ર. આવી રીતે પાટો, ખીલી અને નાના હાડથી અરસપરસ લાગી રહેલ હાડકાના મેળાપવાળા શરીરને 'વજ્રઋષભનારાચ સંઘયણ'વાળું શરીર કહેવાય છે. આ પ્રથમ વિભાગ થયો.

બે હાડકાંને મર્કટબંધ હોય અને તેની ઉપર ત્રીજું નાનકડું હાડકું તેમને મજબૂત પકડી રાખનાર હોય, પણ વજ્ર ખીલી ન હોય તે બીજું 'ઋષભનારાચ સંઘયણ'.

બે હાડકાંને જોડનાર મર્કટબંધ હોય, પણ ત્રીજું હાડકું (ઋષભ) અને ખીલી ન હોય તે ત્રીજું 'નારાચસંઘયણ'.

શરીરમાં બે હાડકાંને જોડવા માટે એક બાજુ મર્કટબંધ અને બીજી બાજુ ખીલી હોય તો આવા પ્રકારની હાકડાંની સંધિને 'અર્ધનારાચ સંઘયણ' કહેવાય.

બે હાડકાંની વચ્ચે માત્ર ખીલી (વજ્ર) હોય જેનાથી તે જોડાયલાં રહે તો તેવાં હાડકાંના સાંધાવાળા શરીરના બાંધાને 'કીલિકા સંઘયણ' કહેવાય છે.

અને જે અસ્થિસંધિમાં પાટો (નારાચ) ન હોય, કોઈપણ બાજુએ બંધન (ઋષભ) ન હોય કે હાડકાં હાડકાંને જોડનાર ખીલી (વજ્ર) પણ ન હોય પરંતુ એમ જ હાડકાં હાડકાંને વળગેલાં હોય એ સંધિબંધને છેવટું (સેવાર્ત) સંઘયણ કહેવાય છે.

આ સંઘયણો ઔદારિક શરીરને જ હોય, વૈક્રિય કે આહારકને ન હોય કારણ કે તેમને હાડકાં જ ન હોય. સંઘયણ એટલે હાડકાંનો મેળાપ. હાડકાંના સાંધાને મજબૂત કરનાર પાટા જેવું બીજું હાડ તે પરિવેષ્ટિત પટ અથવા ઋષભ કહેવાય. એની ફરતો ભરડો દે તેવી મજબૂત પકડ તે 'નારાચ' અને વચ્ચે મજબૂત કરનાર અને જોડાયેલ રાખનાર ખીલી તે 'વજ્ર' કહેવાય. એટલે વજ્રઋષભનારાચ સંઘયણમાં બે હાડકાંની ફરતો મર્કટબંધ, બેને ખૂબ મજ-

મજબૂતાઈથી પકડી રાખનાર ઋષભ નામનું નાનું હાડકું અને વચ્ચે હાડકાની મજબૂત ખીલી હોય.

આ રીતે સંઘયણ–અસ્થિસંધિના છ પ્રકાર થાય.

૧. વજ્રઋષભનારાચ સંઘયણનામકર્મ (૮૬)
૨. ઋષભનારાચ સંઘયણનામકર્મ (૮૭)
૩. નારાચ સંઘયણનામકર્મ (૮૮)
૪. અર્ધનારાચ સંઘયણનામકર્મ (૮૯)
૫. કીલિકા સંઘયણનામકર્મ (૯૦)
૬. છેવટ્ઠું સંઘયણનામકર્મ (૯૧)

આપણા હેમચંદભાઈને પ્રથમના પાંચે સંઘયણ નથી. એને નસીબે છટ્ઠું છેવટ્ઠું સંઘયણ આવેલ છે. એનાં હાડકાં અરસપરસ લાગીને રહેલાં છે. નથી એની ફરતો પાટો, નથી એને બંધન કે નથી એમાં વચ્ચે હાડકાંની ખીલી. ઔદારિક સંઘાતને એકઠાં કરેલાં ઔદારિક પુદ્ગળોનાં ઔદારિક બંધનને પરિણામે ઔદારિક અંગો- પાંગો જમાવી બેઠેલા એ ભાઈને નસીબે ખડખડતાં હાડકાંવાળું સંઘયણ આવ્યું છે. દેવતા અને નારકીને સંઘયણ ન હોય. પૂર્વ- કાળમાં શરૂઆતનાં પાંચ સંઘયણો પણ હતા. વર્તમાનકાળે આપણી જાણીતી દુનિયામાં તો છટ્ઠું સંઘયણ જ લભ્ય છે. મોક્ષ જવા માટે જે શરીરબળ જોઈએ તે પ્રથમ સંહનનમાં જ લભ્ય છે. અને ધ્યાન માટે જે શરીરબળની જરૂરિયાત છે તે પ્રથમના ત્રણ સંહનનો પૂરું પાડી શકે છે. (તત્ત્વાર્થ. ૯.૨૭). માનસિક બળનો આધાર શરીર છે અને શરીરબળનો આધાર શરીરબંધારણ પર નિર્ભર છે. ધ્યાનની વ્યાખ્યામાં સ્પષ્ટ કરેલ છે કે ઉત્તમ સંહનનવાળાનું એક વિષયમાં અંતઃકરણની વૃત્તિનું સ્થાપન (એકાગ્રતા) એ 'ધ્યાન' કહે- વાય. આવું ધ્યાન પ્રથમના ત્રણ ઉત્તમ સંઘયણોમાં શકય છે.

૮. સંસ્થાન—શરીરબંધારણ સાથે શરીરનો આકાર કેવો થવો તે સંસ્થાન નામકર્મ નક્કી કરે છે. સંઘયણમાં અંદરનાં હાડના

મેળના પ્રકારાંતરો હોય છે, જ્યારે સંસ્થાનમાં શરીરનો બાહ્ય આકાર નક્કી થાય છે.

ચારે ખૂણા સરખા હોય તે ઉત્તમ સંસ્થાનવાળું શરીર કહેવાય. 'અસ્ર' એટલે ખૂણા. દાખલા તરીકે, પલાંઠી વાળીને પર્યંકાસને એક વ્યક્તિ બેઠેલ હોય અને તેના હાથ વચ્ચે ખોળામાં મૂકેલ હોય, તે વખતે જેનાં ચારે માપ સરખા આવે, નાનાંમોટાં ન આવે તે સરખા માપવાળું ઉત્તમ સંસ્થાન કહેવાય. તેને 'સમચતુરસ્ર' નામ આપવામાં આવેલ છે.

બંને જંઘાના નીચલા ભાગને પગ ઉપર મૂકવાથી અને નાભિ ઉપર ચત્તા ડાબા હાથ ઉપર ચત્તો જમણો હાથ રાખવાથી પર્યંકાસન થાય છે (હેમચંદ્રાચાર્યનું યોગશાસ્ત્ર, ૪.૧૨૫). આવા પર્યંકાસને બેઠા પછી જંઘાના એક છેડાથી બીજા છેડા સુધીનું માપ, ડાબા જાનુ અને જમણા ખભા સાથેનું માપ, જમણા જાનુ અને ડાબા ખભા વચ્ચેનું માપ અને પલાંઠીની પીઠથી કપાળ (લલાટ) વચ્ચેનું માપ—એ ચારે માપ બરાબર એકસરખાં થાય, એમાં જરાપણ વધારો ઘટાડો ન થાય, તે ચમચતુરસ્ર સંસ્થાન. શરીરનાં સર્વ અંગો સામુદ્રિકશાસ્ત્રમાં બતાવેલાં ઉત્તમ અંગો પ્રમાણે લક્ષણસહિત હોય તે સમચતુરસ્ર સંસ્થાન કહેવાય. ઉત્તમ મનુષ્યને અને દેવોને આ પ્રથમનું ઉત્તમ સંસ્થાન હોય. સમ એટલે સરખા, ચતુઃ એટલે ચાર અને અસ્ર એટલે ખૂણા.

નાભિ (ડૂંટી) ઉપરનો શરીરનો અરધો ભાગ ખૂબ સુંદર અને આકર્ષક હોય તેને બીજું 'ન્યગ્રોધ' સંસ્થાન કહેવાય. ન્યગ્રોધ એટલે વડનું ઝાડ. એને ઉપરથી જોયું હોય તો ખૂબ ફાલેલ સુંદર દેખાય. નીચેના અરધા ભાગમાં મૂળિયાં પ્રમાણમાં આકર્ષક ન હોય.

નાભિની નીચેનો ભાગ ઘાટસરનો સુંદર આકર્ષક હોય અને ઉપરના અંગો હીન હોય તે ત્રીજું 'સાદિ' સંસ્થાન.

હાથ, પગ, ડોક સરસ હોય અને હૃદય, પેટ, પૂંઠ હીન

હોય તે 'કુબ્જ' સંસ્થાન ચોથું છે. પીઠે ખુંધવાળાને આ સંસ્થાન હોય.

જયાં હાથ, પગ, ડોક અધમ હોય પણ બાકીનાં અંગો માનોપેત અને સરસ હોય તે પાંચમું 'વામન' સંસ્થાન. આખા અંગના અવયવ લક્ષણ વગરનાં, વાંકાંચૂકાં અને આડાંઅવળાં હોય હોય તે છઠ્ઠું અને છેલ્લું 'હુંડક' સંસ્થાન. શરીરના આકાર વિશેષને સંસ્થાન કહેવામાં આવે છે. આ રીતે છ પ્રકારની આકૃતિઓ થઈ. સંસ્થાન દરેક ગતિમાં હોય છે. સંસ્થાન નામની આઠમી પિંડપ્રકૃતિના છ ભેદ નીચે પ્રમાણે થાય.

૧. સમચતુરસ્ર સંસ્થાનનામકર્મ (૯૨)
૨. ન્યગ્રોધ સંસ્થાનનામકર્મ (૯૩)
૩. સાદિ સંસ્થાનનામકર્મ (૯૪)
૪. કુબ્જ સંસ્થાનનામકર્મ (૯૫)
૫. વામન સંસ્થાનનામકર્મ (૯૬)
૬. હુંડક સંસ્થાનનામકર્મ (૯૭)

આપણા હેમચંદભાઈને નસીબે છેલ્લું અને છઠ્ઠું સંસ્થાન હુંડક સંસ્થાન આવ્યું છે. છેલ્લા સંઘયણવાળાને તો છઠ્ઠું સંસ્થાન જ હોય. માનોપેત સુંદર શરીર તો પ્રથમ સંઘયણવાળાને હોય. દેવગતિમાં પ્રથમ સંસ્થાન હોય. મનુષ્યગતિમાં છએ સંસ્થાન લાભે. તિર્યંચ અને નરકગતિમાં માત્ર છઠ્ઠું હુંડક સંસ્થાન લાભે. શરીરને અંગે એનાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ ઉપરાંત એના અંગોપાંગની સુંદર ગોઠવણ ને આકર્ષક અંગરચનાને અંગે હજુ એક નિર્માણ નામકર્મ આવશે. તે પ્રત્યેકપ્રકૃતિ (સાતમી) હોઈ તેને યથાસ્થાને આગળ વિચારવામાં આવશે. (જુઓ પૃ. ૧૫૭).

૯. વર્ણ—જૈન લેખકો મૂળ વર્ણ પાંચ બતાવે છે.

કૃષ્ણવર્ણ (black)–ગળી કે મેંશ અથવા કાજળ જેવો રંગ.

નીલવર્ણ (skyblue) – લસણીઆ જેવો નીલો રંગ, આસમાની.

આ બન્ને વર્ણો અશુભ ગણાય છે. એમને પાપપ્રકૃતિમાં ગણ્યા છે.

હરિદ્રવર્ણ (yellow) — હળદર જેવો પીળો વર્ણ.

લોહિતવર્ણ (red) — સિંદૂર જેવો લાલ, રાતો વર્ણ.

શ્વેતવર્ણ (white) — દૂધ, શંખ કે ચમેલી જેવો ધોળો, સફેદ વર્ણ.

આ પાંચમાંથી કોઈ પણ વર્ણનું શરીર હોય છે. તે એક રંગનું હોય છે. જેવા વર્ણનું શરીર હોય તેવા વર્ણનું તે કહેવાય. હરિદ્ર, લોહિત અને સફેદવર્ણને શુભ ગણવામાં આવે છે.

આપણા હેમચંદભાઈ સફેદ વર્ણના છે. આ પાંચે વર્ણો ચોથી ચક્ષુરિન્દ્રિયના વિષયો છે. ઇન્દ્રિયના વિષયોની ગણના વખતે તેની ઉપયોગિતા છે. વર્ણને અંગે પાંચ કર્મપ્રકૃતિ આ રીતે થાય–

૧. કૃષ્ણવર્ણ નામકર્મ (૯૮)
૨. નીલવર્ણ નામકર્મ (૯૯)
૩. હરિદ્રવર્ણ નામકર્મ (૧૦૦)
૪. લોહિતવર્ણ નામકર્મ (૧૦૧)
૫. શ્વેતવર્ણ નામકર્મ (૧૦૨)

૧૦. ગંધ—શરીરની ગંધના બે પ્રકારો હોય છે. ગંધ એટલે વાસ.

કપૂર કસ્તુરી જેવું સુગંધી શરીર તે 'સુગંધી'

લસણ ડુંગળી જેવું ગંધ મારતું શરીર તે 'દુર્ગંધી'.

આ પૈકી સુગંધી શરીર પુણ્યવંતને હોય અને તે શુભ-પ્રકૃતિ ગણાય. આવું સુગંધી શરીર તો મનુષ્યોમાં માત્ર તીર્થંકરને કે પદ્મિની સ્ત્રીને જ હોય. એટલે આપણા હેમચંદભાઈને ભાગે દુર્ગંધ નામકર્મનો ઉદય દેખાઈ આવે છે.

ગંધ એ નાકનો વિષય છે, ત્રીજી ઘ્રાણેન્દ્રિયનો વિષય છે. એના બન્ને પ્રકારનો ખ્યાલ ઇન્દ્રિયોના વિષયોની વિચારણા વખતે પણ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

ગંધને અંગે કર્મપ્રકૃતિના બે પ્રકાર થાય–

૧. દુરભિગંધનામકર્મ (૧૦૩)
૨. સુરભિગંધનામકર્મ (૧૦૪)

૧૧. રસ—રસને અંગે પ્રથમ તેના પાંચ પ્રકાર જોઈ લઈએ.

તિક્તરસ — કરિયાતાના જેવો કડવો રસ તે તીખો. દા. ત. એળિયો.

કટુરસ — સૂંઠ અને મરી જેવો કટુ સ્વાદ તે આકરો કટુ.

આ બન્ને રસો અશુભ ગણાય છે. તિક્તરસ અને કટુરસના અર્થ જૈન પરિભાષામાં ફરી જાય છે, તે પર ધ્યાન ખેંચવામાં આવે છે.

કષાયરસ — હરડા બેડા જેવો તુરો રસ તે કષાયરસ કહેવાય છે.

આમ્લરસ — આમલી અથવા લીંબુનો ખાટો રસ આમ્લ કહેવાય છે.

મધુરરસ — સાકર શેરડી કે દૂધનો રસ તે મધુર-મીઠો રસ છે.

આ રસોની અંદરઅંદરની મેળવણીથી બીજા રસો થાય છે. મધુર અને કટુરસના મળવાથી ખારો (મીઠાનો) રસ–લવણનો રસ થાય છે. આ પાંચ રસોમાં કષાય, આમ્લ અને મધુરરસ શુભ ગણવામાં આવ્યા છે. આ પાંચે રસો બીજી જિહ્વા ઇન્દ્રિયના વિષયો બને છે અને સવાદિયા પ્રાણીને પુદ્ગળાનંદમાં રસ ધરાવતો બનાવે છે. ઇન્દ્રિયના ત્રેવીશ વિષયમાં એને પાંચ સ્થાન મળેલાં છે, તે અન્યત્ર જોઈશું, એમને બરાબર ઓળખી રાખવા જેવા છે. રસનામકર્મના નીચે પ્રમાણે પાંચ પ્રકારો થયા–

૧. તિક્તરસનામકર્મ (૧૦૫)
૨. કટુરસનામકર્મ. (૧૦૬)
૩. કષાયરસનામકર્મ (૧૦૭)
૪. આમ્લરસનામકર્મ (૧૦૮)
૫. મધુરરસનામકર્મ (૧૦૯)

૧૨. સ્પર્શ—એના બે બે વિરુદ્ધ સ્પર્શોને સામસામે મેળવતાં એવા ચાર યુગલો એનાં થાય છે. એટલે સ્પર્શની સંખ્યા આઠની બતાવવામાં આવી છે.

ગુરુસ્પર્શ — લોઢાના ગોળાના જેવો ભારે સ્પર્શ. માણસનાં શરીર લોઢા જેવાં હોય છે. આ અશુભ વિભાગ ગણાય છે.

લઘુસ્પર્શ — હળવો સ્પર્શ. પીંછા કે આકોલિયાના રૂના પુંમડા જેવો સ્પર્શ હોય, હળવું ફૂલ શરીર હોય તે. આ સ્પર્શને શુભ ગણ્યો છે.

ખરસ્પર્શ — બરછટ સ્પર્શ (rough). કાટ ખાઈ ગયેલા લોઢા જેવો, ગાયની જીભ જેવો કઠણ ખડબચડો સ્પર્શ. આ સ્પર્શને અશુભ ગણ્યો છે.

મૃદુસ્પર્શ — સુંવાળો, માખણ જેવો. આ સ્પર્શ શુભ છે.

શીતસ્પર્શ — ઠંડો, ટાઢો, શીતળ સ્પર્શ, બરફ જેવો, પોષમાસના પાણી જેવો. આ શીતસ્પર્શને અશુભ ગણવામાં આવ્યો છે. તે બહુ સૂચક છે. નરકાવાસોમાં શીત વાસા બહુ આકરા ગણાય છે.

ઉષ્ણસ્પર્શ — ગરમ, ઊનો, અગ્નિ જેવો, ભડભડતો. આને શુભ ગણાયો છે.

રુક્ષસ્પર્શ — લૂખો, રાખ જેવો, જેમાં ચીકાશ જરા પણ ન હોય તેવો. આ અશુભ છે.

સ્નિગ્ધસ્પર્શ — ચીકાશવાળો, ચીકણો, ઘી, તેલ, ગુંદરના સ્પર્શ જેવો, ચોંટી રહે તેવો. આ શુભ છે.

આમાં ગુરુ, ખર, શીત અને રુક્ષને અશુભ ગણવામાં આવ્યા છે. બાકીના ચારને–લઘુ, મૃદુ, ઉષ્ણ અને સ્નિગ્ધને–શુભ ગણવામાં આવ્યા છે.

આ આઠે સ્પર્શો સ્પર્શેન્દ્રિયના વિષયો છે. આપણા હેમચંદભાઈમાં આમાંના ચાર જ સ્પર્શો લાભે, કારણ કે ગુરુ હોય ત્યાં લઘુ ન હોય અને ખર હોય ત્યાં મૃદુ ન હોય. એનામાં કયા

સ્પર્શો છે તે એને હાથ અડાડવાથી તુરત જણાઈ આવશે. સ્પર્શ નામકર્મની એ રીતે આઠ પ્રકૃતિઓ થાય, તે નીચે પ્રમાણે છે.

૧. ગુરુસ્પર્શનામકર્મ (૧૧૦)
૨. લઘુસ્પર્શનામકર્મ (૧૧૧)
૩. ખરસ્પર્શનામકર્મ (૧૧૨)
૪. મૃદુસ્પર્શનામકર્મ (૧૧૩)
૫. શીતસ્પર્શનામકર્મ (૧૧૪)
૬. ઉષ્ણુસ્પર્શનામકર્મ (૧૧૫)
૭. રુક્ષસ્પર્શનામકર્મ (૧૧૬)
૮. સ્નિગ્ધસ્પર્શનામકર્મ (૧૧૭)

એ સ્પર્શો શરીરને અંગે બતાવ્યા છે. એ જ આઠે સ્પર્શો સ્પર્શેન્દ્રિયના વિષયો થાય છે. પાંચ વર્ણ (ચક્ષુનો વિષય), બે ગંધ (ઘ્રાણુનો વિષય), પાંચ રસ (રસેન્દ્રિયનો વિષય) અને આઠ સ્પર્શ (સ્પર્શેન્દ્રિયનો વિષય) મળી વીસ વિષયો થયા. તેમાં શ્રોત્રેન્દ્રિયના ત્રણ વિષયો—શુભ અવાજ, અશુભઅવાજ અને શુભઅશુભ મિશ્ર અવાજને ભેળવતાં પાંચ ઇંદ્રિયના ત્રેવીસ વિષયો થાય. આ વિષયોને ઓળખવા એ અતિ મહત્ત્વની બાબત છે. એ બાબત અત્ર પ્રસ્તુત ન હોવા છતાં એનો ઉલ્લેખ કર્યો છે. રાગકેસરીના મંત્રી વિષયાભિલાષનો એ પરિવાર છે અને સંસારમાં પરિભ્રમણ કરાવવાને અંગે ભારે અગત્યનું સ્થાન ભોગવે છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ પૈકી નવ અશુભ છે અને અગિયાર શુભ છે તેની વિગત ઉપર આવી ગઈ.

૧૩. આનુપૂર્વી નામકર્મ—આત્મા કદી મરતો નથી, પણ એક શરીર મૂકી અન્ય જગાએ જાય તેને 'મરણ' કહેવામાં આવે છે. બીજી વાત એ છે કે 'સમય' એ કાળનો ઘણો નાનો વિભાગ છે. આંખ મીંચીને ઉઘાડીએ તેટલા પલકારામાં અસંખ્ય સમય થાય છે. કોઈ કોઈ જીવ કાળ કરીને સીધા પોતાને ઉપજવાને

સ્થાને પહોંચે છે, પણ એવું ન બને તો સમશ્રેણીએ જાય, બીજે સમયે ઉપજવાના સ્થાનની સમશ્રેણીએ પહોંચે અને ત્રીજે સમયે ઉત્પત્તિના સ્થળે પહોંચી જાય. આવી રીતે વર્તમાન શરીર મૂકયા પછી એને ઉપજવાના સ્થળ તરફ ખેંચી જનાર કર્મને ‘આનુપૂર્વી’ નામકર્મ કહેવામાં આવે છે. ઘોડાને ચોકડાથી અથવા બળદને નાથેલ દોરાથી એને જવાને સ્થાને ખેંચી જવામાં આવે છે, તેવું આ આનુપૂર્વી નામકર્મ છે. એ ચારે ગતિને અંગે હોય છે. જેને નરકમાં જવાનું હોય તેને ત્યાં લઈ જનાર–દોરનાર કર્મને નરકાનુપૂર્વી કહેવાય છે. એ પ્રમાણે ચારે ગતિની આનુપૂર્વી ચાર પ્રકારની છે. કાળ કરીને જીવ વક્રગતિએ જાય ત્યાં નવીન ભવના શરીર પહેલાની અવસ્થામાં આ આનુપૂર્વી ઉદયમાં આવે છે. અને તેનો કાળ એક કે બે કે ત્રણ સમયનો હોય છે. એનું કાર્ય નવીન ભવમાં એને જ્યાં જવાનું હોય ત્યાં ખેંચી જવાનું છે.

ચારે ગતિએ આ પ્રકારની આનુપૂર્વી હોઈ શકે, એક ભવે જતાં તે ભવયોગ્ય આનુપૂર્વી સંભવે. એ રીતે આનુપૂર્વી કર્મના નીચે પ્રમાણે ચાર પ્રકાર પડે.

૧. નરકાનુપૂર્વી નામકર્મ (૧૧૮)
૨. તિર્યગાનુપૂર્વી નામકર્મ (૧૧૯)
૩. મનુષ્યાનુપૂર્વી નામકર્મ (૧૨૦)
૪. દેવાનુપૂર્વી નામકર્મ (૧૨૧)

આપણા હેમચંદભાઈ મનુષ્યભવમાં આવ્યા ત્યારે આગલા શરીરનો વિરહ થતાં સીધા ઋજુગતિથી સમશ્રેણીએ એની માતાના ઉદરમાં આવ્યા હશે કે વક્રગતિથી મનુષ્ય આનુપૂર્વીથી ખેંચાઈને ત્યાં આવ્યા હશે તેની નોંધ કાંઇ મળી શકે તેમ નથી, પણ ઘણાખરા જીવો વક્રગતિ કરે છે. તેને લઈને તેમને અંતરિયાળમાં બે, ત્રણ કે ચાર સમય સુધી મનુષ્યાનુપૂર્વીનો ઉદય તે વખતે થવો સંભવે છે.

૧૪. વિહાયોગતિ નામકર્મ—ચાલવાની રીત. કેટલાંક પ્રાણીઓની ચાલ (mode of walking) તદ્દન ખરાબ હોય છે. તે ચાલે ત્યારે પગ ઉલાળતાં જાય, કડ ભાંગતાં જાય અને ડબડબ પગલાં મૂકતાં જાય. ઊંટ, ગધેડાં કે તીડના જેવી ખરાબ ચાલને અશુભ ગણવામાં આવે છે. હંસ, હાથી કે બળદની ચાલને સારી ગણવામાં આવે છે. પ્રથમ પિંડપ્રકૃતિ 'ગતિ'(દેવમનુષ્યાદિ ચાર)થી જુદી પાડવા માટે આ ચાલવાની રીતને 'વિહાયોગતિ' કહેવામાં આવે છે, બાકી 'ગતિ' શબ્દનો અર્થ પણ ચાલ જ થાય છે. આવા પ્રકારની ચાલવાની રીત ખરાબ અને સારી એમ બે પ્રકારની હોવાથી એ પિંડપ્રકૃતિના બે વિભાગ નીચે પ્રમાણે થાય છે.

૧. અશુભ વિહાયોગતિ નામકર્મ (૧૨૨)

૨. શુભ વિહાયોગતિ નામકર્મ (૧૨૩)

આવી રીતે ૧૪ પિંડપ્રકૃતિની ૬૫ અથવા ૭૫ પિંડપ્રકૃતિ થાય. બંધનનામકર્મને પાંચ ગણીએ તો ૬૫ થાય અને ૧૫ ગણીએ તો ૭૫ થાય. (એનો ખુલાસો ઉપર પૃ. ૧૪૧–૧૪૨માં આવી ગયો.) ૭૫ પ્રકૃતિ આ પ્રમાણે થઈ: ૪ ગતિ; ૫ જાતિ; ૫ શરીર; ૩ અંગોપાંગ; ૫ અથવા ૧૫ બંધન; ૫ સંઘાતન; ૬ સંઘયણ; ૬ સંસ્થાન; ૨૦ વર્ણ-ગંધ-રસ-સ્પર્શ; ૪ આનુપૂર્વી અને ૨ વિહાયોગતિ. આ રીતે ૧૪ પિંડપ્રકૃતિના પેટાભેદો ૬૫ અથવા ૭૫ થયા.

## આઠ પ્રત્યેકપ્રકૃતિ

પ્રત્યેકપ્રકૃતિ આઠ છે. જે પ્રકૃતિના પેટાવિભાગ નથી, જે માત્ર એક પ્રકારના પર્યાયોને નીપજાવનાર હોય છે, તેને પ્રત્યેક-પ્રકૃતિ કહેવામાં આવે છે. સંક્ષેપથી તે કેવા ભાવો ભજવે છે અને પ્રાણીને અંગે કેવાં કેવાં પરિણામો નીપજાવે છે તે હવે જોઈએ. આ આઠ પ્રત્યેકનામકર્મની પ્રકૃતિનાં નામો નીચે પ્રમાણે છે.

૧. પરાઘાત નામકર્મ (૧૨૪)

૨. ઉચ્છ્‌વાસ નામકર્મ (૧૨૫)

૩. આતપ નામકર્મ (૧૨૬)
૪. ઉદ્યોત નામકર્મ (૧૨૭)
૫. અગુરુલઘુ નામકર્મ (૧૨૮)
૬. તીર્થંકર નામકર્મ (૧૨૯)
૭. નિર્માણ નામકર્મ (૧૩૦)
૮. ઉપઘાત નામકર્મ (૧૩૧)

આ આઠ પ્રત્યેકનામકર્મોની પ્રકૃતિઓ પૈકી ઉપઘાત નામકર્મ અશુભ છે. બાકીની સાતે પુણ્યપ્રકૃતિ છે. તે તેમનાં સ્વરૂપને જોતાં વિચારતાં માલુમ પડશે.

૧. પરાઘાત નામકર્મ–સામેથી માર માર કરતો માણસ આવે, પણ આને જોતાં ઠંડોગાર થઈ જાય, લડાઈમાં કે મેચમાં, કુસ્તીમાં કે પટ્ટાબાજીમાં જે સર્વની ઉપર તરી આવે, બેડમિંટન, ક્રિકેટ, ટેનિસ, હોકી, વોલીબોલ કે બીજી કોઈ પણ શરતમાં જે 'ચેમ્પયન' થાય અથવા પસંદગીમાં જેને આગેવાની ભરેલું સ્થાન મળે તે પરાઘાત નામકર્મનો વિપાક સમજવો. પોતે દેખાવમાં બળવાન કે લઠ્ઠ હોય કે ન હોય, છતાં સામાને જીતી આવે, સામો બળવાન હોય તેને પણ દુર્ધર્ષ થાય તે અપઘાત નામકર્મનું ફળ. પોતે વિજય મેળવે અને સામાથી હાર ન પામે એવો બેવડો લાભ આ કર્મ આપે છે. આ કર્મ શુભ જ હોય છે.

૨. ઉચ્છ્વાસ નામકર્મ– સહેલાઈથી શ્વાસ અને ઉચ્છ્વાસ લઇ શકાય; નાકમાં 'એડીનોઈડ્સ' ન હોય, નાકમાં હાડકું વધે નહિ, ગળાની આસપાસ કાકડા ન હોય, ફેફસાં મજબૂત હોય અને શ્વાસ મૂકતાં કે લેતાં જરાપણ અડચણ ન થાય તે ઉચ્છ્વાસ નામકર્મનો વિપાક છે. આગળ જતાં શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ આવશે (ત્રસદશકમાં ત્રીજી પ્રકૃતિ) તે શ્વાસોચ્છ્વાસયોગ્ય પુદ્‌ગળોને શ્વાસ કે ઉચ્છ્વાસમાં પરિણમાવવાની શક્તિ છે, એમ સમજવું. શ્વાસોચ્છ્વાસ દશ પ્રાણ પૈકી એક પ્રાણ છે, તે શ્વાસ લેવા મૂકવાનો વ્યાપાર સમજવો, તેનું જે કર્મ કારણ તે શ્વાસોચ્છ્વાસ નામકર્મ.

આ નામકર્મને કારણે શ્વાસોચ્છ્વાસની સરળતા રહે, સહેલાઇથી અને સુખપૂર્વક એ જીવનક્રિયા થાય. આ શ્વાસોચ્છ્વાસ નામકર્મ અને શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિનો તફાવત છે એ ધ્યાનમાં રાખવું. આ કર્મ શુભ જ હોય છે.

૩. આપત નામકર્મ–જે કર્મના ઉદયથી પોતે ઠંડો હોવા છતાં સામાને પ્રકાશ આપે, ગરમી આપે તે આતપ નામકર્મ. સૂર્ય પરના પૃથ્વીકાય જીવો જાતે શીતસ્પર્શી છે, અને અડવાથી ગરમ ન લાગે પણ સામાને એ ગરમી પાઠવી શકે. એની ઉપર નજર માંડવી આકરી લાગે, છતાં જાતે ઠંડો હોય. પારકાને તાપ ઉપજાવે તેવા ઠંડા શરીરપુદ્ગળોની પ્રાપ્તિ કરાવે તે કર્મ આતપ નામકર્મ. અગ્નિ તો જાતે જ ઉષ્ણસ્પર્શી છે એટલે અગ્નિકાય જીવોને આતપ નામકર્મનો ઉદય નથી પરંતુ ઉષ્ણસ્પર્શનામકર્મનો ઉદય છે. આ કર્મ શુભ જ છે.

૪. ઉદ્યોત નામકર્મ–જે કર્મના ઉદયથી જીવનું શરીર ચંદ્રના પ્રકાશ જેવું ઠુંડું અજવાળું કરે, સામાને ટાઢો પ્રકાશ દે તે કર્મ ઉદ્યોત નામકર્મ. વિશિષ્ટ યોગી કે વૈજ્ઞાનિક કે વિદ્યાધર ઠંડા પ્રકાશવાળું શરીર ધારણ કરે તે ઉદ્યોત નામકર્મનો વિપાક. ચંદ્ર, તારા, ગ્રહ, નક્ષત્રમાંથી શીત પ્રકાશ નીકળે છે તે ઉદ્યોત નામકર્મનાં ફળો સમજવાં. એ પ્રકાશ વિમાનમાં રહેલાં એકેન્દ્રિય જીવોનાં શરીરનો છે એ લક્ષમાં રહે. આગિયા રાત્રે ચોમાસામાં ઊડે ત્યારે ઝગમગ થાય છે તે ઉદ્યોત નામકર્મનો પ્રતાપ છે. ચંદ્રનો પ્રકાશ આપનાર એકેન્દ્રિય જીવો છે; આ પ્રકાશ ઉદ્યોત નામકર્મને પરિણામે છે એટલી વાત લક્ષમાં રહે. આ કર્મ પણ શુભ જ છે.

૫. અગુરુલઘુ નામકર્મ–સમધારણ ઔદારિક શરીરની પ્રાપ્તિ અગુરુલઘુ નામકર્મના ઉદયથી થાય છે. અંત્યત સ્થૂળ શરીર નહિ, તેમ અત્યંત પાતળું શરીર નહિ; અતિ ભારે નહિ, અતિ હળવું નહિ; એવું શરીર આ કર્મના ઉદયથી જ મળે છે. આ

અગુરુલઘુ નામકર્મ ઔદારિક શરીરને જ લાગે. આ કર્મ શુભ જ છે.

૬. તીર્થંકર નામકર્મ — મહાતપસ્યાને પરિણામે, સર્વજીવને સુખી કરવાની વિશિષ્ટ ભાવનાથી પ્રાણી તીર્થંકર નામકર્મ બાંધે. આ કર્મનો જેને ઉદય હોય એને જન્મથી ચાર અતિશયો હોય, એની વાણીમાં પાંત્રીશ ગુણ હોય, એનામાં અદ્ભુત જ્ઞાન અને સામાને સમજાવવાની શક્તિ હોય, એ સંસારનાં દુઃખમાં રગદોળાયેલા લોકોને સાચો માર્ગ બતાવે, એનું સન્માન ખૂબ થાય, એ સંઘસ્થાપના કરે, એનું શરીર મળરહિત હોય (સુગંધી), એના પરસેવામાં ગંધ ન હોય, એના માંસમાં લાલાશ ન હોય, એના આહારનિહાર અન્ય ન દેખે તેવાં હોય. એવા પ્રતાપી, દુનિયાના ઉદ્ધારક, યશસ્વી અને અંતે મોક્ષ જનારને અહીં તીર્થંકર નામકર્મનો ઉદય હોય. એના ગણધરો હોય, એનું તીર્થ ચાલે અને એ અનેક પ્રાણીને સંસારની જ્વાળાથી મુક્ત કરે. એનો મહિમા ગવાય, એની પૂજા અને ઉત્કર્ષ થાય. આ પણ શુભ કર્મ જ છે.

૭. નિર્માણ નામકર્મ—આ કર્મના ઉદયથી સર્વ અવયવો યથાયોગ્ય સ્થાને, સારા આકારે અને ઠીકઠાક થાય છે. હાથ, પગ, પેટ મસ્તક વગેરે સ્વયોગ્ય સ્થાને ગોઠવાયાં હોય તો તેનું કારણ નિર્માણ નામકર્મ છે. ઉપર અંગોપાંગ નામકર્મ આવ્યું તે અંગોપાંગ બનાવે જ્યારે એને સુયોગ્ય સ્થાને ગોઠવનાર અને આકર્ષક આકારમાં બનાવનાર આ નિર્માણનામકર્મ છે. આ પણ શુભ જ છે.

૮. ઉપઘાત નામકર્મ — જે કર્મના ઉદયથી પોતાના શરીરનાં અવયવોથી પોતાને પીડા થાય, પોતે હણાય, ત્રાસ પામે, મુખમાં પડજીભી, ગળાની પડખે રસોળી, દાંતની બાજુમાં ચોરદાંત, પાંચને બદલે છ આંગળી વગેરે અથવા જોઈએ તે અંગ ન હોય, ચાલતા પગ ઠસકાય, પગથી પગને નુકસાન થાય વગેરે તે કર્મ ઉપઘાતનામકર્મ. પ્રત્યેકપ્રકૃતિમાં આ એક જ પ્રકૃતિ અશુભ છે. બાકીની ઉપરની સાતે પ્રકૃતિ શુભ છે.

આપણા સુપ્રતિષ્ઠિત ખાધેલ પીધેલ આગેવાન હેમચંદભાઈને થોડા પ્રમાણમાં પરાઘાત નામકર્મનો ઉદય છે. ઉચ્છ્વાસ માટે એને ભારે સગવડ છે, આતપ તો એકેન્દ્રિય જીવોને જ હોય એટલે હેમચંદભાઈ માટે એનો સવાલ જ નથી, ઉદ્યોત માટે હેમચંદભાઈને અવકાશ નથી. હેમચંદભાઈ તોલમાં ૧૩૫ રતલ અને ઉંચાઈમાં ૫ ફૂટ ૬ ઈંચ છે એટલે એને અગુરુલઘુનામકર્મનો ઉદય ગણાય. તીર્થંકરનામકર્મના એને હજુ તો સ્વપ્નાં પણ આવ્યાં નથી, પણ એનુ શરીરનિર્માણ સુંદર છે. અને એના શરીરમાં કોઈ પ્રકારની ખોડ ન હોવાને કારણે એને ઉપઘાત થતો નથી.

**નામકર્મની ત્રસદશક અને સ્થાવરદશક પ્રકૃતિઓ**

નામકર્મમાં હવે ત્રસદશક અને સ્થાવરદશક એ નામની ૨૦ પ્રકૃતિ રહી. એ વીશે પ્રકૃતિ એક રીતે પ્રત્યેકપ્રકૃતિ જેવી જ છે. એ દરેક એક એક પ્રકારના પર્યાયો જ ઉપજાવે છે. ત્રસદશકની દશે પ્રકૃતિઓ શુભ છે અને સ્થાવરદશકની દશે પ્રકૃતિઓ અશુભ છે. એમને સામસામે મૂકીને એમનો પરિચય કરી લઈએ, એટલે એમને ઓળખવામાં સહેલાઈ આવશે.

| ત્રસદશક | | સ્થાવરદશક | |
|---|---|---|---|
| ૧. ત્રસનામકર્મ | (૧૩૨) | ૧. સ્થાવર નામકર્મ | (૧૪૨) |
| ૨. બાદરનામકર્મ | (૧૩૩) | ૨. સૂક્ષ્મનામકર્મ | (૧૪૩) |
| ૩. પર્યાપ્તનામકર્મ | (૧૩૪) | ૩. અપર્યાપ્તનામકર્મ | (૧૪૪) |
| ૪. પ્રત્યેકનામકર્મ | (૧૩૫) | ૪. સાધારણનામકર્મ | (૧૪૫) |
| ૫. સ્થિરનામકર્મ | (૧૩૬) | ૫ અસ્થિરનામકર્મ | (૧૪૬) |
| ૬. શુભનામકર્મ | (૧૩૭) | ૬. અશુભનામકર્મ | (૧૪૭) |
| ૭. સૌભાગ્યનામકર્મ | (૧૩૮) | ૭. દુર્ભાગ્યનામકર્મ | (૧૪૮) |
| ૮. સુસ્વરનામકર્મ | (૧૩૯) | ૮. દુઃસ્વરનામકર્મ | (૧૪૯) |
| ૯. આદેયનામકર્મ | (૧૪૦) | ૯. અનાદેયનામકર્મ | (૧૫૦) |
| ૧૦. યશઃકીર્તિનામકર્મ | (૧૪૧) | ૧૦. અપયશનામકર્મ | (૧૫૧) |
| આ દશ પુણ્યપ્રકૃતિ (શુભ) છે. | | આ દશ પાપપ્રકૃત્તિ (અશુભ) છે. | |

એમંનો પરિચય સામસામી પ્રકૃતિને સામે રાખવાથી બરાબર થઈ શકશે અને તેની છાપ મગજમાં પડી જશે. આપણે તે રીતે તેમને ઓળખીએ. બે–બેને સાથે લેવાથી તેમનો વિરોધ સમજવામાં આવશે, બાકી વાત એ છે કે પ્રથમની હોય ત્યાં સામેની બીજી હોય નહિ અને બીજી સામેની હોય ત્યાં પ્રથમની ન હોય. આપણે આ વિરોધી દશ જોડકાંને તપાસી જઈએ.

(૧) ત્રસ અને સ્થાવર

ત્રસદશકની પહેલી પ્રકૃતિ ત્રસનામકર્મની છે. સ્થાવરદશકની પહેલી પ્રકૃતિ સ્થાવરનામકર્મની છે. આ બન્ને જૈન પારિભાષિક શબ્દો છે. પોતાની ઇચ્છાથી બીજા સ્થાને જઈ આવી શકે, તડકેથી છાયામાં જાય, છાયામાંથી તડકે આવી શકે તે ત્રસ અને જે પોતાની ઇચ્છાથી એક સ્થાનકેથી બીજે સ્થાનકે ન જઈ શકે તે સ્થાવર. એક ઇન્દ્રિયવાળા સ્થાવર કહેવાય, જ્યારે બે, ત્રણ, ચાર કે પાંચ ઇન્દ્રિયવાળા જીવો ત્રસ કહેવાય. ત્રસનામકર્મ પુણ્ય પ્રકૃતિ છે, સ્થાવર નામકર્મ પાપપ્રકૃતિ છે. આપણા હેમચંદભાઈને ત્રસનામકર્મનો ઉદય અત્યારે વર્તે છે.

(૨) બાદર અને સૂક્ષ્મ

આત્મા તો દેખી શકાય નહિ, પણ શરીર દેખી શકાય, ઇન્દ્રિયથી ગ્રહણ કરી શકાય. જેના શરીરને ચક્ષુ કે અન્ય ઇન્દ્રિયથી જાણી દેખી શકાય તે બાદર અને જેના શરીરનો પિંડ ઇન્દ્રિયથી દેખી કે ગ્રહી ન શકાય તે સૂક્ષ્મ. અસંખ્ય કે અનંત જીવોનો એક પિંડ હોય, પણ ઇન્દ્રિયથી ગ્રહણ કરી શકાય તેવો હોય તે બાદર, એટલે જેના શરીરનાં પુદ્ગળો દેખી શકાય કે ગ્રહી શકાય તે બાદર, અને જેના શરીરનાં પુદ્ગળો દેખી ન શકાય તે સૂક્ષ્મ.

એકેંદ્રિય જીવોમાં એક શરીર પર અનંત જીવો હોય છે તે સૂક્ષ્મનામકર્મ સમજવું અને તે એકેંદ્રિયોમાં દેખી શકાય તેવા શરીરનું ધારણ તે બાદરપણું. એકેંદ્રિય શરીરોમાં સૂક્ષ્મ અને બાદર

બન્ને નામકર્મોનો વિપાક હોય. બાકી બે, ત્રણ, ચાર કે પાંચ ઇન્દ્રિયો ધરાવનાર જીવોનાં શરીરોમાં તો બાદરપણું જ હોય. કહેવાની જરૂર ભાગ્યે જ રહે કે હેમચંદભાઈને બાદર નામકર્મનો ઉદય અત્યારે વર્તે છે. બાદર પુણ્યપ્રકૃતિ છે. સૂક્ષ્મ પાપપ્રકૃતિ છે.

(૩) પર્યાપ્ત અને અપર્યાપ્ત

જીવ બહારથી આવી પ્રથમ પુદ્‌ગળોનો સંચય કરે તેને આહારપર્યાપ્તિ કહેવામાં આવે છે. જીવ પોતાની સાથે તૈજસ્ શરીરને લઈને આવે છે. આહાર લઈ શરીર બાંધે તે બીજી શરીરપર્યાપ્તિ. શરીર પછી એક, બે, ત્રણ, ચાર કે પાંચ સ્વયોગ્ય ઇન્દ્રિયો બંધાય. ઇન્દ્રિયો રચાયા પછી શ્વાસોચ્છ્‌વાસ લે, પછી ભાષા અને છેવટે મન. આ રીતે આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્‌વાસ ભાષા અને મન એ છ પર્યાપ્તિ વધારેમાં વધારે હોય. એકેંદ્રિયને પ્રથમની ચાર પર્યાપ્તિ હોય. બે ત્રણ ચાર ઇન્દ્રિયવાળા જીવોને અને અસંજ્ઞી મનુષ્યને પ્રથમની પાંચ પર્યાપ્તિ હોય અને બાકીના પંચેંદ્રિય જીવોને છએ પર્યાપ્તિ હોય. પુદ્‌ગળના ઉપચયથી જીવની પુદ્‌ગળોને ગ્રહણ કરવાની અને પરિણમાવવાની શક્તિને પર્યાપ્તિ કહેવામાં આવે છે. સ્વયોગ્ય પર્યાપ્તિ પૂરી ન થાય ત્યાં સુધી પ્રાણી અપર્યાપ્ત કહેવાય છે. પૂરી કરે એટલે પર્યાપ્ત કહેવાય કેટલાક જીવો અપર્યાપ્ત અવસ્થામાં જ કાળ પણ કરે છે એટલે એની જુદી વિવક્ષા કરવાની રહે છે. આહાર તરીકે ગ્રહણ કરેલાં પુદ્‌ગળોથી શરીર બંધાય, પછી ઇન્દ્રિયો બંધાય. આહારનો સમય તો માત્ર એક સમયનો જ હોય.

સ્વયોગ્ય પર્યાપ્તિ પૂરી કરે ત્યારે તે લબ્ધિપર્યાપ્તો કહેવાય. ત્યાં સુધી તે લબ્ધિઅપર્યાપ્તો કહેવાય. ઇન્દ્રિયપર્યાપ્તિ (ત્રીજી) પૂરી ન કરે ત્યાં સુધી તે કરણઅપર્યાપ્તો કહેવાય. કરણ એટલે ઇન્દ્રિય. કોઈ જીવ કરણપર્યાપ્તો થાય, પણ સ્વયોગ્ય બધી પર્યાપ્તિ પૂરી કર્યા વિના મરણ પામે તો લબ્ધિઅપર્યાપ્તો હોઈ શકે અને છતાં કરણપર્યાપ્તો હોય. કરણઅપર્યાપ્ત દશામાં કોઈ

જીવ કાળ ન કરે. હેમચંદભાઈ તો દેખીતી રીતે પર્યાપ્તા છે. પર્યાપ્ત નામકર્મ શુભ છે, અપર્યાપ્ત નામકર્મ અશુભ છે. પર્યાપ્તિ અને પ્રાણમાં ફેર છે. પ્રાણ એટલે શરીરસંબંધી ભવોપગ્રાહી આત્મસંબંધ સમજવો. અને પર્યાપ્તિને તે તે પુદ્ગળનો પરિણમન-નિવર્તન લક્ષણ સંબંધ સમજવો.

(૪) પ્રત્યેક અને સાધારણ.

એક શરીર પર એક જીવ તે પ્રત્યેકશરીરી જીવ અને એક શરીર પર અનેક જીવ તે સાધારણશરીરી જીવ. બાદર કે સૂક્ષ્મ નિગોદમાં એક શરીર પર અનંત જીવો હોય છે, બાદર વનસ્પતિકાયમાં એક શરીર પર અનંત જીવો હોય છે. તે સર્વને સાધારણ નામકર્મનો ઉદય સમજવો. સાધારણ શરીર સૂક્ષ્મ કે બાદર નિગોદમાં જ સંભવે. પ્રત્યેકનામકર્મ શુભ પ્રકૃતિ છે, સાધારણનામકર્મ અશુભ પ્રકૃતિ છે. હેમચંદભાઈને ઉઘાડી રીતે પ્રત્યેકનામકર્મનો ઉદય છે.

(૫) સ્થિર અને અસ્થિર

જે કર્મના ઉદયથી દાંત, હાડકાંના બંધ મજબૂત હોય તે સ્થિરનામકર્મ. જે કર્મના ઉદયથી કાન, પાંપણ, જીભ વગેરે અવયવો ચપળ હોય તે અસ્થિરનામકર્મ. નિર્માણમાં બંધારણની વાત હતી, સ્થિરતામાં દૃઢતાની વાત છે. સ્થિર શુભ ગણાય, અસ્થિરનામકર્મ અશુભ ગણાય. હેમચંદભાઈના દેખાવ પરથી એમને સ્થિરનામકર્મનો ઉદય દેખાય છે.

(૬) શુભ અને અશુભ.

ડૂંટી (નાભિ) ઉપરનો શરીરનો ભાગ હાથ, ડોક, મસ્તક સારાં હોય, આકર્ષક હોય તે શુભનામનો વિપાક કહેવાય છે. આ કર્મને કારણે ચહેરો આકર્ષક અને સ્પર્શમાં સુખ હોય છે. એથી ઊલટું નાભિ નીચેના પગ વગેરે અવયવો સરખાં ન હોય, સ્પર્શથી દુઃખ આપે તેવાં અને અનાકર્ષક હોય (દા. ત. ગધેડાનો પાછલો

પગ) તે અશુભનામકર્મનો વિપાક છે. શુભ અને અશુભ અનુક્રમે પુણ્યપ્રકૃતિ અને પાપપ્રકૃતિ છે. હેમચંદભાઈના ચહેરા પરથી એમને શુભકર્મનો ઉદય દેખાય છે.

(૭) સૌભાગ્ય અને દુર્ભાગ્ય.

જે કર્મના ઉદયથી જ્યાં જાય ત્યાં માન પામે, વગર સેવા કર્યે પણ સ્વજન સંબંધીને ઇષ્ટ લાગે, મિત્રોમાં પ્રેમ પામે, રાજ્યમાં સન્માન પામે તે સૌભાગ્યનામકર્મ. લોકપ્રિયતા એ સૌભાગ્યનો વિષય છે. એથી ઊલટું જે કર્મના ઉદયથી કામ કરે તો પણ હડહડ થાય, લોકો તેનાથી દૂર નાસે, અવગુણ ન કર્યો હોય તો પણ નંદિષેણની પેઠે અપમાન પામે એ દુર્ભાગ્યનામકર્મ. સૌભાગ્ય દુર્ભાગ્ય અનુક્રમે શુભ અશુભ પ્રકૃતિ છે. હેમચંદભાઈ સૌભાગ્યવાન છે.

(૮) સુસ્વર અને દુઃસ્વર.

કોકિલ કે મેના જેવો સુંદર સ્વર તે સુસ્વર. એની બોલીમાં રસનાં ટીપાં ઝરે, એ ભાષણ કહે તો સ્થિર-ચિત્તે જનતા સાંભળે, એ વાર્તા કરે તો લોકો ખસે નહિ, એની વાણીમાં મીઠાશ, ગંભીરતા અને આકર્ષકતા હોય. જે કર્મના ઉદયથી આવું થાય તે સુસ્વરનામકર્મ. દુઃસ્વર એટલે ખરાબ અવાજ. ગધેડાનું ભૂંકવું, ઊંટનું ગાંગરવું, બિલાડીનો ઘુરઘુરાટ, રડતી સૂરત અવાજ, ઘૂવડ વગેરેના અવાજ તે દુઃસ્વર. એની પાસે સંભાષણના વિષય હોય, છતાં એ બોલવા માંડે કે લોકો ઊભા થઈને ચાલતા થાય. જે કર્મના ઉદયથી આવું થાય તે દુઃસ્વરનામકર્મ. સુસ્વર પુણ્યપ્રકૃતિ છે, દુઃસ્વર પાપપ્રકૃતિ છે. હેમચંદભાઈની આકર્ષક ભાષામાં સુસ્વરનો ઉદય છે. સુસ્વરમાં ગળાની મીઠાશ મુખ્ય ભાગ ભજવે છે.

(૯) આદેય અને અનાદેય.

જે કર્મના ઉદયથી પ્રાણીનું વચન માન્ય કરવા જેવું જ લાગે તે આદેય નામકર્મ. નાતના શેઠ, સંઘના ઉપરી, રાજ્યના અમલદાર જે બોલે તે હાથ નીચેના કે નાતના માણસો કબૂલ કરી લે, સભાના પ્રમુખસ્થાને બેઠેલ આદેય વચનવાળા ગૂંચવણ વખતે રસ્તો

કાઢી શકે છે, ભંગાણ અટકાવી શકે છે અને કાર્યસાધક નીવડે છે. ગમે તેટલું હિતકારક વચન હોય, પણ અનાદેય નામકર્મવાળાની વાતનો સ્વીકાર થતો નથી. સુસ્વરમાં કંઠની મીઠાશનો મુદ્દો છે. આદેયમાં સામા દ્વારા વચનની માન્યતાનો મુદ્દો છે. આદેય અને અનાદેય અનુક્રમે શુભ અને અશુભ (પુણ્ય અને પાપ) પ્રકૃતિ છે. હેમચંદભાઈનું આદેયપણું જણાયું નથી.

(૧૦) યશઃકીર્તિ અને અપયશ.

જે કર્મના ઉદયથી લોકોમાં નામના થાય તે યશઃકીર્તિનામકર્મ. પોતાના નાના ક્ષેત્રગામમાં નામ થાય તે કીર્તિ અને પરદેશ અર્થાત્ દૂરદેશમાં આબરૂ ફેલાય તે યશ. માણસની ઉત્તમ ચાલચલગતથી આબરૂ થાય તે કીર્તિ અને લડાઈમાં, કૌંસીલમાં કે મ્યુનિસિપાલિટીમાં કાર્ય કરી તેજસત્ત્વથી અથવા ભાવશત્રુના નાશથી નામના થાય તે યશ. યશ અને કીર્તિ બન્નેમાં નામનાની વાત છે. તેમનાં ક્ષેત્ર અને તેમની ગાઢતા-મંદતાને અંગે ફેર પડે. આવી યશઃકીર્તિ ન થાય, કરેલ કામ માર્યાં જાય, જશને બદલે જૂતિયાં મળે તે અપયશ નામકર્મનો વિપાક છે. યશઃકીર્તિ પુણ્યપ્રકૃતિ છે. અપયશ, અપકીર્તિ અથવા અયશઃકીર્તિ પાપપ્રકૃતિ છે. ભાગ્યશાળી હેમચંદભાઈ યશકીર્તિ નામકર્મના ભાગી છે.

## નામકર્મની ૯૩ અથવા ૧૦૩ પ્રકૃતિઓ

આવી રીતે ૧૪ પિંડપ્રકૃતિના ૬૫ અથવા ૭૫ પ્રકાર.

| | | |
|---|---|---|
| આઠ પ્રત્યેક પ્રકૃતિના | ૮ | પ્રકાર. |
| ત્રસદશક સમૂહના | ૧૦ | વિભાગ. |
| સ્થાવરદશક સમૂહના | ૧૦ | વિભાગ. |

આમ કુલ મળીને નામકર્મની ૯૩ અથવા ૧૦૩ પ્રકૃતિ થાય. જીવને એ ખરેખર ચીતરી નાખે છે. એના જે અનેક પ્રકારના હીન કે સારા પર્યાયો થાય, એનાં રૂપરંગ થાય, એનાં ઘાટ અને ચિત્રામણો થાય, એની ચાલચલગત, દેખાવ, નામના, રૂપ, આકૃતિ,

વગેરે થાય એ દરેકનો આધાર આ નામકર્મની પ્રકૃતિઓ પર રહે છે. એમાં એટલી બધી વિવિધતાઓ છે કે એ કર્મને લઈને એક પ્રાણી બીજાથી તદ્દન જુદો પડે છે. એ સ્વરથી જુદો પડે, એ ચાલવાની ગતિથી જુદો પડે, એની મુખાકૃતિથી જુદો પડે, એના અંગૂઠાથી જુદો પડે, એના પગલાની આકૃતિથી જુદો પડે. અહીં ૧૦૩ ભેદ બતાવ્યા તે તો શીર્ષકો છે, પણ એની વિગતમાં તો પેટાભેદોનો પાર નથી. આ આખું ચિત્રામણ નામકર્મ કરે છે. મોહનીય કર્મ પ્રાણીને જગતમાં ભટકાવે છે, તો આ નામકર્મ એને બાહ્યાકારે રંગી ઓપ આપે છે. ધ્યાનમાં રાખવું કે મોહનીય કર્મ ઘાતી છે, ત્યારે આટલી બધી પ્રકૃતિ અને વિવિધતાવાળું આ નામકર્મ અઘાતી છે. મોહનીય કર્મ subjective છે, સ્વલક્ષી છે, આંતરલગ્ન છે, અંદરની બાબત છે, જ્યારે નામકર્મ objective છે, પરકીય છે, પરલક્ષી છે, બાહ્ય છે. એક એક પ્રકૃતિની તરતમતા વધતાઓછા પ્રમાણમાં ભારે તફાવત આણે છે. મોહનીય કર્મમાં આંતર વિકારોને સ્થાન છે, જ્યારે નામકર્મમાં બાહ્ય સ્થિતિ, સ્વરૂપ અને સામા પર થતી અસર અને પૌદ્ગલિક બાબતને પ્રાધાન્ય છે. પ્રાણીના, મનુષ્યના કે દેવના આકાર, પશુપક્ષીના આકાર, એકેંદ્રિય, બેઇન્દ્રિય વગેરેના આકાર, રૂપ, જાતિ, દેખાવ, સ્વરૂપ, શરીર, આબરૂ વગેરે વિવિધતા આ નામકર્મ ફેલાવે છે.

ચિતારા જેવું આ છઠ્ઠું નામકર્મ ચેતનનો અરૂપી ગુણ રોકે છે. ચેતન જાતે અરૂપી છે, કર્મપુદ્ગળના સંયોગે તે આકારાદિ ધારણ કરે છે.

### ૭. ગોત્રકર્મની ઉત્તર પ્રકૃતિઓ

આ સાતમું ગોત્રકર્મ બે ભેદે છે. એને ઠામ ઘડતા કુંભાર સાથે સરખાવવામાં આવેલ છે. કુંભાર ઘડા બનાવે, તેમાંનો કોઈ દારૂ બનાવવાના કે ભરવાના ઉપયોગમાં આવે અને કોઈની મંગળકળશ તરીકે સ્થાપના થાય. એમ જે કર્મના ઉદયથી પ્રાણી રાજકુળમાં ઉત્પન્ન થાય તે ઉચ્ચૈઃગોત્રકર્મ અને જે કર્મના ઉદયથી પ્રાણી

હલકા ભિક્ષુકના કુળમાં જન્મે તે નીચૈઃગોત્રકર્મ. ઉચ્ચગોત્રવાળાને ઘણી સગવડ અને વિશિષ્ટ લાભો રહે છે, નીચગોત્રવાળા પ્રાયઃ ગરીબાઈ કે દરિદ્રતામાં સબડતા રહે છે. આ ઉચ્ચ-નીચ ગોત્ર દરેક ગતિમાં અને દરેક જાતિમાં હોય છે, જેમ કે ગંગાનું નીર અને ખાબોચિયાનું ગંધાતું નીર, પાસાદાર સાચો હીરો અને નકલી હીરો, આસોપાલવનું ઝાડ અને આંબલીનું ઝાડ, ગુલાબ, મોગરો, ચંએલી જાઈ, જૂઈનાં ફૂલ અને કરેણુ–ધત્તૂરાનાં ફૂલ, કેરીનું ફળ અને લીંબોળીનું ફળ, ખાણમાં સોનું અને કથીર, જનાવરમાં ગધેડો અને ઘોડો, પક્ષીમાં પોપટ અને ઘૂવડ. આવા પાર વગરના દાખલા આપી શકાય. પ્રથમના ઉચ્ચગોત્રવાળા છે, જ્યારે બીજો વર્ગ નીચગોત્રનો ભાગી છે.

ઉચ્ચગોત્રવાળો પ્રાણી ઉચ્ચ સ્થાને જાય છે. સુંદર ફૂલ પ્રભુના માથા પર ચઢે છે, ઉચ્ચ કેશર પ્રભુના શરીરને કે ભક્તના કપાળને શોભાવે છે. અને ઉચ્ચગોત્રવાળો પ્રાણી ઉપાધ્યાય, આચાર્ય, ગચ્છાધિપતિ કે વાસુદેવ–ચક્રવર્તીની પદવી લે છે. દેવ જેવી ગતિમાં કિલ્વિષિયા દેવો થાય છે, તેમનું કામ દેવલોકમાં ઝાડૂ કાઢવાનું રહે છે. નવા યુગમાં બબરચી, પીરસનાર (waiters), ખાટકી, ટોકરી સાંભળી દોડનાર સિપાઈ વગેરે નીચગોત્રના ભાગી છે.

નીચગોત્રના કારણે મોક્ષ જવાનો અધિકાર ચાલ્યો જતો નથી. હરિકેશી, મેતાર્ય, હરિબળ વગેરેના દૃષ્ટાંતો મોજુદ છે. ચેતનનો અગુરુલઘુ ગુણ છે. એ ભારે કે હળવો નથી. અને એ કારણે એ સર્વ કર્મથી મુક્ત થતાં ધનુષ્યમાંથી છૂટેલાં બાણની પેઠે સંસારની ઉપર ચાલ્યો જાય છે. આ ચેતનના અગુરુલઘુગુણને રોકવાનું કાર્ય ગોત્રકર્મ કરે છે. એની બે પ્રકૃતિઓ છે.

૧. ઉચ્ચૈઃગોત્ર (ઉચ્ચગોત્ર) (૧૫૨)

૨. નીચૈઃગોત્ર (નીચગોત્ર) (૧૫૩)

આ ગોત્રકર્મ જે અગુરુલઘુગુણને હણે છે તે અગુરુલઘુગુણ અને પ્રત્યેકપ્રકૃતિમાં પાંચમી અગુરુલઘુનામકર્મની પ્રકૃતિ (૧૨૮)

(જુઓ પૃ. ૧૫૬)માં ઘણો ફેર છે. એ પ્રકૃતિ તો શરીરના હળવાભારેપણાની વાત અંગે છે અને ચેતનનો અગુરુલઘુગુણ તો અજબ વાત છે, સામાન્ય રીતે મગજમાં ન ઊતરે તેવી વાત છે, પણ કલ્પી શકાય તેવી વિશિષ્ટ હકીકત છે. ચેતન પોતે ગુરુ નથી કે હળવો નથી, કલ્પનાથી પણ તોલવાળો નથી, એવા આત્માનો અગુરુલઘુગુણ આ ગોત્રકર્મને લઈ ફટકી જાય છે. આત્મા કર્મના સંબંધમાં આવે છે અને કર્મવર્ગણાથી ભારે થઈ જાય છે અને જેમાં કાંઈ વધઘટ ન થવી જોઈએ તે ચેતન કર્મના ભોગવટાથી હળવો થાય છે, નવીન કર્મના બંધનથી ભારે થાય છે. આવી ચેતનની સંસાર સરખો રાખવાની પરિસ્થિતિ નીપજાવનાર ગોત્રકર્મ છે. આ કર્મ અઘાતી છે. હેમચંદભાઈને ઉચ્ચગોત્રકર્મ પ્રકૃતિનો ઉદય દેખાય છે.

## ૮. અંતરાય કર્મની ઉત્તર પ્રકૃતિઓ

ચેતન આત્માની અનંત શક્તિને કુંઠિત કરનાર આઠમું અંતરાય કર્મ છે. એના પ્રકારની વિચારણામાં એની કામ કરવાની વિવિધતાનો ખ્યાલ કરતાં એ કર્મનો પરિચય થઈ આવશે.

### દાનાન્તરાય

પોતાની પાસે વસ્તુ હોય, પોતાના ખપ કરતાં વધારે હોય, સામા માણસને તેનો ખપ હોય, પોતે દાનનો મહિમા, પરોપકારનું ફળ અને પોતાના કર્તવ્યની ભૂમિકા જાણનાર હોય છતાં પણ દાન આપી શકે નહિ, જાહેર કે ખાનગી સખાવત કરી શકે નહિ તે દાનાંતરાય. કૃપણ, કરપી, મુંજી, કંજૂસ વગેરે વિશેષણને લાયક નીવડનાર આવા પ્રાણીઓ ધનની ચોકી કરે છે અને અંતે સર્વ અહીં મૂકી ખાલી હાથે ચાલ્યા જાય છે. કપિલા દાસીનો દાખલો મુદ્દામ છે. એ આપવાની વાત જ ન કરી શકે, આપતાં એનું દિલ દુખે, મન ભરમાઈ જાય.

### લાભાન્તરાય

દાનાંતરાયમાં આપવાની વાત છે ત્યારે બીજા લાભાંતરાયમાં

લેવાની વાત છે. આપનારની ઇચ્છા આપવાની હોય, લેનારને લેવાની ઇચ્છા હોય કે તેની ચાલુ માગણી હોય, આપનારના ઘરમાં કે તાબામાં તે વસ્તુ તૈયાર હોય, માગણીનો સ્વીકાર થઈ ગયો હોય, છતાં ગમે તે કારણે એ વસ્તુની પ્રાપ્તિ ન થાય, તે લાભાંતરાય. આદીશ્વર ભગવાનને વર્ષ સુધી ભિક્ષા ન મળે કે ઢંઢણ મુનિને ગોચરીમાં કાંઈ ન મળે, વેપાર કરે, કાળાં બજાર કરે છતાં સરવાળે કાંઈ વધારો ન પડે. આ બીજો લાભાંતરાય છે.

### ભોગાન્તરાય

એકવાર જે વસ્તુ ભોગવાય તેને ભોગ્ય વસ્તુ કહેવામાં આવે છે. મિઠાઈ, રોટલા, નાળિયેરનું પાણી, વિલેપનની ચીજો, પુષ્પો એ ભોગની વસ્તુ છે. આવી વસ્તુ ભોગ માટે સાંપડે છતાં ભોગવી ન શકાય તે ભોગાંતરાય. ધનધાન્યની સમૃદ્ધિ સામે ખડી હોય, પણ પોતે રોગી હોય, શેઠની નોકરીમાં પરવશ બની ભોગનો વખત ન મેળવી શકતો હોય, કેરી જેવાં ફળની અરુચિ હોય, ભાત-ઘઉં ભાવે નહિ અને ધાણી કે કળથી જેવું અધમ અન્ન જ ભાવે, એ ભોગાંતરાય. અનર્ગળ ઋદ્ધિના ધણી મમ્મણ શેઠના નસીબમાં તેલ અને ચોળા જ ખાવા માટે હતા. ભોગાંતરાયનો ઉદય હોય તો સામે પડેલું પણ ખાઈ શકાતું નથી, કબજામાં હોય છતાં ભોગવી શકાતું નથી, તાબામાં હોય છતાં વપરાશમાં લઈ શકાતું નથી.

### ઉપભોગાન્તરાય

અને જે એક ને એક વસ્તુ અનેક વાર ઉપયોગમાં લઈ શકાય તેને ઉપભોગ્ય કહેવાય છે અને તેના ઉપયોગને ઉપભોગ કહેવાય છે. કપડાં, ઘરેણાં, ઘરબાર એ ઉપભોગની વસ્તુઓ છે. તે કાળના લેખકોએ સ્ત્રીને પણ ઉપભોગ્ય વસ્તુમાં ગણી છે. સ્ત્રીને આવું સ્થાન અપાય નહિ. અહીં દૃષ્ટાંતની વાત છે. ચર્ચાને સ્થાન નથી. આ યુગમાં સ્ત્રીને ઉપભોગની વસ્તુ ગણાવવી એ ધૃષ્ટતા ગણાય. આવી ઉપભોગ્ય વસ્તુ પોતાની પાસે હોય, લભ્ય હોય, મળી શકે તેમ હોય છતાં તેનો ઉપભોગ ન થઈ શકે તે ઉપ-

ભોગાંતરાય. મમ્મણ શેઠનો દાખલો ઉપભોગાંતરાયમાં પણ બરાબર બેસતો આવે છે.

**વીર્યાન્તરાય**

પોતામાં શક્તિ હોય તેનો બરાબર ઉપયોગ ન કરી શકે, તાકાત હોય છતાં તે દબાઈ ગયેલી રહે તે વીર્યાંતરાય. પોતે યુવાન, બળવાન હોય છતાં કાંઈ શક્તિ દાખવી ન શકે તે આવા પ્રકારના અંતરાય કર્મનું પરિણામ સમજાય છે. અણસમજુ શક્તિનો ઉપયોગ ન કરી શકે તે બાલવીર્યાંતરાય, મોક્ષાર્થે શક્તિનો ઉપયોગ ન કરી શકે તે પંડિતવીર્યાંતરાય અને ગૃહસ્થી શક્તિ ન વાપરી શકે તે બાલપંડિતવીર્યાંતરાય. બાહુબળિનું બળ, વાલીનો રાવણ સાથે સંયોગ અને ત્રિપૃષ્ટનું અગાધ બળ આ વીર્યાંતરાયનો ક્ષયોપશમ બતાવે છે. આ રીતે અંતરાય કર્મના પાંચ પ્રકાર થાય છે.

૧. દાનાંતરાય (૧૫૪)
૨. લાભાંતરાય (૧૫૫)
૩. ભોગાંતરાય (૧૫૬)
૪. ઉપભોગાંતરાય (૧૫૭)
૫. વીર્યાંતરાય (૧૫૮)

આ અંતરાય કર્મને ભંડારી સાથે સરખાવવામાં આવ્યું છે. રાજા દાન દેવાનો હુકમ કરે પણ તિજોરીનો અમલદાર આજકાલ કરી આંટા ખવરાવે, નાનાં મોટાં દાન ન આપે, પરંતુ ગરીબ માણસ વારંવાર રાવ ખાવા સારુ રાજા પાસે જઈ શકે નહિ. અમલદાર હુકમ કરે અને કારકુન હુકમ લખી આપે નહિ વગેરે. આત્મામાં અનંત વીર્ય છે. એની શક્તિનો છેડો નથી. આ અંતરાય કર્મ એની શક્તિને કુંઠિત કરે છે. એના અનંત વીર્ય પર અંકુશ નાંખે છે અને એની સ્વાભાવિક શક્તિનો રોધ કરે છે. આ અંતરાયકર્મ આત્માના અનંત શક્તિ(વીર્ય)ના ગુણનો ઘાત કરનારું હોવાથી એને ઘાતીકર્મ ગણવામાં આવ્યું છે. આવી રીતે આ આઠમા અને છેલ્લા કર્મનો પરિચય કર્યો.

આપણા હેમચંદભાઈ દાન આપવામાં ઘણા મિસ્કીન છે. પોતે ધનવાન છે, ભોગી છે અને સાધારણ શક્તિશાળી છે. તેને આ પાંચે પ્રકૃતિઓ કેમ લાગે તે સમજી લેવું.

### કુલ પ્રકૃતિ સમુચ્ચયે

આવી રીતે કર્મની ૧૪૮ અથવા ૧૫૮ પ્રકૃતિ થઈ. તેના પર થોડું અવલોકન કરી ગણતરી કરી જઈએ.

| | | | |
|---|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૫ | આયુઃ | ૪ |
| દર્શનાવરણીય | ૯ | નામ | ૧૦૩ |
| વેદનીય | ૨ | ગોત્ર | ૨ |
| મોહનીય | ૨૮ | અંતરાય | ૫ |
| | | | ૧૫૮ |

### બંધ-ઉદય-ઉદીરણા-સત્તાએ પ્રકૃતિ

આમાં નામકર્મની ૧૦૩ પ્રકૃતિ ગણવામાં આવી છે, તેમાંની ૧૫ બંધન પ્રકૃતિ અને ૫ સંઘાતનને જુદી ગણવાની રહેતી નથી. જે શરીર હોય તેનાં બંધન જરૂર હોય એટલે આ ૨૦ પ્રકૃતિને કાઢી નાંખીએ. વર્ણ, રસ, ગંધ, સ્પર્શને ૨૦ની સંખ્યામાં ન ગણતાં માત્ર એક એક ગણીને ચારની સંખ્યામાં મૂકીએ તો ૧૬ની સંખ્યા ઓછી કરી શકાય. ૧૫૮માંથી આ છત્રીશને બાદ કરીએ તો બાકી ૧૨૨ પ્રકૃતિ રહે. કર્મના ઉદયની વિચારણા વખતે આ રીતની ૧૨૨ પ્રકૃતિનો હિસાબ કરવામાં આવ્યો છે. એટલે–

| | | | | | |
|---|---|---|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૫ | દર્શનાવરણીય | ૯ | વેદનીય | ૨ |
| મોહનીય | ૨૮ | આયુ | ૪ | નામ | ૬૭ |
| ગોત્ર | ૨ | અંતરાય | ૫ | | |

એ રીતે કર્મના ઉદય વખતે ૧૨૨ પ્રકૃતિ વિચારવાની રહે છે.

અને બંધમાં સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય કર્મનો બંધ જુદો ગણવાની જરૂર નથી, કારણ કે તે પણ મિથ્યાત્વમોહ-

નીયના પ્રકાર જ છે. બંધ તો મિથ્યાત્વનો જ થાય, તેમાં તરતમતા થાય ત્યારે ઉદય વખતે તેનો મિશ્ર અથવા સમ્યક્ત્વમોહનીય એવો વિભાગ પડે. એટલે બંધ વખતે માત્ર ૧૨૦ પ્રકૃતિ ગણવાની રહે છે.

બાંધેલા કર્મો અંદર પડ્યા રહે, ઉદયમાં આવવાનો વખત બાકી હોય, તેનો સ્થિતિકાળ પાકચો ન હોય, તે કર્મો 'સત્તા'માં પડી રહેલાં કહેવાય છે.

અંદર પડી રહેલાં કર્મોની નજરે ૧૪૮ અથવા ૧૫૮ કર્મની ગણતરી કરવાની છે.

અને કેટલીક વખત કર્મને ખેંચી લાવી ભોગવી શકાય છે. તેને કર્મની ઉદીરણા કહેવામાં આવે છે. તેનો વિશેષ પરિચય યથાસ્થાને થશે. એની વિચારણાને અંગે પણ ઉદય પ્રમાણે ૧૨૨ પ્રકૃતિ ગણવાની છે.

### પુણ્ય-પાપ પ્રકૃતિનું વિશ્લેષણ

હવે એક બીજી ગણતરી કરી જઈએ. પુણ્ય તત્ત્વની ૪૨ પ્રકૃતિ કહી છે અને પાપ તત્ત્વની ૮૨ પ્રકૃતિ કહી છે. એટલે એનો સરવાળો ૧૨૪ થાય. તેમાં ગણતરી કેવી રીતે થઈ છે તે અહીં જોઈ લઈએ. તેની ગણતરી કરવાથી કર્મપ્રકૃતિનો પરિચય સુસ્પષ્ટ થશે. સુખનો અનુભવ કરાવે તે પુણ્ય પ્રકૃતિ, દુઃખનો અનુભવ કરાવે તે પાપ પ્રકૃતિ.

| પુણ્ય પ્રકૃતિ | પાપ પ્રકૃતિ |
|---|---|
| | જ્ઞાનાવરણીયની પાંચ |
| | ૧. મતિજ્ઞાનાવરણીય |
| | ૨. શ્રુતજ્ઞાનાવરણીય |
| | ૩. અવધિજ્ઞાનાવરણીય |
| | ૪. મનઃપર્યવજ્ઞાનાવરણીય |
| | ૫. કેવલજ્ઞાનાવરણીય |

દર્શનાવરણીયની નવ ૯

૧. ચક્ષુદર્શનાવરણીય
૨. અચક્ષુદર્શનાવરણીય
૩. અવધિદર્શનાવરણીય
૪. કેવળદર્શનાવરણીય
૫. નિદ્રા
૬. નિદ્રાનિદ્રા
૭. પ્રચલા
૮. પ્રચલાપ્રચલા
૯. થિણદ્ધી (સ્ત્યાનગૃદ્ધિ)

| | |
|---|---|
| વેદનીય કર્મની ૧ | વેદનીય કર્મની એક ૧ |
| શાતાવેદનીય | ૧. અશાતાવેદનીય |

મોહનીય કર્મની છવ્વીસ ૨૬

૧. મિથ્યાત્વમોહનીય
૨. અનંતાનુબંધી ક્રોધ
૩. અપ્રત્યાખ્યાની ક્રોધ
૪. પ્રત્યાખ્યાની ક્રોધ
૫. સંજ્વલન ક્રોધ
૬. અનંતાનુબંધી માન
૭. અપ્રત્યાખ્યાની માન
૮. પ્રત્યાખ્યાની માન
૯. સંજ્વલન માન
૧૦. અનંતાનુબંધી માયા
૧૧. અપ્રત્યાખ્યાની માયા
૧૨. પ્રત્યાખ્યાની માયા
૧૩. સંજ્વલન માયા
૧૪. અનંતાનુબંધી લોભ
૧૫. અપ્રત્યાખ્યાની લોભ

૧૬. પ્રત્યાખ્યાની લોભ
૧૭. સંજ્વલન લોભ
૧૮. હાસ્ય નોકષાય
૧૯. રતિ નોકષાય
૨૦. અરતિ નોકષાય
૨૧. શોક નોકષાય
૨૨. ભય નોકષાય
૨૩. જુગુપ્સા નોકષાય
૨૪. પુરુષવેદ નોકષાય
૨૫. સ્ત્રીવેદ નોકષાય
૨૬. નપુંસક નોકષાય

| | |
|---|---|
| આયુકર્મની ૩ | આયુકર્મની એક ૧ |
| ૧. દેવ આયુષ્ય | ૧. નરક આયુષ્ય |
| ૨. મનુષ્ય આયુષ્ય | |
| ૩. તિર્યંચ આયુષ્ય | |
| નામકર્મની ૩૭ | નામકર્મની ચોત્રીસ ૩૪ |
| ગતિ ૨ | ગતિ ૨ |
| દેવગતિ | તિર્યંચગતિ |
| મનુષ્યગતિ | નરકગતિ |
| જાતિ ૧ | જાતિ ૪ |
| પંચેંદ્રિય | એકેંદ્રિય |
| | બેઇંદ્રિય |
| | તેઇંદ્રિય |
| | ચૌરિંદ્રિય |
| શરીર ૫ | |
| ઔદારિક | |
| વૈક્રિય | |
| આહારક | |

| | |
|---|---|
| તૈજસ્ | |
| કાર્મણ | |
| અંગોપાંગ ૩ | |
| ઔદારિક | |
| વૈક્રિય | |
| આહારક | |
| સંઘયણ ૧ | સંઘયણ ૫ |
| વજ્રઋષભ નારાચ | ઋષભનારાચ |
| | નારાચ |
| | અર્ધનારાચ |
| | કીલિકા |
| | છેવઠું |
| સંસ્થાન ૧ | સંસ્થાન ૫ |
| સમચતુરસ્ર | ન્યગ્રોધ |
| | સાદિ |
| | વામન |
| | કુબ્જ |
| | હુંડક |
| વર્ણગંધરસસ્પર્શ ૪ | વર્ણગંધરસસ્પર્શ ૪ |
| શુભવર્ણ | અશુભવર્ણ |
| શુભગંધ | અશુભગંધ |
| શુભરસ | અશુભરસ |
| શુભસ્પર્શ | અશુભસ્પર્શ |
| આનુપૂર્વી ૨ | આનુપૂર્વી ૨ |
| દેવાનુપૂર્વી | તિર્યંગાનુપૂર્વી |
| મનુષ્યાનુપૂર્વી | નરકાનુપૂર્વી |
| વિહાયોગતિ ૧ | વિહાયોગતિ ૧ |
| શુભ વિહાયોગતિ | અશુભ વિહાયોગતિ |

| | |
|---|---|
| પ્રત્યેકપ્રકૃતિ ૭ | પ્રત્યેકપ્રકૃતિ ૧ |
| પરાઘાત | ઉપઘાત |
| ઉચ્છ્વાસ | |
| આતપ | |
| ઉદ્યોત | |
| અગુરુલઘુ | |
| તીર્થંકર | |
| નિર્માણ | |
| ત્રસદશક ૧૦ | સ્થાવરદશક ૧૦ |
| ત્રસ | સ્થાવર |
| બાદર | સૂક્ષ્મ |
| પર્યાપ્ત | અપર્યાપ્ત |
| પ્રત્યેક | સાધારણ |
| સ્થિર | અસ્થિર |
| શુભ | અશુભ |
| સૌભાગ્ય | દુર્ભાગ્ય |
| સુસ્વર | દુઃસ્વર |
| આદેય | અનાદેય |
| યશઃકીર્તિ | અપયશઃઅકીર્તિ |
| ગોત્ર ૧ | ગોત્ર કર્મની એક |
| ઉચ્ચગોત્ર | નીચગોત્ર |
| | અંતરાય કર્મની પાંચ |
| | દાનાંતરાય |
| | લાભાંતરાય |
| | ભોગાંતરાય |
| | ઉપભોગાંતરાય |
| | વીર્યાંતરાય |
| ૪૨ | ૮૨ |

આ રીતે વેદનીય કર્મની ૧, આયુષ્યકર્મની ૩, નામકર્મની ૩૭ અને ગોત્રકર્મની ૧ મળી કુલ ૪૨ પુણ્યપ્રકૃતિ થાય.

જ્ઞાનાવરણીયની ૫, દર્શનાવરણીયની ૯, વેદનીયની ૧, મોહનીયની ૨૬, આયુષ્યની ૧, નામકર્મની ૩૪, ગોત્રની ૧ અને અંતરાયકર્મની ૫ મળીને કુલ ૮૨ પાપપ્રકૃતિ થાય. આમાં ૮૨ અને ૪૨નો સરવાળો કરતાં ૧૨૪ થાય. તેમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ બે વખત (શુભ અને અશુભ) ગણવામાં આવ્યા છે. બાકી ૧૨૦ તો બંધની પ્રકૃતિ ગણી તે જ છે.

## ઘાતી–અઘાતી કર્મો

ઉપરની પ્રકૃતિની ગણતરીમાંથી ઘણી નોંધવાલાયક હકીકત સાંપડે છે તે પણ જોઈ લઈએ.

આઠ કર્મો પૈકી ઘાતી અને અઘાતી કર્મોની વહેંચણી નીચે પ્રમાણે છે. ઘાતીકર્મો આત્માના મૂળ ગુણનો ઘાત કરે છે. ઘાતીકર્મોની વહેંચણીમાં ઉપર જોવામાં આવ્યું હશે કે ચાર ઘાતીકર્મોની સર્વ પ્રકૃતિ પાપપ્રકૃતિમાં ગણવામાં આવી છે.

| ઘાતીકર્મો | | અઘાતીકર્મો | |
|---|---|---|---|
| જ્ઞાનાવરણીય | ૫ | વેદનીય | ૨ |
| દર્શનાવરણીય | ૯ | આયુષ્ય | ૪ |
| મોહનીય | ૨૬ | નામ | ૬૭ |
| અંતરાય | ૫ | ગોત્ર | ૨ |
| | ૪૫ | | ૭૫ |

આ રીતે ચાર ઘાતીકર્મોની પ્રકૃતિઓ તો સર્વ પાપપ્રકૃતિ જ છે. અઘાતીકર્મોની ૭૫ પ્રકૃતિ પૈકી વેદનીયની ૧, આયુષ્યની ૧, નામકર્મની ૩૪ અને ગોત્રની ૧ મળીને ૩૭ પાપપ્રકૃતિઓ છે. આ રીતે પાપપ્રકૃતિ ૮૨ થાય છે.

હવે આ ઘાતીકર્મની ૪૫ પ્રકૃતિઓ પૈકી ૨૦ પ્રકૃતિઓ સર્વઘાતી છે અને ૨૫ દેશઘાતી છે. આત્માના મૂળ ગુણનો સર્વથા

ઘાત કરનાર પ્રકૃતિને સર્વઘાતી પ્રકૃતિઓ કહેવામાં આવે છે. તે ૨૦ છે.

૧ કેવળજ્ઞાનાવરણીય
૧ કેવળદર્શનાવરણીય
૫ નિદ્રા
૧ મિથ્યાત્વમોહનીય
૧૨ કષાય (અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની.)

૨૫ પ્રકૃતિઓ દેશઘાતી છે. એ આત્માના મૂળગુણની દેશથી અર્થાત્ અંશતઃ હાનિ કરે છે, આવરે છે.

૪ મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ જ્ઞાનાવરણીય
૩ ચક્ષુ, અચક્ષુ અને અવધિ દર્શનાવરણીય
૪ સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ
૯ નોકષાય હાસ્યાદિ છ અને ત્રણવેદ
૫ અંતરાય

૨૫

એકસો વીસ બંધની પ્રકૃતિ કહી તે પૈકી ૨૦ સર્વઘાતી અને ૨૫ દેશઘાતી અને બાકીની ૭૫ પ્રકૃતિઓ રહી તે અઘાતી કહેવાય છે.

આ ઘાતી–અઘાતીની ગણતરીની સ્પષ્ટતા થવાથી કર્મપ્રકૃતિનું સ્વરૂપ મનમાં બરાબર જચી જશે. એ એક જાતની માનસિક કસરત છે.

## દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયની પ્રકૃતિઓ વિશે

ચાર અનંતાનુબંધી કષાય અને ત્રણ મોહનીય મિથ્યાત્વ એ સાત પ્રકૃતિ સદ્દહણાને (શ્રદ્ધાને) ઉથલાવી ફેરવી નાખે છે. તેથી તે સાત પ્રકૃતિને દર્શનમોહનીયમાં કેટલાક આચાર્યો ગણે છે, અને બાકીની ૨૧ મોહનીય કર્મની પ્રકૃતિને ચારિત્રમોહનીય કર્મની પ્રકૃતિમાં ગણે છે.

પ્રકરણ સાતમું

# લાઘવકારી પરિભાષા

કર્મના અત્યંત બહોળા વિષયને સંક્ષિપ્ત કરવા માટે કેટલીક પરિભાષા વાપરવામાં આવી છે. એનાથી વારંવાર પુનરાવૃત્તિ કરવી પડતી નથી અને મનમાં વિચારની સ્પષ્ટતા થાય છે. આખો કર્મનો વિષય સમજવા માટે આ સંક્ષિપ્ત પરિભાષા સમજી લઈ ધ્યાનમાં રાખવાની ખાસ જરૂર છે. કર્મના વિષયનો વિશેષ પરિચય કરવામાં આ સંક્ષિપ્ત પરિભાષા ખૂબ ઉપયોગી છે.

**ત્રસચતુષ્ક (ત્રસદશક પૈકી ચાર પ્રકૃતિ)**

ત્રસનામકર્મ (૧૩૨),[1] બાદરનામકર્મ (૧૩૩), પર્યાપ્ત-નામકર્મ (૧૩૪), અને પ્રત્યેકનામકર્મ (૧૩૫) એ ચાર પ્રકૃતિનો સમુચ્ચય બતાવવો હોય ત્યારે ગ્રંથલાઘવ માટે 'ત્રસચતુષ્ક' શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે.

**સ્થિરષટ્ક**

સ્થિરનામકર્મ (૧૩૬), શુભનામકર્મ (૧૩૭), સૌભાગ્યનામકર્મ (૧૩૮), સુસ્વરનામકર્મ (૧૩૯), આદેયનામકર્મ (૧૪૦) અને યશઃકીર્તિનામકર્મ (૧૪૧)—આ છ કર્મપ્રકૃતિનો સમુચ્ચય બતાવવા 'સ્થિરષટ્ક' શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે.

**અસ્થિરષટ્ક**

અસ્થિરષટ્કમાં છ પ્રકૃતિનો સમાવેશ કરવામાં આવે છે—અસ્થિરનામકર્મ (૧૪૬), અશુભનામકર્મ (૧૪૭), દુર્ભાગ્યનામકર્મ (૧૪૮), દુઃસ્વરનામકર્મ (૧૪૯), અનાદેયનામકર્મ (૧૫૦) અને

---

૧. આ સંખ્યા સમુચ્ચયમાં ચાલી આવતી કૌંસમાં લખેલી છે તે જ છે.

અપયશનામકર્મ (૧૫૧). આ અસ્થિરષટ્કમાં સ્થાવરદશક પૈકીની છેલ્લી છ પ્રકૃતિ લેવાની છે અને અસ્થિર અને અશુભ નામકર્મ (૧૪૬ અને ૧૪૭)ની જ વિવક્ષા કરવી હોય તો ત્યાં 'અસ્થિરદ્વિક' એવો શબ્દપ્રયોગ થાય છે.

### સૂક્ષ્મત્રિક

સૂક્ષ્મનામકર્મ (૧૪૩), અપર્યાપ્તનામકર્મ (૧૪૪), અને સાધારણનામકર્મ (૧૪૫)—આ ત્રણેની એક સાથે ઉક્તિ કરવાની હોય ત્યાં 'સૂક્ષ્મત્રિક' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે.

### સ્થાવરચતુષ્ક

ઉપર ત્રસચતુષ્ક આવ્યું, તેની સામે સ્થાવરચતુષ્કમાં સ્થાવરનામકર્મ (૧૪૨), સૂક્ષ્મનામકર્મ (૧૪૩), અપર્યાપ્તનામકર્મ (૧૪૪) અને સાધારણનામકર્મ (૧૪૫) એ ચાર પ્રકૃતિનો સમાવેશ કરવામાં આવે છે.

### સૌભાગ્યત્રિક

આમાં સૌભાગ્યનામકર્મ (૧૩૮), સુસ્વરનામકર્મ (૧૩૯) અને આદેયનામકર્મ(૧૪૦)નો સમાવેશ કરવામાં આવે છે.

### વર્ણચતુષ્ક

'વર્ણચતુષ્ક' શબ્દપ્રયોગ કર્યો હોય ત્યાં નામકર્મની પિંડપ્રકૃતિ પૈકી ૯મી વર્ણ, ૧૦મી ગંધ, ૧૧મી રસ અને ૧૨મી સ્પર્શ એમ એક એક મળીને ચાર પિંડપ્રકૃતિ સમજવી. એમાં પેટાભાગનો ઉલ્લેખ નહિ આવે. એમાં સમુચ્ચયે વર્ણ, ગંધ, રસ, સ્પર્શનો જ ઉલ્લેખ થશે તે ધ્યાનમાં રાખવું.

### અગુરુલઘુચતુષ્ક

આ શબ્દપ્રયોગમાં પ્રત્યેકનામકર્મપ્રકૃતિ પૈકી ચારનો સમાવેશ કરવામાં આવે છે: અગુરુલઘુનામકર્મ (૧૨૮), ઉપઘાત–નામકર્મ (૧૩૧), પરાઘાતનામકમ (૧૨૪) અને ઉચ્છ્વાસનામકર્મ (૧૨૫). ભાષાસંક્ષેપને અંગે આ પરિભાષા ખૂબ ઉપયોગી

ભાગ ભજવે છે અને ગ્રંથાગૌરવ ટાળવામાં તે ઘણી અસરકારક નીવડે છે. આનો ખ્યાલ આગમ ગ્રંથો અને કર્મવિષયક ગ્રંથોના પરિશીલન વખતે આવશે.

## ત્રસદ્વિક

જ્યારે 'ત્રસદ્વિક' શબ્દનો પ્રયોગ કરવામાં આવે ત્યારે તેમાં ત્રસનામકર્મ (૧૩૨) અને બાદરનામકર્મ (૧૩૩) એ બે ત્રસ-દશકમાંની કર્મપ્રકૃતિનો સમાવેશ કરવો. ઉપર શરૂઆતમાં ત્રસ-ચતુષ્કની પરિભાષાનો ભાવ સૂચવ્યો છે, તેની સરખામણી અત્ર ત્રસદ્વિક સાથે કરવા યોગ્ય છે. (જુઓ આ ચાલુ શીર્ષક નીચેનો પ્રથમ પારિભાષિક શબ્દ 'ત્રસચતુષ્ક').

## ત્રસત્રિક

અને તે જ પ્રમાણે જ્યાં ત્રસત્રિક શબ્દનો પ્રયોગ કરવામાં આવે ત્યાં 'ત્રસ' શબ્દથી શરૂ થતી ત્રણ પ્રકૃતિઓનો ત્રસ દશકમાંથી સમાવેશ થયો છે એમ સમજવું. એટલે કે એમાં ત્રસ-નામકર્મ (૧૩૨), બાદરનામકર્મ (૧૩૩) અને પર્યાપ્તનામકર્મ-(૧૩૪)નો સમાવેશ થયો છે એમ ગણવું.

## ત્રસષટ્ક

એ જ ધોરણે ત્રસષટ્કમાં ત્રસદશકની પ્રથમની છ પ્રકૃતિનો સમાવેશ થાય. ત્રસનામકર્મ (૧૩૨), બાદરનામકર્મ (૧૩૩), પર્યાપ્તનામકર્મ (૧૩૪), પ્રત્યેકનામકર્મ (૧૩૫), સ્થિરનામકર્મ (૧૩૬), અને શુભનામકર્મ (૧૩૭).

## થીણદ્ધીત્રિક

આમાં પાછળની ત્રણ નિદ્રાનો–દર્શનાવરણીય કર્મ પૈકીની–સમાવેશ થાય છે: થીણદ્ધી (૧૪), પ્રચલા (૧૨) અને પ્રચલા–પ્રચલા (૧૩).

**આહારકદ્વિક**

આવો શબ્દપ્રયોગ થાય ત્યારે આહારક શરીર (૬૦) અને આહારક અંગોપાંગ (૬૫) એ બેનો સમુચ્ચય કરવામાં આવ્યો છે, એમ સમજવું.

**નરકત્રિક**

આવો શબ્દપ્રયોગ કરવામાં આવે ત્યારે તેમાં નરકગતિ (૫૨), નરકાનુપૂર્વી (૧૧૮) અને નરકગતિનું આયુષ્ય (૪૮) એ ત્રણ પ્રકૃતિનો સમાવેશ કરવામાં આવ્યો છે એમ સમજવું.

**સ્થાવર ચતુષ્ક**

આમાં સ્થાવરનામકર્મ (૧૪૨), સૂક્ષ્મનામકર્મ (૧૪૩), અપર્યાપ્તનામકર્મ (૧૪૪) અને સાધારણનામકર્મ (૧૪૫)—સ્થાવરદશક પૈકીની એ ચાર પ્રકૃતિનો સમાવેશ થાય.

**જાતિચતુષ્ક**

આમાં એકેંદ્રિય જાતિ (૫૩), બેઇન્દ્રિય જાતિ (૫૪), તેઇન્દ્રિય જાતિ (૫૫) અને ચૌરિન્દ્રિય જાતિ (૫૬) એમ ચાર જાતિનામકર્મ(પિંડપ્રકૃતિ બીજી)નો સમાવેશ થાય.

**તિર્યંચત્રિક**

આમાં તિર્યંચજાતિ (૫૧), તિર્યંચાનુપૂર્વી (૧૧૯) અને તિર્યંચ-આયુષ્ય (૪૭) એમ ત્રણનો સમાવેશ થાય. મનુષ્યત્રિકમાં મનુષ્ય-ગતિ (૫૦), મનુષ્યઆનુપૂર્વી (૧૨૦) અને મનુષ્યઆયુષ્ય(૪૬)નો સમાવેશ થાય. એ જ પ્રમાણે અનુક્રમે દેવત્રિક અને નારકત્રિકમાં સમજી લેવું.

**દુર્ભાગ્યત્રિક**

સ્થાવરદશક પૈકી દુર્ભાગ્યનામકર્મ (૧૪૮), દુઃસ્વરનામકર્મ (૧૪૯) અને અનાદેયનામકર્મ (૧૫૦) એ ત્રણ પ્રકૃતિનો સંમાવેશ આ દુર્ભાગ્યત્રિકમાં થાય.

**અનંતાનુબંધીચતુષ્ક**

મોહનીય કર્મના કષાયો પૈકી અનંતાનુબંધી ક્રોધ (૨૦), અનંતાનુબંધી માન (૨૧), અનંતાનુબંધી માયા (૨૨) અને અનંતાનુબંધી લોભ(૨૩)નું સમુચ્ચયે સૂચન 'અનંતાનુબંધી ચતુષ્ક'થી થાય છે, એમ સમજવું.

**મધ્યસંસ્થાનચતુષ્ક અથવા મધ્યાકૃતિચતુષ્ક**

આમાં આઠમી સંસ્થાન પિંડપ્રકૃતિની છ પ્રકૃતિમાંથી વચ્ચેની ચાર પ્રકૃતિ સમજવી. એમાં પ્રથમની અને છેલ્લી પ્રકૃતિને બાદ કરતાં ન્યગ્રોધ સંસ્થાન નામકર્મ (૯૩), સાદિ સંસ્થાન નામકર્મ (૯૪), કુબ્જ સંસ્થાન નામકર્મ (૯૫), અને વામન સંસ્થાન નામકર્મનો સમાવેશ થાય.

**મધ્યસંઘયણચતુષ્ક**

ઉપરની રીતે સાતમી સંઘયણ પિંડપ્રકૃતિની વચગાળેની ચાર પ્રકૃતિનો સમાવેશ આમાં થાય—ઋષભનારાચ સંઘયણ નામકર્મ (૮૭), નારાચ સંઘયણ નામકર્મ (૮૮), અર્ધનારાચ સંઘયણ નામકર્મ (૮૯) અને કીલિકા સંઘયણ નામકર્મ (૯૦).

**નિદ્રાદ્વિક**

આ શબ્દપ્રયોગથી બીજા દર્શનાવરણીય કર્મના પેટાભેદો પૈકી નિદ્રા (૧૦) અને પ્રચલા(૧૨)નો સમુચ્ચય કરવામાં આવે છે.

આવી પરિભાષા ગ્રંથસંક્ષેપના ઇરાદાથી વાપરવામાં આવી છે, એ ઘણી ઉપયોગી છે, સ્મરણશક્તિને ઉત્તેજન આપનાર છે અને વિષયની સ્પષ્ટતા કરનાર હોવાથી બહુ ઉપયોગી ભાગ ભજવે છે.

પ્રકરણ આઠમું

# ઉપસંહાર

નજર સન્મુખ કર્મનો ખ્યાલ રાખવા માટે નીચેની વાત પુનરાવર્તનને ભોગે કરીએ.

## ઘાતીકર્મો અને તેમનું ફળ

ઘાતીકર્મો ચાર છે—જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય. આ ચારે કર્મો આત્માના મૂળગુણનો ઘાત કરે છે.

## અઘાતીકર્મો અને તેમનું ફળ

અઘાતી કર્મો ચાર છે—વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર. આ અઘાતી કર્મો પણ સંસારમાં રખડાવનાર તો છે જ, પણ એ આત્માના મૂળ ગુણને હાનિ કરતા નથી, આ વાત ધ્યાનમાં રહે.

## ઘાતી-અઘાતી કર્મોના ક્ષયનું ફળ

ચારે ઘાતીકર્મોનો મૂળથી નાશ થાય ત્યારે પ્રાણીને કેવળજ્ઞાન, કેવળદર્શન થાય છે, ત્યારે તે ભૂત, ભવિષ્યત્ અને વર્તમાન સર્વ ભાવોને દેખે છે, જાણે છે, છતાં એ સંસારમાં રહે છે. બાકીનાં અઘાતી કર્મોનો પણ સર્વથા ક્ષય થાય ત્યારે પ્રાણી મોક્ષ જાય છે, ત્યારે એનું નિર્વાણ થાય છે, ત્યારે એ જન્મ, જરા, મરણ, આંટાફેરા, ઉપાધિથી દૂર થાય છે, ત્યારે એ ચેતન પોતાના મૂળગુણમાં આવી જાય છે અને પછી એને સંસાર સાથે કોઈ પ્રકારનો સંબંધ રહેતો નથી. મોક્ષ એટલે કર્મ સાથે થયેલ સંબંધથી આત્માની મુક્તિ, તેનાથી આત્માનો છેવટનો છૂટકારો. આ મુક્તિ માટે આપણા પ્રયાસ છે, એ આપણો આદર્શ છે અને એ મળે એટલે સંસારના સર્વ સંબંધો, અવરજવરનો અને તોફાનનો અંત આવી જાય છે.

## કયા કર્મને શેની સાથે સરખાવાય

કર્મનો પરિચય કરતી વખતે એ કર્મોને નીચેની ચીજો સાથે સરખાવવામાં આવ્યા છે તે ધ્યાનમાં રાખવા જેવું છે. એ સરખામણી સર્વદેશીય નથી, પણ કર્મને ઓળખવા માટે બહુ ઉપયોગી છે.

જ્ઞાનાવરણીય કર્મને આંખના પાટા સાથે સરખાવેલ છે. એ આત્માના જ્ઞાનગુણને રોકે છે. દર્શનાવરણીય કર્મને પોળિયા સાથે સરખાવેલ છે. સામાન્ય અવબોધને એ કર્મ રોકે છે. વેદનીય કર્મને મધથી લીંપેલ તરવારની ધાર સાથે સરખાવેલ છે. એ કર્મ જીવના અવ્યાબાધ ગુણને રોકે છે. મોહનીય કર્મને દારૂ સાથે સરખાવેલ છે. આ કર્મ પ્રાણીની સાચી શ્રદ્ધા અને ચારિત્રને રોકે છે. આયુકર્મને હેડ સાથે સરખાવેલ છે. એ કર્મ પ્રાણીના અવિનાશી ગુણને રોકે છે. નામકર્મને ચિતારા સાથે સરખાવેલ છે. આ કર્મ પ્રાણીના અરૂપી ગુણને રોકે છે. ગોત્રકર્મને કુંભાર સાથે સરખાવેલ છે. તે પ્રાણીના અગુરુલઘુગુણને રોકે છે. અંતરાય કર્મને ભંડારી (કેશિયર) સાથે સરખાવેલ છે. આત્માની અનંત શક્તિને એ રોકે છે.

## કર્મબંધના હેતુઓની વિગતો

કર્મબંધના હેતુઓ ઉપર જણાવ્યા છે. (જુઓ પૃ. ૩૩–૩૮). ત્યાં મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ પર વિચારણા કરી હતી. હવે કર્મની વિગત જાણ્યા પછી એવાં જુદાં જુદાં પ્રકારનાં કર્મો કેવા પ્રસંગે બંધાય છે તે અવલોકી જઈએ. પ્રાણી હસતાં કર્મ બાંધે છે, લહેર કરતાં કર્મ બાંધે છે અને રડતાં પણ કર્મ બાંધે છે. જ્યારે એને ભોગવવાં પડે ત્યારે એને ખૂબ સંતાપ થાય છે. એવી સ્થિતિમાંથી તો એ એક જ રીતે ઊગરી શકે. બંધન કરે પણ તીવ્ર બંધ ન કરે તો કર્મના ઉદય વખતે એને ઉકળાટ, અરેરાટી અને ખેદ કે તાપ ન થાય. એટલે આવા કર્મબંધના પ્રસંગો જાણવા પ્રયત્ન કરીએ. પં. વીરવિજયે ચોસઠ પ્રકારી

પૂજામાં બરાબર કહ્યું છે કે 'બંધ સમય ચિત્ત ચેતીએ રે, શો ઉદયે સંતાપ.' આ ચેતવણીનો બરાબર ખ્યાલ રહે એ જરૂરી છે.

**બંધસ્થાનોની વિવિધતા**

કર્મબંધનનાં સ્થાન તો પાર વગરનાં છે. પ્રત્યેક માનસિક, વાચિક કે કાયિક ક્રિયા, એની અંદરની તરતમતા, એમાં જામેલો કે જાગેલો રસ, એની સાથેનો તાદાત્મ્યભાવ અને ભાવોની વિચિત્રતા વિવિધતા વગેરેનો અભ્યાસ કરવમાં આવે, માનસશાસ્ત્રને વિચારવામાં આવે, દુનિયાદારીના વ્યવહારુ નીતિના નિયમો વિચારવામાં આવે, તપત્યાગ, સંયમનાં અનેક સ્થાનોનો અભ્યાસ કરવામાં આવે, પચીશ ક્રિયાનો વિષય સમજવામાં આવે તો બંધસ્થાનની મોટી સંખ્યાનો ક્યાસ આવે. આપણે તો અહીં થોડા દાખલાઓ આપી તેનો સહજ ખ્યાલ કરવા પ્રયત્ન કરીએ. બાકી તો ભાવની બહોળતા, બનાવોની વિવિધતા અને ક્રિયાઓની નૂતનતાને લઈને અને મન, વચન, કાયાના યોગોની અનંતતાને લઈને તથા મિથ્યાત્વની તરતમતામાં ઘણો તફાવતો હોઈને એની સંખ્યાની કલ્પના કરાવવી પણ મુશ્કેલ છે. સામાન્ય ખ્યાલ થાય તેટલા માટે થોડા જાણીતા પ્રસંગો પર નજર નાખીએ.

**જ્ઞાનાવરણીય–દર્શનાવરણીય કર્મનાં બંધસ્થાન**

જ્ઞાનની આશાતના કરે, જ્ઞાનીની મશ્કરી કરે, અભ્યાસ કર્યા વગર ઉપલક દૃષ્ટિએ ધર્મવિરુદ્ધ ટીકા કરવા મંડી જાય, પોતાને માર્ગદર્શક થનાર વ્યક્તિનો આભાર ભૂલી જઈ એની વિરુદ્ધ પડે અથવા એને ઓળવે, શક્તિ હોય છતાં જ્ઞાનનો અભ્યાસ ન કરે, જ્ઞાનાભ્યાસના કાર્યમાં અડચણ કરે, ભણનારને વિઘ્ન કરે, કોઈ તોતડો, બોબડો, પપપપ કે મમમમ બોલે ત્યારે મશ્કરી કરે, આવાં આવાં કારણે પ્રાણી જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ બાંધે છે.

આ જ્ઞાનાવરણીય–દર્શનાવરણીય કર્મના પરિણામે પ્રાણી કાણો થાય, રતાંધળો થાય, જાત્યંધ થાય, જ્ઞાનનાં કારણો, સાધનો વગેરેથી વંચિત રહે, ઇત્યાદિ.

**શાતાવેદનીયનાં બંધસ્થાન**

ક્ષમા રાખવાથી, ગુરુદેવની ભક્તિ કરવાથી, અન્ય જીવો તરફ દયા રાખવાથી, કરુણાયોગ્ય જીવો તરફ કરુણા કરવાથી, પોતાનું જીવન સંયમી રાખવાથી, વ્રતનિયમ લેવાથી, કષાયો પર બને તેટલો વિજય કરવાથી, કષાય કરવાના પ્રસંગો આવે ત્યારે તેનાથી ચેતી તેને ટાળવાથી, ઉચિત દાન આપવાથી, ઇચ્છાપૂર્વકનો તપ કરવાથી પ્રાણી શાતાવેદનીય કર્મનો બંધ કરે.

**અશાતાવેદનીયનાં બંધસ્થાન**

સાધુ મુનિરાજ, દેશનેતા, સંઘના આગેવાનો કે સંસ્થાના સંચાલકોની નિંદા કરવાથી, સારા માણસોને સંતાપ કરવાથી, પ્રાણીવધ કરવાથી, પ્રમાદપૂર્વક વનસ્પતિનાં છેદનભેદન કરવાથી, પારકી થાપણ ઓળવવાથી, ચાડી ચૂગલી કરવાથી, લોકો પર ત્રાસ કરવાથી, દમલેલ પ્રાણી પર ક્રોધ કરવાથી, કોઈને આશાભંગ કરવાથી, અંદર અંદર લડાલડી કરાવવાથી, રસપૂર્વક કષાયપરિણતિમાં આનંદપ્રવૃત્તિ કરવાથી, શિયળનો લોપ કરવાથી, હાથી, ઊંટ, બળદ વગેરેનું દમન કરવાથી, ઘોડાને ચાબૂક મારવાથી, બળદને પરોણાની આરો મારવાથી, બીજાઓને શોકસંતાપ કરાવવાથી, મેળાવડા ભાંગી નાંખવાથી, કાળાબજાર કરવાથી પ્રાણી અશાતાવેદનીય કર્મનો બંધ કરે. અશાતાવેદનીય બાંધવાનાં તો અનેક કારણો દરરોજ બને છે. વિના ઉપયોગે ચાલતાં અનેક નાનાં જીવો, કીડી, મંકોડીનો ઘાણ નીકળી જાય, બોલવામાં સામાની કુણી લાગણીને આઘાત થઈ જાય વગેરે અનેક કારણે અશાતાવેદનીય કર્મનો બંધ થાય છે.

મોહનીય કર્મના દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય એવા બે વિભાગ પડે છે. ધર્મનો કદાગ્રહ કરવાથી, એકાંત ધર્મનો ઉપદેશ કરવાથી, 'માત્ર ક્રિયા કરે જાઓ, તમારો નિસ્તાર થઈ જશે' એવો પ્રચાર કરવાથી ન્યાયનીતિનો ભંગ કરી સાચા ધર્મની ઉપેક્ષા કરવાથી, સૂત્રસિદ્ધાંત વિરુદ્ધ પ્રરૂપણા કરવાથી, સત્ય કયાં છે તે

સમજવા છતાં અસત્ય કે અર્ધસત્ય પર અભિનિવેશ કરવાથી, કરુણા કે પરોપકારની દૃષ્ટિ વગર અધર્મના ઉપદેશકોને ઉત્તેજન આપવાથી, દેવમંદિરની આશાતના કરવાથી, અંશસત્યને સર્વમાન્ય સત્ય તરીકે સ્વીકારવાથી અથવા સ્વીકારાવવાનો આગ્રહ કરવાથી, સખાવતનાં નાણાં ખાઈ જવાથી, ટ્રસ્ટી તરીકેની પોતાની ફરજ ન બજાવવાથી, ટ્રસ્ટી હોઈ ટ્રસ્ટનો લાભ લેવાથી, દેવદ્રવ્ય, સાધારણ દ્રવ્ય કે જ્ઞાનદ્રવ્યનો દુરુપયોગ કરવાથી, અન્ય દુરુપયોગ કરે અને પોતાની શક્તિ તે અટકાવવાની હોય છતાં તે તરફ ઉપેક્ષા રાખવાથી અને અનેકાંતવાદને સમજવાની બેદરકારી રાખી એકાંતને પોષવાથી પ્રાણી દર્શનમોહનીય મિથ્યાત્વમોહનીય કર્મનો બંધ કરે છે. એમાં અભિનિવેશ, અજ્ઞાન, સંશય, અવળો પ્રચાર, શંકા-કુશંકા વગેરેનો પણ સમાવેશ થાય. એમાં પછી તો હદ રહેતી નથી. માણસ આડે રસ્તે ઊતરી જાય ત્યારે ભારે દુગ્ધામાં ઉતરી જાય છે. એને પછી સમવસરણમાં બેઠેલા વીતરાગની વીતરાગતા પર શંકા આવે, તર્કવિતર્ક દ્વારા પ્રશ્નો થાય, એને સૃષ્ટિના અનાદિ-અનંતત્વ પર શંકા થાય. જાણવા માટે પ્રશ્ન કરવા એ જુદી વાત છે, ઠેકડી કરવા વાતને નરમ પાડવાથી તીવ્ર મિથ્યાત્વને માર્ગે ઘસડાઈ જવાય છે.

**ચારિત્રમોહનીયનાં બંધસ્થાન**

ચારિત્રમોહનીય કર્મબંધની વાત લખતાં કે તેના પ્રસંગો વિચારતાં તો ત્રાસ થાય તેમ છે. આંતરરિપુઓ ક્રોધ, માન, માયા, લોભ ઉઘાડી રીતે અને પ્રચ્છન્ન રીતે ધમધમાટ ચલાવી પ્રાણીને ભારે બનાવી મૂકે છે. ક્રોધી આકરાં કર્મો બાંધે, અભિમાની સાચાંખોટાં બણગાં ફૂંકે, માયી કપટ કરી ધર્મી હોવાનો દાવો કરે, તપ કરવાને નામે પ્રતિષ્ઠા મેળવે, બ્રહ્મચારીનું બિરૂદ ધારી પરદારા સેવે, મોટા ઉદ્યોગપતિ થવાને બહાને લોભવૃત્તિ પોષે, મહાઆરંભ, મહાપરિગ્રહમાં લસબસ થઈ જાય–આવા હજારો સેંકડો કષાયના પ્રસંગો છે. લોકોને અંદર અંદર લડાવવાથી, ટીખળ–મશ્કરી કરવાથી,

પરદ્રોહ કરવાથી, મિથ્યાભાષી થવાથી, વિશ્વાસઘાતી થવાથી, ખોટા વસ્તાવેજો કરવાથી, ખોટી સાક્ષી પૂરવાથી, અયોગ્ય માણસોને પોષવાથી, પૌદ્ગલિક સુખમાં રાચવાથી, ભારે શોક કરવાથી, સાચાં ખોટાં મ્હોં વાળવાથી, છાજિયાં લેવાથી, આર્ત્તરૌદ્ર ધ્યાન કરવાથી, પરજીવોને ત્રાસ પમાડવાથી, પવિત્ર સાધુના મલિન ગાત્ર તરફ કે ગટરની ગંધ તરફ દુર્ગંછા કરવાથી, પ્રાણી ચારિત્રમોહનીય કર્મનો બંધ કરે. મહારાજા કામદેવ એમાં ઘણો મોટો ફાળો આપે છે. સ્ત્રીની વાંછા, પુરુષની વાંછા, વિયોગના ઉકળાટો, માનસિક વિકારો, એની પાછળ થતાં હડદોળાં, પારકી સ્ત્રીને લલચાવવાના ફસાવવાના પ્રસંગો અને કામવાસનાએ થતી ક્રીડાઓ, નાચો, રંગો, નાટકો, સિનેમાઓ અને ઘરજંજાળની ખટપટો એ સર્વ ચારિત્રમોહનીય કર્મનો બંધ કરાવે છે. સ્ત્રી એટલે ઘર અને ઘર એટલે અરધો સંસાર એ બરાબર બંધ બેસતી વાત છે. અને સમજણપૂર્વકનો ત્યાગ ન હોય તો ઘર વગરના અણપરણેલા કુંવારાની આકાંક્ષાઓ અને ધમપછાડા પણ ચારિત્રમોહનીય કર્મને જ ખેંચી લાવે છે. ખૂબ આસક્તિથી વિષય સેવતાં, બીજા દૂરથી સુખી દેખાતાની અદેખાઈ કરતાં પ્રાણી સ્ત્રીવેદ મોહનીય કર્મ (૪૩) બાંધે, તીવ્રરાગાનુબંધ વગર સ્વદારાસંતોષે વિષય મર્યાદિત રીતે સેવે તો પ્રાણી પુરુષવેદ મોહનીય કર્મ (૪૨) બાંધે. અને તીવ્ર વિષયી, રાત્રે રખડનાર પ્રાણી નપુંસકવેદ (૪૪) બાંધે. આ મોહનીય કર્મનાં બંધસ્થાનો લખતાં તો છક્કડ ખાઈ જવાય એટલી એની વિવિધતા છે. એમાં બાહ્ય અને આંતર બન્ને ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. એટલે સિદ્ધર્ષિ જેવા સમર્થ લેખક જ એનું સ્થાન અને વિવિધતા સમજાવી શકે. મોહનીય કર્મ આઠે કર્મનો રાજા છે. એમાં પાંચ ઇન્દ્રિયના વિષયો અને અનેક ગૂંચવણવાળું આંતરમનોરાજ્ય આવે છે. એનો વિસ્તાર સમસ્ત સંસારનો મોટો ભાગ છે અને એનો વિજય એટલે આત્મિક સ્વરાજ્યની પ્રાપ્તિના દ્વાર સુધી પહોંચી ગયાનો સંતોષ છે.

**દેવગતિઆયુનાં બંધસ્થાન**

દેવગતિને યોગ્ય આયુષ્યબંધના ઘણા પ્રસંગો સાંપડે છે. પ્રભુ-ભજન કરનાર, અનુકંપાથી દાન આપનાર, જયણાયુક્ત જીવનવ્યવહાર કરનાર, નિષ્કપટી અને ભવ્ય પણ સાદા જીવનને જીવનાર, શિક્ષક કે ગુરુદેવનું સ્થાન લઈ અભ્યાસ કરાવનાર, ખટપટ વગર, નામનાની ઇચ્છા વગર સમાજસેવા કરનાર, આવા ભાવુક, ભોળા સાદા ભદ્રિક જીવો દેવાયુનો બંધ કરે. મિત્રની પ્રેરણાથી ધર્મ કરનાર, દુઃખગર્ભિત કે મોહગર્ભિત વૈરાગ્ય ધારણ કરનાર, અવિરતિ-પણામાં સમજ્યા વગર કાયકલેશ સહન કરનાર દેવઆયુષ્ય બાંધે.

**મનુષ્યગતિનો આયુબંધ કોણ કરે ?**

સ્વાભાવિક રીતે મંદકષાયી પ્રકૃતિવાળો, નામનાની ઇચ્છા વગર દાન આપવાની રુચિવાળો, ઉચિત દાન આપનાર, મધ્યમ પ્રકારના ગુણવાળો, ચાલચલગતમાં જેને ગૃહસ્થ કહી શકાય તેવો, ક્ષમાશીલ, નમ્રનિર્દંભી, નિર્લોભી, પ્રામાણિક જીવન જીવનાર, ન્યાયથી ધન મેળવનાર, યત્નાથી સર્વ વ્યવહાર કરનાર, પારકાના ગુણને જાણનાર, કોઈ પણ સાંસારિક કાર્ય કરે તેમાં ગાઢ આસક્તિ ન રાખનાર પ્રાણી મનુષ્યનું આયુષ્ય બાંધે છે. એ મહાઆરંભ મહાપરિગ્રહ ન કરે, બનતો પરોપકાર કરે અને ભદ્રિક ભાવે વર્તે; એનામાં કાપોત લેશ્યાની મુખ્યતા હોય.

**તિર્યંચનું આયુ કોણ બાંધે ?**

ગૂઢ હૃદયવાળો, મૂર્ખ, ધુતારો, અંદરથી સદ્દહણામાં શલ્ય-વાળો, માયા અર્થાત્ કપટ કરનારો, લાકડાં લડાવનારો, મધુર વાણી બોલનાર પણ અંદરથી કાપી નાખનાર, શીલ કે ચારિત્ર વગરનો, મિથ્યાત્વનો ઉપદેશ આપનાર, કૂડાં તોલમાપ કરનાર, કાળાં બજાર કરનાર, ખોટી સાક્ષી પૂરનાર, ખોટાં દસ્તાવેજ બનાવનાર, ચોરી કરનાર, ખોટાં કલંક ચડાવનાર, ચાડી–ચુગલી કરનાર, માન–પૂજા ખાતર તપ કરનાર, શુદ્ધ હૃદયે પાપની આલોચના નહિ કરનાર

પ્રાણી તિર્યંચગતિનું આયુષ્ય બાંધે છે. માયા, અજ્ઞાન, તીવ્ર કષાય, દંભ અને સરળતાનો અભાવ તિર્યંચ આયુષ્યના બંધમાં અગત્યનો ભાગ ભજવે છે. તિર્યંચગતિમાં ચાર ઇન્દ્રિયોવાળા જીવો અને પાંચ ઇન્દ્રિયવાળામાં પાછા જળચર, થળચર અને ખેચરો એ પ્રત્યેકનાં આયુષ્યબંધનાં કારણો અને પ્રસંગો કહી શકાય, તે કલ્પી લેવાં. મરીને કોણ કાગડો થાય અને કોણ ઘૂવડ થાય, કોણ ચિત્તો થાય અને કોણ ભેંસ થાય, કોણ કાબર થાય અને કોણ માંકડ થાય, કોણ જળો થાય અને કોણ વીંછી થાય એ વિચારવાથી બેસી જાય તેવી હકીકત છે. જીવનની છાયામાં પ્રાણીના ગુણ–અવગુણોની પ્રતિછાયા પડે જ છે, અને તે અનુસાર તેના આયુષ્યબંધની સંભાવનાની ગણતરી સામાન્ય રીતે કરી શકાય.

## નરકાયુ કોણ બાંધે?

મહા આરંભ કરનાર, મોટો પરિગ્રહ એકઠો કરનાર, ભારે ધમાલ, કાપાકાપી અને મારામારી કરનાર–કરાવનાર, અતિલોભ કરનાર, ચાલુ આર્તરૌદ્ર ધ્યાન કરનાર, અતિ વિષય સેવનાર, જીવવધ વગર સંકોચે કરનાર, મહામિથ્યાત્વમાં રાચનાર, સાધુ સેવક કે કાર્ય કરનારનું ખૂન કરનાર, માંસમદિરાનો આહાર તરીકે કે પીણા તરીકે ઉપયોગ કરનાર, ગુણવાન પ્રાણીની નિંદા કરનાર, સાત દુર્વ્યસન સેવનાર, કૃતઘ્ની, વિશ્વાસઘાતી, કૃષ્ણલેશ્યાનો પરિણામી, અવગુણમાં અભિમાન લેનાર પ્રાણી નરકાયુ બાંધે. એમાં પરિણામની તીવ્રતા, સ્વપરના વિવેકનો તદ્દન અભાવ અને મિથ્યાત્વઅંધકારનો કે અજ્ઞાનનો મોટો ભાગ કામ કરે છે, અને આર્ત્ત-રૌદ્ર ધ્યાનની ચાલુ પ્રવૃત્તિ એમાં સવિશેષ કારણભૂત બને છે. આ રીતે ચાર પ્રકારના આયુષ્યના બંધના સામાન્ય પ્રસંગો વિચાર્યા, બાકી એની વિગતોમાં ઘણી ઘણી બાબતો આવે તે ખ્યાલ કરવાથી બેસી જશે.

## નામકર્મની શુભ અને અશુભ પિંડપ્રકૃતિઓ કોણ બાંધે ?

નામકર્મમાં બહુ વિચિત્રતા છે. એ તો પ્રાણીને ખરડી નાંખે છે, એટલે એના થોડા વિભાગો પાડીએ તો એનાં બંધસ્થાનોની સ્પષ્ટતા થશે.

આપણે પૃ. ૧૭૨–૧૭૩માં જોયું કે નામકર્મની ચૌદ પિંડ-પ્રકૃતિઓના પેટા વિભાગોમાં ૨૦ શુભ (પુણ્ય) પ્રકૃતિ છે અને ૨૩ અશુભ (પાપ) પ્રકૃતિ છે. આ શુભ પ્રકૃતિઓનો બંધ કરનારનાં જીવન કેવાં હોય તે પ્રથમ વિચારી જઈએ. જે પ્રાણી સરળ હૃદયવાળો અને સરળ પરિણામી હોય. સારા વિચાર અને આચારવાળો હોય. ખોટાં તોલમાનમાપ કરનારો ન હોય, ઋદ્ધિગારવ, રસગારવ અને શાતાગારવ વગરનો હોય, પાપભીરુ હોય, પરોપકારી હોય, સર્વજન-પ્રિય હોય, લોકવલ્લભ હોય, ક્ષમાઆર્જવપરિણામી હોય તે શુભ પ્રકૃતિનો બંધ કરે. એ પરભવમાં સુંદર ગતિ, સારું શરીર, પંચેંદ્રિયપણું વગેરે પામે, એની ચાલવાની ગતિ સારી થાય અને એનાં અંગોપાંગો સુઘટ્ટ, દૃઢ અને આકર્ષક થાય.

અને કૂડકપટ કરનાર, લોકોને છેતરનાર, માયાકપટ કરનાર, ઉપર ઉપરથી પ્રામાણિક હોવાનો દાવો કરનાર, પાંચે આશ્રવોને કરનાર, દેવગુરુધર્મનો વિરાધક, હીન આચારમાં રક્ત રહેનાર પ્રાણી અશુભ પ્રકૃતિઓ બાંધે. તેને નરકાદિ ગતિ મળે, હલકું સંઘયણ મળે, ઊંટ જેવી ગતિ મળે. એ સર્વ નીચ જીવન જીવનાર ધાંધલિયા, ધર્માભાસી કે અધર્મીને ભાગે જાય છે. આવી રીતે શુભ કે અશુભ પ્રકૃતિની વહેંચણી સમજી શકાય તેમ છે.

## નામકર્મની સાત શુભ પ્રત્યેકપ્રકૃતિઓ કોણ બાંધે ?

અને પ્રત્યેક નામકર્મની સાત શુભ પ્રકૃતિઓ પણ એવા જ પ્રકારનાં સુંદર જીવનને વહન કરનારને ભાગે જાય. સારો વ્યવહાર કરનાર, ઉચ્છ્વાસ નામકર્મ બાંધે, સર્વજીવોને ધર્મ તરફ કૂચ કરાવી મોક્ષ માર્ગે લઈ જવાની ભાવનાવાળો તીર્થંકરનામકર્મ

બાંધે, વીશસ્થાનકનું અરાધન કરનાર જિનનામકર્મ બાંધે, શુદ્ધ હૃદયથી સેવા–વૈયાવચ્ચ કરનાર પણ જિનનામકર્મ બાંધે, અહિંસાને પાળનાર નિર્માણનામકર્મ બાંધે અને વિશુદ્ધ ધાર્મિક સંતોષી જીવન ગાળનાર સાત અથવા ઓછી શુભ પ્રત્યેકપ્રકૃતિનો બંધ કરે. એથી ઊલટું તોફાની, માયી, મત્સરી, ઈર્ષાળુ જીવ ઉપઘાત (અશુભ પ્રત્યેકપ્રકૃતિ) નામકર્મ બાંધે.

**ત્રશદશક–સ્થાવરદશકના અધિકારી**

ત્રસદશક અને સ્થાવરદશકની હકીકત તો જરા વિચાર કરવાથી સહેલાઈથી સમજી શકાય તેવી છે. સાદું, વ્યવહારું, ધર્મપ્રિય જીવન ગાળનાર યશનામી થઈ પરભવે યશનામ બાંધે, આદેય નામકર્મ બાંધે. અને ચાણકયનીતિવાળા, લડાલડી કરાવનાર, દુનિયાને ચકડોળે ચઢાવનારા અહીં ખત્તા ખાય અને પરભવે અપયશ, સ્થાવર, અનાદેય જેવાં સ્થાવરદશકને યોગ્ય કર્મબંધનો કરે. ટૂંકામાં કહીએ તો અહીં જેનું જીવન સરળ, સાદું, અભિમાનરહિત હોય તે શુભ નામકર્મ બાંધે; તેનાથી વિપરીત, જે તુચ્છ, આળસુ, એદી, ધમાધમિયું કે અપ્રમાણિક જીવન ગાળે તે વિચિત્ર પ્રકારનું અશુભ નામકર્મ તેના જીવનવ્યવહારને અનુસરતું બાંધે. ત્યાગી, ધ્યાની, યોગી, સંસારથી વિરક્ત, પૌદ્ગલિક દશાથી ઊંચે ગયેલ પ્રાણી બહુધા કર્મબંધ ઓછો જ કરે અને કરે તો નામકર્મની શુભ પ્રકૃતિઓ બાંધે. એની વિગતોમાં ઊતરી શકાય તેમ છે, પણ સંકેત સમજાઈ જાય તો મુદ્દો જડી આવે તેવો છે. તેથી તેનો વધારે વિસ્તાર કરવાની જરૂર લાગતી નથી. વિચારકે સમજી એને સ્વતંત્ર વિચારી લેવો. આમાં ગતિ, જાતિ, ઇન્દ્રિય, શરીર, વર્ણ, આબરૂ વગેરે અનેક બાબતો મોટી સંખ્યામાં આવે છે. છતાં વિચાર કરતાં એનો ઘાટ બેસી જાય તેમ છે, વિશેષ ચોખવટ સંકેત સમજી જનારે પોતે કરી લેવી. વિસ્તારભયથી આ વિભાગ આટલે સુધી ચર્ચી હવે આગળ વધીએ.

### ઉચ્ચ-નીચ ગોત્રકર્મનાં બંધસ્થાન

જ્ઞાની ગુરુની સેવા કરનાર, મહાવ્રત-અણુવ્રતને ધારણ કરનાર, નિરભિમાની, ગુણનો પક્ષપાતી, જાતિ, કુળ, બળ, રૂપ, શ્રુત, ઐશ્વર્ય, લાભ અને તપમાંથી કોઈ પણ પ્રકારના મદ-અભિમાન વગરનો, અન્યને સૂત્રસિદ્ધાંત ભણાવવાની અને પોતે ભણવાની રુચિવાળો, જ્ઞાનની અંતઃકરણથી મહત્તા કરનાર, સાચી દલીલ કરી શંકા નિરાકરણ કરનાર ઉચ્ચગોત્રકર્મનો બંધ કરે. અભિમાની હોય, ગુરુની નિંદા કરનારો, સમાજસેવાનો વિરોધ કરનારો, પારકાના ગુણને ઢાંકી દઈ અવગુણને આગળ કરનાર, ખોટી સાક્ષી આપનાર, જૂઠા દસ્તાવેજ બનાવનાર, વગર જોયેલી કે વગર સાંભળેલી વાત લોકોમાં ચલાવનાર, ચાડીચૂગલી કરનાર અથવા વિકથામાં વખત ગાળનાર પ્રાણી નીચગોત્રકર્મ બાંધે.

### અંતરાયકર્મનાં બંધસ્થાન

હિંસાપરાયણ પ્રાણી, જિનપૂજામાં વિઘ્ન કરનાર, આગમની આજ્ઞાનો લોપ કરનાર, પારકી નિંદા કરનાર, જીવવધ કરનાર, રાંકદીન ઉપર કોપ કરનાર, હલકાં કામોની પ્રશંસા કરનાર, ધર્મમાર્ગનો લોપ કરનાર, પરમાર્થની વાત કરનારની હાંસી-મશ્કરી કરનાર, ભણનારને અંતરાય કરનાર, કોઈ દાન આપતું હોય તેને અટકાવનાર કે વારનાર, પોતાની નચેના દાસ, નોકર કે સ્ટાફની જરૂરિયાતો પૂરી ન પાડનાર, થાપણ ઓળવનાર, પોપટ-મેનાને પાંજરામાં પૂરનાર અંતરાયકર્મ બાંધે. કપિલા જેમ પોતાનું કે પારકાનું દાન ન આપી શકનારા અને એવા ધનની ચોકી કરનારા પરભવમાં વસ્તુ મળે કે ધન મળે તો પણ વાપરી શકે નહિ, કોઈ ટીપ મંડાવા આવે ત્યારે દીન થઈ જાય, છતે પૈસે સમજુ હોવા છતાં વાપરી ન શકે એ દાનાંતરાય સમજવો. અઢાર પાપસ્થાનકમાંથી કોઈ પણ સ્થાનક સેવતાં પ્રાણી અંતરાય કર્મ બાંધે. અંતરાયકર્મ બાંધેલ હોય તો વસ્તુ હોવા છતાં વાપરી કે આપી ન

શકે તેમ જ વસ્તુનો લાભ થયો હોય તો ખાઈ કે ભોગવી ન શકે, એને ઉત્તમ વસ્તુ ભાવે પણ નહિ, એ રોગમાં સબડાઈ વસ્તુ ખાઈ ભોગવી શકે નહિ. અનર્ગળ ધનના ધણી મમ્મણ શેઠના નસીબમાં માત્ર તેલ ને ચોળા હતા. એ બીજી ચીજ ખાઈ જ શકે નહિ. જીવ જો શક્તિનો ઉપયોગ અશુભ કામમાં કરે તો તે ભવાંતરે દીનદુઃખી, ક્ષયનો રોગી, મરવા વાંકે જીવનારો, દમલેલ થાય અને ખોં ખોં કરતો જન્મારો પૂરો કરે. સાધનસંપત્તિ હોવા છતાં યોગ્યને દાન ન આપવાથી દાનાંતરાય, કાળા બજાર કરનાર લાભાં-તરાય, સ્ટાફના કે ઘરના માણસની વૃત્તિ કે રહેઠાણની દરકાર ન કરનાર ભોગાંતરાય, ભિક્ષુકને ટટળાવનાર ઉપભોગાંતરાય અને બળ-શક્તિનો ઉપયોગ જીવઘાત માટે કરનાર વીર્યાંતરાય કર્મબંધ કરે.

આ રીતે પ્રાણી કર્મબંધન કરે છે. એના પ્રકારો તો પાર વગરના છે. પ્રત્યેક ક્રિયા અને ક્રિયા વખતની માનસિક અને આત્મિક ભાવવૃત્તિ નવાનવા પ્રકારનાં કર્મોના મેળ મેળવે છે. આના વિભાગો અને વર્ગીકરણોનો પાર આવે તેમ નથી.

# પ્રકીર્ણ

### તિર્યંચગતિ અને તિર્યંચાયુ

કર્મને ઓળખવા માટે કોઈ કોઈ બાબતો ધ્યાનમાં રાખવા જેવી છે. તેની નોંધ આ કર્મના પ્રાથમિક પરિચયમાં કરી લઈએ. તિર્યંચની ગતિ પાપગતિનો ઉદય છે. પણ તિર્યંચગતિનું આયુષ્ય પુણ્યપ્રકૃતિ છે. આપણી સામે ઘોડો ઊભો છે. એને પંચેંદ્રિય જાતિ મળી તે શુભ, એને તિર્યંચની ગતિ મળી તે અશુભ, એને દીર્ઘ આયુષ્ય મળ્યું તે શુભ. આ તફાવતો ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

### મર્કટબંધ અને વજ્ર

વજ્રઋષભનારાચ સંઘયણ (૮૬)માં જે મર્કટબંધ અને ખીલી (વજ્ર) કહેવામાં આવી છે, તે એક પ્રકારનો હાડકાનો ભાગ સમજવો. મર્કટબંધ પણ હાડકાનો અને ખીલી પણ હાડકાની. એમાં કપડાનો પાટો કે લોઢાની ખીલી નથી એ વાત ધ્યાનમાં રાખવી.

### નિર્માણ અને સંઘયણનો તફાવત

નિર્માણ નામકર્મ (૧૩૦) અને સંઘયણ (સાતમી પિંડ-પ્રકૃતિ)માં બહુ તફાવત છે. સંઘયણમાં તો હાડકાની-શરીરની રચના કેવી હોય તેનો વિચાર છે, જ્યારે નિર્માણમાં તો હાથ, પેટ પગ જ્યાં હોવા જોઈએ ત્યાં હોય તેની હકીકત છે. દેવગતિમાં સંઘયણ જ ન હોય કારણ કે સંઘયણ ઔદારિક શરીરનો વિષય છે, પણ નિર્માણ નામકર્મ હોય. બંધન સંઘાતન અને અંગોપાંગ તો અલગ જ છે, એ પણ ધ્યાનમાં રાખવું.

### નિર્માણ અને સંસ્થાનનો ભેદ

નિર્માણ નામકર્મ અને સંસ્થાન પિંડપ્રકૃતિ પણ અલગ અલગ છે. સંસ્થાનમાં આકારની જ વાત છે, જ્યારે નિર્માણમાં અવયવના

સુયોગ્ય સ્થાનની ચોખવટ છે. આ સર્વ વિશિષ્ટ ખ્યાલો છે, પ્રત્યેક બરાબર અલગ છે, અને પૃથક્કરણ કરીને અલગ તરીકે સમજી લેવા જેવા છે.

## નિબંધની મર્યાદા અને ઉદ્દેશ

કર્મબંધના પ્રકારો પૈકી કર્મની પ્રકૃતિ કેવી હોય, કર્મના ભેદ કેટલા હોય, તેનાં બંધનનાં કારણો કેવા હોય અને ફળ આપે ત્યારે તેનાં પરિણામો કેવાં થાય તેનો અહીં સામાન્ય ખ્યાલ આપવામાં આવ્યો. પ્રત્યેક કર્મની સ્થિતિ કેટલી હોય, તેની ગાઢતા-મંદતા કેવી હોય, તેની પોતાની પ્રદેશસંખ્યા કેવી કેટલી હોય તેનો વિચાર અન્ય પ્રસંગે કરીશું.

ગાઢ મિથ્યાત્વ રૂપ અંધકારથી વિકાસક્રમમાં આગળ વધતાં કર્મબંધન કેટલાં થાય, ઉદયમાં આવે ત્યારે તેની પ્રકૃતિઓ કેટલી હોય, કેટલીક વાર ખેંચી લાવી કર્મને કેમ ભોગવી શકાય છે, અને અંદર કેટલાં કર્મો પડયાં રહે છે, તે આખો બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાનો ગુણસ્થાનને અંગે વિચાર અન્ય કોઈ પ્રસંગે કરીશું. અહીં તો માત્ર કર્મની પ્રકૃતિને, તેના હેતુઓને અને તેની વિવિધતાને વિચારી ગયા. કર્મનો આત્માની લેશ્યા સાથે સંબંધ, એમાં થતાં સંક્રમણ–ફેરફારો, લેશ્યાસ્થાનો વગેરે ખૂબ રસપ્રદ બાબતોને માનસશાસ્ત્રની નજરે વૈજ્ઞાનિક પદ્ધતિએ સમજવા જેવી છે, તે પર અનેક ગ્રંથો રચાયા છે. એ વાંચવાની પ્રેરણા કરી, અન્ય કોઈ તક મળે તે તરફ નજર દોડાવવાની ભાવના કરી, વ્યક્ત કરી, અત્ર માત્ર કર્મની સાદી ઓળખાણ રજૂ કરી છે. એટલું જણાવી આ અત્યંત આકર્ષક વિષય સમજવા જેવો છે એટલું દિગ્દર્શન કરવામાં સંતોષ માન્યો છે. છેવટે એટલું જણાવવું યથાયોગ્ય થશે કે અહીં જે કર્મનો પરિચય આપવામાં આવ્યો છે તે તદ્દન પ્રાથમિક છે, જિજ્ઞાસા ઉત્પન્ન કરવાના હેતુથી આપ્યો છે, અને એક રીતે જણાવીએ તો માત્ર ચંચુપ્રવેશ જેટલો જ છે. એના પરના વિશેષ ગ્રંથો વાંચવા યોગ્ય છે, ઉપલબ્ધ છે અને

આગમમાં પણ એને અંગે ખૂબ લખાયેલું છે. એ વાંચવાની, જોવાની, અભ્યસવાની ઉત્કંઠા થાય તેની પ્રેરણારૂપે આ પ્રયાસ છે. બાકી અહીં રજુ કરેલ બાબતો કર્મના વિષયની માત્ર બારાક્ષરી જ છે એટલું લક્ષમાં રાખવું. જીવનભર અભ્યાસ કરવા જેવો એ વિષય છે, ખૂબ રસાળ છે, વાંચતા વિચારતાં આખા જીવનની પરિક્રમા કરાવે અને ભવચક્રનો ખુલાસો આપે અને સામે ચાલતી રમત અને ફેરફારોના ખુલાસા આપવા સાથે અંતરને વિચારમાં નાખી દે અને આખા સંસારને ચિત્રપટ પર ચીતરી દે એવો એ વિશાળ, આનંદમય, રસાત્મક અને બોધપ્રદ વિષય છે. સૃષ્ટિકર્તૃત્વની અશકયતા અને બિનજરૂરીઆત રજૂ કરનારો, એ આનંદદાયક ચર્ચાનો ખુલાસો આપે તેવો આ વિષય છે. વળી, સંસારનું સ્પષ્ટીકરણ કરતાં એની ઉપરવટ જઈ પુરુષાર્થવાદ કેવી પ્રધાનતા ભોગવે છે, આત્માની અનંત શક્તિ પાસે બળવાન કર્મો અંતે કેટલું નમતું આપે છે અને મોક્ષ–મુક્તિ એ શી ચીજ છે એ સમજાવે તેવો આ વિષય છે. આ રીતની જિજ્ઞાસા જાગે, એનો અભ્યાસ કરવાની ભાવના થાય અને પોતાની જાતને આંતરબાહ્ય નજરે ઓળખાય તો આ ગ્રંથનો ઉદ્દેશ થોડેક અંશે સફળ થયો ગણાય.

## પરિશિષ્ટ ૧

# પંદર યોગ

| | |
|---|---|
| ૧. સત્યમનોયોગ | ૯. ઔદારિકકાયયોગ |
| ૨. અસત્યમનોયોગ | ૧૦. ઔદારિકમિશ્રકાયયોગ |
| ૩. સત્યમૃષામનોયોગ | ૧૧. વૈક્રિયકાયયોગ |
| ૪. અસત્યામૃષામનોયોગ | ૧૨. વૈક્રિયમિશ્રકાયયોગ |
| ૫. સત્યવચનયોગ | ૧૩. આહારકકાયયોગ |
| ૬. અસત્યવચનયોગ | ૧૪. આહારકમિશ્રકાયયોગ |
| ૭. સત્યમૃષાવચનયોગ | ૧૫. કાર્મણકાયયોગ |
| ૮. અસત્યામૃષાવચનયોગ | |

સત્યમૃષામાં મિશ્રભાવ હોય છે. થોડું સાચું અને થોડું ખોટું એ મિશ્રમાં આવે. અને અસત્યામૃષામાં સાચું પણ નહિ અને ખોટું પણ નહિ; દા. ત. આવો, બેસો, કેમ છો? વગેરે. અહીં આ બાબતમાં સાચજૂઠનો સવાલ જ હોતો નથી.

ઔદારિક શરીરની વ્યાખ્યા પૃ. ૧૩૭ પરથી જોવી. તેનો કાયયોગ એટલે ઔદારિક શરીરનું હલનચલન, તેની ક્રિયા. ઔદારિક અને વૈક્રિય શરીરના સંબંધને અંગે જે ક્રિયા થાય તે ઔદારિકમિશ્ર-કાયયોગ કહેવાય. આ પાંચે પ્રકારના શરીરની ઓળખાણ ઉપર જણાવ્યું તે પૃષ્ઠ પરથી થશે. કાર્મણકાયયોગ એટલે કર્મના સમૂહ-રૂપ આત્માને લાગેલી કાયા કાર્મણકાયા ગણાય, એના સહચારમાં જે આખી કાર્યપદ્ધતિ–ફળાવાપ્તિ થાય તે કાર્મણકાયયોગ સમજવો, અને તૈજસ્ શરીર તો આહારને પચાવનાર જઠરાગ્નિ હોઈ તેનો અલગ કાયયોગ હોવાની જરૂર નથી. આ રીતે પંદર યોગ થાય.

આ પંદર યોગો લગભગ છેલ્લી પળ સુધી ચેતન સાથે વળગી રહે છે. એમાં મનોયોગને ધ્યાન–સમાધિને અંગે ખૂબ

સમજવા યોગ્ય છે. અને જ્યારે એનો ધર્મધ્યાન અને શુક્લધ્યાનને અંગે વિચાર કરવામાં આવે છે ત્યારે આ પંદર યોગોની મહત્તા સમજાય છે. મનનો યોગ તો છેક શૈલેશીકરણ થાય ત્યાં સુધી મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ધ્યાનના વિષયને બરાબર સમજવા માટે મારો 'જૈન દૃષ્ટિએ યોગ' જોવો. એને જોતાં મનોયોગનું કેવું સ્થાન છે તેનો ખ્યાલ આવશે. ચાલુ વ્યવહારમાં કાયયોગને મહત્ત્વ મળે છે, તો સાધ્ય તરફ જવામાં મનોયોગ પર ખાસ લક્ષ રાખવું પડે છે. આ આખો યોગનો વિષય ખૂબ વિચારણા, દીર્ઘ ચિંતન અને ઊંડો અભ્યાસ માગે છે.